'एकं हि सच्चं न दुतियमत्थि'

સુત્તનિપાત

(મૂળ પાલિપાઠ અને ગુજરાતી અનુવાદ)

અનુવાદ:
આચાર્ય ધર્માનંદ કોસંબી

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલી પુ૦ ૨૧૪

સુત્તનિપાત

(મૂળ પાલિ પાઠ અને ગુજરાતી અનુવાદ)

અનુવાદઃ આચાર્ય ધર્માનંદ કોસંબી

નવીન સંસ્કરણ : બૌદ્ધદર્શન એકમ, ગૂજરાત વિદ્યાપીઠ

ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

પ્રકાશક :
વિનોદ રેવાશંકર ત્રિપાઠી
મંત્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ - ૩૮૦૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પહેલી આવૃત્તિ, એપ્રિલ, ૧૯૯૫
પ્રત : ૫૫૦
કિંમત : રૂ. ૧૦૦-૦૦

મુદ્રક :
જિતેન્દ્ર ઠા. દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ - ૩૮૦૦૧૪.

પુરોવચન

૧૯૨૦માં મહાત્મા ગાંધી દ્વારા, રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાના રૂપમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાની સાથે જ, વિદ્યાપીઠના પુરાતત્ત્વમંદિરમાં ભારતીય સંસ્કૃતિના ગહન અધ્યયનના ઉદ્દેશ્યથી પ્રાકૃત-પાલિ વગેરે પ્રાચીન ભાષાઓ તથા જૈન-બૌદ્ધ દર્શનોના ક્ષેત્રમાં શિક્ષણ, સંશોધન, અનુવાદ વગેરેની પ્રવૃત્તિઓનો સવિશેષરૂપે આરંભ થયો, જેના વિકાસમાં મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, આચાર્ય ધર્માનંદ કોસંબી વગેરે જૈન બૌદ્ધ વિદ્યાના પ્રખર વિદ્વાનોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું. પાલિ ભાષા અને સાહિત્યના ક્ષેત્રમાં બૌદ્ધ ધર્મના મૂર્ધન્ય વિદ્વાન અને ગૂજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક આચાર્ય ધર્માનંદ કોસંબીના 'ધમ્મપદ', 'સુત્તનિપાત' વગેરે પાલિ ગ્રંથોના ગુજરાતી અનુવાદ તથા 'બુદ્ધલીલાસારસંગ્રહ', 'બૌદ્ધ સંઘનો પરિચય' વગેરે બુદ્ધના જીવન-દર્શન સાથે સંબંધિત ગ્રંથો લોકભાષાના માધ્યમથી બૌદ્ધ ધર્મના મૂળ સિદ્ધાંતોને સામાન્ય પાઠક સુધી પહોંચાડવાને કારણે, ખૂબ લોકપ્રિય બન્યા. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત આચાર્ય કોસંબીના સર્વ ગ્રંથો અને લેખોના પુનઃ પ્રકાશનની યોજના તૈયાર થઈ રહી છે. તેમાંથી 'ધમ્મપદ' (મૂળ પાલિ પાઠ અને ગુજરાતી અનુવાદ સહિત)નું પુનઃ પ્રકાશન કરવામાં આવ્યું છે. આચાર્ય ધર્માનંદ કોસંબીના 'સુત્તનિપાત'ના ગુજરાતી અનુવાદ (૧૯૩૧)ના પુનઃ પ્રકાશનની અત્યંત આવશ્યકતા હતી. ખૂબ આનંદનો વિષય છે કે ગૂજરાત વિદ્યાપીઠના ઈતિહાસ-સંસ્કૃતિ વિભાગના બૌદ્ધદર્શન એકમ દ્વારા આચાર્ય કોસંબીના 'સુત્તનિપાત'ના ગુજરાતી અનુવાદનું નવીન સંસ્કરણ મૂળ પાલિ પાઠની સાથે પ્રકાશિત થઈ રહ્યું છે, જે સામાન્ય પાઠકો ઉપરાંત વિદ્યાપીઠમાં ૧૯૮૬થી શરૂ થયેલા બૌદ્ધદર્શનના અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓમાટે પણ વિશેષ રીતે ઉપયોગી બની રહેશે.

પાલિ ત્રિપિટક સાહિત્યમાં 'ધમ્મપદ'ની સાથે સાથે જ, ભગવાન બુદ્ધના જીવનદર્શનને મૌલિક રૂપમાં સમજવા માટે 'સુત્તનિપાત્ત'એક આદર્શ અને સ્વતઃ પરિપૂર્ણ ગ્રંથ છે. 'સુત્તનિપાત્ત'માં પ્રતિલક્ષિત બૌદ્ધ ધર્મ માનવમૂલ્યો પર આધારિત ધર્મ છે, જેમાં વિચારોની ઉદારતા, વ્યાપકતા, ભાવનાની પવિત્રતા, ચિંતનની વિવેકપૂર્ણતા અને ભયરહિત સુશીલ આચરણનું નિરુપણ છે. તેમાં સંગ્રહિત સુત્તોનો

સંગ્રહ સામાન્ય ગૃહસ્થથી માંડીને નિર્વાણ-વાંચ્છુ ભિક્ષુઓ માટે સમાન રીતે પ્રેરણા રૂપ છે. તેમાં નિરુપિત મૈત્રીભાવના વિશ્વવ્યાપી અને અનુકરણીય છે.

ये केचि पाण भूतत्थि, तसा वा थावरा अनवसेसा।
दीधा वा ये महन्ता वा, मज्झिमा 'रस्सकाणुकथूला।।
दिट्ठा वा येव अदिट्ठा ये च दूरे वसन्ति अविदूरे।
भूता वा सम्भवेसी वा सब्बे सत्ता भवन्तु सुखितत्ता।। (१, ८, ४–५)

જંગમ અથવા સ્થાવર, દીર્ઘ અથવા મહાન, મધ્ય અથવા હ્રસ્વ, અણુ અથવા સ્થૂલ, દૃષ્ટ અથવા અદૃષ્ટ, દૂરસ્થ અથવા નિકટસ્થ, ઉત્પન્ન થયેલા અથવા ઉત્પન્ન થનાર જેટલાં પણ પ્રાણીઓ છે, તે સર્વ સુખપૂર્વક રહે.

સાંપ્રત સમયમાં બહુજન સુખાય બહુજન હિતાયરૂપ પાલિસાહિત્યના આ મહત્ત્વપૂર્ણ ગ્રંથનું વાંચન પાઠકોના હૃદયમાં વિશ્વવ્યાપી મૈત્રીભાવનાને અંકુરિત કરશે તેવી શ્રદ્ધા છે.

આચાર્ય ધર્માનંદ કોસંબીના સુત્તનિપાતના ગુજરાતી અનુવાદની સાથે મૂળ પાલિ પાઠ ઉમેરીને વિદ્યાર્થીઓને ઉપયોગી નવીન સંસ્કરણ તૈયાર કરવા માટે, અમારા ઇતિહાસ-સંસ્કૃતિ-બૌદ્ધદર્શનનાં પ્રાધ્યાપિકા ડૉ. મધુબેન સેન અને તેમના સહયોગીઓના આ પ્રશંસનીય પ્રયાસને હું આવકારું છું.

રામલાલ પરીખ

૩૦-૯-૯૪ કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ

સંપાદકીય

ભગવાન બુદ્ધના મૌખિક ઉપદેશ-સુત્તોના સંગ્રહરૂપ અને સુત્તપિટકના ખુદ્દકનિકાયના પંદર ગ્રંથોમાંથી પાંચમો ગ્રંથ સુત્તનિપાત, ધમ્મપદની જેમ બુદ્ધના જીવનદર્શનને મૌલિકરૂપે સમજવા માટે એક મહત્ત્વપૂર્ણ પ્રાચીન ગ્રંથ છે. 'સુત્ત' બૌદ્ધધર્મનો પારિભાષિક શબ્દ છે. ભગવાન બુદ્ધે આપેલા ઉપદેશ-વચનોરૂપ ગદ્ય અને પદ્યાત્મક સુત્તોના આ સંગ્રહનું નામાભિધાન સંગતિકારક ભિક્ષુઓએ કર્યું છે. બૌદ્ધ ધર્મના સિદ્ધાન્તોની સાથે તત્કાલીન ભારતીય સંસ્કૃતિના અધ્યયન માટે પણ આ ગ્રંથ અતિ ઉપયોગી છે.

સુત્તનિપાતનું ઐતિહાસિક મહત્ત્વ એ વાતથી સ્પષ્ટ થાય છે કે સમ્રાટ અશોકે ભાબ્રૂ શિલાલેખમાં જે સાત મુખ્ય સુત્તોનો ઉલ્લલેખ કર્યો છે, તેમાંથી ત્રણ અથવા ચાર સુત્તો સુત્તનિપાતનાં છે. જ્યાં શિલાલેખમાં ઉલ્લેખાયેલાં ત્રણ ધર્મપર્યાયો મુનિગાથા, મોનેયસુત્તે અને ઉપતિસપસિને ક્રમશઃ સુત્તનિપાતના મુનિસુત્ત, નાલકસુત્ત અને સારિપુત્તસુત્ત છે, ત્યાં શિલાલેખમાં નિર્દેશિત પ્રથમ ધર્મપર્યાય વિનયસમુકસેના વિષયમાં આચાર્ય ધર્માનંદ કોસંબીની માન્યતા છે કે 'વિનય' શબ્દનો અર્થ વિનયગ્રંથ ઉપરાંત ઉપદેશ પણ થઈ શકે છે. તે દૃષ્ટિએ વિનયસમુકસે ઉપદેશનો સમુત્કર્ષ દર્શાવનાર અને ત્રિપટકમાં ખૂબ મહત્ત્વ ધરાવનાર ધમ્મચક્ક પવતનસુત્ત જ હોવું જોઈએ. કેટલાક વિદ્વાનોની માન્યતા અનુસાર વિનયસમુકસે એ સુત્તનિપાતનું તુવટક -સુત્ત જ છે. ભિક્ષુચર્યા સાથે સંબંધિત હોવાને કારણે આ માન્યતા ઉપયુક્ત જણાય છે. તે દૃષ્ટિએ સાતમાંથી ચાર સુત્તો સુત્તનિપાતનાં જ છે.

પ્રિયદર્શી રાજા અશોકે જણાવ્યું છે કે ભગવાન બુદ્ધ દ્વારા જે ભાષિત છે, તે સુભાષિત છે. તેમાંથી પણ ધર્મને ચિરસ્થાયી બનાવવા માટે ઉપર્યુક્ત સાત ધર્મપર્યાયોને અધિક્તર ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ તથા ઉપાસકો - ઉપાસિકાઓ પ્રતિક્ષણ સાંભળે અને મનન કરે.

આ ઐતિહાસિક શિલાલેખ પ્રાચીનકાળથી પાલિ ત્રિપિટક સાહિત્યમાં સુત્તનિપાતનું મહત્ત્વ દર્શાવે છે. સુત્તનિપાતના દાર્શનિક મહત્ત્વને સમજવા માટે એ વિચાર કરવો જરૂરી છે કે રાજા અશોકે સમગ્ર પાલિસાહિત્યમાંથી ઉપરોક્ત સાત અને તેમાંથી સુત્તનિપાતનાં બધાં સૂત્તોમાંથી આ ચાર સુત્તોને જ શા માટે પસંદગી આપી? આ સંદર્ભમાં એ ઉલ્લેખનીય છે કે આ સુત્તોનું સ્વતઃ આગવું વિશેષ મહત્ત્વ છે.

ભિક્ષુચર્યા સાથે સંબંધિત તુવટક સુત્ત (૪-૧૪) 'સંપૂર્ણ બાધાઓને દૂર કરનાર' અને 'શાંતિપદ પ્રાપ્ત કરાવનાર' સાક્ષાત્ ધર્મના વિવેચનરૂપ છે, શાન્તિનો માર્ગ દર્શાવતા અહીં કહેવાયું છે કે :

अज्झत्तमेव उपसमे, नाञ्ञातो भिक्खु सन्तिमेसेय्य।
अज्झत्तं उपसन्तस्स, नत्थि अत्तं कुतो निरत्तं वा।।

(૪. ૧૪. ૫)

ભિક્ષુએ પોતાના અંતઃકરણમાં જ શાન્તિ મેળવવી અને અન્ય ઉપાયોથી શાન્તિ મેળવવાનો પ્રયત્ન ન કરવો. જે પોતાના અંતઃકરણમાં શાંત થાય છે, તેને આત્મબુદ્ધિ નથી, પછી નિરાત્મબુદ્ધિ તો ક્યાંથી જ હોય ?

શિલાલેખમાં ઉલ્લેખિત મુનિગાથા અથવા સુત્તનિપાત્તના મુનિસુત્ત (૧.૧૨)માં ગૃહસ્થજીવનની મર્યાદા દર્શાવીને એકાન્તચારી મુનિની શ્રેષ્ઠતા આ પ્રમાણે વર્ણવી છે :

सिखी यथा नीलगीवो विहंगमो
हंसस्स नोपेति जवं कुदाचनं।
एवं गिही नानुकरोति भिक्खुनो
मुनिनो विवित्तस्स वनम्हि झायतो ति।। (१.१२.१५)

જેવી રીતે આકાશચારી નીલ ગર્દનવાળો મોર, ઉડ્ડયનમાં હંસની બરાબરી કરી શકતો નથી, તેવી જ રીતે ગૃહસ્થ ભિક્ષુની બરાબરી કરી શકતો નથી કે જે મુનિ એકાન્ત વનમાં રહીને ધ્યાનલીન બને છે.

મોનેયસુત્તે અથવા નાળકસુત્ત (૩.૧૧) ગૌતમ બુદ્ધના ધર્મોપદેશને સમજવા માટે ખૂબ મહત્ત્વનું છે, જેમાં ભગવાન બુદ્ધે સ્વયં દુષ્કર અને કઠિનતાથી પ્રાપ્ત જ્ઞાનમાર્ગની વ્યાખ્યા કરી છે.

ઉપતિસપસિને અથવા સારિપુત્તસુત્ત (૪.૧૬) પણ ભિક્ષુચર્યા સાથે સંબંધિત છે. રાગનો ત્યાગ કરીને વિમુક્તચિત્ત ભિક્ષુ, પ્રત્યેક સમયે યોગ્ય રીતે ધર્મનું અનુશીલન કરતા, એકાગ્ર ચિત્ત થઈને અંધકારનો નાશ કરે છે.

સંસારચક્રમાંથી મુક્ત થઈને શાંતિપદની પ્રાપ્તિના ઉદ્દેશ્યની સિદ્ધિ ઈચ્છતા ભિક્ષુઓ અને ઉપાસકોના શ્રવણ, મનન અને આચરણ માટે પ્રેરણારૂપ બની રહે તેવાં આ સુત્તોની પસંદગી રાજા અશોકે નિઃસંશય યથોચિત રીતે જ કરી છે. ગૌતમ બુદ્ધનું જીવનદર્શન અને જીવનસંદેશનું સમગ્ર સારરહસ્ય તેમાં અંતર્નિહિત છે.

પાંચ વગ્ગોમાં વિભાજિત સુત્તનિપાતના પ્રથમ ઉરગવગ્ગના બાર સુત્તોમાંથી ઉરગસુત્ત, ખગ્ગવિસાણસુત્ત વગેરેમાં ભિક્ષુના વિમુક્ત જીવનનું વર્ણન છે. ધનિયસુત્ત, કસિભારદ્વાજસુત્ત વગેરેમાં સુંદર સંવાદાત્મક શૈલીમાં સદ્‌ગૃહસ્થ અને સદ્‌ભિક્ષુની તુલના, પરાભવસુત્તમાં પરાભવનાં કારણો અને વસલસુત્તમાં બુદ્ધની દૃષ્ટિએ બ્રાહ્મણત્વની વ્યાખ્યા તેમજ મેત્તસુત્તમાં વિશ્વવ્યાપી મૈત્રીભાવનાનું ઉદ્‌બોધન છે.

બૌદ્ધ અનુયાયીઓ જેનું નિત્ય પઠન-પાઠન કરે છે, તે રતનસુત્ત અને મહામંગલસુત્ત ચૂળવગ્ગમાં છે. ભિક્ષુની સાથે ગૃહસ્થધર્મના આલેખનની દૃષ્ટિએ ધમ્મિકસુત્ત ખૂબ મહત્ત્વનું છે.

મહાવગ્ગનાં બાર સુત્તોમાંના વાસેટ્ઠસુત્તમાં વર્ણવ્યવસ્થાનું સચોટ રીતે ખંડન કરવામાં આવ્યું છે, જ્યારે દ્વયતાનુપસ્સનાસુત્તમાં પ્રતીત્યસમુત્પાદની સમજૂતિ છે.

દાર્શનિક દૃષ્ટિએ અટ્ઠકવગ્ગ ખૂબ મહત્ત્વનો છે, જેમાં દૃષ્ટિઓનો પરિત્યાગ અને વિવાદોની વ્યર્થતા સમજાવીને 'સત્ય એક જ છે' 'एकं हि सच्चं न दुतियमत्थि–'નું પ્રતિપાદન કર્યું છે.

સંસારસાગરમાંથી પાર લઈ જનાર પારાયણવગ્ગ કાલ્પનિક અને તર્ક પર આધારિત માર્ગો કે દૃષ્ટિઓનો પરિત્યાગ કરીને, દુઃખનો નિરોધ કરનાર બુદ્ધ-પ્રતિપદનું વ્યવહારિક નિદર્શન કરે છે.

વિષયવૈવિધ્ય સુત્તનિપાતની વિશેષતા છે. તે સાથે બુદ્ધના જીવન, ધર્મ, સંઘ અને તત્કાલીન સમાજ - વ્યવસ્થાસંબંધી માહિતી વિવિધ સુત્તોમાંથી ઉપલબ્ધ થાય છે.

સુત્તનિપાતના વિષયવસ્તુની વ્યાપકતાના સંદર્ભમાં જોઈએ તો સમાજના એક સદ્‌ગૃહસ્થને માટે સામાન્ય વ્યવહારના નીતિ-નિર્દેશની સાથે સાથે ભિક્ષુના ઉચ્ચત્તમ પ્રાપ્ય ધ્યેય-'શાન્તિપદ' (નિર્વાણ)નું નિરુપણ આ નાનકડા ગ્રંથમાં છે. ઉદાહરણાર્થ જ્યાં મહામંગલકારી શુભ કાર્યની પરિભાષા આપતા મહામંગલસુત્તમાં સામાન્ય જનને માટે યોગ્ય વ્યવહારપૂર્ણ ઉપદેશ છે કે :

असेवना च बालानं, पण्डितानं च सेवना।
पूजा च पूजनीयानं एतं मङ्गलमुत्तमं।। (२, ४, २)

મૂર્ખોની સંગતિ ન કરવી, બુદ્ધિમાનોની સંગતિ કરવી અને પૂજ્યોની પૂજા કરવી-આ ઉત્તમ મંગલ છે.

તે સાથે અત્તદણ્ડસુત્તમાં શાંતિનું રહસ્ય સમજાવતા બુદ્ધ ઉપદેશ આપે છે કે-

यं पुब्बे तं विसोसेहि, पुच्छा ते मा ऽहु किञ्चनं।
मज्झे वे नो गहेस्ससि, उपसन्तो चरिस्ससि।। (४.१५.१५)

- જે પહેલાની આસક્તિ છે, તે છોડી દો. તત્પશ્ચાત્ તમે કશું ગ્રહણ ન કરો, વચમાં ન ગ્રહણ કરીને ઉપશાન્ત થઈને વિચરણ કરશો.

અતઃ બૌદ્ધધર્મને સમજવા માટે સુત્તનિપાત મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. બૌદ્ધવિદ્યાના વિદ્યાર્થીઓ માટે પણ તે ખૂબ ઉપયોગી છે.

આચાર્ય ધર્માનંદ કોસંબીનો સુત્તનિપાતનો ગુજરાતી અનુવાદ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ઇ-૧૯૩૧માં, પૂંજાભાઈ જૈન ગ્રંથમાળાના પ્રથમ મણકારૂપે પ્રકાશિત થયો હતો. તેના પુનઃપ્રકાશનની ખૂબ આવશ્કયતા હતી. વિદ્યાર્થીઓના અધ્યયન માટે ગુજરાતી અનુવાદની સાથે મૂળ પાલિ પાઠની પણ જરૂર હતી. આ દૃષ્ટિને અનુલક્ષીને સુત્તનિપાતનું નવીન સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું છે. આચાર્ય ધર્માનંદ કોસંબીની શિષ્ય-પરંપરામાં અગ્રગણ્ય પ્રો. બાપટના પાલિ સંસ્કરણ ઉપરાંત ભિક્ષુ ધર્મ રક્ષિતના તથા અન્ય ઉપલબ્ધ સંસ્કરણોનો પણ યથાવશ્યક ઉપયોગ કર્યો છે, તે માટે અમે તેમના આભારી છીએ.

આચાર્ય ધર્માનંદ કોસંબીનો ગુજરાતી અનુવાદ, તેમના શબ્દો અનુસાર 'રૂપાંતર' ન હોતા 'ભાષાંતર' છે, તેથી જ વિદ્યાર્થીઓ માટે વધુ ઉપયોગી છે. તે પાલિ ભાષાના અર્થ અને તેના અંતર્નિહિત ભાવને પ્રગટ કરવામાં સક્ષમ છે.

આશા છે કે આ સંસ્કરણ ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરનાર વિદ્વાનો, સામાન્ય પાઠકો અને બૌદ્ધદર્શનના વિદ્યાર્થીઓ માટે સમાન રીતે ઉપયોગી બની રહેશે.

આ સંપૂર્ણ કાર્યમાં બૌદ્ધદર્શનના રિસર્ચ એસોસિએટ ડૉ. નિરંજના વોરાનો સહયોગ મને પ્રાપ્ત થયો છે તે માટે હું તેમની આભારી છું.

૩૦-૯-૯૪

મધુ સેન
પ્રાધ્યાપિકા બૌદ્ધદર્શન
ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,
ગૂજરાત વિદ્યાપીઠ

પ્રસ્તાવના

પાલી ત્રિપિટકના સુત્તપિટક, વિનયપિટક અને અભિધમ્મપિટક એવા ત્રણ મુખ્ય વિભાગ છે. સુત્તપિટકના પાછા દીઘનિકાય, મજ્ઝિમનિકાય, અંગુત્તરનિકાય અને ખુદ્દકનિકાય એવા પાંચ પેટાવિભાગ છે. ખુદ્દકનિકાયમાં જે ૧૫ પ્રકરણો છે તે આ પ્રમાણેઃ-

(૧) ખુદ્દકપાઠ (૨) ધમ્મપદ (૩) ઉદાન (૪) ઈતિવુત્તક (૫) સુત્તનિપાત (૬) વિમાનવત્થુ (૭) પેતવત્થુ (૮) થેરગાથા (૯) થેરીગાથા (૧૦) જાતક (૧૧) નિદ્દેસ (૧૨) પટિસંભિદામગ્ગ (૧૩) અપદાન (૧૪) બુદ્ધવંસ (૧૫) ચરિયાપિટક. એટલે સુત્તપિટકમાં ખુદ્દકનિકાય છેવટનો હોઈ તેના ૧૫ પ્રકરણોમાં સુત્તનિપાત પાંચમો છે. તેથી પ્રથમ દર્શને આ પ્રકરણ કાલમાનની દષ્ટિએ બહુ પ્રાચીન નહિ હોય એવી માન્યતા થવી સ્વાભાવિક છે. પરન્તુ બાઈબલના જેમ જૂનો અને નવો કરાર એવા કાલમાન પરથી ભાગ પાડવામાં આવેલા છે તેમ ત્રિપિટકનું નથી.

દીઘનિકાયનો અર્થ મોટો નિકાય એવો નથી પણ મોટા પ્રમાણમાં સૂત્રોનો સંગ્રહ એવો છે. મજ્ઝિમનિકાય એટલે મધ્ય પ્રમાણમાં સૂત્રોનો સંગ્રહ. સંયુત્તનિકાય એટલે ગદ્ય-પદ્ય મિશ્રિત અને બીજા વિવિધ વિષયો પરનાં સૂત્રોનો સંગ્રહ. અંગુત્તર નિકાય એટલે જેમાં એક વસ્તુનો, બેનો, ત્રણનો, એમ છેક અગિયાર સુધીની વસ્તુઓનો સમાવેશ થાય છે એવાં સૂત્રોનો સંગ્રહ. ઉત્તરોત્તર એક એક અંગ (વસ્તુ) વધતું જાય છે તેથી જ તેનું નામ અંગુત્તર (અંગ + ઉત્તર) પડયું છે . આ ચારે નિકાયમાં એવું ઘણું લખાણ છે જે સુત્તનિપાતના લખાણ કરતાં બહુ અર્વાચીન ઠરશે. ખુદ ખુદ્દકનિકાયમાં તો સુત્તનિપાત જેટલું પ્રાચીન પ્રકરણ બીજું એકે નથી.

ભાબરાના શિલાલેખમાં અશોકે નીચેના સાત ધર્મપર્યાયોનો નિદેશ કર્યો છેઃ (૧)विनय समुकसे (૨) अलिय वसाणि (૩) अनागत भयानि (૪) मुनिगाथा (૫) मोनेय सुते (૬) उपतिसपसिने (૭) लाधुलोवादे मुसावादं अधिगिच्च भगवता बुधेन भासिते એમાંનું વિનયસમુકસે એ કયું સુત્ત હશે એનો હજી નિર્ણય થયો નથી.

છતાં હાલમાં મારી એવી માન્યતા બંધાઈ છે કે આ જગાએ અશોકે ધમ્મચક્ક પવત્તનસુત્તને જ વિનયમુકસે કહ્યું હોવું જોઈએ. વિનય શબ્દ પરથી એકદમ વિનયગ્રંથ અથવા તેમાં ઉપદેશેલા નિયમો તરફ લક્ષ જાય છે. એ વિનયનો સમુત્કર્ષ જેમાં હોય એવું કોઈ પણ સુત્ત પાલી ગ્રંથોમાં મળતું નથી. પરંતુ વિનય શબ્દનો 'ઉપદેશ' એવો બીજો પણ અર્થ છે; અને એ અર્થનો આ શબ્દ ન હોય તો પણ આ ધાતુ ઘણે ઠેકાણે વાપરેલો મળી આવે છે. ઉદાહરણ તરીકે ચૂળસચ્ચકસુત્તમાં (મજ્ઝિમનિ. નં. ૩૫) "कथं पन भो अस्सजि समणो गोतमो सावके विनेति" ત્યાં विनेति અથવા विनयति એ શબ્દનો સંબંધ કોઈ પણ રીતે વિનયગ્રંથોના નિયમ સાથે નથી. "હે અસ્સજિ, શ્રમણ ગોતમ પોતાના શ્રાવકોને શો ઉપદેશ કરે છે ?" એવો તેનો સીધો અર્થ છે. એટલે વિનયનો અર્થ ઉપદેશ લઈએ તો તે ઉપદેશનો સમુત્કર્ષ એટલે ધમ્મચક્ક પવત્તનસુત્ત એમ જ માનવું પડશે. કેમ કે એમાંના ઉપદેશને અનેક જગાએ 'बुद्धानं सामुक्कंसिका धम्मदेसना'[1] કહ્યો છે. આ સુત્તનું ત્રિપિટકમાં બહુ ભારે મહત્ત્વ છે. એટલે એને અશોકે પોતાની યાદીમાં પ્રથમ સ્થાને મૂક્યું હોય તો આશ્ચર્ય નથી.

સુત્તનિપાતમાં આ સુત્તમાંના મજકૂરનો નિર્દેશ એટલે કે ચાર આર્ય સત્યોનો નિર્દેશ દ્વયતાનુપસ્સનાસુત્ત (નં. ૩૮)ની શરૂઆતમાં જ આવેલો છે. બાકી અશોકના લેખોમાંના મુનિગાથા, મોનેયસૂતે અને ઉપતિસપસિને એ ત્રણ ધર્મપર્યાયો અનુક્રમે મુનિસુત્ત (નં. ૧૨) નાળકસુત્ત (નં. ૩૭) અને સારિપુત્તસુત્ત (નં. ૫૪) એ સુત્તનિપાતનાં સુત્તો છે. અલિયવસાનિ અને અનાગતભયાનિ એ બે અંગુત્તરનિકાયમાં મળે છે, અને લાઘુલોવાદ એ મજ્ઝિમનિકાયમાંનું અમ્બલટ્ઠિક રાહુલોવાદસુત્ત (નં. ૬૧) છે.[2] એટલે સાતમાંનું એક સર્વત્ર, મજ્ઝિમનિકાયમાં એક, અંગુત્તરમાં બે, અને નાનકડા આ સુત્તનિપાતમાં ત્રણ મળે છે. અને આ ત્રણ સુત્તોની જે ધરતી છે તે જ આ પ્રકરણોનાં બીજાં સુત્તોની પણ છે. આ પરથી ઘણું કરીને સુત્તનિપાત અશોકના પહેલાં હતો એવું અનુમાન બાંધવાને વાંધો નથી.

ખુદ્દકનિકાયમાં નિદ્દેસ નામનું જે પ્રકરણ છે તેના મહાનિદ્દેસ અને ચૂળનિદ્દેસ એવા બે વિભાગ છે. મહાનિદ્દેસ એ બીજું કાંઈ નહિ પણ સુત્તનિપાતમાંના અટ્ઠકવગ્ગ પરની ટીકા છે; અને ચૂળનિદ્દેસ એ ખગ્ગવિસાણ સુત્ત પરની અને

---

(૧) ઉદાહરણ તરીકે उपालिसुत्त, मज्झिमनि० भाग १ (पाली टेक्स्ट सोसायटी) પૃ. ૩૮૦ જુઓ.

(૨) અશોકના શિલાલેખમાંના આ સુત્તોના ઉલ્લેખ વિષે. વિશેષ ચર્ચા Indian Antiquary vol 41, February 1912 P. 37-40, અને પુરાતત્ત્વ પુ. ૧, અંક ૪માં મળશે. જિજ્ઞાસુ વાંચકો તે લેખો વાંચે.

વત્થુગાથા સિવાયના પારાયણવગ્ગ પરની ટીકા છે. આ ટીકાઓનો ત્રિપિટકમાં સમાવેશ થયેલો હોવાથી, સુત્તનિપાતના જે ભાગો પર આ ટીકાઓ છે તે બહુ જ પ્રાચીન હોવા જોઈએ. આ ભાગો સિવાયનાં જે બાકીનાં સુત્તો છે તેની ભાષાસરણીમાં અને એ ભાગોનાં સુત્તોની ભાષાસરણીમાં ઝાઝો ફરક નથી. તે પરથી પણ સુત્તનિપાત બહુ પ્રાચીન હોવો જોઈએ એ અનુમાનને અધિક બળ મળે છે. પરંતુ આ પુસ્તકમાં જે ગદ્ય ભાગ છે તે માત્ર પાછળથી દાખલ કરેલા હોવા જોઈએ એમ લાગે છે. એમાંના ઘણાખરા સમાન નમૂનાવાળા હોવાથી તે બીજા નિકાયોમાં અનેક જગાએ મળે છે, માત્ર તેમાં વિશેષનામનો ફરક હોય છે.

પબ્બજ્જાસુત્ત (નં. ૨૭), પધાનસુત્ત (નં. ૨૮) અને નાળકસુત્તની વત્થુગાથા (નં. ૩૭)નો બુદ્ધચરિત્ર સાથે નિકટ સંબંધ છે. એને વિષે થોડીઘણી ચર્ચા બુદ્ધચરિત્ર લેખમાળા[3]માં આવી ગયેલી હોવાથી ફરી અહીં વિશેષ લખવાની જરૂર જણાતી નથી. માત્ર રાહુલસુત્ત (નં. ૨૩) વિષે થોડીક ચર્ચા કરવી ઇષ્ટ લાગે છે.

બુદ્ધ ભગવાન ગૃહત્યાગ પછી સાત વર્ષે કપિલવસ્તુમાં આવ્યા. તે પ્રસંગે રાહુલની માતાએ તેને પોતાનો વારસો માગવા બુદ્ધ પાસે મોકલ્યો. બુદ્ધ તેને વિહારમાં લઈ ગયા અને સારિપુત્ત પાસે તેને પ્રવ્રજ્યા અપાવી. ત્યારથી રાહુલ કુમાર શ્રામણેર થયો એ કથા મહાવગ્ગમાં[4] અને તેની અટ્ઠકથામાં આવે છે. અને તેનો ઉલ્લેખ સુત્તનિપાત્તના અટ્ઠકથાકારે પણ કર્યો છે. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જો બુદ્ધે સાત વર્ષના રાહુલને પ્રવ્રજ્યા આપી તો આ રાહુલસુત્ત ક્યારે ઉપદેશ્યું ? પ્રવ્રજ્યા પૂર્વે એમ કહીએ તો સારિપુત્ત અને રાહુલનો 'અતિપરિચય' (શ્લોક ૩૩૫ જુઓ) થયો હતો એમ કહેવું અશક્ય છે. બીજું, 'મનને ગમતા અને ઉલ્લસિત કરનારા પંચેન્દ્રિયોના વિષયો છોડીને' વગેરે ઉપદેશ બુદ્ધે આટલા નાનકડા રાહુલને કર્યો હોય એ સંભવતું નથી. પ્રવ્રજ્યા પછી રાહુલને આ ઉપદેશ કરવામાં આવ્યો એમ કહીએ તો 'શ્રદ્ધાપૂર્વક ઘરમાંથી બહાર નીકળ' (જુઓ શ્લોક ૩૩૭) વચનમાં અર્થ રહેતો નથી. એટલે આ સુત્ત પરથી એવું અનુમાન કરવું પડે છે કે ઘણાં વરસ સુધી ગૃહસ્થાશ્રમમાં રહીનેજ રાહુલ સારિપુત્તનો શિષ્ય થયો હતો. અથવા તો આજકાલની નાના છોકરાઓને શ્રામણેર બનાવીને વિહારમાંરાખવાની પદ્ધતિ તે વખતે અસ્તિવમાં નહોતી. આ રાહુલસુત્તને અતિ પ્રાચીન માનીએ તો

---

(૩) પુરાતત્ત્વ ત્રૈમાસિક, પુસ્તક ૨, બુદ્ધચરિત્ર લેખમાલા લેખાંક ૨, ૩ અને ૪ જુઓ.

(૪) Oldenberg's Edition p 82. બૌદ્ધસંઘનો પરિચય પા. ૧૭
બૌદ્ધસંઘનો પરિચય પાન ૧૭.

મહાવગ્ગમાંની અને અટ્ઠકથામાંથી રાહુલની કથા પછળથી રચાઇ એમ કહેવું પડશે.

આ ભાષાંતર સુત્તનિપાતના પ્રો. બાપટનાં સંસ્કરણ (આર્યભૂષણ પ્રેસ, ૧૯૨૪) પરથી કરવામાં આવ્યું છે પાલી ટેક્સ્ટ સોસાયટીના સંસ્કરણમાં અને પ્રો. બાપટનું સંસ્કરણ નાગરી લિપિમાં હોવાથી તેની સાથે આ ભાષાંતર વાંચવું હિંદી વાચકોને સુગમ પડશે.

પાલી વાઙ્મયમાં સહેલાઈથી પ્રવેશ થાય એ હેતુથી આ ભાષાંતર કર્યું છે, તેથી કેટલેક ઠેકાણે તે દૂરાન્વયવાળું થયું છે, અને કદાચ સામાન્ય વાચકોને ક્લિષ્ટ પણ લાગશે. પણ આ ભષાંતર છે, રૂપાંતર નથી એ ધ્યાનમાં રાખવું જોઈએ. સાદી ભાષામાં કેવળ રૂપાંતર કર્યું હોય, તો તેના પરથી મૂળ શ્લોકોનો અર્થ સહેલાઈથી બેસાડી શકાય નહિ. જેને સંસ્કૃત ભાષા સારી આવડે છે પણ પાલી આવડતી નથી તેને પોતાના જ પ્રયત્નથી પાલીનો અભ્યાસ કરવા માટે આ ભાષાંતરનો સારો ઉપયોગ થશે એવી આશા રાખવી અયોગ્ય નહિ ગણાય.

ગયું વર્ષ વિદ્યાપીઠનું કેવું વીત્યું છે એ સૌ જાણે છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકવર્ગ સત્યાગ્રહની લડતમાં રોકાયેલાં હોવાથી કોઇ પણ કામ વ્યવસ્થિતપણે કરવું અશકય થઇ પડયું હતું. એવી સ્થિતિમાં જ આ પુસ્તક છપાઇને તૈયાર થયું છે. છપાતી વખતે પણ એનાં પ્રૂફો વગેરે જોવાનું કામ મારાથી જરાયે થઇ શકયું નથી. એટલે એમાં કંઇ ખામીઓ રહી હોય તો તેને માટે વાંચકો ક્ષમા કરશે.

૧૯૩૧ — ધર્માનન્દ કોસમ્બી

અનુક્રમણિકા

પુરોવચન ૩
સંપાદકીય ૫
પ્રસ્તાવના ૯

૧ ઉરગવગ્ગ

૧ ઉરગસુત્ત (૧) ૨
૨ ધનિયસુત્ત (૨) ૬
૩ ખગ્ગવિસાણસુત્ત (૩) ૧૦
૪ કસિભારદ્વાજસુત્ત (૪) ૧૬
૫ ચુન્દસુત્ત (૫) ૨૦
૬ પરાભવસુત્ત (૬) ૨૨
૭ વસલસુત્ત (૭) ૨૬
૮ મેત્તસુત (૮) ૩૨
૯ હેમવતસુત્ત (૯) ૩૪
૧૦ આળવકસુત્ત (૧૦) ૪૦
૧૧ વિજયસુત્ત (૧૧) ૪૪
૧૨ મુનિસુત્ત (૧૨) ૪૬

૨ ચૂળવગ્ગ

૧૩ રતનસુત્ત (૧) ૫૦
૧૪ આમગંધસુત્ત (૨) ૫૪
૧૫ હિરિસુત્ત (૩) ૫૬
૧૬ મહામંગલસુત્ત (૪) ૫૮
૧૭ સૂચિલોમસુત્ત (૫) ૬૦
૧૮ ધમ્મચરિયસુત્ત (૬) ૬૨
૧૯ બ્રાહ્મણધમ્મિકસુત્ત (૭) ૬૪
૨૦ નાવાસુત્ત (૮) ૭૦
૨૧ કિંસીલસુત્ત (૯) ૭૨
૨૨ ઉટ્ઠાનસુત્ત (૧૦) ૭૪
૨૩ રાહુલસુત્ત (૧૧) ૭૪
૨૪ વંગીસસુત્ત (૧૨) ૭૬
૨૫ સમ્માપરિબ્બાજસુત્ત (૧૩) ૮૦
૨૬ ધમ્મિકસુત્ત (૧૪) ૮૪

૩ મહાવગ્ગ

૨૭	પબ્બજ્જાસુત્ત (૧)	૯૦
૨૮	પધાનસુત્ત (૨)	૯૪
૨૯	સુભાસિતસુત્ત (૩)	૯૮
૩૦	સુંદરિકભારદ્વાજસુત્ત (૪)	૧૦૦
૩૧	માઘસુત્ત (૫)	૧૦૬
૩૨	સભિયસુત્ત (૬)	૧૧૨
૩૩	સેલસુત્ત (૭)	૧૨૪
૩૪	સલ્લસુત્ત (૮)	૧૩૪
૩૫	વાસેટ્ઠસુત્ત (૯)	૧૩૮
૩૬	કોકાલિકસુત્ત (૧૦)	૧૫૦
૩૭	નાળકસુત્ત (૧૧)	૧૫૬
૩૮	દ્વયતાનુપસ્સનાસુત્ત (૧૨)	૧૬૪

૪ અટ્ઠકવગ્ગ

૩૯	કામસુત્ત (૧)	૧૭૮
૪૦	ગુહટ્ઠકસુત્ત (૨)	૧૭૮
૪૧	દુટ્ઠકસુત્ત (૩)	૧૮૦
૪૨	સુદ્ધટ્ઠકસુત્ત (૪)	૧૮૨
૪૩	પરમટ્ઠકસુત્ત (૫)	૧૮૨
૪૪	જરાસુત્ત (૬)	૧૮૪
૪૫	તિસ્સમેત્તેય્યસુત્ત (૭)	૧૮૬
૪૬	પસૂરસુત્ત (૮)	૧૮૮
૪૭	માગન્દિયસુત્ત (૯)	૧૯૦
૪૮	પુરાભેદસુત્ત (૧૦)	૧૯૨
૪૯	કલહવિવાદસુત્ત (૧૧)	૧૯૬
૫૦	ચૂળવિયૂહસુત્ત (૧૨)	૧૯૮
૫૧	મહાવિયૂહસુત્ત (૧૩)	૨૦૨
૫૨	તુવટ્ટકસુત્ત (૧૪)	૨૦૬
૫૩	અત્તદંડસુત્ત (૧૫)	૨૧૦
૫૪	સારિપુત્તસુત્ત (૧૬)	૨૧૪

૫ પારાયણવગ્ગ

૫૫	વત્થુગાથા	૨૧૮
૫૬	અજિતમાણવપુચ્છા (૧)	૨૨૬

૫૭	તિસ્સમેત્તેય્યમાણવપુચ્છા (૨)	૨૨૮
૫૮	પુણ્ણકમાણવપુચ્છા (૩)	૨૩૦
૫૯	મેત્તગૂમાણવપુચ્છા (૪)	૨૩૨
૬૦	ધોતકમાણવપુચ્છા (૫)	૨૩૪
૬૧	ઉપસીવમાણવપુચ્છા (૬)	૨૩૬
૬૨	નન્દમાણવપુચ્છા (૭)	૨૩૮
૬૩	હેમકમાણવપુચ્છા (૮)	૨૪૦
૬૪	તોદેય્યમાણવપુચ્છા (૯)	૨૪૦
૬૫	કપ્પમાણવપુચ્છા (૧૦)	૨૪૨
૬૬	જતુકણ્ણિમાણવપુચ્છા (૧૧)	૨૪૨
૬૭	ભદ્રાવુધમાણવપુચ્છા (૧૨)	૨૪૪
૬૮	ઉદયમાણવપુચ્છા (૧૩)	૨૪૪
૬૯	પોસાલમાણવપુચ્છા (૧૪)	૨૪૬
૭૦	મોઘરાજમાણવપુચ્છા (૧૫)	૨૪૮
૭૧	પિઙ્ગિયમાણવપુચ્છા (૧૬)	૨૪૮
૭૨	પારાયણસુત્ત (૧૭)	૨૫૦
	કોશ	૨૫૬
	પરિશિષ્ટ	૨૬૨

"उट्ठहथ निसीदथ, को अत्थो सुपिनेन वो।
आतुरानं हि का निद्दा, सल्लविद्धान रूप्पतं।।"

"पमादो रजो पमादो, पमादानुपतितो रजो।
अप्पमादेन विज्जाय, अब्बहे सल्लमत्तनो'ति।।"

"જાગો ! બેઠા થાઓ, બાણનું શલ્ય તમારા શરીરમાં પેસવાને લીધે
દુ:ખ ભોગવતા એવા તમને પીડિત લોકોને ઊંઘ કેમ આવે છે ?"
"પ્રમાદ એ મેલ છે, પ્રમાદની પાછળ મેલ ઉત્પન્ન થાય છે.
અપ્રમાદ અને પ્રજ્ઞાથી પોતાના શરીરમાંનું શલ્ય કાઢવું."
(ઉટ્ઠાનસુત્ત, સુત્તનિપાત, ૨.૧૦.૧,૪)

सुत्तनिपातो

नमो तस्स भगवतो अरहतो सम्मासम्बुद्धस्स

सुत्तनिपातो

१. उरगवग्गो

१.

उरगसुत्तं (१)

१. यो उप्पतितं विनेति कोधं विसतं सप्पविसं'व ओसधेहि ।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। १।।

२. यो रागमुदच्छिदा असेसं भिसपुप्फं'व सरोरुहं विगय्ह ।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। २।।

३. यो तण्हमुदच्छिदा असेसं सरितं सीघसरं विसोसयित्वा ।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। ३।।

४. यो मानमुदच्छिदा असेसं नलसेतुं'व सुदुब्बलं महोघो ।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। ४।।

५. यो नाज्झगमा भवेसु सारं विचिनं पुप्फमिव उदुम्बरेसु ।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। ५।।

६. यस्स'न्तरतो न सन्ति कोपा इति भवाभवतं च वीतिवत्तो ।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। ६।।

७. यस्स वितक्का विधूपिता अज्झत्तं सुविकप्पिता असेसा ।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं । ७ ।।

८. यो नाच्चसारी न पच्चसारी सब्बं अच्चगमा इमं पपञ्चं ।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। ८।।

તે ભગવાન અર્હત્ સમ્મક્ સંબુદ્ધને નમસ્કાર

સુત્ત-નિપાત

૧. ઉરગવગ્ગ

૧

ઉરગસુત્ત (૧)

૧. ફેલાતા જતા સર્પના વિષનો જેમ ઔષધથી નાશ કરવામાં આવે તેમ એકાએક ઉત્પન્ન થતા ક્રોધનો નાશ કરે છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ થયેલી અને જૂની કાંચળી ઉતારી નાખે છે તેમ ઇહપરલોક છોડી જાય છે. (૧)

૨. પાણીમાં પેસીને જેમ (સુલભતાથી) કમળ તોડાય, તેમ જે કામવિકારનો સમૂળ ત્યાગ કરે છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની કાંચળી ઉતારી નાખે છે તેમ ઇહપરલોક છોડી જાય છે. (૨)

૩. જે ભિક્ષુ જોસબંધ વહેતી તૃષ્ણારૂપી નદીને સૂકવી નાખીને તેનો સમૂળ નાશ કરે છે તે સાપ જેમ જીર્ણ અને જૂની કાંચળી ઉતારી નાખે છે તેમ ઇહપરલોક છોડી જાય છે. (૩)

૪. બરુનો બાંધેલો દુર્બળ પુલ જેમ મહૌઘ (સહેલાઈથી) તોડી નાંખે છે તેમ જે ભિક્ષુ પોતાના અહંકારનો ક્ષય કરે છે તે સાપ જેમ જીર્ણ અને જૂની કાંચળી ઉતારી નાખે છે તેમ ઇહપરલોક છોડી જાય છે. (૪)

૫. ઉંબરાના ઝાડ પર જેમ ફૂલ જડતું નથી તેમ જેને ભવમાં (પુનર્જન્મમાં) સાર દેખાતો નથી તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઇહપરલોક છોડી જાય છે. (૫)

૬. જેના અંતઃકરણમાં કોપ રહ્યો નથી, અને જે શાશ્વતતા અને અશાશ્વતતાની પાર ગયો છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઇહપરલોક છોડી જાય છે. (૬)

૭. જેના અંતઃકરણમાંથી વિર્તકને[૧] બાળીને નષ્ટ કરવામાં આવ્યા છે તે ભિક્ષુ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઇહપરલોક છોડી જાય છે. ૭)

૮. જે આગળ દોડતો નથી તેમ પાછળ રહેતો નથી[૨] અને જે આ પ્રપંચની પાર ગયો છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની કાંચળી ઉતારી નાખે છે તેમ ઇહપરલોક છોડી જાય છે. (૮)

९. यो नाच्चसारी न पच्चसारी सब्बं वितथमिदं'ति ञत्वा लोके।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। ९।।

१०. यो नाच्चसारी न पच्चसारी सब्बं वितथमिदं'ति वीतलोभो।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। १०।।

११. यो नाच्चसारी न पच्चसारी सब्बं वितथमिदं'ति वीतरागो।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। ११।।

१२. यो नाच्चसारी न पच्चसारी सब्बं वितथमिदं'ति वीतदोसो।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। १२।।

१३. यो नाच्चसारी न पच्चसारी सब्बं वितथमिदं'ति वीतमोहो।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। १३।।

१४. यस्सानुसया संति केचि मूला, अकुसला समूहतासे।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। १४।।

१५. यस्स दरथजा न संति केचि ओरं आगमनाय पच्चयासे।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। १५।।

१६. यस्स वनथजा न संति केचि विनिबन्धाय भवाय हेतुकप्पा।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं ।। १६।।

१७. यो नीवरणे पहाय पञ्च अनिधो तिण्णकथंकथो विसल्लो।
सो भिक्खु जहाति ओरपारं उरगो जिण्णमिव तचं पुराणं'ति ।। १७।।

उरगसुत्तं निट्ठितं

૯. જે આગળ દોડતો નથી તેમ પાછળ પણ રહેતો નથી અને ઈહલોકમાં સર્વ વસ્તુ વ્યર્થ છે એમ જાણે છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઈહપરલોક છોડી જાય છે. (૯)

૧૦. જે આગળ દોડતો નથી અને પાછળ પણ રહેતો નથી, અને (પ્રાપંચિક) વસ્તુજાત વ્યર્થ છે એમ સમજીને વીતલોભ થાય છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઈહપરલોક છોડી જાય છે. (૧૦)

૧૧. જે આગળ દોડતો નથી અને પાછળ પણ રહેતો નથી, અને (પ્રાપંચિક) વસ્તુજાત વ્યર્થ છે એમ સમજીને વીતરાગ થાય છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઈહપરલોક છોડી જાય છે. (૧૧)

૧૨. જે આગળ દોડતો નથી અને પાછળ પણ રહેતો નથી, અને (પ્રાપંચિક) વસ્તુજાત વ્યર્થ છે એમ સમજીને વીત દ્વેષ થાય છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઈહપરલોક છોડી જાય છે. (૧૨)

૧૩. જે આગળ દોડતો નથી અને પાછળ પણ રહેતો નથી, અને (પ્રાંપચિક) વસ્તુજાત વ્યર્થ છે એમ સમજીને વીતમોહ થાય છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઈહપરલોક છોડી જાય છે. (૧૩)

૧૪. જેના અંતરમાં અનુશય[૩] બિલકુલ રહ્યા નથી અને અકુશલનાં મૂળ ઉખેડી નાખવામાં આવ્યાં છે તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઈહપરલોક છોડી જાય છે. (૧૪)

૧૫. ઈહલોકમાં પુનર્જન્મ (લેવા) માટે કારણરૂપ અને ભીતિમાંથી ઉત્પન્ન થયેલા સંસ્કાર જેનામાં રહ્યા નથી તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઈહપરલોક છોડી જાય છે. (૧૫)

૧૬. જેનામાં ભવબંધનના કારણરૂપ, અને તૃષ્ણામાંથી ઉત્પન્ન થયેલા સંસ્કાર રહ્યા નથી તે ભિક્ષુ સાપ જેમ જીર્ણ અને જૂની થયેલી કાંચળી ઉતારી નાખે છે તેમ ઈહપરલોક છોડી જાય છે. (૧૬)

૧૭. જે ભિક્ષુ બુદ્ધિનાં પાંચ આવરણોનો[૪] ત્યાગ કરીને નિર્દુઃખ, નિશંક અને તૃષ્ણાશલ્યવિરહિત થાય છે તે સાપ જેમ જીર્ણ અને જૂની કાંચળી ઉતારી નાખે છે તેમ ઈહપરલોક છોડી જાય છે. (૧૭)

ઉરગ-સુત્ત સમાપ્ત

२

धनियसुत्तं (२)

१८. पक्कोदनो दुद्धखीरो'हमस्मि (इति धनियो गोपो),

अनुतीरे महिया समानवासो।

छन्ना कुटि आहितो गिनि अथ चे पत्थयसि पवस्स देव ।। १।।

१९. अक्कोधनो विगतखिलो' हमस्मि (इति भगवा),

अनुतीरे महिये करत्ति वासो ।

विवटा कुटि निब्बुतो गिनि अथ चे पत्थयसि पवस्स देव।। २।।

२०. अंधकमकसा न विज्जरे (इति धनियो गोपो)

कच्छे रुल्हतिणे चरन्ति गावो।

वुट्ठिं'पि सहेय्युं आगतं अथ चे पत्थयसि पवस्स देव ।। ३।।

२१. बद्धा हि भिसी सुसंखता (इति भगवा)

तिळ्णो पारगतो विनेय्य ओधं।

अत्थो भिसिया न विज्जति अथ चे पत्थयसि पवस्स देव ।। ४।।

२२. गोपी मम अस्सवा अलोला (इति धनियो गोपो)

दीघरत्तं संवासिया मनापा।

तस्सा न सुणाभि किंचि पापं अथ चे पत्थयसि पवस्स देव ।। ५।।

२३. चित्तं मम अस्सवं विमुत्तं (इति भगवा) दीघरत्तं परिभावितं सुदन्तं।

पापं पन मे न विज्जति अथ चे पत्थयसि पवस्स देव ।। ६।।

२४. अत्तवेतनभतो' हमस्मि (इति धनियो गोपो),

पुत्ता च मे समानिया अरोगा ।

तेसं न सुणामि किंचि पापं अथ चे पत्थयसि पवस्स देव।। ७।।

२५. ना'हं भतको'स्मि कस्सचि (इति भगवा)

निब्बिट्ठेन चरामि सब्बलोके ।

अत्थो भतिया न विज्जति अथ चे पत्थयसि पवस्स देव ।। ८।।

૨

ધનિયસુત્ત (૨)

૧૮. મારું અન્ન તૈયાર છે અને ગાયો દોવાઈ રહી છે, એમ ધનિય ગોપ બોલ્યો-મહી નદીના કાંઠા ઉપર પ્રિયજનોની સાથે હું રહું છું, મારી ઝૂંપડીનું છાપરું ચળાઈ ગયું છે અને અગ્નિ પ્રગટાવ્યો છે. તો હે મેઘરાજા, તારી ઈચ્છા હોય તો ખુશીથી વરસ ! (૧)

૧૯. હું અક્રોધન અને વિગતખિલ છું,-એમ ભગવાન બોલ્યા. -મહી નદીને કાંઠે કેવળ એક રાતનો જ નિવાસ છે, મારી ઝૂંપડી ઉઘાડી છે, અને અગ્નિ બુઝાઈ ગયો છે. તો હે મેઘરાજા, તારી ઈચ્છા હોય તો ખુશીથી વરસ ! (૨)

૨૦. અહીં બગાઈઓ નથી,-એમ ધનિય ગોપ બોલ્યો-નદી કાંઠે ઊગેલું ઘાસ ગાયો ચરે છે, એટલે વરસાદ વરસશે તો પણ તેઓ સહન કરશે. તો હે મેઘરાજા, તારી ઇચ્છા હોય તો તું ખુશીથી વરસ ! (૩)

૨૧. મારો તરાપો બંધાઈને સરસ રીતે તૈયાર થયો છે,-એમ ભગવાન બોલ્યા-હું ઓઘ ઊતરીને પાર ગયો છું. હવે તરાપાનું કંઈ કામ રહ્યું નથી, તો હે મેઘરાજા, તારી ઈચ્છા હોય તો તું ખુશીથી વરસ ! (૪)

૨૨. મારી ગોપી આજ્ઞાધારક અને સ્થિર મનવાળી છે,-એમ ધનિય ગોપ બોલ્યો-ચિરકાલ તે મારી સાથે રહે છે, અને મને તે વહાલી છે. તેનામાં કોઈ જાતનું પાપ નથી. તો હે મેઘરાજા, તારી મરજી હોય તો તું ખુશીથી વરસ ! (૫)

૨૩. મારું ચિત્ત મારા કબજામાં છે અને વિમુકત છે,-એમ ભગવાન બોલ્યા-તે ચિરકાલ અભ્યાસથી ભાવિત અને સંયમિત્ત છે. મારામાં પાપ નથી તો હે મેઘરાજા, તારી મરજી હોય તો તું ખુશીથી વરસ ! (૬)

૨૪. હું જાતમહેનતથી મારો નિર્વાહ ચલાવું છું-એમ ધનિય ગોપ બોલ્યો-અને મારા પુત્રો મારી સાથે છે અને નીરોગી છે, તેમનામાં મને કશો દોષ જણાતો નથી. તો હે મેઘરાજા, તારી ઇચ્છા હોય તો તું ખુશીથી વરસ ! (૭)

૨૫. હું કોઈનો નોકર નથી,-એમ ભગવાન બોલ્યા-હું મારી મૂડી ઉપર રહું છું, નોકરીની મને ગરજ નથી. તો હે મેઘરાજા, તારી ઈચ્છા હોય તો તું ખુશીથી વરસ ! (૮)

२६. अत्थि वसा अत्थि धेनुपा (इति धनियो गोपो)
गोधरणियो पवेणियो'पि अत्थि।
उसभो'पि गवम्पती'ध अत्थि अथ चे पत्थयसि पवस्स देव।। ९।।
२७. नत्थि वसा नत्थि धेनुपा (इति भगवा)
गोधरणियो पवेणियो'पि नत्थि।
उसभो'पि गवम्पती'ध नत्थि अथ चे पत्थयसि पवस्स देव।। १०।।
२८. खीला निखाता असंपवेधी (इति धनियो गोपो)
दामा मुंजमया नवा सुसंठाना।
नहि सक्खिन्ति धेनुपा'पि छेत्तुं अथ चे पत्थयसि पवस्स देव ।। ११।।
२९. उसभोरिव छेत्वा बन्धनानि (इति भगवा)
नागो पूतिलतं'व दालयित्वा।
नाहं पुन उपेस्सं गब्भसेय्यं अ थ चे पत्थयसि पवस्स देव ।। १२।।
३०. निन्नं च थलं च पूरयन्तो महामेघो पवस्सि तावदेव।
सुत्वा देवस्स वस्सतो इममत्थं धनियो अभासथ।। १३।।
३१. लाभावत नो नप्पका ये मयं भगवन्तं अद्दसाम ।
सरणं तमुपेम चक्खुम सत्था नो होहि तुवं महामुनि।। १४।।
३२. गोपी च अहं च अस्सवा ब्रह्मचरियं सुगते चरामसे।
जातिमरणस्स पारगा दुक्खस्सन्तकरा भवामसे।। १५।।
३३. नन्दति पुत्तेहि पुत्तिमा (इति मारो पापिमा)
गोमिको गोहि तथेव नन्दति।
उपधीहि नरस्स नन्दना न हि सो नन्दति यो निरूपधि ।। १६।।
३४. सोचति पुत्तेहि पुत्तिमा (इति भगवा)
गोमिको गोहि तथेव सोचति।
उपधीहि नरस्स सोचना न हि सो सोचति यो निरूपधी'ति।।१७।।

धनियसुत्तं निट्ठितं

૨૬. મારી પાસે હળે ન જૂતેલા તરુણ બળદો છે, દૂધ પીનારાં વાછરડાં છે,-એમ ધનિય ગોપ બોલ્યો-ગાભણી અને પહેલવેતરી ગાયો છે, અને ગાયોનો આગેવાન બળદ છે. તો હે મેઘરાજા તારી ઇચ્છા હોય તો તું ખુશીથી વરસ! (૯)

૨૭. મારી પાસે હળે ન જૂતેલા તરુણ બળદો નથી, દૂધ પીનારાં વાછરડાં નથી,-એમ ભગવાન બોલ્યા- ગાભણી અને પહેલવેતરી ગાયો નથી, અને ગાયોનો આગેવાન બળદ નથી. તો હે મેઘરાજા, તારી ઇચ્છા હોય તો તું ખુશીથી વરસ! (૧૦)

૨૮. ખીલા મજબૂત ખોડયા છે, તે હાલતા નથી,-એમ ધનિય ગોપ બોલ્યો-દોરડાં મુંજ ઘાસનાં છે, ઉત્તમ રીતે બનાવેલાં અને નવાં છે. વાછરડાં તેને છોડી શકશે નહિ. તો હે મેઘરાજા, તારી ઇચ્છા હોય તો તું ખુશીથી વરસ! (૧૧)

૨૯. આખલાની જેમ મે બંધનો તોડયાં છે,-એમ ભગવાન બોલ્યા-હાથી જેમ ગળોને તોડી નાંખે છે તેમ મે તેમનો ઉચ્છેદ કર્યો છે. હવે હું ફરી ગર્ભવાસમાં આવવાનો નથી. હે મેઘરાજા, તારી ઇચ્છા હોય તો તું ખુશીથી વરસ! (૧૨)

૩૦. એટલામાં તો મહામેઘે જળસ્થળ ભરી દીધું, વરસાદ વરસવાની શરૂઆત થયેલી જોઇ ધનિય ગોપ આ પ્રમાણે બોલ્યો: (૧૩)

૩૧. ખરેખર અમે ધન્ય છીએ, કારણ કે અમને ભગવાનનાં દર્શન થયાં! હે ચક્ષુષ્મન્, અમે તારે શરણે જઈએ છીએ. હે મહામુનિ, તું અમારો શાસ્તા બન. (૧૪)

૩૨. હું અને ગોપી સુગતના આશરા નીચે બ્રહ્મચર્યનું પાલન કરીશું અને જન્મમરણની પાર જઈને દુઃખનો અંત કરીશું. (૧૫)

૩૩. પુત્રવન્તોને પુત્રોથી આનંદ થાય છે-એમ પાપી માર બોલ્યો-તેમ જ ગાયોના માલિકને ગાયોથી આનંદ થાય છે, કારણ કે ઉપાધિ મનુષ્યને આનંદ આપે છે, અને ઉપાધિરહિત માણસને આનંદ મળતો નથી. (૧૬)

૩૪. પુત્રવન્તને પુત્રોથી શોક થાય છે-એમ ભગવાન બોલ્યા તેમ જ ગાયોના માલિકને ગાયોથી શોક થાય છે. કારણ કે ઉપાધિ માણસમાં શોક ઉત્પન્ન કરે છે; અને જે ઉપાધિરહિત હોય છે તે શોક કરતો નથી. (૧૭)

ધનિયસુત્ત સમાપ્ત

३

खग्गविसाण-सुत्तं (३)

३५. सब्बेसु भूतेसु निधाय दण्डं अविहेठयं अञ्ञतरम्पि तेसं ।
न पुत्तमिच्छेय्य कुतो सहायं एको चरे खग्गविसाणकप्पो ।। १।।
३६. संसग्गजातस्स भवन्ति स्नेहा स्नेहन्वयं दुक्खमिदं पहोति ।
आदीनवं स्नेहजं पेक्खमानो एको चरे खग्गविसाणकप्पो ।। २।।
३७. मित्ते सुहज्जे अनुकम्पमानो हापेति अत्थं पटिबद्धचित्तो ।
एतं भयं सन्थवे पेक्खमानो एको चरे खग्गविसाणकप्पो ।। ३।।
३८. वंसो विसालो'व यथा विसत्तो पुत्तेसु दारेसु च या अपेक्खा।
वंसाकळीरो'व असज्जमानो एको चरे खग्गविसाणकप्पो ।। ४।।
३९. मिगो अरञ्ञम्हि यथा अबद्धो येनिच्छकं गच्छति गोचराय ।
विञ्ञू नरो सेरितं पेक्खमानो एको चरे खग्गविसाणकप्पो ।। ५।।
४०. आमन्तना होति सहायमज्झे वासे ठाने गमने चारिकाय ।
अनभिज्झितं सेरितं पेक्खमानो एको चरे खग्गविसाणकप्पो ।। ६।।
४१. खिड्डा रती होती सहायमज्झे पुत्तेसु च विपुलं होति पेमं ।
पियविप्पयोगं विजिगुच्छमानो एको चरे खग्गविसाणकप्पो ।। ७।।
४२. चातुद्दिसो अप्पटिघो च होति सन्तुस्समानो इतरीतरेन ।
परिस्सयानं सहिता अछम्भी एको चरे खग्गविसाणकप्पो ।। ८।।
४३. दुस्सङ्गहा पब्बजिता'पि एके अथो गहट्ठा घरमावसन्ता ।
अप्पोस्सुक्को परपुत्तेसु हुत्वा एको चरे खग्गविसाणकप्पो ।। ९।।
४४. ओरोपयित्वा गिहिब्यञ्जनानि संसीनपत्तो यथाकोविळारो ।
छेत्वान वीरो गिहिबन्धनानि एको चरे खग्गविसाणकप्पो ।। १०।।
४५. सचे लभेथ निपकं सहायं सद्धिं चरं साधुविहारि धीरं ।
अभिभुय्य सब्बानि परिस्सयानि चरेय्य तेनत्तमनो सतीमा ।। ११।।
४६. नो चे लभेथ निपकं सहायं सद्धिं चरं साधुविहारि धीरं ।
राजा'व रट्ठं विजितं पहाय एको चरे खग्गविसाणकप्पो ।। १२।।

૩

ખગ્ગવિસાણસુત્ત (૩)

૩૫. ભૂતમાત્રને વિષે દંડબુદ્ધિ છોડી દઈને તેમાંના કોઈને પણ ત્રાસ ન પહોંચાડવો, (અને) પુત્રની પણ આશા ન રાખવી, તો પછી મદદની તો વાત જ કયાં રહી? (અને) ગેંડાના શીગડાની માફક એકાકી રહેવું. (૧)

૩૬. સંસર્ગ થવાથી સ્નેહ ઉત્પન્ન થાય છે. સ્નેહથી દુઃખ થાય છે. આ સ્નેહ જ દોષ છે એમ સમજીને ગેંડાના શીગડાની માફક એકાકી રહેવું. (૨)

૩૭. (મનુષ્ય) મિત્રસુહૃદોને મદદ કરવાના ઉદ્દેશથી આસકતચિત્ત થઈ સદર્થ છોડી દે છે. પરસ્પરના પ્રેમમાં આ ભય છે એમ જોઈને ગેંડાના શીગડાની માફક એકાકી રહેવું. (૩)

૩૮. વિશાળ વાંસ જેમ (બીજા વાંસમાં) ગૂંથાઈ જાય છે તેવી પુત્રદારાની અપેક્ષા છે. વાંસના અંકુરની જેમ સંલગ્ન ન થતાં ગેંડાની શીગડાની જેમ એકાકી રહેવું. (૪)

૩૯. અરણ્યમાં રહેનાર મુકત મૃગ જેમ યથેચ્છ વિહાર કરે છે તે રીતે સુજ્ઞ માણસે પોતાની સ્વતંત્રતા જાણીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૫)

૪૦. મિત્રોની સાથે રહેવાથી બેસવા-ઉઠવા અને જવા-આવવા માટે આમંત્રણો થાય છે. (પણ) નિર્લોભતા એ સ્વતંત્રતા છે એમ સમજીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૬)

૪૧. આપ્તજનોની સાથે હોવાથી ગમ્મત અને આનંદ આવે છે, અને છોકરાં પ્રત્યે પ્રેમ બંધાય છે. (પણ) પ્રિય માણસોના વિયોગથી કંટાળીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૭)

૪૨. જે મળે તેટલાથી સંતોષ માનનારો (પ્રાણી) ચારે દિશામાં જવા માટે સ્વતંત્ર અને પ્રતિબંધરહિત થાય છે. (માટે) વિઘ્નો સહન કરીને નિર્ભયતાથી ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૮)

૪૩. કેટલાક સંન્યાસીઓ પણ એવા હોય છે કે તેમને સંતુષ્ટ કરવા ભારે થઈ પડે છે, તો પછી ગૃહસ્થાશ્રમીઓનું તો પૂછવું જ શું? (માટે) બીજાનાં છોકરાં માટે બેફિકર બનીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૯)

૪૪. જેનાં પાંદડાં ખરી પડયાં છે એવા કાંચન (કોવિદાર) વૃક્ષની જેમ ગૃહસ્થાશ્રમનાં બંધનો તોડી નાખીને શૂરવીરે ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૧૦)

૪૫. જો હોશિયાર, સન્માર્ગે ચાલનારો અને ધૈર્યવાન સાથી મળે તો બધાં વિઘ્નો સહન કરીને આનંદથી તેની સાથે રહેવું. (૧૧)

૪૬. જો હોશિયાર, સન્માર્ગે ચાલનારો અને ધૈર્યવાન સાથી ન મળે તો રાજા જેમ વિજિત (બીજાના તાબામાં ગયેલા) રાજ્યનો ત્યાગ કરે છે તેમ ગેંડાના શીગડાંની જેમ એકાકી રહેવું. (૧૨)

४७. अद्धा पसंसाम सहायसम्पदं सेट्ठा समा सेवितब्बा सहाया ।
एते अलद्धा अनवज्जभोजी एको चरे खग्गविसाणकप्पो ।। १३ ।।

४८. दिस्वा सुवण्णस्स पभस्सरानि कम्मारपुत्तेन सुनिट्ठितानि ।
संघट्टमानानि दुवे भुजस्मिं एको चरे खग्गविसाणकप्पो ।। १४ ।।

४९. एवं दुतियेन सहा ममस्स वाचाभिलापो अभिसज्जना वा ।
एतं भयं आयतिं पेक्खमानो एको चरे खग्गविसाणकप्पो ।। १५ ।।

५०. कामा हि चित्रा मधुरा मनोरमा विरूपरूपेन मथेन्ति चित्तं ।
आदीनवं कामगुणेसु दिस्वा एको चरे खग्गविसाणकप्पो ।। १६ ।।

५१. ईति च गण्डो च उपद्दवो च रोगो च सल्लं च भयं च मेतं।
एतं भयं कामगुणेसु दिस्वा एको चरे खग्गविसाणकप्पो ।। १७ ।।

५२. सीतं च उण्हं च खुदं पिपासं वातातपे डंससिरिंसपे च ।
सब्बानि पेतानि अभिसम्भवित्वा एको चरे खग्गविसाणकप्पो ।। १८ ।।

५३. नागो'व यूथानि विवज्जयित्वा संजातखन्धो पदुमी उळारो ।
यथाभिरन्तं विहरे अरञ्ञे एको चरे खग्गविसाणकप्पो ।। १९ ।।

५४. अट्ठान तं संगणिकारतस्स यं फस्सये सामयिकं विमुत्तिं ।
आदिच्चबन्धुस्स वचो निसम्म एको चरे खग्गविसाणकप्पो ।। २० ।।

५५. दिट्ठिविसूकानि उपातिवत्तो पत्तो नियामं पटिलद्धमग्गो।
उप्पन्नञाणो'म्हि अनञ्ञनेय्यो एको चरे खग्गविसाणकप्पो ।। २१ ।।

५६. निल्लोलुपो निक्कुहो निप्पिपासो निम्मक्खो निद्धन्तकसावमोहो।
निरासयो सब्बलोके भवित्वा एको चरे खग्गविसाणकप्पो ।। २२ ।।

५७. पापं सहायं परिवज्जयेथ, अन्तथदस्सिं विसमे निविट्ठं ।
सयं न सेवे पसुतं पमत्तं एको चरे खग्गविसाणकप्पो ।। २३ ।।

५८. बहुस्सुतं धम्मधरं भजेथ मित्तं उळारं पटिभानवन्तं ।
अञ्ञाय अत्थानि विनेय्य कङ्खं एको चरे खग्गविसाणकप्पो ।। २४ ।।

५९. खिड्डं रतिं कामसुखं च लोके अनलङ्करित्वा अनपेक्खमानो ।
विभूसनट्ठाना विरतो सच्चवादी एको चरे खग्गविसाणकप्पो ।। २५ ।।

૪૭. મિત્રસંપ્રદાયના અમે જરૂર વખાણ કરીએ છીએ. સમાનશીલ અથવા આપણા કરતાં શ્રેષ્ઠ મિત્રોની સંગતિ સેવવી. (પણ) એવા શુદ્ધ અને સેવન કરવાવાળા સાથી ન મળે તો ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું (૧૩)

૪૮. સોનીએ ઉત્તમ રીતે તૈયાર કરેલ પ્રભાસંપન્ન બે કંકણી એક હાથમાં એકબીજાની સાથે ભટકાતાં જોઈને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૧૪)

૪૯. આ રીતે બીજાની સાથે રહેવાથી હું બબડયા કરીશ અથવા તો તેની આસક્તિ થશે, એ આગળના આયુષ્યમાં ભય દેખીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૧૫)

૫૦. કારણ પંચેન્દ્રિયોના વિષયો વિચિત્ર, મધુર અને મનોરમ છે. તે અનેક રીતે મનુષ્યના ચિત્તને ડહોળે છે. વિષયોમાં આ દોષ જોઈને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૧૬)

૫૧. મારા ઉપર આ સંકટ છે, આ ગંડ છે, આ ઉપદ્રવ છે, રોગ છે, શલ્ય છે, આ ભય છે-આ જાતનો પંચેન્દ્રિયોના વિષયોમાં ભય જોઈને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું (૧૭)

૫૨. ટાઢ, તાપ, ભૂખ, તરસ, તડકો, પવન, ડાંસ, સાપ આ બધા (કલેશો) સહન કરીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૧૮)

૫૩. જેમ પદ્મકુળમાં જન્મેલો, ભવ્ય ખભાવાળો, ઉદાર હાથી યૂથ છોડીને અરણ્યમાં યથેચ્છ સંચાર કરે છે તેમ ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૧૯)

૫૪. સમૂહમાં સુખ માનનારો સમાધિલાભ મેળવી શકે એ અશકય છે. (માટે) આદિત્યબંધુ (બુદ્ધ) નું વચન સાંભળીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૨૦)

૫૫. હું વિષમ સંપ્રદાયોની પાર ગયો છું, હું ન્યાયપથ ઉપર પહોંચ્યો છું, મને ખરો માર્ગ મળ્યો છે, મને જ્ઞાન ઉત્પન્ન થયું છે, બીજાએ મને સમજાવવાની હવે જરૂર રહી નથી, એમ સમજીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૨૧)

૫૬. નિર્લોલુપ, અદાંભિક, નિસ્તૃષ્ણ, ગુણજ્ઞ, કષાય (કલેશ) મોહથી મુકત અને સર્વ લોકમાં નિર્લોભ બનીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૨૨)

૫૭. અસદર્થનો ઉપદેશ કરનાર અને વિષમ માર્ગમાં જેણે પ્રવેશ કર્યો હોય એવા પાપી સાથીનો ત્યાગ કરવો; પોતાની જાતે આવા આસકત અને પ્રમત્ત માણસની સંગતિ ન કરવી, (અને) ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૨૩)

૫૮. બહુશ્રુત, ધર્મધર, ઉદાર અને પ્રતિભાસંપન્ન એવા મિત્રની સંગતિ સેવવી. અને (તેની પાસેથી) સદર્થ સમજી લઈને શંકાનો નાશ કરીને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૨૪)

૫૯. ક્રીડા, મજા, ચેન, આટલેથી ઈહલોકમાં સમાધાન ન પામતાં અને એની અપેક્ષા ન રાખતાં શૃંગારભૂષણોથી નિવૃત્ત અને સત્યવાદી થઈને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૨૫)

६०. पुत्तं च दारं पितरं च मातरं धनानि धञ्ञानि च बन्धवानी ।
हित्वान कामानि यथोधिकानि एको चरे खग्गाविसाणकप्पो ।। २६ ।।
६१. संगो एसो परित्तमेत्थ सोख्यं अप्प'स्सादो दुक्खमेत्थ भिय्यो ।
गळो एसो इति ञत्वा मुनीमा एको चरे खग्गसिाणकप्पो ।। २७ ।।
६२. सन्दालयित्वा संयोजनानि जालं' व भेत्वा सलिलम्बुचारी
अग्गीव दड्ढं अनिवत्तमानो एको चरे खग्गविसाणकप्पो ।। २८ ।।
६३. ओक्खित्तचक्खु न च पादलोलो गुत्तिन्द्रियो रक्खितमानसानो ।
अनवस्सुतो अपरिडय्हमानो एको चरे खग्गविसाणकप्पो ।। २९ ।।
६४. ओहारयित्वा गिहिव्यञ्जनानि संछिन्नपत्तो यथा पारिछत्तो ।
कासायवत्थो अभिनिक्खमित्वा एको चरे खग्गविसाणकप्पो ।। ३० ।।
६५. रसेसु गेधं अकरं अलोलो अनञ्ञपोसी सपदानचारी ।
कुले कुले अप्पटिबद्धचित्तो एको चरे खग्गविसाणकप्पो ।। ३१ ।।
६६. पहाय पंचावरणानि चेतसो उपक्किलेसे व्यपनुज्ज सब्बे ।
अनिस्सितो छेत्वा सिनेहदोसं एको चरे खग्गविसाणकप्पो ।। ३२ ।।
६७. विपिट्ठिकत्वान सुखं दुखं च पुब्बे'व च सोमनस्सदोमनस्सं ।
लद्धानुपेक्खं समथं विसुद्धं एको चरे खग्गविसाणकप्पो ।। ३३ ।।
६८. आरद्धविरियो परमत्थपत्तिया अलीनचित्तो अकुसीतवुत्ति ।
दळ्हनिक्कमो थामबलूपपन्नो एको चरे खग्गविसाणकप्पो ।। ३४ ।।
६९. पटिसल्लानं झानमरिञ्चमानो धम्मेसु निच्चं अनुधम्मचारी ।
आदीनवं सम्मसिता भवेसु एको चरे खग्गविसाणकप्पो ।। ३५ ।।
७०. तण्हक्खयं पत्थयं अप्पमत्तो अनेळमूगो सुतवा सतीमा ।
संखातधम्मो नियतो पधानवा एको चरे खग्गविसाणकप्पो ।। ३६ ।।
७१. सीहो'व सद्दोसु असन्तसन्तो वातो'व जालम्हि असज्जमानो ।
पदुमं'व तोयेन अलिप्पमानो एको चरे खग्गाविसाणकप्पो ।। ३७ ।।
७२. सीहो यथा दाठाबली पसय्ह राजा मिगानं अभिभुय्यचारी ।
सेवेथ पन्तानि सेनासनानि एको चरे खग्गविसाणकप्पो ।। ३८ ।।

૬૦. પુત્ર, દારા, મા-બાપ, ધનધાન્ય, ભાઈઓ અને બધી જાતની ઉપભોગ્ય વસ્તુઓનો ત્યાગ કરીને ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૨૬)

૬૧. આ સંગ (આસક્તિ) છે, આમાં સુખ ઓછું, આસ્વાદ થોડો, અને આમાં દુઃખ વધારે છે, અને આ માછલી પકડવાનો ગલ છે, એમ જાણીને સુજ્ઞે ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૨૭)

૬૨. માછલી જેમ જાળ તોડીને નીકળી જાય છે તેમ સંયોજનો તોડીને, અને અગ્નિ જેમ બળી ગયેલી જગ્યાએ પાછો આવતો નથી તેમ પાછા ન ફરતાં ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૨૮)

૬૩. જેની દૃષ્ટિ નીચે છે, પાદચાંચલ્ય (આમતેમ ફરવાની હોંશ) નથી, ઇન્દ્રિયો જેને સ્વાધીન છે, મન જેનું સુરક્ષિત છે, અનાસક્ત, અને મનઃસંતાપ વગરનો-એવો થઈને ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૨૯)

૬૪. પાંદડાં ખરી પડેલા પારિચ્છત્ર (પારિજાતક) વૃક્ષની જેમ ગૃહસ્થાશ્રમનાં ચિહ્નોનો ત્યાગ કરીને, કષાય વસ્ત્રો પરિધાન કરીને, પૂર્ણપણે ગૃહત્યાગ કરીને ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૩૦)

૬૫. જીભના ચળવળાટ વગરનો, અચંચલ, બીજાને ન પોષનારો, નાના મોટા ઘરનો ટાળો ન કરતાં ભિક્ષા ગ્રહણ કનારો, કોઈ પણ કુટુંબ માટે આસક્તિ ન ધરાવનારો એવો થઈને ગેંડા શીંગડાની જેમ એકાકી રહેવું. (૩૧)

૬૬. ચિત્તનાં પાંચ આવરણોનો ત્યાગ કરીને, ચિત્તક્લેષ દૂર કરીને, અનાસક્ત થઈને, અને સ્નેહદોષ તોડીને ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૩૨)

૬૭. પ્રથમ સૌમનસ્ય અને દૌર્મનસ્ય અને પછી સુખ અને દુઃખને પાછળ મૂકીને ઉપેક્ષાયુક્ત શુદ્ધ શમ (સમાધિ) સંપાદન કરીને ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૩૩)

૬૮. પરમાર્થપ્રાપ્તિ માટે પૂર્ણ ઉત્સાહી, સાવધાનચિત્ત, નિરલસ વૃત્તિવાળો, દૃઢ .નિશ્ચયી અને સ્થૈર્યબલસંપન્ન થઈને ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૩૪)

૬૯. એકાન્તવાસ અને સમાધિને ન છોડી દેતા નિત્ય સદ્ધર્માનુસાર વર્તનારો અને પુનર્જન્મમાં દોષ જોનારો થઈને ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૩૫)

૭૦. તૃષ્ણાક્ષય માટે ઉત્કટ ઈચ્છા ધરાવનારો, અપ્રમાદી, હોશિયાર, વિદ્વાન, સ્મૃતિમાન, ધર્મજ્ઞાની, આર્યમાર્ગપ્રાપ્ત અને ઉત્સાહી થઈને ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૩૬)

૭૧. સિંહની જેમ શબ્દોથી ન ગભરાતાં, પવનની જેમ જાળમાં ન ભરાતાં, અને કમળની જેમ પાણીથી ન ભીંજાતા ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૩૭)

૭૨. મૃગોનો રાજા દંષ્ટ્રાબલિ સિંહ જેમ (બધાનો) નિગ્રહ કરીને, પરાભવ કરીને રહે છે તેમ એકાન્તવાસ સેવવો અને ગેંડાના શીંગડાની જેમ એકાકી રહેવું. (૩૮)

७३. मेत्तं उपेक्खं करुणं विमुत्तिं आसेवमानो मुदितं च काले ।
सब्बेन लोकेन अविरुज्झमानो एको चरे खग्गविसाणकप्पो।। ३९।।
७४. रागं च दोसं च पहाय मोहं संदालयित्वा संयोजनानि ।
असन्तसं जीवितसंखयम्हि एको चरे खग्गविसाणकप्पो।। ४०।।
७५. भजन्ति सेवन्ति च कारणत्था निक्करणा दुल्लभा अज्ज मित्ता ।
अत्तट्ठपञ्ञा असुची मनुस्सा एको चरे खग्गविसाणकप्पो।। ४१।।

खग्गविसाणसुत्तं निट्ठितं

४

कसिभारद्वाजसुत्तं (४)

एवं मे सुतं । एकं समयं भगवा मगधेसु विहरति दक्खिणागिरिस्मिं एकनाळायं ब्राह्मणगामे। तेन खो पन समयेन कसिभारद्वाजस्स ब्राह्मणस्स पञ्चमतानि नङ्गलसतानि पयुत्तानि होन्ति वप्पकाले । अथ खो भगवा पुब्बण्हसमयं निवासेत्वा पत्तचीवरमादाय येन कसिभारद्वाजस्स ब्राह्मणस्स कम्मन्तो तेनुपसङ्कमि । तेन खो पन समयेन कसिभारद्वाजस्स ब्राह्मणस्स परिवेसना वत्तति। अथ खो भगवा येन परिवेसना तेनुपसङ्कमि, उपसङ्कमित्वा एकमन्तं अट्ठासि। अद्दसा खो कसिभारद्वाजो ब्राह्मणो भगवन्तं पिण्डाय ठितं । दिस्वान भगवन्तं एतदवोच–अहं खो समण ! कसामि च वपामि च, कसित्वा च वपित्वा च भुञ्जामि; त्वंपि समण ! कसस्सु च वपुस्सु च, कसित्वा च वपित्वा च भुञ्जस्सू'ति । अहंपि खो ब्राह्मण ! कसामि च वपामि च, कसित्वा च वपित्वा च भुञ्जामी'ति । न खो पन मयं पस्साम भोतो गोतमस्स युगं वा नङ्गलं वा फालं वा पाचनं वा बलिवद्दे वा; अथ च पन भवं गोतमो एवं आह–अहंपि खो, ब्राह्मण ! कसामि च वपामि च, कसित्वा च वपित्वा च भुञ्जामी'ति। अथ खो कसिभारद्वाजो ब्राह्मणो भगवन्तं गाथाय अज्झभासि–

७६. कस्सको पटिजानासि न च पस्साम ते कसिं ।
कसिं नो पुच्छितो ब्रूहि यथा जानेमु ते कसिं ।। १ ।।

૭૩. મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચિત્તવિમુક્તિઓની વારંવાર ભાવના કરીને અને પ્રાણીમાત્ર વિષે અવિરોધી થઈને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૩૯)

૭૪. રાગ, દ્વેષ અને મોહનો ત્યાગ કરીને, સંયોજનોનો નાશ કરીને, અને જીવિતનાશનો પ્રસંગ આવ્યો હોય ત્યારે પણ નિર્ભય થઈને ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૪૦)

૭૫. લોકો લાભ માટે સંગતિ સેવે છે, મૈત્રી કરે છે. અકારણ મિત્રો મળવા કઠણ છે. અપવિત્ર માણસો પોતાના જ હિતની વૃતિ રાખે છે. (આ જાણીને) ગેંડાના શીગડાની જેમ એકાકી રહેવું. (૪૧)

ખગ્ગવિસાણસુત્ત સમાપ્ત

૪

કસિભારદ્વાજસુત્ત (૪)

એવું મેં સાંભળ્યું છે. એકવાર બુદ્ધ ભગવાન દક્ષિણગિરિ પ્રાંતમાં એકનાળા નામના બ્રાહ્મણગ્રામમાં રહેતા હતા. તે વખતે કૃષિભારદ્વાજ બ્રાહ્મણના ખેતરમાં વાવણીને વખતે પાંચસો હળ ચાલુ હતાં. ત્યારે ભગવાન પ્રભાતમાં ચીવર પરિધાન કરીને અને પાત્રચીવર લઈને કૃષિભારદ્વાજ બ્રાહ્મણને ખેતરે ગયા. ત્યાં કૃષિભારદ્વાજ બ્રાહ્મણનો ભોજનસમારંભ (પરિવેસના) ચાલતો હતો. ત્યાં જઈને ભગવાન એક બાજુએ ઊભા રહ્યા. કૃષિભારદ્વાજ બ્રાહ્મણે ભિક્ષા માટે ઊભા રહેલા ભગવાનને જોયા. જોઈને તે ભગવાન પાસે આવ્યો, અને બોલ્યો, "હે શ્રમણ, હું ખેડું છું અને વાવું છું ખેડીને અને વાવીને મારો નિવાર્હ ચલાવું છું. તું પણ, હે શ્રમણ, ખેડ અને વાવ. ખેડીને અને વાવીને તારો નિર્વાહ ચલાવ." "હે બ્રાહ્મણ, હું પણ ખેડું છું અને વાવું છું ખેડીને મારો નિર્વાહ ચલાવું છું." "પણ ભગવાન ગોતમનાં ધૂંસરી, હળ, ફળું, ચાબૂક અથવા બળદ અમે કયાંય જોઈ શકતા નથી, છતાં ભગવાન ગોતમ કહે છે કે હે બ્રાહ્મણ, હું પણ ખેડું છું અને વાવું છું ખેડીને અને વાવીને મારો નિર્વાહ છે." ત્યારપછી કૃષિભારદ્વાજ બ્રાહ્મણે ભગવાનને આ ગાથા કહીને કહ્યું:

૭૬. તું તારી જાતને ખેડૂત કહેવરાવે છે, પરન્તુ તારી ખેતી અમે જોઈ શકતા નથી. તારી ખેતી કઈ એ તું અમને સમજાવીને કહે. (૧)

७७. सद्धा बीजं तपो वुट्ठि पञ्ञा मे युगनङ्गलं ।
हिरि ईसा मनो योत्तं सति मे फालपाचनं ।। २ ।।
७८. कायगुत्तो वचीगुत्तो आहारे उदरे यतो ।
सच्चं करोमि निद्दानं सोरच्चं मे पमोचनं ।। ३ ।।
७९. विरियं मे धुरधोरय्हं योगक्खेमाधिवाहनं ।
गच्छति अनिवत्तन्तं यत्थ गन्त्वा न सोचति ।। ४ ।।
८०. एवमेसा कसी कट्ठा सा होति अमतप्फला ।
एतं कसिं कसित्वान सब्बदुक्खा पमुच्चती'ति ।। ५ ।।

अथ खो कसिभारद्वाजो ब्राह्मणो महतिया कंसपातिया पायासं वड्ढेत्वा भगवतो उपनामेसि– भुञ्जतु भवं गोतमो पायासं कस्सको भवं, यं हि भवं गोतमो अमतफलं कसिं कसती'ति ।

८१. गाथाभिगीतं मे अभोजनेय्यं संपस्सतं ब्राह्मण नेस धम्मो ।
गाथाभिगीतं पनुदन्ति बुद्धा धम्मे सति ब्राह्मण वुत्तिरेसा ।। ६ ।।
८२. अञ्ञेन च केवलिनं महेसिं खीणासवं कुक्कुच्चवूपसन्तं ।
अन्नेन पानेन उपट्ठहस्सु खेत्तं हि तं पुञ्ञपेक्खस्स होती'ति ।। ७ ।।

अथ कस्स चाहं भो गोतम ! इमं पायासं दम्मी'ति । न खोहं तं, ब्राह्मण पस्सामि सदेवके लोके समारके सब्रह्मके सस्समणब्राह्मणिया पजाय सदेवमनुस्साय यस्स सो पायसो भुत्तो सम्मापरिणामं गच्छेय्य, अञ्ञत्र तथागतस्स वा तथागतसावकस्स वा; तेन हि त्वं ब्राह्मण तं पायासं अप्पहरिते वा छड्डेहि, अप्पाणके वा उदके ओपिलापेही'ति ।

अथ खो कसिभारद्वाजो ब्राह्मणो तं पायासं अप्पाणके उदके ओपिलापेसि । अथ खो सो पायासो उदके पक्खित्तो चिच्चिटायति चिटिचिटायति सन्धूपायति सम्पधूपायति । सेय्यथापि नाम फालो दिवससन्तत्तो उदके पक्खित्तो चिच्चिटायति चिटिचिटायति सन्धूपायति सम्पधूपायति एतमेव सो पायासो उदके पक्खित्तो चिच्चिटायति, चिटचिटायति सन्धूपायति समपधूपायति । अथ खो कसिभारद्वाजो ब्राह्मणो संविग्गो लोमहट्ठ जातो येन भगवा तेनुपसङ्कमि, उपसङ्कमित्वा भगवतो पादेसु सिरसा निपतित्वा भगवन्तं एतदवोच-अभिक्कन्तं भो गोतम, अभिक्कन्तं भो गोतम, सेय्यथापि भो गोतम निक्कुज्जितं वा

૭૭. શ્રદ્ધા એ મારું બીજ છે, તપશ્ચર્યા એ વૃષ્ટિ છે, પ્રજ્ઞા એ ધૂંસરી અને હળ છે, પાપલજ્જા એ હળનું લાંબું લાકડું છે, ચિત્ત દોરી છે, અને સ્મૃતિ (જાગૃતિ) એ ફળું તથા ચાબૂક છે. (૨)

૭૮. કાયાનું અનેવાચાનું હું રક્ષણ કરું છું, ઉદરનિર્વાહના આહારમાં હું સંયમિત રહું છું. સત્ય મારો ખરપિયો છે, અને સંતોષ એ મારી રજા છે. (૩)

૭૯. ધૂંસરીને ધારણ કરનારો (બળદ) મારો ઉત્સાહ છે. તે યોગક્ષેમાભિમુખ (નિર્વાણાભિમુખ) જાય છે, જ્યાં જવાથી શોકરહિત થાય છે. (૪)

૮૦. આ રીતે ખેતી કરવાથી તે અમૃતફલદાયક થાય છે, આવી ખેતી કરીને (માણસ) બધાં દુઃખોમાંથી મુકત થાય છે. (૫)

ત્યારે કૃષિભારદ્વાજ બ્રાહ્મણે મોટા કાંસાના થાળમાં પાયસ પીરસીને તે થાળ, "ભગવાન ગોતમ આ પાયસનો સ્વીકાર કરે, ખેડૂત ભવાન, કારણ કે ભવાન ગૌતમ અમૃતફલદાયક ખેતી કરે છે," એમ કહીને ભગવાનની આગળ ધર્યો.

૮૧. (ભગવાન બોલ્યા) આ અન્નના સંબંધમાં હું ગાથા બોલ્યો, માટે આ અન્ન હું સ્વીકારી શકતો નથી. હે બ્રાહ્મણ, (તેનો સ્વીકાર કરવો) એ સમજાુનો ધર્મ નથી. જે અન્ન સંબંધે ગાથા બોલાઈ તે અન્ન બુદ્ધ સ્વીકારતા નથી. હે બ્રાહ્મણ, સદાચારને માટે આ રિવાજ ઉત્તમ છે. (૬)

૮૨. કૈવલ્ય જેણે પ્રાપ્ત કર્યું છે એવા, ક્ષીણપાપ, અને શંકા જેની શાંત થઈ છે એવા મહર્ષિની તું અન્ય અંન્નપાનથી સેવા કર. કારણ કે પુણ્યેચ્છુને તે પુણ્યક્ષેત્ર જેવો છે. (૭)

"હે ગોતમ, એમ જો હોય તો આ પાયસ હું બીજા કોને આપું?" "હે બ્રાહ્મણ, તથાગત સિવાય અથવા તથાગતના શ્રાવક સિવાય આ સદેવક, સમારક, સબ્રહ્મક લોકમાં, શ્રમણ-બ્રાહ્મણમાં, દેવમનુષ્યોમાં એવા કોઈને હું જોઈ નથી શકતો કે જે આ પાયસ ખાય તો તેને તે પચે. માટે હે બ્રાહ્મણ, તું આ પાયસ ખડ ન હોય એવી જગ્યાએ નાખી દે, અથવા પ્રાણી વગરના પાણીમાં નાખી દે." ત્યારે કૃષિભારદ્વાજ બ્રાહ્મણે પ્રાણી વગરના પાણીમાં તે પાયસ નાખી દીધો. તે પાયસને પાણીમાં નાખતાં ચિટી ચિટી એવો અવાજ કરવા લાગ્યો અને વરાળ નીકળવા માંડી. જેમ આખો દિવસ તપ્ત હળનું ફળું પાણીમાં બોળીએ તો ચિટી ચિટી શબ્દ થાય છે અને વરાળ નીકળવા માંડે છે તેમ તે પાયસ ચિટી ચિટી કરવા લાગ્યો અને વરાળ છોડવા લાગ્યો. એથી કૃષિભારદ્વાજ બ્રાહ્મણને સંવેગ થયો, રોમહર્ષ થયો, અને ભગવાન પાસે આવીને ભગવાનને પગે સાષ્ટાંગ નમસ્કાર કરીને ભગવાનને કહ્યું, "ધન્ય, ધન્ય, હે ગોતમ, જેમ ઊંધું વાળેલું વાસણ સવળું કરવામાં આવે, અથવા ઢાંકેલી વસ્તુ ઉઘાડી કરવામાં આવે, માર્ગ ભૂલેલાને માર્ગ

उक्कुज्जेय्य, पटिच्छन्नं वा विवरेय्य, मूळ्हस्स वा मग्गं आचिक्खेय्य, अन्धकारे वा तेलपज्जोतं धारेय्य चक्खुमन्तो रूपानि दक्खिन्ती 'ति, एवमेवं भोता गोतमेन अनेकपरियायेन धम्मो पकासितो । एसाहं भवन्तं गोतमं सरणं गच्छामि धम्मं च भिक्खुसंघं च । लभेय्याहं भोतो गोतमस्स सन्तिके पब्बज्जं, लभेय्यं उपसम्पदं' ति । अलत्थ खो कसिभारद्वाजो ब्राह्मणो भगवतो सन्तिके पब्बज्जं, अलत्थ उपसम्पदं । अचिरूपसम्पन्नो खो पनायस्मा भारद्वाजो एको वूपकट्ठो अप्पमत्तो आतापी पहितत्तो विहरन्तो न चिरस्सेव यस्सत्थाय कुलपुत्ता सम्मदेव अगारस्मा अनगारियं पब्बजन्ति तदनुत्तरं ब्रह्मचरिय परियोसानं दिट्ठेव धम्मे सयं अभिञ्ञा सच्छिकत्वा उपसम्पज्ज विहासि, खीणा जाति, वुसितं ब्रह्मचरियं, कतं करणीयं, नापरं इत्थत्तायाति अब्भञ्ञासि । अञ्ञतरो च खो पनायस्मा भारद्वाजो अरहतं अहोसी'ति ।

कसिभारद्वाजसुत्तं निट्ठितं ।

५

चुन्द-सुत्तं (५)

८३. पुच्छामि मुनिं पहूतपञ्ञं (इति चुन्दो कम्मारपुत्तो) बुद्धं धम्मस्सामिं वीततण्हं ।
दिपदुत्तमं सारथीनं पवरं, कति लोके समणा तदिध ब्रूहि ।। १ ।।

८४. चतुरो समणा न पञ्चमत्थि (चुन्दाति भगवा) ते ते आविकरोमि सक्खिपुट्ठो ।
मग्गजिनो मग्गदेसको च मग्गे जीवति यो च मग्गदूसी ।। २ ।।

८५. कं मग्गजिनं वदन्ति बुद्धा (इति चुन्दो कम्मारपुत्तो) मग्गक्खायी कथं अतुल्यो होति ।
मग्गे जीवति मे ब्रूहि पुट्ठो अथ मे आविकरोहि मग्गदूसिं ।। ३ ।।

८६. यो तिण्णकथंकथो विसल्लो निब्बाणाभिरतो अनानुगिद्धो ।
लोकस्स सदेवकस्स नेता तादिं मग्गजिनं वदन्ति बुद्धा ।। ४ ।।

८७. परमं परमं'ति योध ञत्वा अक्खाति विभजति इधेव धम्मं ।
तं कङ्खच्छिदं मुनिं अनेजं दुतियं भिक्खुनमाहु मग्गदेसिं ।। ५ ।।

બતાવવામાં આવે અથવા તો દેખાતા માણસને પદાર્થો દેખાય એ માટે અંધારામાં મશાલ સળગાવવામાં આવે તે રીતે ભવાન ગોતમે અનેક પર્યાયથી ધર્મ પ્રકાશિત કર્યો છે. તે આ હું ભવાન ગોતમને શરણે જાઉં છું, ધર્મને શરણે જાઉં છું, સંઘને શરણે જાઉં છું. ભવાન ગોતમ મને પ્રવજ્યા અને ઉપસંપદા આપો." તે રીતે કૃષિભારદ્વાજ બ્રાહ્મણને ભગવાન પાસેથી પ્રવજ્યા અને ઉપસંપદા મળી. ઉપસંપદા પછી આયુષ્યમાન ભારદ્વાજ એકાકી, એકાન્તવાસી, અપ્રમાદી, ઉત્સાહી અને પ્રહિતાત્મા થઈને રહેતો હતો. ત્યારે જેને માટે કુલિન મનુષ્યો સારી રીતે ઘરમાંથી નીકળીને અનાગારિક પ્રવજ્યા લે છે તે અનુત્તર બ્રહ્મચર્યપર્યવસાન (નિર્વાણ) થોડા જ વખતમાં આ જ આયુષ્યમાં સ્વતઃ જાણીને, સાક્ષાત અનુભવીને અને પ્રાપ્ત કરીને રહ્યો. જન્મ ક્ષીણ થયો, બ્રહ્મચર્યનું આચરણ કર્યું, કર્તવ્ય બજાવ્યું, અને હવે પુનર્જન્મ રહ્યો નથી એ તેણે જાણ્યું, અને આયુષ્યમાન ભારદ્વાજ અરહન્તોમાંનો એક થયો.

કસિભારદ્વાજસુત્ત સમાપ્ત

૫

ચુન્દસુત્ત (૫)

૮૩. વિપુલપ્રજ્ઞ, ધર્મસ્વામી, વીતતૃષ્ણ, દ્વિપદશ્રેષ્ઠ, સારથિઓમાં સર્વોત્તમ મુનિ બુદ્ધને હું પૂછું છું-એમ ચુન્દ લુહાર બોલ્યો-ઈહલોકમાં શ્રમણ કેટલા તે કહે. (૧)

૮૪. ચાર જ શ્રમણ, પાંચમો નહિ, હે ચુન્દ,-એમ ભગવાન બોલ્યા-તે પૂછયું માટે હું તને કહું છું. માર્ગજિન, માર્ગદર્શક, માર્ગજીવી અને માર્ગદૂષક આ તે ચાર છે. (૨)

૮૫. બુદ્ધ, માર્ગજિન કોને કહે છે ?-એમ ચુન્દ લુહાર બોલ્યો-અતુલ માર્ગદેશક કેમ થવાય છે ? માર્ગજીવી કોણ અને માર્ગદૂષક કોણ એ મને કહે. (૩)

૮૬. જે શંકાની પાર ગયેલો હોય, તૃષ્ણાશલ્યરહિત, નિર્વાણાભિરત, નિર્લોભી અને સદેવક જગતનો નેતા, તેને બુદ્ધ માર્ગજિન કહે છે. (૪)

૮૭. પરમ (જે નિર્વાણ તે) પરમત્વથી જાણીને જે ધર્મોપદેશ કરે છે, ધર્મનું વિવેચન કરે છે તે શંકા દૂર કરનાર તૃષ્ણારહિત મુનિને બીજો (એટલે) માર્ગદેશક ભિક્ષુ કહે છે. (૫)

८८. यो धम्मपदे सुदेसिते मग्गे जीवति संयतो सतीमा
अनवज्जपदानि सेवमानो ततियं भिक्खुनमाहु मग्गजीविं ।। ६ ।।
८९. छदनं कत्वान सुब्बतानं पक्खन्दि कुलदूसको पगब्भो ।
मायावी असञ्ञतो पालापो पतिरुपेन चरं स मग्गदूसी ।। ७ ।।
९०. एते च पटिविज्झि यो गहट्ठो सुतवा अरियासावको सपञ्ञो ।
सब्बे नेतादिसा'ति ञत्वा इति दिस्वा न हापेति तस्स सद्धा ।
कथं हि दुट्ठेन असम्पदुट्ठं सुद्धं असुद्धेन समं करेय्याति ।। ८ ।।

चुन्दसुत्तं निट्ठितं ।

६

पराभव-सुत्तं (६)

एवं मे सुतं । एकसमयं भगवा सावत्थियं विहरति जेतवने अनाथपिण्डिकस्स आरामे । अथ खो अञ्ञतरा देवता अभिक्कन्ताय रत्तिया अभिक्कन्तवण्णा केवलकप्पं जेतवनं ओभासेत्वा येन भगवा तेनुपसङ्कमि । उपसङ्कमित्वा भगवन्तं अभिवादेत्वा एकमन्तं अट्ठासि । एकमन्तं ठिता खो सा देवता भगवन्तं गाथाय अज्झभासि –

९१. पराभवन्तं पुरिसं मयं पुच्छाम गोतमं ।
भगवन्तं पुट्ठुमागम्म किं पराभवतो मुखं ।। १ ।।
९२. सुविजानो भवं होति सुविजानो पराभवो
धम्मकामो भवं होति धम्मदेस्सी पराभवो ।। २ ।।
९३. इति हेतं विजानाम पठमो सो पराभवो ।
दुतियं भगवा ब्रूहि किं पराभवतो मुखं ।। ३ ।।
९४. असन्तस्स पिया होन्ति सन्ते न कुरुते पियं ।
असतं धम्मं रोचेति तं पराभवतो मुखं ।। ४ ।।

૮૮. ઉત્તમ રીતે ઉપદિષ્ટ ધર્મમાર્ગમાં જે સંયમી, સ્મૃતિમાન, અનવદ્ય પદાર્થોનું સેવન કરનારો થઈને વર્તે છે તેને ત્રીજો-માર્ગજીવી ભિક્ષુ કહે છે. (૬)

૮૯. સાધુઓનો વેશ લઈને (સંઘમાં) ઘૂસનારો, કુટુંબોની અપકીર્તિનો ફેલાવો કરનારો, ધૃષ્ટ, માયાવી, અસંયત, પોલો (ઢોંગી) હોવા છતાં સાધુની જેમ વર્તનારો તે માર્ગદૂષક છે. (૭)

૯૦. જે વિદ્વાન સપ્રજ્ઞ ગૃહસ્થ આર્યશ્રાવક આ (શ્રમણ) જાણે છે તે બધા જ સરખા નથી એમ જાણીને અને એ જોઈને પોતાની શ્રદ્ધા ઓછી કરતો નથી. કારણ દુષ્ટ અને અદુષ્ટ, શુદ્ધ અને અશુદ્ધ એ બધા સરખા છે એમ તે કેમ સમજે ? (૮)

ચુન્દસુત્ત સમાપ્ત

૬

પરાભવસુત્ત (૬)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન શ્રાવસ્તીના જેતવનમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. ત્યાં રાત પૂરી થવા આવી ત્યારે એક અત્યંત સુંદર દેવ સર્વ જેતવનને પ્રકાશિત કરીને ભગવાન જયાં હતા ત્યાં આવ્યો. ત્યાં આવીને ભગવાનને નમસ્કાર કરીને એક બાજુએ ઊભો રહ્યો. એક બાજુએ ઊભા રહીને નીચેની ગાથાથી તેણે ભગવાનને પૂછયું, :

૯૧. અમે ભગવાન પાસે પૂછવા આવીને પરાભવ પામનારો પુરુષ કોણ એ પૂછીએ છીએ. પરાભવનું કારણ શું? (૧)

૯૨. (ભગવાન-) વૃદ્ધિગત થનારો પુરુષ તરત જાણી શકાય છે; પરાભવ પામનારો પણ સહેજે જાણી શકાય છે. વૃદ્ધિગત થનારો ધર્મપરાયણ હોય છે; પરાભવ પામનારો ધર્મનો દ્વેષ કરે છે.

૯૩. (દેવતા) આ પહેલો પરાભવ સમજાયો. હે ભગવન્, બીજું પરાભવનું કારણ કયું તે કહો. (૩)

૯૪. તેને ખલ (લોકો) ગમે છે, સજ્જનો માટે પ્રેમ નથી હોતો, અને ખલનો ધર્મ તેને ગમે છે. આ પરાભવનું કારણ છે. (૪)

९५. इति हेतं विजानाम दुतियो सो पराभवो ।
तितियं भगवा ब्रूहि किं पराभवतो मुखं ।। ५ ।।
९६. निद्दासीली सभासीली अनुट्ठाता च यो नरो ।
अलसो कोधपञ्ञाणो तं पराभवतो मुखं ।। ६ ।।
९७. इति हेतं विजानाम ततियो सो पराभवो ।
चतुत्थं भगवा ब्रूहि, किं पराभवतो मुखं ।। ७ ।।
९८. यो मातरं वा पितरं वा जिण्णकं गतयोब्बनं ।
पहु सन्तो न भरति तं पराभवतो मुखं ।। ८ ।।
९९. इति हेतं विजानाम चतुत्थो सो पराभवो ।
पञ्चमं भगवा ब्रूहि किं पराभवतो मुखं ।। ९ ।।
१००. यो ब्राह्मणं वा समणं वा अञ्ञं वा'पि वनिब्बकं ।
मुसावादेन वञ्चेति तं पराभवतो मुखं ।। १० ।।
१०१. इति हेतं विजानाम पञ्चमो सो पराभवो ।
छट्ठमं भगवा ब्रूहि कि पराभवतो मुखं ।। ११ ।।
१०२. पहूतवित्तो पुरिसो सहिरञ्ञो सभोजनो ।
एको भुञ्जति सादूनि तं पराभवतो मुखं ।। १२ ।।
१०३. इति हेतं विजानाम छट्ठमो सो पराभवो ।
सत्तमं भगवा ब्रूहि किं पराभवतो मुखं ।। १३ ।।
१०४. जातित्थद्धो धनत्थद्धो गोत्तत्थद्धो च यो नरो ।
सञ्ञात्तिं अतिमञ्ञेति तं पराभवतो मुखं ।। १४ ।।
१०५. इति हेतं विजानाम सत्तमो सो पराभवो ।
अट्ठमं भगवा ब्रूहि किं पराभवतो मुखं ।। १५ ।।
१०६. इत्थिधुत्तो सुराधुत्तो अक्खधुतो च यो नरो ।
लद्धं लद्धं विनासेति तं पराभवतो मुखं ।। १६ ।।
१०७. इति हेतं विजानाम अट्ठमो सो पराभवो ।
नवमं भगवा ब्रूहि किं पराभवतो मुखं ।। १७ ।।

૯૫. આ બીજો પરાભવ અમને સમજાયો. ભગવન્, પરાભવનું ત્રીજું કારણ શું તે કહો. (૫)

૯૬. નિદ્રાવશ, સભાપ્રિય, પ્રયત્ન ન કરનારો, આળસુ અને ક્રોધાવિષ્ટ જે માણસ તે (તેના) પરાભવનું કારણ છે. (૬)

૯૭. આ ત્રીજો પરાભવ અમને સમજાયો. ભગવન્, પરાભવનું ચોથું કારણ કયું તે કહો. (૭)

૯૮. જે સમર્થ હોવા છતાં વયાતીત વૃદ્ધ મા-બાપની સંભાળ નથી લેતો તે (તેના) પરાભવનું કારણ છે. (૮)

૯૯. આ ચોથો પરાભવ અમને સમજાયો. ભગવન્, પરાભવનું પાંચમું કારણ કહો. (૯)

૧૦૦. જે બ્રાહ્મણોને, શ્રમણને અથવા બીજા કોઈ ગરીબ માણસને ખોટું બોલીને ઠગે છે તે (તેના) પરાભવનું પાંચમું કારણ છે. (૧૦)

૧૦૧. આ પાંચમો પરાભવ અમને સમજાયો. ભગવન્, પરાભવનું છઠ્ઠું કારણ કયું તે કહો. (૧૧)

૧૦૨. પુષ્કળ સંપત્તિ, ધન અને અન્ન વાળો માણસ સ્વાદુ પદાર્થ એકલો જ ખાય છે તે (તેના) પરાભવનું કારણ છે. (૧૨)

૧૦૩. આ છઠ્ઠો પરાભવ અમને સમજાયો. ભગવન્, સાતમું પરાભવનું કારણ કયું તે કહો. (૧૩)

૧૦૪. કુળના, ધનના અને ગોત્રના ગર્વથી ફુલાઈ જઈને જે પુરુષ પોતાનાં આપ્તજનોની અવહેલના કરે છે તે (તેના) પરાભવનું કારણ છે. (૧૪)

૧૦૫. આ સાતમો પરાભવ અમને સમજાયો. ભગવન્, પરાભવનું આઠમું કારણ કયું તે કહો. (૧૫)

૧૦૬. સ્ત્રીવ્યસની, દારૂડિયો અને જુગારી બનીને જે માણસ જેટલું જેટલું મળે તે બધું ખોઈ નાખે છે તે (તેના) પરાભવનું કારણ છે. (૧૬)

૧૦૭. આ આઠમો પરાભવ અમને સમજાયો. ભગવન્, પરાભવનું નવમું કારણ કયું તે કહો. (૧૭)

१०८. सेहि दारेहि असन्तुट्ठो वेसियासु पदिस्सति ।
दिस्सति परदारेसु तं पराभवतो मुखं ।। १८ ।।

१०९. इति हेतं विजानाम नवमो सो पराभवो ।
दसमं भगवा ब्रूहि किं पराभवतो मुखं ।। १९ ।।

११० अतीतयोब्बनो पोसो आनेति तिम्बरुत्थनिं ।
तस्सा इस्सा न सुपति तं पराभवतो मुखं ।। २० ।।

१११. इति हेतं विजानाम दसमो सो पराभवो ।
एकादसमं भगवा ब्रूहि किं पराभवतो मुखं ।। २१ ।।

११२. इत्थिसोण्डिं विकिरणिं पुरिसं वा'पि तादिसं ।
इस्सरियस्मिं ठापेति तं पराभवतो मुखं ।। २२ ।।

११३. इति हेतं विजानाम एकादसमो सो पराभवो ।
द्वादसमं भगवा ब्रूहि किं पराभवतो मुखं ।। २३ ।।

११४. अप्पभोगो महातण्हो खत्तिये जायते कुले ।
सो'ध रज्जं पत्थयति तं पराभवतो मुखं ।। २४ ।।

११५. एते पराभवे लोके पण्डितो समवेक्खिय ।
अरियो दस्सनसम्पन्नो स लोकं भजते सिवं'ति ।। २५ ।।

पराभवसुत्तं निट्ठितं ।

७

वसल-सुत्तं (७)

एवं मे सुतं । एकं समयं भगवा सावत्थियं विहरति जेतवने अनाथपिण्डिकस्स आरामे । अथ खो भगवा पुब्बण्हसमयं निवासेत्वा पत्तचीवरमादाय सावत्थियं पिण्डाय पाविसि । तेन खो पन समयेन अग्गिकभारद्वाजस्स ब्राह्मणस्स निवेसने अग्गि पज्जलितो होति; आहुति पग्गहिता। अथ खो भगवा सावत्थियं सपदानं पिण्डाय चरमानो येन अग्गिकभारद्वाजस्स ब्राह्मणस्स निवेसनं तेनुपसङ्कमि । अद्दसा खो

૧૦૮. સ્વસ્ત્રીથી સંતોષ ન માનતાં જે વેશ્યાગમન અને પરદારગમન કરે છે તે (તેના) પરાભવનું કારણ છે. (૧૮)

૧૦૯. આ નવમો પરાભવ અમને સમજાયો. ભગવન્, પરાભવનું દસમું કારણ કયું તે કહો. (૧૯)

૧૧૦. વયાતીત પુરુષ તરુણ સ્ત્રીની સાથે લગ્ન કરે છે અને તેની ઈર્ષાથી સૂતો નથી તે (તેના) પરાભવનું કારણ છે. (૨૦)

૧૧૧. આ દસમો પરાભવ અમને સમજાયો. ભગવન્, પરાભવનું અગિયારમું કારણ કયું તે કહો. (૨૧)

૧૧૨. વ્યસની અને ઉડાઉ સ્ત્રીને અથવા એવા જ પુરુષને જે અધિકાર ઉપર નીમે છે તે (તેના) પરાભવનું કારણ છે. (૨૨)

૧૧૩. આ અગિયારમો પરાભવ અમને સમજાયો. ભગવન્, પરાભવનું બારમું કારણ કયું તે કહો. (૨૩)

૧૧૪. ક્ષત્રિય કુળમાં જન્મેલો ગરીબ પણ ઘણી હોંશવાળો માણસ રાજ્ય મેળવવાની ઈચ્છા રાખે તે (તેના) પરાભવનું કારણ છે. (૨૪)

૧૧૫. ડાહ્યો તત્વજ્ઞાનસંપન્ન આર્ય આ પરાભવ બરાબર સમજીને કલ્યાણપ્રદ લોકમાં જાય છે. (૨૫)

પરાભવસુત્ત સમાપ્ત

૭

વસલસુત્ત (૭)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન શ્રાવસ્તીના જેતવનમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. ત્યારે સવારના પહોરમાં ભગવાન ચીવર પરિધાન કરીને અને પાત્રચીવર લઈને શ્રાવસ્તીમાં ભિક્ષાટનાર્થે ગયા. તે સમયે આગ્નિક ભારદ્વાજ બ્રાહ્મણને ઘેર અગ્નિ પ્રજ્વલિત કર્યો હતો અને આહુતિ અપાતી હતી. તે સમયે શ્રાવસ્તીમાં ભિક્ષા માટે ક્રમશઃ ઘેરઘેર ફરતાં ભગવાન આગ્નિક ભારદ્વાજ બ્રાહ્મણના ઘર પાસે આવ્યા. આગ્નિક ભારદ્વાજ બ્રાહ્મણે ભગવાનને દૂરથી જ જોયા અને જોઈને ભગવાનને કહ્યું, "હે મુંડક, હે

अग्गिकभारद्वाजो ब्राह्मणो भगवन्तं दूरतो' व आगच्छन्तं । दिस्वान भगवन्तं एतदवोच– तत्रेव मुण्डक, तत्रेव समणक, तत्रेव वसलक, तिट्ठाही 'ति । एवं वुत्ते भगवा अग्गिक भारद्वाजं ब्राह्मणं एतदवोच– जानासि पन त्वं, ब्राह्मण, वसलं वा वसलकरणे वा धम्मे'ति ? न ख्वाहं, भो गोतम, जानामि वसलं वा वसलकरणे वा धम्मे । साधु मे भवं गोतमो तथा धम्मं देसेतु यथा' हं जानेय्यं वसलं वा वसलकरणे वा धम्मे'ति। तेन हि, ब्राह्मण, सुणाहि, साधुकं मनसि करोहि, भासिस्सामी'ति । एवं भो'ति खो अग्गिकभारद्वाजो ब्राह्मणो भगवतो पञ्चस्सोसि। भगवा एतदवोच –

११६. कोधनो उपनाही च पापमक्खी च यो नरो ।
विपन्नदिट्ठि मायावी तं जञ्ञा वसलो इति ।। १।।
११७. एकजं वा द्विजं वा'पि, यो'ध पाणं विहिंसति ।
यस्स पाणे दया नत्थि तं जञ्ञा वसलो इति ।। २।।
११८. यो हन्ति परिरुन्धति गामानि निगमानि च ।
निग्गाहको समञ्ञातो तं जञ्ञा वसलो इति ।। ३।।
११९. गामे'वा यदि वा' रञ्ञे य परेसं ममायतिं ।
थेय्या अदिन्नं आदियति तं जञ्ञा वसलो इति ।। ४।।
१२०. यो हवे इणमादाय चुज्जमानो पलायति ।
न हि ते इणमत्थीति तं जञ्ञा वसलो इति ।। ५।।
१२१. यो वे किञ्चिक्खकम्यता पंथस्मिं वजतं जनं ।
हन्त्वा किञ्चिक्खमादेति तं जञ्ञा वसलो इति ।। १६।।
१२२. यो अत्तहेतु परहेतु धनहेतु च यो नरो ।
सक्खिपुट्ठो मुसा ब्रूति तं जञ्ञा वसलो इति ।। ७।।
१२३. यो ञातीनं सखानं वा दारेसु पटिदिस्सति ।
सहसा सम्पियेन वा तं जञ्ञा वसलो इति ।। ८।।
१२४. यो मातरं या पितरं वा जिण्णकं गतयोब्बनं ।
पहु सन्तो न भरति तं जञ्ञा वसलो इति ।। ९।।
१२५. यो मातरं वा पितरं वा भातरं भगिनि ससुं ।
हन्ति रोसेति वाचाय तं जञ्ञा वसलो इति ।। १०।।

શ્રમણક, હે વૃષલક, ત્યાં જ ઊભો રહે." આમ બોલ્યા પછી ભગવાને આગ્નિક ભારદ્વાજ બ્રાહ્મણને કહ્યું, "હે બ્રાહ્મણ, વૃષલ કોણ અને વૃષલના ગુણ કયા એ તું જાણે છે?" "હે ગોતમ, વૃષલ કોણ અને વૃષલના ગુણ શા એ હું જાણતો નથી. ભવાન ગોતમ મને એવો ઉપદેશ આપે કે જેથી વૃષલ કોણ ને વૃષલના ગુણ કયા તે હું જાણી શકું." "એમ હોય તો, હે બ્રાહ્મણ, સાંભળ અને લક્ષમાં રાખ. આ હું તને કહું છું." આગ્નિક ભારદ્વાજે ભગવાનને જવાબ આપ્યો, "વારુ ભગવાન બોલ્યા :

૧૧૬. ક્રોધી, વેર વાળવાની વૃત્તિ ધરાવનારા, પાપી, ગુણીજનને દોષ દેનાર, મિથ્યાદૃષ્ટિ અને માયાવી માણસને વૃષલ જાણવો. (૧)

૧૧૭. જે જરાયુજ અથવા અંડજ પ્રાણીઓનો વધ કરે છે, જેને પ્રાણીઓ ઉપર દયા નથી તેને વૃષલ જાણવો. (૨)

૧૧૮. જે ગામો અને શહેરો લૂંટે છે, ઉજ્જડ કરે છે, જેને લૂંટારુ તરીકે ઓળખવામાં આવે છે તેને વૃષલ જાણવો. (૩)

૧૧૯. ગામમાં કે જંગલમાં જે બીજાની માલિકની વસ્તુઓ ચોરે છે તેને વૃષલ ગણવો. (૪)

૧૨૦. જે કરજ કાઢીને, તે પાછું માગવામાં આવતાં 'તારું કરજ હું આપતો જ નથી' એમ કહીને છટકી જાય છે તેને વૃષલ ગણવો. (૫)

૧૨૧. જે કોઈ પણ પદાર્થની ઈચ્છાથી ધાડુપાડુનો ધંધો કરીને બીજાને લૂંટે છે તેને વૃષલ ગણવો. (૬)

૧૨૨. જે પોતા માટે, બીજાને માટે અથવા પૈસા માટે ખોટી જુબાની આપે છે તેને વૃષલ ગણવો. (૭)

૧૨૩. જે જબરજસ્તીથી અથવા પ્રેમથી પોતાના ઈષ્ટ મિત્રોની સ્ત્રીઓની સાથે વ્યાભિચાર કરે છે તેને વૃષલ ગણવો. (૮)

૧૨૪. જે સમર્થ હોવા છતાં પોતાનાં વયોવૃદ્ધ મા-બાપનું પાલનપોષણ કરતો નથી તેને વૃષલ ગણવો. (૯)

૧૨૫. મા, બાપ, ભાઈ, બહેન અથવા સાસુને જે મારે છે અથવા વાણીથી ચીડવે છે તેને વૃષલ ગણવો. (૧૦)

१२६. यो अत्थं पुच्छितो सन्तो अनत्थमनुसासति ।
पटिच्छन्नेन मन्तेति तं जञ्ञा वसलो इति ।। ११ ।।
१२७. यो कत्वा पापकं कम्मं मा मं जञ्ञा'ति इच्छति ।
यो पटिच्छन्नकम्मन्तो तं जञ्ञा वसलो इति ।। १२ ।।
१२८. यो वे परकुलं गन्त्वा भुत्वान सुचिभोजनं ।
आगतं न पटिपूजति तं जञ्ञा वसलो इति. ।। १३ ।।
१२९. यो ब्राह्मणं वा समणं वा अञ्ञं वा'पि वनिब्बकं
मुसावादेन वञ्चेति तं जञ्ञा वसलो इति ।। १४ ।।
१३०. यो ब्राह्मणं वा समणं वा भत्तकाले उपट्ठिते ।
रोसेति वाचा न च देति तं जञ्ञा वसलो इति ।। १५ ।।
१३१. असतं यो'ध पब्रूति मोहेन पलिगुण्ठितो ।
किञ्चिक्खं निजिगिंसानो तं जञ्ञा वसलो इति ।। १६ ।।
१३२. यो चत्तानं समुक्कंसे परं चमवजानति ।
निहीनो सेन मानेन तं जञ्ञा वसलो इति ।। १७ ।।
१३३. रोसको कदरियो च पापिच्छो मच्छरी सठो ।
अहिरिको अनोतप्पी तं जञ्ञा वसलो इति ।। १८ ।।
१३४. यो बुद्धं परिभासति अथवा तस्स सावकं ।
परिब्बाजं गहट्ठं वा तं जञ्ञा वसलो इति ।। १९ ।।
१३५. यो वे अनरहा सन्तो अरहं पटिजानति ।
चोरो सब्रह्मके लोके एस खो वसलाधमो ।
एते खो वसला वुत्ता मया वो ये पकासिता ।। २० ।।
१३६. न जच्चा वसलो होति न जच्चा होति ब्राह्मणो ।
कम्मुना वसलो होति कम्मुना होति ब्राह्मणो ।। २१ ।।
१३७. तदमिना'पि जानाथ यथा मे'दं निदस्सनं ।
चण्डालपुत्तो सोपाको मातङ्गो इति विस्सुतो ।। २२ ।।
१३८. सो यसं परमं पत्तो मातङ्गो यं सुदुल्लभं ।
आगञ्छुं तस्सुपट्ठानं खत्तिया ब्राह्मणा बहू ।। २३ ।।

૧૨૬. ફાયદાનો ઉપાય પૂછતાં જે હાનિકારક ઉપાય બતાવે છે અથવા સંદિગ્ધ બોલે છે તેને વૃષલ ગણવો. (૧૧)

૧૨૭. જે પાપકર્મ આચરીને લોકો તે ન જાણે એવી ઈચ્છા ધરાવે છે, જેનાં કૃત્યો ગુપ્ત રીતે ચાલ્યાં કરે છે તેને વૃષલ ગણવો. (૧૨)

૧૨૮. જે બીજાને ઘેર જઈને મહેમાનગીરી સ્વકારે છે, પણ તે જો પોતાને ત્યાં આવે તો તેનો આદરસત્કાર કરતો નથી તેને વૃષલ ગણવો. (૧૩)

૧૨૯. જે બ્રાહ્મણને, શ્રમણને કે બીજા કોઈ ગરીબ માણસને જૂઠું બોલીને ઠગે છે તેને વૃષલ ગણવો. (૧૪)

૧૩૦. બપોરે જમવાને વખતે બારણે આવેલા ભિક્ષુ ઉપર કે શ્રમણ ઉપર જે કોપ કરે છે અને કંઈ આપતો નથી તેને વૃષલ ગણવો. (૧૫)

૧૩૧. મોહથી ઘેરાયેલો જે થોડાઘણા લાભ માટે ગમે તેવી વાતો કહે છે તેને વૃષલ ગણવો. (૧૬)

૧૩૨. જે અહંમન્યતાથી પતિત થઈને આત્મસ્તુતિ અને પરનિંદા કરે છે તેને વૃષલ ગણવો. (૧૭)

૧૩૩. જે બીજા ઉપર ક્રોધ કરનારો, કૃપણ, અસદિચ્છ, મત્સરી, શઠ, નિર્લજ્જ, અને લોકાપવાદભયવિરહિત હોય તેને વૃષલ ગણવો. (૧૮)

૧૩૪. જે બુદ્ધને, તેના શ્રાવકને અથવા બીજા પરિવ્રાજકોને કે ગૃહસ્થોને ગાળો ભાંડે છે તેને વૃષલ ગણવો. (૧૯)

૧૩૫. જે અરહન્ત ન હોવા છતાં પોતાને અરહન્ત કહેવરાવે છે તે સર્વ જગતમાં ચોર છે, તે વૃષલાધમ છે. આ વૃષલો છે એ મેં બતાવ્યું છે. (૨૦)

૧૩૬. જન્મથી વૃષલ થતો નથી, અને જન્મથી બ્રાહ્મણ થતો નથી. કર્મથી વૃષલ થાય છે અને કર્મથી બ્રાહ્મણ થાય છે. (૨૧)

૧૩૭. આનું હું એક ઉદાહરણ આપું, તેનાથી પણ આ વાત સમજાય એમ છે. કૂતરાનું માંસ ખાનાર ચાંડાલપુત્ર માતંગ પ્રસિદ્ધ થઈ ગયો. (૨૨)

૧૩૮. તે માતંગને અત્યંત શ્રેષ્ઠ અને દુર્લભ યશ મળ્યો. તેની સેવામાં ઘણા ક્ષત્રિયો અને બ્રાહ્મણો હાજર રહેતા. (૨૩)

१३९. सो देवयानमारुय्ह विरजं सो महापथं ।
कामरागं विराजेत्वा ब्राह्मलोकूपगो अहु ।
न नं जाति निवारेसि ब्रह्मलोकूपपत्तिया ।। २४ ।।

१४०. अज्झायकक्कुले जाता ब्राह्मणा मन्तबन्धुनो ।
ते च पापेसु कम्मेसु अभिण्हमुपदिस्सरे ।। २५ ।।

१४१. दिट्ठेव धम्मे गारय्हा सम्पराये च दुग्गतिं ।
न ते जाति निवारेति दुग्गचा गरहाय वा ।। २६ ।।

१४२. न जच्चा वसलो होति न जच्चा होति ब्राह्मणो ।
कम्मुना वसलो होति कम्मुना होति ब्राह्मणो'ति।। २७ ।।

एवं वुत्ते अग्गिकभारद्वाजो ब्राह्मणो भगवन्तं एतदवोच–

अभिक्कन्तं भो गोतम, अभिक्कन्तं भो गोतम, सेय्यथापि भो गोतम, निक्कुज्जितं वा उक्कुज्जेय्य, पटिच्छन्नं वा विवरेय्य, मूल्हस्स वा मग्गं आचिक्खेय्य अन्धकारे वा तेलपज्जोतं धारेय्य चक्खुमन्तो रूपानि दक्खिन्तीति, एवमेव भोता गोतमेन अनेकपरियायेन धम्मो पकासितो । एसाहं भवन्तं गोतमं सरणं गच्छामि, धम्मं च भिक्खुसङ्घं च । उपासकं मं भवं गोतमो धारेतु अज्जतग्गे पाणुपेतं सरणं गतन्ति ।

वसलसुत्तं निट्ठितं

८

मेत्त–सुत्तं (८)

१४३. करणीयमत्थकुसलेन यं तं सन्तं पदं अभिसमेच्च ।
सक्को उजू च सूजू च सुवचो चस्स मुदु अनतिमानी ।। १ ।।

१४४. सन्तुस्सको च सुभरो च अप्पकिच्चो च सल्लहुकवुत्ति ।
सन्तिन्द्रियो च निपको च अप्पगब्भो कुलेसु अननुगिद्धो ।। २ ।।

૧૩૯. નિષ્પાપ અને શ્રેષ્ઠપથવર્તી દેવયાનમાં બેસીને અને વિષયવાસનાનો ક્ષય કરીને તે બ્રહ્મલોકમાં ગયો. બ્રહ્મલોકમાં જન્મ લેવામાં તેને તેની જાત આડે આવી નહી. (૨૪)

૧૪૦. સ્વાધ્યાયસંપન્ન કુળમાં ઉત્પન્ન થયેલા વૈદિક બ્રાહ્મણો ઘણીવાર પાપકર્મો આચરતા જોવામાં આવે છે. (૨૫)

૧૪૧. તે ઇહલોકમાં નિંદાપાત્ર થાય છે અને પરલોકમાં દુર્ગતિ પામે છે. તેમની જાત તેમનું દુર્ગતિમાંથી કે નિંદામાંથી રક્ષણ કરી શકતી નથી. (૨૬)

૧૪૨. (માટે) જન્મથી વૃષલ થતો નથી અને જન્મથી બ્રાહ્મણ થતો નથી. કર્મથી વૃષલ થાય છે અને કર્મથી બ્રાહ્મણ થાય છે. (૨૭)

આ પછી આગ્નિક ભારદ્વાજે ભગવાનને કહ્યું, "ધન્ય, ધન્ય, હે ગોતમ જેમ ઊંધું વાળેલું વાસણ સવળું કરવામાં આવે, અથવા ઢાંકેલી વસ્તુ ઉઘાડી કરવામાં આવે, માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવામાં આવે અથવા દેખાતા માણસને પદાર્થો દેખાય એ માટે અંધારામાં મશાલ સળગાવવામાં આવે તે રીતે ભવાન ગોતમે અનેક પર્યાયથી ધર્મ પ્રકાશિત કર્યો છે. તે આ હું ભવાન ગોતમને શરણે જાઉં છું, ધર્મને શરણે જાઉં છું, સંઘને શરણે જાઉં છું. આજથી આમરણ શરણે ગયેલો હું ઉપાસક છું એમ ભવાન ગોતમે જાણવું."

વસલસુત્ત સમાપ્ત

૮

મેત્તસુત્ત (૮)

૧૪૩. શાંતપદનું જ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનાર આત્મહિતદક્ષ માણસનું કર્તવ્ય આ છે કે (તેણે) સહનશીલ, સરળમાં સરળ, મધુભાષી, મૃદુ અને નિર્ગર્વી થવું. (૧)

૧૪૪. અને (તેણે) સંતુષ્ટ, પોષણ માટે સુલભ, ખટપટ ન કરનાર, સાદાઈથી રહેનાર, શાંતેન્દ્રિય, હોશિયાર, અધૃષ્ટ, અને કુટુંબ માટે વધારે લોભ ન ધરાવનાર થવું. (૨)

१४५. न च खुद्दं समाचरे किञ्चि येन विञ्ञू परे उपवदेय्युं।
सुखिनो वा खेमिनो होन्तु सब्बे सता भवन्तु सुखितत्ता ।। ३।।
१४६. ये केचि पाणभूतत्थि तसा वा थावरा अनवसेसा ।
दीधा वा ये महन्ता वा मज्झिमा रस्सकाणुकथूला ।। ४।।
१४७. दिट्ठा वा येव अदिट्ठा ये च दूरे वसन्ति अविदूरे ।
भूता वा सम्भवेसी वा सब्बे सत्ता भवन्तु सुखितत्ता ।। ५।।
१४८. न परो परं निकुब्बेथ नातिमञ्ञेथ कत्थचि नं कञ्चि ।
व्यारोसना पटिघसञ्ञा नाञ्ञमञ्ञस्स दुक्खमिच्छेय्य ।। ६।।
१४९. माता यथा नियं पुत्तं आयुसा एकपुत्तमनुरक्खे ।
एवम्पि सब्बभूतेसु मानसं भावये अपरिमाणं ।। ७।।
१५०. मेत्तं च सब्बलोकस्मिं मानसं भावये अपरिमाणं
उद्धं अधो च तिरियं च असम्बाधं अवेरं असपत्तं ।। ८।।
१५१. तिट्ठ चरं निसिन्नो वा सयानो वा यावतस्स विगतमिद्धो ।
एतं सतिं अधिट्ठेय्य ब्रह्ममेतं विहारं इधमाहु ।। ९।।
१५२. दिट्ठिं चं अनुपगम्म सीलवा दस्सनेन सम्पन्नो ।
कामेसु विनेय्य गेधं न हि जातु गब्भसेय्यं पुनरेतीति ।। १०।।

मेत्तसुत्तं निट्ठितं ।

९

हेमवत–सुत्तं (९)

१५३. अज्जपण्णरसो उपोसथो (इति सातागिरो यक्खो)
दिव्या रत्ति उपट्ठिता ।
अनोमनामं सत्थारं हन्द पस्साम गोतमं ।। १।।

૧૪૫. જેનાથી સુજ્ઞ લોકો આપણને દોષ દે એવું ક્ષુદ્ર આચરણ ન કરવું. બધાં પ્રાણીઓ સુખી, ક્ષેમી ને આનંદિત થાઓ, (એવી ભાવના કરવી) (૩)

૧૪૬. જે કોઈ ચર કે સ્થાવર, લાંબાં કે મોટાં, હ્રસ્વ, અણુક અને સ્થૂળ તે બધાં પ્રાણી. (૪)

૧૪૭. દેખાતાં અને ન દેખાતાં, અને જે દૂર તથા પાસે રહે છે, ઉત્પન્ન થયેલાં અથવા ઉત્પન્ન થનારાં તે બધાં પ્રાણીઓ આનંદિત થાઓ. (૫)

૧૪૮. (તેઓ) એકબીજાને ન છેતરો, કોઈ જગ્યાએ એકબીજાની અવજ્ઞા ન કરો, ખિજાઈને કે દ્વેષબુદ્ધિથી એકબીજાને દુઃખ દેવાની ઈચ્છા ન રાખો. (૬)

૧૪૯. માતા જેમ પોતાના એકના એક પુત્રને પોતાનું આયુષ્ય ખર્ચીને પણ પાળે છે તે જ રીતે બધાં પ્રાણીઓ પ્રત્યે અમર્યાદ પ્રેમ રાખવો. (૭)

૧૫૦. અને સર્વ પ્રાણીઓ પ્રત્યે ઉપર, નીચે અને ચારે બાજુ અસંબાધ, અવૈર અને અસપત્ન મૈત્રીની અમર્યાદ ભાવના વધારવી. (૮)

૧૫૧. ઊભા હોઈએ ત્યારે, ચાલતાં, બેસતાં, અથવા પથારીમાં સૂતાં, જ્યાં સુધી ઊંઘ ન આવી હોય ત્યાં સુધી આ મૈત્રીભાવનાની (સ્મૃતિ) કાયમ રાખવી. આને જ ઈહલોકમાં બ્રાહ્મજીવન કહે છે. (૯)

૧૫૨. અને સમ્યગ દૃષ્ટિનો યર્થાથ રીતે અંગીકાર કરીને શીલવાન અને જ્ઞાનસંપન્ન થઈને અને વિષયોની આસકિત છોડી દઈને જરૂર તે ફરીવાર ગર્ભવાંસમાં આવતો નથી. (૧૦)

મેત્તસુત્ત સમાપ્ત

૯

હેમવતસુત્ત (૯)

૧૫૩. આજે પૂનમનો ઉપોસથ,-એમ સાતાગિર યક્ષ બોલ્યો-રાત દિવ્ય છે, ચાલ આપણે નામાંકિત ગુરુ ગોતમને મળીએ. (૧)

१५४. कच्चि मनो सुपणिहितो (इति हेमवतो यक्खो)
सब्बभूतेसु तादिनो।
कच्चि इट्ठे अनिट्ठे च सङ्कप्पस्सु वसीकता ॥ २॥
१५५. मनो चस्स सुपणिहितो (इति सातागिरो यक्खो)
सब्बभूतेसु तादिनो।
अथो इट्ठे अनिट्ठे च सङ्कप्पस्स वसीकता ॥ ३॥
१५६. कच्चि अदिन्नं नादियति (इति हेमवतो यक्खो),
कच्चि पाणेसु सञ्ञतो।
कच्चि आरा पमादम्हा, कच्चि झानं न रिञ्चति ॥ ४॥
१५७. न अदिन्नं आदियति (इति सातागिरो यक्खो)
अथो पाणेसु सञ्ञतो।
अथो आरा पमादम्हा बुद्धो झानं न रिञ्चति ॥ ५॥
१५८. कच्चि मुसा न भणति (इति हेमवतो यक्खो)
कच्चि न खीणव्यप्पथो ।
कच्चि वेभूतियं नाह कच्चि सम्फं न भासति ॥ ६॥
१५९. मुसा च सो न भणति (इति सातागिरो यक्खो),
अथो न खीणव्यप्पथो ।
अथो वेभूतियं नाह मन्ता अत्थं सो भासति ॥ ७॥
१६०. कच्चि न रज्जति कामेसु (इति हेमवतो यक्खो),
कच्चि चित्तं अनाविलं।
कच्चि मोहं अतिक्कन्तो कच्चि धम्मेसु चक्खुमा ॥ ८॥
१६१. न सो रज्जति कामेसु (इति सातागिरो यक्खो)
अथो चित्तं अनाविलं।
सब्बं मोहं अतिक्कन्तो बुद्धो धम्मेसु चक्खुमा ॥ ९॥
१६२. कच्चि विज्जाय सम्पन्नो (इति हेमवतो यक्खो)
कच्चि संसुद्धचारणो।
कच्चि'स्स आसवा खीणा कच्चि नत्थि पुनब्भवो ॥ १०॥
१६३. विज्जाय चेव सम्पन्नो (इति सातागिरो यक्खो)
अथो संसुद्धचारणो।
सब्बस्स आसवा खीणा नत्थि तस्स पुनब्भवो ॥ ११॥
१६४. सम्पन्नं मुनिनो चित्तं कम्पना व्यप्पथेन च ।
विज्जाचरणसम्पन्नं हन्द पस्साम गोतमं ॥ १२॥
१६५. एणिजङ्घं किसं धीरं अप्पहारं अलोलुपं ।
मुनिं वनस्मिं झायन्तं एहि पस्साम गोतमं ॥ १३॥

૧૫૪. તેનું મન-એમ હેમવત યક્ષ બોલ્યો-સર્વ પ્રાણીઓ વિષે સુસ્થિર છે? ઈષ્ટ અને અનિષ્ટ વસ્તુઓના સંકલ્પ તેના તાબામાં છે? (૨)

૧૫૫. તેનું મન-સાતાગિર યક્ષ બોલ્યો-બધાં પ્રાણીઓ વિષે સુસ્થિર છે, અને ઈષ્ટ અને અનિષ્ટ વસ્તુઓના સંકલ્પ તેના તાબામાં છે. (૩)

૧૫૬. તે ચોરી કરતો નથી ને? એમ હેમવત યક્ષ બોલ્યો-પ્રાણઘાત કરતો નથી ને? પ્રમાદથી દૂર રહે છે ને? ધ્યાનસમાધિમાં દક્ષ છે ને? (૪)

૧૫૭. તે ચોરી કરતો નથી,-સાતાગિર યક્ષ બોલ્યો-પ્રાણઘાત કરતો નથી, પ્રમાદથી દૂર રહે છે અને તે બુદ્ધ ધ્યાન સમાધિમાં દક્ષ છે. (૫)

૧૫૮. તે ખોટું બોલતો નથી ને?-એમ હેમવત યક્ષ બોલ્યો-કઠોર વચન બોલતો નથી ને? ચાડી ખાતો નથી ને? બબડાટ કરતો નથી ને? (૬)

૧૫૯. તે ખોટું બોલતો નથી-સાતાગિર યક્ષ બોલ્યો-કઠોર વચન બોલતો નથી, ચાડી ખાતો નથી, અને તે પ્રજ્ઞાથી અર્થપૂર્ણ ભાષણ કરે છે. (૭)

૧૬૦. તે વિષયમાં આસકત થતો નથી ને?-એમ હેમવત યક્ષ બોલ્યો-તેનું ચિત્ત શાંત છે? તે મોહની પાર ગયો છે? પદાર્થોનું સ્વરૂપ જોવામાં તે દેખતો છે કે? (૮)

૧૬૧. તે વિષયોમાં આસકત નથી-એમ સાતાગિર યક્ષ બોલ્યો - અને તેનું ચિત્ત શાંત છે, તે સર્વ મોહની પાર ગયો છે. તે બુદ્ધ પદાર્થોનું સ્વરૂપ જોવામાં દેખતો છે. (૯)

૧૬૨. તે પ્રજ્ઞાસંપન્ન છે ખરો?-એમ હેમવત યક્ષ બોલ્યો-અને તેનું આચરણ શુદ્ધ છે ખરું? તેના આસ્ત્રવો ક્ષીણ થયા છે ખરા? તેને પુનર્જન્મ નથી ને? (૧૦)

૧૬૩. તે પ્રજ્ઞાસંપન્ન છે-સાતાગિર યક્ષ બોલ્યો-અને તેનું આચરણ શુદ્ધ છે, તેના બધા આસ્ત્રવો ક્ષીણ થયા છે, અને તેને પુનર્જન્મ નથી. (૧૧)

૧૬૩. (અ) (હેમવત-) તે મુનિનું માનસ શારીરિક અને વાચસિક સત્કર્મોથી સંપન્ન છે. વિદ્યાચરણસંપન્ન એવા તેની તું ધર્માનુસાર જ પ્રશંસા કરે છે. (૧૧ અ)

૧૬૩. (આ) (સાતાગિર-) તે મુનિનું માનસ શારીરિક અને વાચસિક સત્કર્મોથી સંપન્ન છે. વિદ્યાચારણસંપન્ન એવા તેનું તું ધર્માનુસાર જ અભિનંદન કરે છે. (૧૧ આ)

૧૬૪. તે મુનિનું માનસ શારીરિક અને વાચસિક સત્કર્મોથી સંપન્ન છે. ચાલ આપણે તે વિદ્યાચરણસંપન્ન ગોતમને મળીએ. (૧૨)

૧૬૫. (હેમવત-) મૃગના સાથળના જેવા એના સાથળ છે, જે કૃશ, ધૈર્યવાન, મિતાહારી, અલોલુપ, એકાન્તમાં ધ્યાન કરનારો મુનિ (છે). ચાલ તેને આપણે મળીએ. (૧૩)

१६६. सीहं वेकचरं नागं कामेसु अनपेक्खिनं ।
उपसङ्कम्म पुच्छाम मच्चुपासा पमोचनं ।। १४।।
१६७. अक्खातारं पवत्तारं सब्बधम्मानपारगुं ।
बुद्धं वेरभयातीतं मयं पुच्छाम गोतमं ।। १५।।
१६८. किस्मिं लोको समुप्पन्नो (इति हेमवतो यक्खो) किस्मिं कुब्बति सन्थवं
किस्स लोको उपादाय किस्मिं लोको विहञ्ञति ।। १६।।
१६९. छस्सु लोको समुप्पन्नो (हेमवताति भगवा) छस्सु कुब्बति सन्थवं।
छन्नमेव उपादाय छस्सु लोको विहञ्ञति ।। १७।।
१७०. कतमं तं उपादानं (इति हेमवतो) यत्थ लोको विहञ्ञति ।
निय्यानं पुच्छितो ब्रूहि कथं दुक्खा पमुच्चति ।। १८।।
१७१. पंच कामगुणा लोके (इति भगवा) मनो छट्ठा पवेदिता ।
एत्थ छन्दं विराजेत्वा एवं दुक्खा पमुच्चति ।। १९।।
१७२. एतं लोकस्स निय्यानं अक्खातं वो यथातथं ।
एतं वो अहमक्खामि एवं दुक्खा पमुच्चति ।। २०।।
१७३. को सूध तरतिं ओधं (इति हेमवतो) कोध तरति अण्णवं ।
अप्पतिट्ठे अनालम्बे को गम्भीरे न सीदति ।। २१।।
१७४. सब्बदा सीलसम्पन्नो (इति भगवा) पञ्ञवा सुसमाहितो ।
अज्झतचिन्ती सतिमा ओधं तरति दुत्तरं ।। २२।।
१७५. विरतो कामसञ्ञाय सब्बसंयोजनातिगो ।
नन्दीभवपरिक्खीणो सो गम्भीरे न सीदति ।। २३।।
१७६. गम्भीरपञ्ञं निपुणत्थदस्सिं (इति हेमवतो)अकिञ्चनं कामभवे असत्तं।
तं पस्सथ सब्बधि–विप्पमुत्तं दिब्बे पथे कममानं महेसिं ।। २४।।
१७७. अनोमनामं निपुणत्थदस्सिं पञ्ञादद‍ं कामालये असत्तं ।
ते पस्सथ सब्बविदुं सुमेधं अरिये पथे कममानं महेसिं ।। २५।।
१७८. सुदिट्ठं वत नो अज्ज सुप्पभातं सुहुट्ठितं ।
यं अद्दसाम सम्बुद्धं ओधतिण्णमनासवं ।। २६।।

૧૬૬. સિંહની જેમ એકાકી રહેનાર અને કામસુખમાં નિરપેક્ષ એવા તે નાગની પાસે 'જઈને મૃત્યુપાશથી મોક્ષ કયો એ પૂછીએ.' (૧૪)

૧૬૭. આખ્યાતા, પ્રવકતા, સર્વ ધર્મોની પાર પહોંચેલા, વૈર અને ભયને ઓળંગી ગયેલા એવા બુદ્ધને અમે પૂછીએ છીએ. (૧૫)

૧૬૮ શાનાથી લોક ઉત્પન્ન થાય છે. ?-એમ હેમવત યક્ષ બોલ્યો-શામાં તે મમત્વ રાખે છે ? તેને લોક કેમ કહે છે ? અને વિઘાત કેમ પામે છે ? (૧૬)

૧૬૯. (આ) છથી લોક ઉત્પન્ન થાય છે. હે હેમવત,- એમ ભગવાન બોલ્યા-આ છમાં તે મમત્વ ધરાવે છે. આ છને લીધે તેને લોક કહે છે. અને આ છથી જ તે વિઘાત પામે છે. (૧૭)

૧૭૦. એવું કયું ઉપાદાન છે કે જેનાથી લોક વિઘાત પામે છે ? તેનાથી મુકત કેમ થવાય છે ? એમ અમે પૂછીએ છીએ. દુઃખમાંથી (પ્રાણી) મુકત કેમ થાય છે તે તું કહે. (૧૮)

૧૭૧. (ભગવાન-) ઈહલોકમાં પંચેન્દ્રિયો અને મનના વિષયોમાંની આસકિતનો ત્યાગ કરવાથી દુઃખમાંથી (પ્રાણી) મુકત થાય છે. (૧૯)

૧૭૨. લોકમાંથી છૂટવાનો આ યથાર્થ માર્ગ બતાવ્યો છે, અને એ જ હું તમને કહું છું, આનાથી જ (પ્રાણી) દુઃખમાંથી મુકત થાય છે. (૨૦)

૧૭૩. (હેમવત-) ઈહલોકમાં પ્રવાહ કોણ તરે છે ? સાગર કોણ તરે છે ? જેમાં ઠામ નથી અને પકડવા માટે કંઈ નથી એવા આ ગંભીર સાગરમાં કોણ નથી ડૂબતો ? (૨૧)

૧૭૪. (ભગવાન-) હંમેશા શીલસંપન્ન, પ્રજ્ઞાવાન, સમાધિસંપન્ન, અધ્યાત્મચિંતન કરનારો અને જાગૃત માણસ દુસ્તર ઓઘ તરી જાય છે. (૨૨)

૧૭૫. વિષયોની કલ્પનામાંથી ઉપરત, સર્વ સંયોજનોની પાર ગયેલો અને જેના તૃષ્ણા તથા ભવબંધનો ક્ષીણ થયાં છે એવો મનુષ્ય આ ગંભીર સાગરમાં ડૂબતો નથી. (૨૩)

૧૭૬. (હેમવત-) ગંભીરપ્રજ્ઞ, સૂક્ષ્માર્થદર્શી, નિઃસ્પૃહ, કામભવમાં અનાસકત એવા સર્વથૈવ વિમુકત, દિવ્ય પથમાં ચાલનારા તે મહર્ષિને જુઓ ! (૨૪)

૧૭૭. નામાંકિત, સૂક્ષ્માર્થદર્શી, પ્રજ્ઞાદાયક, કામાલયમાં અનાસકત, સર્વજ્ઞ અને સુમેધ એવા આર્યપથમાં ચાલનારા તે મહર્ષિને જુઓ ! (૨૫)

૧૭૮. આજ અમને સારું દર્શન થયું, અમારું પ્રભાત સારું થયું, અમારું ઉત્થાન સારું થયું. કારણ કે અમે આજે ઓઘતીર્ણ, અનાસ્રવ અને સંબુદ્ધને જોયા. (૨૬)

१७९. इमे दससता यक्खा इद्धिमन्तो यसस्सिनो ।
सब्बे तं सरणं यन्ति त्वं मा सत्था अनुत्तरो ।। २७।।
१८०. ते मयं विचरिस्साम गामा गामं नगा नगं ।
नमस्समाना सम्बुद्धं धम्मस्स च सुधम्मतन्ति ।। २८।।

हेमवतसुत्तं निट्ठितं ।

१०

आळवक-सुत्त (१०)

एवं मे सुतं । एकं समयं भगवा आळवियं विहरति आळवकस्स यक्खस्स भवने । अथ खो आळवको यक्खो येन भगवा तेनुपसङ्कमि, उपसङ्कमित्वा भगवन्तं एतदवोच-निक्खम समणा'ति । साधावुसो'ति भगवा निक्खमि । पविस समणा'ति । साधावुसो, ति भगवा पाविसि । दुतियम्पि खो आळवको यक्खो भगवन्तं एतदवोच-निक्खम समणा, ति । साधावुसो' ति भगवा निक्खमि। पविस समणा'ति । साधावुसो'ति भगवा पाविसि । ततियम्पि खो आळवको यक्खो भगवन्तं एतदवोच- निक्खम समणा'ति । साधावुसो'ति भगवा निक्खमि । पविस समणा'ति। साधावुसो'ति भगवा पाविसि ।चतुत्थम्पि खो आळवको यक्खो भगवन्तं एतदवोच-निक्खम समणा ति । न ख्वाहं तं, आवुसो निक्खमिस्सामि, यं ते करणीयं तं करोही 'ति । पञ्हं तं, समण, पुच्छिस्सामि, सचे मे न व्याकरिस्ससि चित्तं वा ते खिपिस्सामि, हदयं वा ते फालेस्सामि, पादेसु वा गहेत्वा पारगङ्गाय खिपिस्सामी 'ति। न ख्वाहं तं, आवुसो, पस्सामि सदेवके लोके समारके सब्रह्मके सस्समणब्राह्मणिया पजाय सदेव मनुस्साय यो मे चित्तं वा खिपेय्य, हदयं वा फालेय्य, पादेसु वा गहेत्वा पारगङ्गाय खिपेय्य; अपि च त्वं, आवुसो, पुच्छ यदाकङ्खसी' ति । अथ खो आळवको यक्खो भगवन्तं गाथाय अज्झभासि-

१८१. किं सूध वित्तं पुरिसस्स सेट्ठं, किं सु सुचिण्णो सुखमावहाति ।
किं सु हवे सादुतरं रसानं, कथं जीविं जीवितमाहु सेट्ठं ।। १।।

૧૭૯. આ ઋદ્ધિમન્ત અને યશસ્વી એક હજાર યક્ષો બધા તને શરણે જાય છે. તું અમારો અનુત્તર શાસ્તા બન. (૨૭)

૧૮૦. તે અમે સંબુદ્ધને અને ધર્મની સુધર્મતાને નમસ્કાર કરતા ગામેગામ ને પહાડેપહાડ ફરતા રહીશું! (૨૮)

હેમવતસુત્ત સમાપ્ત

૧૦

આળવકસુત્ત (૧૦)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન આળવીમાં આળવક યક્ષના મંદિરમાં રહેતા હતા. તે વખતે આળવક યક્ષ ભગવાન પાસે આવીને બોલ્યો, "શ્રમણ, બહાર નીકળ." "ઠીક, આયુષ્યમન," એમ કહી ભગવાન બહાર નીકળ્યા. "શ્રમણ, અંદર આવ." "ઠીક, આયુષ્યમન," એમ કહીને ભગવાન અંદર ગયા. બીજીવાર પણ આળવક યક્ષે ભગવાનને કહ્યું, "શ્રમણ, બહાર નીકળ." "ઠીક, આયુષ્યમન," એમ કહીને ભગવાન બહાર નીકળ્યા. "શ્રમણ, અંદર આવ." "ઠીક, આુષ્યમન" એમ કહીને ભગવાન અંદર ગયા. ત્રીજી વાર પણ આળવક યક્ષે ભગવાનને કહ્યું, "શ્રમણ, બહાર નીકળ." "ઠીક, આયુષ્મન," એમ કહીને ભગવાન બહાર નીકળ્યા. "શ્રમણ, અંદર આવ." "ઠીક આયુષ્મન," એમ કહી ભગવાન અંદર ગયા. ચોથી વાર પણ આળવક યક્ષે ભગવાનને કહ્યું, "શ્રમણ, બહાર નીકળ." "આયુષ્મન, હું હવે બહાર નીકળવાનો નથી. તારે જે કંઇ કરવું હોય તે કર." "હે શ્રમણ, હું તને પ્રશ્ન પૂછું છું, તેનો જો તું બરાબર જવાબ નહિ આપે તો હું તને ગાંડો બનાવીશ, અથવા તારું હૃદય ફાડી નાખીશ, અથવા તને પગે ઝાલીને ગંગાની સામે પાર ફેંકી દઈશ." "આયુષ્મન, આ સદેવક સમારક સબ્રહ્મ લોકમાં, શ્રમણ-બ્રાહ્મણોમાં કે દેવ-મનુષ્યોમાં એવો કોઈ હું જોઈ શકતો કે જે મને ગાંડો બનાવે, અથવા મારું હૃદય ફાડી નાખે, અથવા મને પગે ઝાલીને ગંગાની સામે પાર ફેંકી દે. તો પણ હે આયુષ્મન, તારી ઈચ્છા મુજબ પ્રશ્ન પૂછ." એટલે આળવક યક્ષે ભગવાનને ગાથામાં કહ્યું :

૧૮૧. ઈહલોકમાં મનુષ્યનું મોટું ધન કયું ? શું સંપાદન કરવાથી સુખકારક થાય છે ? સ્વાદુ પદાર્થોમાં ઉત્તમ પદાર્થ કયો ? કઇ રીતે વર્તવાથી તેના જીવનને શ્રેષ્ઠ જીવન માને છે ? (૧)

१८२. सद्धीध वित्तं पुरिसस्स सेट्ठं, धम्मो सुचिण्णो सुखमावहाति ।
सच्चं हवे सादुतरं रसानं पञ्ञाजीविं जीवितमाहु सेट्ठं ॥ २॥
१८३. कथं सु तरति ओधं कथं सु तरति अण्णवं ।
कथं सु दुक्खं अच्चेति कथं सु परिसुज्झति ॥ ३॥
१८४. सुद्धाय तरति ओधं अप्पमादेन आण्णवं ।
विरियेन दुक्खं अच्चेति पञ्ञाय परिसुज्झति ॥ ४॥
१८५. कथं सु लभते पञ्ञं कथं सु विन्दते धनं ।
कथं सु कित्तिं पप्पोति कथं मित्तानि गन्थति ।
अस्मा लोका परं लोकं कथं पेञ्च न सोचति ॥ ५॥
१८६. सद्दहानो अरहतं धम्मं निब्बाणपत्तिया ।
सुस्सूसा लभते पञ्ञं अप्पमत्तो विचक्खणो ॥ ६॥
१८७. पतिरूपकारी धुरवा उट्ठाता विन्दते धनं ।
सच्चेन कित्तिं पप्पोति ददं मित्तानि गन्थति । ॥ ७॥
१८८. यस्सेते चतुरो धम्मा सद्धस्स धरमेसिनो ।
सच्चं धम्मा धिती चागो स वे पेच्च न सोचति ।
अस्मा लोका परं लोकं स वे पेच्च न सोचति ॥ ८॥
१८९. इङ्ध अञ्ञेपि पुच्छस्सु पुथु समणब्राह्मणे ।
यदि सच्चा दमा चागा खन्त्या भिय्यो'ध विज्जति ॥ ९॥
१९०. कथं नु दानि पुच्छेय्यं पुथु समणब्राह्मणे ।
सो'हं अज्ज पजानामि यो चत्थो सम्परायिको ॥ १०॥
१९१. अत्थाय वत मे बुद्धो वासायाळाविमागमा ।
सो'हं अज्ज पजानामि यत्थ दिन्नं महप्फलं ॥ ११॥
१९२. सो अहं विचरिस्सामि गामा गामं पुरापुरं ।
नमस्समानो सम्बुद्धं, धम्मस्स च सुधम्मतन्ति ॥ १२॥

एवं वुत्ते आळवको यक्खो भगवन्तं एतदवोच–अभिक्कन्तं भो गोतम, अभिक्कन्तं भो गोतम, सेय्यथापि भो गोतम, निक्कुज्जितं वा उक्कुज्जेय, पटिच्छन्नं वा विवरेय्य, मूळ्हस्स वा मग्गं आचिक्खेय्य, अन्धकारे वा

૧૮૨. (ભગવાન-) ઈહલોકમાં મનુષ્યનું મોટું ધન શ્રદ્ધા છે. સદ્ધર્મ સંપાદન કરવાથી સુખકારક થાય છે. સત્ય એ સ્વાદુત્તમ પદાર્થ છે. પ્રજ્ઞાપૂર્વક વર્તનારાનું જીવન શ્રેષ્ઠ મનાય છે. (૨)

૧૮૩. (પ્રાણી) ઓઘ કઈ રીતે તરે છે ? અર્ણવ કઈ રીતે તરે છે ? દુઃખની પાર કેમ જાય છે ? પરિશુદ્ધ કેમ થાય છે ? (૩)

૧૮૪. (પ્રાણી) શ્રદ્ધાથી ઓઘ તરે છે, સાવધાનતાથી અર્ણવ તરે છે, ઉત્સાહથી દુઃખની પાર જાય છે, પ્રજ્ઞાથી પરિશુદ્ધ થાય છે. (૪)

૧૮૫. (પ્રાણી) પ્રજ્ઞા કેમ મેળવે છે ? ધન કેમ મેળવે છે ? કીર્તિ કેમ સંપાદન કરે છે ? મિત્રો કેમ મેળવે છે ? ઈહલોમાંથી પરલોકમાં જઈને શાનાથી શોક નથી કરતો ? (૫)

૧૮૬. અરહંતોની નિર્વાણપ્રાપ્તિના ધર્મ ઉપર શ્રદ્ધા રાખીને સાવધાન અને હોશિયાર માણસ શુશ્રૂષાથી પ્રજ્ઞા મેળવે છે. (૬)

૧૮૭. યોગ્ય મહેનત કરનાર, ધુરાને વહન કરનાર, અને ઉત્થાનશીલ મનુષ્ય ધન મેળવે છે, સત્યથી કીર્તિ સંપાદન કરે છે, દાનથી મિત્ર મેળવે છે. (૭)

૧૮૮. જે શ્રદ્ધાળુ ગૃહસ્થમાં સત્ય, ધર્મ, ધૃતિ અને ત્યાગ એ ચાર ગુણો છે તે પરલોકમાં શોક કરતો નથી, તે ઈહલોકમાંથી પરલોકમાં જઈને શોક કરતો નથી. (૮)

૧૮૯. સત્ય, દમ, ત્યાગ અને ક્ષાંતિ એ સિવાય શ્રેષ્ઠ ઈહલોકમાં બીજું કંઈ છે કે કેમ, એ તારી મરજી હોય તો જુદા જુદા શ્રમણબ્રાહ્મણોને પૂછ. (૯)

૧૯૦. (આળવક-) હવે હું જુદા જુદા શ્રમણબ્રાહ્મણોને કેમ પૂછું ? કારણ કે આજે મને પારલૌકિક લાભ સમજાયો. (૧૦)

૧૯૧. ખરેખર મારા લાભ માટે જ બુદ્ધ આળવીમાં આવ્યા. હવે આજે કોને દાન દેવાથી લાભદાયક થાય એ મેં જાણ્યું. (૧૧)

૧૯૨. તે હું સંબુદ્ધને અને ધર્મની સુધર્મતાને નમસ્કાર કરતો ગામેગામ અને શહેરેશહેર ફરતો રહીશ. (૧૨)

ત્યારપછી આળવક યક્ષે ભગવાનને કહ્યું, "ધન્ય, ધન્ય, હે ગોતમ, જેમ ઊંધુ વાળેલું વાસણ સવળું કરવામાં આવે અથવા ઢાંકેલી વસ્તુ ઉઘાડી કરવામાં આવે, માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવામાં આવે અથવા દેખતા

तेलपज्जोतं धारेय्य चक्खुमन्तो रुपानि दक्खिन्तीति एवमेव भोता गोतमेन अनेकपरियायेन धम्मो पकासितो । एसाहं भवन्तं गोतमं सरणं गच्छामि, धम्मं च भिक्खुसङ्घं च । उपासकं मं भवं गोतमो धारेतु अज्जतग्गे पाणुपेतं सरणं गतं'न्ति ।

आळवकसुत्तं निट्ठितं ।

११

विजय–सुत्त (११)

१९३. चरं वा यदि वा तिट्ठं निसिन्नो उद वा सयं ।
सम्मिञ्जेति पसारेति एसा कायस्स इञ्जना ।। १ ।।

१९४. अट्ठिनहारुसंयुत्तो तचमंसावलेपनो ।
छविया कायो पटिच्छन्नो यथाभूतं न दिस्सति ।। २ ।।

१९५. अन्तपूरो उदरपूरो यकपेळस्स वत्थिनो ।
हदयस्स पप्फासस्स वक्कस्स पिहकस्स च ।। ३ ।।

१९६. सिंघाणिकाय खेळस्स सेदस्स च मेदस्स च ।
लोहितस्स लसिकाय पित्तस्स च वसाय च ।। ४ ।।

१९७. अथ'स्स नवहि सोतेहि असुचि सवति सब्बदा ।
अक्खिम्हा अक्खिगूथको कण्णम्हा कण्णगूथको ।। ५ ।।

१९८. सिंधाणिका च नासतो मुखेन वमतेकदा ।
पित्तं सेम्हं च वमति कायम्हा सेदजल्लिका ।। ६ ।।

१९९. अथस्स सुसिरं सीसं मत्थलुङ्गस्स पूरितं ।
सुभतो नं मञ्ञति वालो अविज्जाय पुरक्खतो ।। ७ ।।

२००. यदा च सो मतो सेति उद्धुमातो विनीलको ।
अपविद्धो सुसानस्मिं अनपेक्खा होन्ति ञातयो ।। ८ ।।

માણસને પદાર્થો દેખાય એ માટે અંધારામાં મશાલ સળગાવવામાં આવે, તે રીતે ભવાન ગોતમે અનેક પર્યાયથી ધર્મ પ્રકાશિત કર્યો છે. તે આ હું ભવાન ગોતમને શરણે જાઉં છું, ધર્મને શરણે જાઉં છું, સંઘને શરણે જાઉં છું.

આળવકસુત્ત સમાપ્ત

૧૧

વિજયસુત્ત (૧૧)

૧૯૩. ચાલતાં, ઊભા રહેતાં, બેઠો હોય ત્યારે અથવા બિછાનામાં પડયો હોય ત્યારે આ દેહ સંકોચે છે અથવા ફેલાવે છે. આ શરીરની ગતિ. (૧)

૧૯૪. હાડકાં અને સ્નાયુ ઉપર ઉભો કરેલો અને માંસ અને ત્વચાથી વીંટાયેલો આ દેહ છવિથી આચ્છાદાયેલો હોવાથી યથાર્થ રીતે દેખાતો નથી. (૨)

૧૯૫-૧૯૬. આંતરડાથી, કોઠામાંના પદાર્થોથી, યકૃતપિંડોથી, મૂત્રાશયથી, હૃદયથી, ફેફસાંથી, વૃક્કથી, પ્લીહાથી, શેડાંથી, થૂંકથી, પરસેવાથી, મેદથી, રકતથી, રસીથી, પિત્તથી અને વસાથી આ દેહ ભરેલો છે.

૧૯૭. તે અશુચિ પદાર્થો નીકળ્યા કરે છે. આંખમાંથી આંખનો મેલ, કાનમાંથી કાનનો મેલ. (૫)

૧૯૮. અને નાકમાંથી શેડાં નીકળે છે, અને મોઢામાંથી કોઈવાર ઓકે છે, પિત્ત અને કફ ઓકે છે. શરીરમાંથી પરસેવો નીકળે છે. (૬)

૧૯૯. અને આનું પોલું માથું મગજથી ભરેલું છે. અવિદ્યાથી આવૃત મૂર્ખ માણસ આ દેહને સુંદર માને છે. (૭)

૨૦૦. અને જયારે આ દેહ મૃત થઈને ફૂલી ગયેલો, નીલરંગી બનેલો સ્મશાનમાં નાખેલો પડી રહે છે ત્યારે સગાંવહાલાં તેની ઉપેક્ષા કરે છે. (૮)

२०१. खादन्ति नं सुवाना च सिगाला च वका किमी ।
ककका गिज्झा च खादन्ति ये च'ञ्ञे सन्ति पाणिनो ।। ९।।

२०२. सुत्वान बुद्धवचनं भिक्खु पञ्ञाणवा इध ।
सो खो नं परिजानाति तथाभूतं हि पस्सति ।। १०।।

२०३. यथा इदं तथा एतं यथा एतं तथा इदं ।
अज्झत्तं च बहिद्धा च काये छन्दं विराजये ।। ११।।

२०४. छन्दरागविरत्तो सो भिक्खु पञ्ञाणवा इध ।
अज्झगा अमतं सन्ति निब्बाणपदमच्चुतं ।। १२।।

२०५. द्विपादको'यं असुचि दुग्गन्धो परिहीरति ।
नानाकुणपपरिपूरो विस्सवन्तो ततो ततो ।। १३।।

२०६. एतादिसेन कायेन यो मञ्ञे उण्णमेतवे ।
परं वा अवजानेय्य किमञ्ञत्र अदस्सना'ति ।। १४।।

विजयसुत्तं निट्ठितं ।

१२

मुनि–सुत्तं (१२)

२०७. सन्थवातो भयं जातं, निकेता जायते रजो ।
अनिकेतमसन्थवं एतं वे मुनिदस्सनं ।। १।।

२०८. यो जातमुच्छिज्ज न रोपयेय्य जायन्तमस्स नानुप्पवेच्छे ।
तमाहु एकं मुनिनं चरन्तं अद्दक्खि सो सन्तपदं महेसि ।। २।।

२०९. सङ्खाय वत्थूनि पहाय बीजं सिनेहमस्स नानुप्पवेच्छे ।
स वे मुनी जातिखयन्तदस्सी तक्कं पहाय न उपेति सङ्खं ।। ३।।

२१०. अञ्ञाय सब्बानि निवेसनानि अनिकामयं अञ्ञतरम्पि तेसं ।
स वे मुनी वीतगेधो अगिद्धो नायूहति पारगतो हि होति ।। ४।।

૨૦૧. તેને કૂતરાં, શિયાળ, વરુ અને કીડા ખાય છે; કાગડા અને ગીધ ખાય છે; અથવા એવી જાતનાં બીજાં પ્રાણીઓ ખાય છે. (૯)

૨૦૨. બુદ્ધોપદેશ સાંભળીને જ્ઞાનવાન ભિક્ષુ આવા આ દેહને જાણે છે, કારણ કે તે યથાર્થ પણે જુએ છે. (૧૦)

૨૦૩. જેવું આ (મારું શરીર) તેવું તે (મૃત શરીર), જેવું તે તેવું આ (એમ જાણીને) આપણા અને પારકાના શરીરનો મોહ છોડવો. (૧૧)

૨૦૪. સ્નેહલોભથી વિરત થયેલો તે જ્ઞાનવાન ભિક્ષુ અમૃતશાંતિરૂપ અઢળ નિર્વાણપદ પામે છે. (૧૨)

૨૦૫. આ બે પગવાળો, અશુચિ, દુર્ગંધવાળો અને અનેક ગંધાતા પદાર્થોથી ભરેલો અને ઝરતો દેહ જેમ તેમ કરીને સાફસૂફ કરીને જિવાડવામાં આવે છે. (૧૩)

૨૦૬. આવા દેહથી જે ગર્વિષ્ઠ થવાનું યોગ્ય માને અથવા તો બીજાની અવહેલના કરે તેનું કારણ જ્ઞાનાંધત્વ સિવાય બીજું શું હોઈ શકે ? (૧૪)

વિજયસુત્ત સમાપ્ત

૧૨

મુનિસુત્ત (૧૨)

૨૦૭. સ્નેહમાંથી ભય ઉત્પન્ન થાય છે અને ઘરમાંથી મેલ ઉત્પન્ન થાય છે; માટે અનાગાર અને નિઃસ્નેહતા એ જ મુનિનું તત્ત્વજ્ઞાન છે. (૧)

૨૦૮. જે ઉદ્દભવેલા મનોદોષનો ઉચ્છેદ કરીને તેને ફરી વધવા દેતો નથી અને કોઈ રીતે ઉત્તેજન આપતો નથી, એવા એકાકી રહેનારાને મુનિ કહે છે; તે મહર્ષિએ શાંતિપદ જોયું. (૨)

૨૦૯. પદાર્થ જાણીને અને તેમનાં બીજોનો ત્યાગ કરીને જે તેને સ્નેહ (ભીનાશ) આપતો નથી તે ખરેખર જન્મક્ષયાન્તદર્શી મુનિ છે. તે તર્ક છોડી દઈને ફરી નામાભિધાન (જન્મ) પામતો નથી. (૩)

૨૧૦. જે બધા અભિનિવેશ જાણે છે, અને તે પૈકી એકેની ઈચ્છા રાખતો નથી તે વીતતૃષ્ણ નિર્લોભી મુનિ અસ્થિર થતો નથી; કારણ તે પાર જાય છે. (૪)

२११. सब्बाभिभुं सब्बविदुं सुमेधं सब्बेसु धम्मेसु अनूपलित्तं ।
सब्बञ्जहं तण्हक्खये विमुत्तं तं वा'पि धीरा मुनिं वेदयन्ति ।। ५।।
२१२. पञ्ञाबलं सीलवतूपपन्नं समाहितं झानरतं सतीमं ।
सङ्गा पमुत्तं अखिलं अनासवं तं वा'पि धीरा मुनिं वेदयन्ति ।। ६।।
२१३. एकं चरन्तं मुनिं अप्पमत्तं निन्दापसंसासु अवेधमानं ।
सीहं'व सद्देसु असन्तसन्तं वातं'व जालम्हि असज्जमानं ।
पदुमं'व तोयेन अलिप्पमानं नेतारमञ्ञेसमनञ्ञनेय्यं ।
तं वा'पि धीरा मुनिं वेदयन्ति ।। ७।।
२१४. यो ओगहने थम्भोरिवाभिजायति यस्मिं परे वाचा परियन्तं वदन्ति ।
तं वीतरागं सुसमाहितिन्द्रियं तं वा'पि धीरा मुनिं वेदयन्ति ।। ८।।
२१५. यो वे ठितत्तो तसरं'व उज्जुं जिगुच्छति कम्मेहि पापकेहि ।
वीमंसमानो विसमं समं च तं वा'पि धीरा मुनिं वेदयन्ति ।। ९।।
२१६. यो सञ्ञतत्तो न करोति पापं दहरो च मज्झो च मुनिं यतत्तो ।
अरोसनेय्यो सो न रोसेति कञ्चि तं वा'पि धीरा मुनिं वेदयन्ति ।। १०।।
२१७. यदग्गतो मज्झतो सेसतो वा पिण्डं लभेथ परदत्तूपजीवी ।
नालं थुतु नो'पि निपच्चवादी तं वा'पि धीरा मुनिं वेदयन्ति ।। ११।।
२१८. मुनिं चरन्तं विरतं मेथुनस्मा यो योब्बने नोपनिबज्झते क्वचि ।
मदप्पमादा विरतं विप्पमुत्तं तं वा'पि धीरा मुनिं वेदयन्ति ।। १२।।
२१९. अञ्ञाय लोकं परमत्थदस्सिं ओघं समुद्दं अतितरिय तादिं ।
तं छिन्नगन्थं असितं अनासवं तं वा'पि धीरा मुनिं वेदयन्ति ।। १३।।
२२०. असमा उभो दूरविहारवुत्तिनो गिही दारपोसी अममो च सुब्बतो।
परपाणरोधाय गिही असञ्ञतो निच्चं मुनी रक्खति पाणिनो यतो ।। १४।।
२२१. सिखी यथा नीलगीवो विहंगमो हंसस्स नोपेति जवं कुदाचनं ।
एवं गिही नानुकरोति भिक्खुनो मुनिनो विवित्तस्स वनम्हि झायतो'ति ।। १५।।

मुनिसुत्तं निट्ठितं ।

उरगवग्गो पठमो

तस्सुदानं

उरगो धनियो चेव विसाणं च तथा कसि
चुन्दो पराभवो चेव वसलो मेत्तभावना
सातगिरो आलवको विजयो च तथा मुनि
द्वादसेतानि सुत्तानि उरगवग्गो'ति वुच्चति।।

૨૧૧. જે બધું જીતનાર, બધું જાણનાર, સુબુદ્ધિ બધા પદાર્થોથી અલિપ્ત રહેનાર, બધાનો ત્યાગ કરનાર, અને તૃષ્ણાક્ષયથી મુકત હોય તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૫)

૨૧૨. પ્રજ્ઞા જેનું બળ છે, જે શીલવ્રતથી સંપન્ન, સમાહિત, ધ્યાનરત, સ્મૃતિમાન, સંગમુકત, અકઠિન અને અનાસ્રવ છે તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૬)

૨૧૩. એકાકી રહેનાર, અપ્રમત્ત, મુનિ, નિંદાથી અને સ્તુતિથી હલી ન જનાર, સિંહની જેમ શબ્દોથી ગભરાનાર, પવનની જેમ જાળમાં ન સપડાનાર, કમળ ની જેમ પાણીમાં અલિપ્ત રહેનાર, જે બીજાનો નેતા છે પણ જેને બીજો કોઈ નેતા નથી, એવો છે તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૭)

૨૧૪. જેના સંબંધમાં લોકો ફાવે તેમ બોલે છતાં જે ઘાટ ઉપરના સ્તંભ પ્રમાણે સ્થિર રહે છે, જે વીતરાગ અને સુસમાહિતેન્દ્રિય છે તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.[૯] (૮)

૨૧૫. જે સીધા કાંઠલા પ્રમાણે સ્થિતાત્મા પાપકર્મોનો તિરસ્કાર કરે છે, અને વિષમ તથા સમની પરખ કરે છે તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૯)

૨૧૬. નાનો હો કે મધ્યમ વયનો હો, જે સંયતાત્મા યતાત્મા મુનિ પાપ કરતો નથી, ખિજાતો નથી, બીજા કોઈને ક્રોધી કરતો નથી તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૧૦)

૨૧૭. જે બીજાએ આપેલા અન્ન ઉપર ઉપજીવિકા ચલાવનારો, પકાવેલા અન્નમાંથી શરૂઆતમાં, મધ્યમાં અથવા અંતે ભિક્ષા મળ્યા છતાં સ્તુતિ અથવા નિંદા કરતો નથી તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૧૧)

૨૧૮. જે મુનિ સ્ત્રીસંગથી વિરત થયો, યૌવનમાં કોઈ જગ્યાએ બદ્ધ થતો નથી, જે મદપ્રમાદથી વિરત અને મુકત છે તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૧૨)

૨૧૯. ઈહલોક જાણીને જાણે પરમાર્થ જોયો, ઓઘ અને સમુદ્ર તરીને જે તાદગ્ભાવ પામ્યો, જે છિન્નગ્રંથિ, અનાશ્રિત અને અનાસ્રવ હોય તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૧૩)

૨૨૦. સ્ત્રીને પોષનારો ગૃહસ્થ અને નિર્મમ સંન્યાસી આ બન્નેની રહેણી વૃતિ બહુ ભિન્ન છે; કારણ પ્રાણઘાત ન થવાની બાબતમાં ગૃહસ્થ સંયમ જાળવતો નથી, અને મુનિ હંમેશા પ્રાણીઓનું રક્ષણ કરે છે. (૧૪)

૨૨૧. જેમ આકાશમાં ઉડનારો નીલગ્રીવ મોર કોઈ દિવસ હંસને વેગે જવાનો નહી, તેમ ગૃહસ્થ એકાન્તમાં ધ્યાન ધરનારા ભિક્ષુ મુનિનું અનુકરણ કરી શકતો નથી. (૧૫)

મુનિસુત્ત સમાપ્ત

ઉરગવગ્ગ પહેલો

તેમાંનાં સૂત્રો

ઉરગ, ધનિય, અને ખગ્ગવિસાણ; કસિભારદ્વાજ, ચુન્દ, પરાભવ અને વસલ; મેત્તાભાવના, સાતાગિર, આળવક, વિજય અને મુનિ. આ બાર સુત્તો મળીને ઉર, વગ્ગ થાય છે.

चूळवग्गो

१३

रतन-सुत्तं (१)

२२२. यानीध भूतानि समागतानि, भुम्मानि वा यानि व अन्तळिक्खे ।
सब्बे'व भूता सुमना भवन्तु, अथो च सक्कच्च सुणन्तु भासितं ।। १।।
२२३. तस्मा हि भूता निसामेथ सब्बे, मेत्तं करोथ मानुसिता पजाय ।
दिवा च रत्तो च हरन्ति ये बलिं, तस्मा हि ने रक्खथ अप्पमत्ता ।। २।।
२२४. यं किञ्चि वित्तं इध वा हुरं वा, सग्गेसु वा यं रतनं पणीतं ।
न नो समं अत्थि तथागतेन, इदम्पि बुद्धे रतनं पणीतं ।
एतेन सच्चेन सुवत्थि होतु ।। ३।।
२२५. खयं विरागं अमतं पणीतं, यदज्झगा सक्यमुनी समाहितो ।
न तेन धम्मेन समत्थि किञ्चि, इदम्पि धम्मे रतनं पणीतं
एतेन सच्चेन सुवत्थि होतु ।। ४।।
२२६. यं बुद्धसेट्ठो परिवण्णयी सुचिं, समाधिमानन्तरिकञ्ञमाहु ।
समाधिना तेन समो न विज्जति, इदम्पि धम्मे रतनं पणीतं ।
एतेन सच्चेन सुवत्थि होतु ।। ५।।
२२७. ये पुग्गला अट्ठसतं पसत्था, चत्तारि एतानि युगानि होन्ति ।
ते दक्खिणेय्या सुगतस्स सावका, एतेसु दिन्नानि महप्फलानि ।
इदम्पि संघे रतनं पणीतं, एतेन सच्चेन सुवत्थि होतु ।। ६।।
२२८. ये सुप्पयुत्ता मनसा दळ्हेन निक्कामिनो गोतमसासनम्हि ।
ते पतिपत्ता अमतं विगय्ह, लद्धा मुधा निब्बुत्तिं भुञ्जमाना ।
इदम्पि संघे रतनं पणीतं, एतेन सच्चेन सुवत्थि होतु ।। ७।।
२२९. यथिन्दखीलो पठविं सितो'सिया, चतुब्भि वातेहि असम्पकम्पियो ।
तथूपमं सप्पुरिसं वदामि, यो अरियसच्चानि अवेच्च पस्सति ।। ८।।

ચૂળવગ્ગ બીજો

૧૩

રતનસુત્ત (૧)

૨૨૨. ભૂમિગત અથવા અંતરિક્ષમાંનાં જે ભૂતો અહીં ભેગાં થયાં હોય તે બધાં ભૂતો આનંદિત થાઓ અને આ સુભાષિત ધ્યાનપૂર્વક સાંભળો. (૧)

૨૨૩. માટે બધાં ભૂતો આ સાંભળો અને મનુષ્યજાત ઉપર પ્રેમ કરો. મનુષ્યો તમને નૈવદ્ય ધરે છે, માટે તેમનું તમે સાવધાનતાથી રક્ષણ કરો. (૨)

૨૨૪. ઈહલોકમાં અથવા પરલોકમાં જે વિત્ત હોય અથવા સ્વર્ગમાં જે ઉત્તમ રત્ન હોય તે અમારા તથાગતની તોલે હોઈ શકે નહિ: બુદ્ધ સંબંધેનું આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૩)

૨૨૫. સમાહિત શાકયમુનિએ તૃષ્ણાક્ષયમય, વિરાગમય, અમર એવો જે ઉત્તમ ધર્મ જાણ્યો તેના જેવો બીજો નથી. ધર્મ સંબંધેનું આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૪)

૨૨૬. જે શુદ્ધ સમાધિની બુદ્ધશ્રેષ્ઠે પ્રશંસા કરી, જેને તરત જ ફળ આપનારી કહે છે તે સમાધિ જેવી બીજી નથી. ધર્મ સંબંધેનું આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૫)

૨૨૭. સજ્જનોને પસંદ એવી જે આઠ વ્યકિત, જેની ચાર જોડીઓ થાય છે, તે સુગતના શ્રાવકો પૂજનીય છે. તેમને આપેલ દાન મહાફલદાયક થાય છે. સંઘ માટેનું આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૬)

૨૨૮. જે સર્વસ્વનો ત્યાગ કરીને દૃઢ મનથી ગોતમના પંથમાં પ્રવેશ કરે છે તેઓ પ્રાપ્તવ્ય પ્રાપ્ત કરીને અને અમૃતનું અવગાહન કરીને અનાયાસે મેળવેલી શાંતિનો ઉપભોગ લે છે. સંઘ માટેનું આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૭)

૨૨૯. નગરદ્વારની સામે ઊભો કરેલો સ્તંભ જેમ ચારે બાજુના પવનથી હલતો નથી, તેમ એ ચારે આર્ય સત્યો વિચારપૂર્વક જાણે છે તે સત્પુરુષ છે એમ હું કહું છું. સંઘ માટેનું આ ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૮)

इदम्पि संघे रतनं पणीतं एतेन सच्चेन सुवत्थि होतु

२३०. ये अरियसच्चानि विभावयन्ति, गम्भीरपञ्ञेन सुदेसितानि ।
किञ्चापि ते होन्ति भुसप्पमत्ता, न ते भवं अट्ठमं आदियन्ति ।
इदम्पि संघे रतनं पणीतं, एतेन सच्चेन सुवत्थि होतु ।। ९।।

२३१. सहावस्स दस्सनसम्पदाय, तयस्सु धम्मा जहिता भवन्ति ।
सक्कायदिट्ठि विचिकिच्छितं च, सीलब्बतं वा'पि यदत्थि किञ्चि ।
चतूहपायेहि च विप्पमुत्तो, छ चाभिठानानि अभब्बो कातुं ।
इदम्पि संघे रतनं पणीतं, एतेन सच्चेन सुवत्थि होतु ।। १०।।

२३२. किञ्चापि सो कम्मं करोति पापकं, कायेन वाचा उद चेतसा वा ।
अभब्बो सो तस्स पटिच्छादाय, अभब्बता दिट्ठपदस्स वुत्ता ।
इदम्पि संघे रतनं पणीतं, एतेन सच्चेन सुवत्थि होतु ।। ११।।

२३३. वनप्पगुम्बे यथा फुस्सितग्गे, गिम्हानमासे पठमस्मिं गिम्हे ।
तथूपमं धम्मवरं अदेसयि, निब्बाणगामिं परमं हिताय ।
इदम्पि बुद्धे रतनं पणीतं, एतेन सच्चेन सुवत्थि होतु ।। १२।।

२३४. वरो वरञ्ञू वरदो वराहरो, अनुत्तरो धम्मवरं अदेसयि ।
इदम्पि बुद्धे रतनं पणीतं, एतेन सच्चेन सुवत्थि होतु ।। १३।।

२३५. खीणं पुराणं नवं नत्थि सम्भवं, विरत्तचित्ता आयतिके भवस्मिं।
ते खीणबीजा अविरुल्हिछन्दा, निब्बन्ति धीरा यथायम्पदीपो ।
इदम्पि संघे रतनं पणीतं, एतेन सच्चेन सुवत्थि होतु ।। १४।।

२३६. यानीध भूतानि समागतानि, भुम्मानि वा यानि व अन्तळिक्खे ।
तथागतं देवमनुस्सपूजितं, बुद्धं नमस्साम सुवत्थि होतु ।। १५।।

२३७. यानीध भूतानि समागतानि, भुम्मानि वा यानि व अन्तळिक्खे ।
तथागतं देवमनुस्सपूजितं, धम्मं नमस्साम सुवत्थि होतु ।। १६।।

२३८. यानीध भूतानि समागतानि, भुम्मानि वा यानि व अन्तळिक्खे ।
तथागतं देवमनुस्सपूजितं, संघ नमस्साम सुवत्थि होतु ।। १७।।

रतनसुत्तं निट्ठितं

૨૩૦. જેઓ ગંભીરપ્રજ્ઞે (બુદ્ધે) ઉત્તમ રીતે ઉપદેશેલ ચાર આર્ય સત્યોની ભાવના કરે છે તે ગમે તેટલી અસાવધાનીથી વર્તે તો પણ આઠમો જન્મ લેતા નથી. સંઘ માટેનું આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ.[૧૦] (૯)

૨૩૧. સમ્યગ દૃષ્ટિ પ્રાપ્ત થતાંની સાથે જ તે (ઉપરના પૈકી એક) દેહાત્મદૃષ્ટિ, કુશંકા અને વ્રતઉપવાસાદિ ઉપરનો જે કંઈ વિશ્વાસ હોય તે, આ ત્રણ વસ્તુઓ છોડી દે છે, ચાર દુર્ગતિમાંથી[૧૧] મુકત થાય છે, અને છ વસ્તુ તેને હાથે થવી અશકય થાય છે. સંઘ માટેનું આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૧૦)

૨૩૨. જો તેનાથી કાયા, વાચા કે મનથી કંઈ પાપ થાય તો કદી પણ છુપાવી રાખતો નથી. આ કામ તેનાથી થવું શકય નથી. સંઘ માટેનું આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૧૧)

૨૩૩. ઉનાળાના પહેલા માસમાં જેમ કોઈ વનગુલ્મ (સાગ્ર) પ્રફુલ્લિત થાય, તે રીતે બુદ્ધે નિર્વાણગામી પરમશ્રેષ્ઠ ધર્મનો લોકહિતાર્થે ઉપદેશ કર્યો છે. બુદ્ધ માટે આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૧૨)

૨૩૪. શ્રેષ્ઠ, શ્રેષ્ઠદ અને શ્રેષ્ઠ લાવનાર અનુત્તર એવા શ્રેષ્ઠ ધર્મનો તેણે ઉપદેશ કર્યો. બુદ્ધ માટેનું આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૧૩)

૨૩૫. જેમની જૂની વાસના ક્ષીણ થઈ અને નવી ઉત્પન્ન ન થાય, જેઓ ભાવિ જન્મ માટે નિરપેક્ષ, તે ક્ષીણવાસનાબીજ અને ઉત્પત્તિચ્છંદવિરહિત ધીર પુરુષો આ પ્રદીપની માફક નિર્વાણ પામે છે. સંઘ માટે આ (વચન) ઉત્તમ રત્ન છે. આ સત્યથી સ્વસ્તિ થાઓ. (૧૪)

૨૩૬. જે ભૂમિગત અથવા અંતરિક્ષમાંનાં ભૂતો અહીં ભેગાં થયાં હોય તેમને કહું છું કે અમે દેવમનુષ્યપૂજિત તથાગત બુદ્ધને નમસ્કાર કરીશું, અને આનાથી સ્વસ્તિ થાઓ. (૧૫)

૨૩૭. જે ભૂમિગત અથવા અંતરિક્ષમાંનાં ભૂતો અહીં ભેગાં થયાં હોય તેમને કહું છું કે દેવમનુષ્યપૂજિત તથાગત ધર્મને નમસ્કાર કરીશું, અને અનાથી સ્વસ્તિ થાઓ. (૧૬)

૨૩૮. જે ભૂમિગત અથવા અંતરિક્ષમાંનાં ભૂતો અહીં એકઠાં થયાં હોય તેમને કહું છું કે દેવમનુષ્યપૂજિત તથાગત સંઘને નમસ્કાર કરીશ, અને આનાથી સ્વસ્તિ થાઓ. (૧૭)

રતનસુત્ત સમાપ્ત

१४

आमगन्ध–सुत्त (२)

२३९. सामाकचिंगूलचीनकानि च, पत्तप्फलं मूलप्फलं गविप्फलं ।
धम्मेन लद्धं सतमस्नमाना, न कामकामा अलिकं भणन्ति ।। १ ।।
२४०. यदस्नमानो सुकतं सुनिट्ठितं, परेहि दिन्नं पयतं पणीतं ।
सालीनमन्नं परिभुञ्जमानो, सो भुञ्जति कस्सप आमगन्धं ।। २ ।।
२४१. न आमगन्धो मम कप्पतीति , इच्चेव त्वं भाससि ब्रह्मबन्धु ।
सालीनमन्नं परिभुञ्जमानो, सकुन्तमंसेहि सुसंखतेहि ।
पुच्छामि तं कस्सप एतमत्थं, कथप्पकारो तव आमगन्धो ।। ३ ।।
२४२. पाणातिपातोवधछेदबन्धनं थेय्यंमुसावादो निकतिवञ्चनानि च ।
अज्झेनकुत्तं परदारसेवना, एसामगन्धो न हि मंसभोजनं ।। ४ ।।
२४३. ये इध कामेसु असञ्ञता जना, रसेसु गिद्धा असुचीकमिस्सिता ।
नत्थीकदिट्ठि विसमा दुरन्नया, एसामगन्धो न हि मंसभोजनं। । ५ ।।
२४४. ये लूखसा दारुणा पिट्ठिमंसिका मित्तद्दुनो निक्करुणातिमानिनो ।
अदानसीला न च देति कस्सचि, एसामगन्धो न हि मंसभोजनं।। ६ ।।
२४५. कोधो मदो थम्भो पच्चुट्ठापनाच, माया उसूया भस्ससमुस्सयो ।
मानातिमानो च असब्भिसन्थवो, एसामगन्धो न हि मंसभोजनं।। ७ ।।
२४६. ये पापसीला इणधातसूचका, वोहारकूटा इध पाटिरूपिका।
नराधमा येध करोन्ति किब्बिसं, एसामगन्धो न हि मंसभोजनं ।। ८ ।।
२४७. ये इध पाणेसु असञ्ञता जना, परेसमादाय विहेसमुय्युता ।
दुस्सीललुद्धा फरुसा अनादरा, एसामगन्धो न हि मंसभोजनं ।। ९ ।।
२४८. एतेसु गिद्धाविरुद्धातिपातिनो, निच्चुय्युता पेच्च तमं वजन्ति ये ।
पतन्ति सत्ता निरयं अवंसिरा, एसामगन्धो न हि मंसभोजनं ।। १० ।।

૧૪

આમગંધસુત્ત (૨)

૨૩૯. (તિષ્ય તપસ-) શ્યામાક, ચિંગૂળક[૧૨], ચીનક ઝાડનાં પાંદડાં, કંદમૂળ અને ફળો ધર્માનુસાર મળે તો તેના ઉપર નિર્વાહ ચલાવનારા ચેનના પદાર્થો માટે ખોટું બોલતા નથી. (૧)

૨૪૦. હે કાશ્યપ, પારકાએ આપેલું, ચૂંટી કાઢેલ અને સરસ રીતે પકાવેલ ચોખાનું સુરસ અને ઉત્તમ અન્ન સ્વીકારનારો તું આમગંધ (અમેધ્ય પદાર્થ) ખાય છે! (૨)

૨૪૧. હે બ્રહ્મબંધુ, પક્ષીના માંસથી મિશ્રિત ચોખાનું અન્ન ખાતાં તું મને આમંગધ યોગ્ય નથી એમ જ કહે છે. તો હે કાશ્યપ, હું તને પૂછું કે તારો આમગંધ કઈ જાતનો? (૩)

૨૪૨. (કાશ્યપ બુદ્ધ-) પ્રાણઘાત, વધ, છેદ, બંધન, ચોરી, ખોટું ભાષણ, છેતરવું, લૂંટી લેવું, જારણમારણાદિનો અભ્યાસ અને વ્યભિચાર-આમંગધ છે, માંસભોજન એ આમગંધ નથી. (૪)

૨૪૩. જેને સ્ત્રીઓની બાબતમાં સંયમ નથી, જે જીહ્વાલોલુપ, અશુચિકર્મમિશ્રિત, નાસ્તિક, વિષમ અને દુર્વિનીત છે (તેનું કર્મ)-આ આમંગધ છે, માંસભોજન એ આમગંધ નથી. (૫)

૨૪૪. જે રુક્ષ, દારુણ, ચાડીખોર, મિત્રદ્રોહી, નિર્દય, અભિમાની, કૃપણ કોઈને કશું ન દેનારા (તેનું કર્મ)-આ આમગંધ છે. માંસભોજન એ આમગંધ નથી. (૬)

૨૪૫. ક્રોધ, મદ, કઠોરતા, વિરોધ, માયા, ઈર્ષ્યા, વૃથા બબડાટ, માનાતિમાન, અને ખલ લોકોની સંગતિ-આ આમગંધ છે, માંસભોજન એ આમગંધ નથી. (૭)

૨૪૬. જે પાપી, ઋણ ન ચૂકવનાર, ચાડિયા, લાંચિયા, ખોટા અધિકારી, જે નરાધમ ઈહલોકમાં કલ્મષ ઉત્પન્ન કરે છે (તેનું કર્મ)-આ આમગંધ છે, માંસભોજન એ આમગંધ નથી. (૮)

૨૪૭. જેને પ્રાણીઓ પ્રત્યે દયા નથી, જે બીજાને લૂંટીને ઉપદ્રવ કરે છે, દુઃશીલ, ભેસૂર, ગાળો ભાંડનારો અને અનાદર કરનારો (તેનું કર્મ)-આ આમગંધ છે, માંસભોજન એ આમંગધ નથી. (૯)

૨૪૮. આવા કર્મમાં આસકત, વિરોધ કરનારા, ઘાત કરનારા, હંમેશા આવાં કર્મોમાં ગૂંથાયેલા જે પરલોકમાં અંધકારમાં પ્રવેશ કરે છે અને માથું નીચે અને પગ ઉપર એવી સ્થિતિમાં નરકમાં પડે છે (તેનું કર્મ)- આ આમગંધ છે; માસંભોજન એ આમગંધ નથી. (૧૦)

२४९. न मच्छमंसानमनासकत्तं, न नग्गियं (मुण्डियजटा) जल्लं खराजिनानि वा
नाग्गिहुत्तस्सुपसेवना वा, ये वा'पि लोके अमरा बहू तपा ।
मन्ताहुती यञ्ञमुतूपसेवना, सोधेन्ति मच्चं अवितिण्णकङ्खं ।। ११।।
२५०. सोतेसु गुत्तो विदितिन्द्रियो चरे, धम्मे ठितो अज्जवमद्दवे रतो ।
सङ्गातिगो सब्बदुक्खप्पहीनो, न लिप्पति दिट्ठसुतेसु धीरो ।। १२।।
२५१. इच्चेतमत्थं भगवा पुनप्पुनं, अक्खासि तं वेदयि मन्तपारगू।
चित्राहि गाथाहि मुनिप्पकासयि, निरामगन्धो असितो दुरन्नयो ।। १३।।
२५२. सुत्वान बुद्धस्स सुभासितं पदं, निरामगन्धं सब्बदुक्खप्पनूदनं।
नीचमनो वन्दि तथागतस्स, तत्थेव पब्बज्जमरोचयित्था'ति ।। १४।।

आमगन्धसुत्तं निट्ठितं।

१५

हिरि–सुत्तं (३)

२५३. हिरिं तरन्तं विजिगुच्छमानं सखाहमस्मि इति भासमानं ।
सय्हानि कम्मानि अनादियन्तं नेसो भमन्ति इति नं विजञ्ञा ।। १।।
२५४. अनन्वयं पियं वाचं यो मित्तेसु पकुब्बति ।
अकरोन्तं भासमानं परिजानन्ति पण्डिता ।। २।।
२५५. न सो मित्तो यो सदा अप्पमत्तो भेदासंकी रंधमेवानुपस्सी ।
यस्मिं च सेति उरसीव पुत्तो स वे मित्तो यो परेहि अभेज्जो ।। ३।।
२५६. पामुज्जकरणं ठानं पसंसावहनं सुखं।
फलानिसंसो भावेति वहन्तो पोरिसं धुरं ।। ४।।
पविवेकरसं पीत्वा रसं उपसमस्स च ।
निद्दरो होति निप्पापो धम्मपीतिरसं पिबन्ति ।। ५।।

हिरिसुत्तं निट्ठितं

૨૪૯. મત્સ્યમાંસનો આહાર છોડી દેવો, નગ્નતા, મુંડન, જટા, રાખ ચોળવી, જાડુંભરડું અજિનચર્મ, અગ્નિહોત્રની ઉપાસના અથવા ઈહલોકની બીજી વિવિધ પ્રકારની તપશ્ચર્યા, મંત્રાહુતિ, યજ્ઞ, અને શીતોષ્ણ સેવનથી તપ કરવું-આ બધી વસ્તુઓ કુશંકાની પાર ન ગયેલા મર્ત્યને પાવન કરી શકતી નથી. (૧૧)

૨૫૦. ઈન્દ્રિયોનો સંયમ જાળવીને અને ઈન્દ્રિયોને ઓળખીને વર્તનારો, ધર્મસ્થિત, આર્જવ અને માર્દવમાં સંતોષ માનનારો, સંગાતીત, અને જેનું બધું દુઃખ નષ્ટ થયું છે એવો જે ધીર પુરુષ તે દૃષ્ટ અને શ્રુત પદાર્થોમાં બદ્ધ થતો નથી. (૧૨)

૨૫૧. આ અર્થ ભગવાને પુનઃ પુનઃ પ્રકાશિત કર્યો, અને તે મંત્રપારગે (બ્રાહ્મણતાપસે)તે જાણ્યો. આ અર્થ તે નિરામગંધ, અનાસકત અને અદમ્ય મુનિએ રમ્ય ગાથામાં પ્રકાશિત કર્યો. (૧૩)

૨૫૨. નિરામગંધ અને બધાં દુઃખોનો નાશ કરનારું બુદ્ધનું સુભાષિત વચન સાંભળીને તે બ્રાહ્મણ નમ્રતાથી તથાગતને પગે પડયો અને તેણે ત્યાં જ પ્રવજ્યા લીધી. (૧૪)

આમગંધ સુત્ત સમાપ્ત

૧૫

હિરિસુત્ત (૩)

૨૫૩. નિર્લજ્જ, કંટાળનારો, હું તારો મિત્ર છું એમ કહે છે, મિત્રનાં કર્તવ્યો કરતો નથી એવો માણસ આપણો નથી એમ સમજવું.[૧૩] (૧)

૨૫૪. જે મીઠું બોલે છે પણ તે રીતે વર્તતો નથી, એવા બોલ્યા પ્રમાણે ન વર્તનારાને સુજ્ઞ લોકો જાણે છે. (૨)

૨૫૫. જે છિદ્રો શોધ્યા કરે છે. અને મૈત્રી તૂટશે એવી શંકાથી સાવધાનતાથી વર્તે છે તે મિત્ર નથી. પિતાના ખભા પર દીકરો જેમ વિશ્વસ્તપણે સૂએ છે તેમ જેની સાથે વિશ્વસ્તતાથી વર્તી શકાય એવો, અને બીજાઓ જેને ફોડી ન શકે એવો જે તે જ ખરો મિત્ર છે. (૩)

૨૫૬. તે પુરુષ ધુરાને વહન કરનારો, શુદ્ધ ફળના લાભ માટે આનંદદાયક, પ્રશંસાવહ અને સુખકારક વસ્તુની (પ્રેમની) અભિવૃદ્ધિ કરે છે. (૪)

૨૫૭. તે એકાન્તવાસરસનો અને શાંતિરસનો આસ્વાદ લઈને ધર્મપ્રીતીરસ પીનારો, નિર્ભય, અને નિષ્પાપ થાય છે. (૫)

હિરિસુત્ત સમાપ્ત

महामङ्गल–सुत्तं (४)

एवं मे सुतं । एकं समयं भगवा सावत्थियं विहरति जेतवने अनाथपिण्डिकस्स आरामे । अथ खो अञ्ञतरा देवता अभिक्कन्ताय रत्तिया अभिक्कन्तवण्णा केवलकप्पं जेतवनं ओभासेत्वा येन भगवा तेनुपसङ्कमि, उपसङ्कमित्वा भगवन्तं अभिवादेत्वा एकमन्तं अट्ठासि । एकमन्तं ठिता खो सो देवता भगवन्तं गाथाय अज्झभासि –

२५८. बहू देवा मनुस्सा च मङ्गलानि अचिन्तयुं ।
आकङ्खमाना सोत्थानं ब्रूहि मङ्गलमुत्तमं ॥ १ ॥

२५९. असेवना च बालानं पण्डितानं च सेवना ।
पूजा च पूजनीयानं एतं मङ्गलमुत्तमं ॥ २ ॥

२६०. पतिरूपदेसवासो च पुब्बे च कतपुञ्ञता ।
अत्तसम्मापणिधि च एतं मङ्गलमुत्तमं ॥ ३ ॥

२६१. बाहुसच्चं च स सिप्पं च विनयो च सुसिक्खितो ।
सुभासिता च या वाचा एतं मङ्गलमुत्तमं ॥ ४ ॥

२६२. मातपितु उपट्ठानं पुत्तदारस्स सङ्गहो ॥
अनाकुला च कम्मन्ता एतं मङ्गलमुत्तमं ॥ ५ ॥

२६३. दानं च धम्मचरिया च ञातकानं च सङ्गहो ।
अनवज्जानि कम्मानि एतं मङ्गलमुत्तमं ॥ ६ ॥

२६४. आरति विरति पापा मज्जपाना च संयमो ।
अप्पमादो च धम्मेसु एतं मङ्गलमुत्तमं ॥ ७ ॥

२६५. गारवो च निवातो च सन्तुट्ठि च कतञ्ञुता ।
कालेन धम्मसवणं एतं मङ्गलमुत्तमं ॥ ८ ॥

૧૬

મહામંગલસુત્ત (૪)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન શ્રાવાસ્તીના જેતવનમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. ત્યારે રાત પૂરી થવા આવી તે વખતે એક સુંદર દેવ આખું જેતવન પ્રકાશિત કરીને ભગવાન પાસે આવ્યો, અને ભગવાનને નમસ્કાર કરીને એક બાજુ ઊભો રહ્યો. એક બાજુએ ઊભા રહીને તે દેવે ભગવાનને નીચે પ્રમાણે ગાથા કહી.

૨૫૮. પોતાને સુખ મળે એ ઉદ્દેશથી અનેક દેવો અને મનુષ્યોએ મંગલોની કલ્પના અમલમાં મૂકી છે. તેમાં ઉત્તમ મંગલ કયું તે કહો. (૧)

૨૫૯. (ભગવાન-) મૂર્ખોના સહવાસથી દૂર રહેવું, સુજ્ઞોની સંગતિ કરવી અને પૂજ્યજનોની પૂજા કરવી : આ ઉત્તમ મંગલ છે. (૨)

૨૬૦. અનુકૂળ પ્રદેશમાં વસવું, પુણ્યનો સંચય અને સન્માર્ગમાં મનની દૃઢતા : આ ઉત્તમ મંગલ છે. (૩)

૨૬૧. વિદ્યાસંપાદન, કલાસંપાદન, સદ્વર્તનની ટેવ અને સમયોચિત ભાષણ : આ ઉત્તમ મંગલ છે. (૪)

૨૬૨. મા-બાપની સેવા, સ્ત્રીપુત્રોની સંભાળ અને વ્યવસ્થિતતાથી કરેલાં કર્મો : આ ઉત્તમ મંગલ છે. (૫)

૨૬૩. દાનધર્મ, ધાર્મિક આચરણ, સગાંઓને મદદ અને પ્રશસ્ત કર્મો : આ ઉત્તમ મંગલ છે. (૬)

૨૬૪. પાપમાંથી પૂર્ણ નિવૃત્તિ, મદ્યપાનનો સંયમ અને ધાર્મિક કૃત્યોમાં દક્ષતાઃ ઉત્તમ મંગલ છે. (૭)

૨૬૫. આદર, નમ્રતા, સંતુષ્ટિ, કૃતજ્ઞતા અને વખતોવખત સદ્ધર્મશ્રવણ : આ ઉત્તમ મંગલ છે. (૮)

२६६. खन्ती च सोवचस्सता समणानं च दस्सनं ।
कालेन धम्मसाकच्छा एतं मङ्गलमुत्तमं ।। ९ ।।

२६७. तपो च ब्रह्मचरियं च अरियसच्चान दस्सनं।
निब्बाणसच्छिकिरिया च एतं मङ्गलमुत्तमं ।। १० ।।

२६८. फुट्ठस्स लोकधम्मेहि चित्तं यस्स न कम्पति ।
असोकं विरजं खेमं एतं मङ्गलमुत्तमं ।। ११ ।।

२६९. एतादिसानि कत्वान सब्बत्थमपराजिता ।
सब्बत्थ सोत्थिं गच्छन्ति तं तेसं मङ्गलमुत्तमं'न्ति ।। १२ ।।

महामङ्गलसुत्तं निट्ठितं।

१७

सूचिलोम-सुत्तं (५)

एवं मे सुतं । एकं समयं भगवा गयायं विहरति टङ्कितमञ्चे सूचिलोमस्स यक्खस्स भवने। तेन खो पन समयेन खरो च यक्खो सुचिलोमो च यक्खो भगवतो अविदूरे अतिक्कमन्ति। अथ खो खरो यक्खो सूचिलोमं यक्खं एतदवोच – एसो समणो'ति । नेसो समणो, समणको एसो, याव जानामि यदि वा सो समणो, यदि वा समणको'ति। अथ खो सूचिलोमो यक्खो येन भगवा तेनुपसङ्कमि, उपसङ्कमित्वा भगवतो कायं उपनामेसि। अथ खो भगवा कायं अपनामेसि। अथ खो सूचिलोमो यक्खो भगवन्तं एतदवोच – भायसि मं समणा'ति ? न ख्वाहं तं आवुसो भायामि, अपि च ते सम्फस्सो पापको'ति। पञ्हं तं समण पुच्छिस्सामि, सचे मे न व्याकरिस्ससि, चित्तं वा ते खिपिस्सामि, हदयं वा ते फालेस्सामि, पादेसु वा गहेत्वा पारगङ्गाय खिपिस्सामी'ति । न ख्वाहं तं आवुसो पस्सामि सदेवके लोके समारके सब्रह्मके सस्समणब्राह्मणिया पजाय सदेवमनुस्साय यो मे चित्तं वा खिपेय्य, हदयं वा फालेय्य, पादेसु वा गहेत्वा पारगङ्गाय खिपेय्य, अपि च त्वं आवुसो पुच्छ यदाकङ्खसी'ति। अथ खो सूचिलोमो यक्खो भगवन्तं गाथाय अज्झभासि –

૨૬૬. ક્ષાંતિ, મધુર ભાષણ, શ્રમણોની મુલાકાત અને વખતોવખત ધર્મચર્ચા: આ ઉત્તમ મંગલ છે. (૯)

૨૬૭. તપ, બ્રહ્મચર્ય, આર્ય સત્યોનું જ્ઞાન અને નિર્વાણનો સાક્ષાત્કાર: આ ઉત્તમ મંગલ છે. (૧૦)

૨૬૮. લોકસ્વભાવની[૪૪] સાથે પ્રસંગ આવતાં જેનું ચિત્ત અસ્થિર થતું નથી, પણ શોકરહિત, નિર્મળ, અને સુખરૂપ રહે છે; આ (તેનું) ઉત્તમ મંગલ છે. (૧૧)

૨૬૯. આવાં મંગલોનું આચરણ કરીને કોઈ જગ્યાએ પરાભવ ન પામતાં જેઓ સ્વસ્તિસુખ મેળવે છે તે તેમનું ઉત્તમ મંગલ છે. (૧૨)

મહામંગલસુત્ત સમાપ્ત

૧૭

સૂચિલોમસુત્ત (૫)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન ગયામાં ટંકિત મંચક ઉપર સૂચિલોમ યક્ષના ભવનમાં રહેતા હતા. તે વખતે ખર યક્ષ અને સૂચિલોમ યક્ષ ભગવાનથી થોડા અંતર ઉપર ફરતા હતા. ત્યારે ખર યક્ષે સૂચિલોમ યક્ષને કહ્યું, "આ શ્રમણ છે. આ શ્રમણ નથી, આ શ્રમણક છે. આ શ્રમણ છે કે શ્રમણક છે એ હું જોઉં છું." એમ બોલી સૂચિલોમ યક્ષ ભગવાન પાસે ગયો, અને પાસે જઈને પોતાના શરીરથી ભગવાનને ધકકો મારવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આથી ભગવાન તેનાથી દૂર ગયા. એટલે સૂચિલોમ યક્ષે ભગવાનને કહ્યું, "શ્રમણ, મારાથી બીએ છે શું ?" "આયુષ્મન, હું તારાથી બીતો નથી. પણ તારો સંપર્ક અપવિત્ર છે." "શ્રમણ, હું તને પ્રશ્ન પૂછું છું. તેનો જો તું જવાબ બરાબર નહિ આપે તો હું તને ગાંડો બનાવીશ, અથવા તારું હૃદય ફાડીશ, અથવા તને પગે ઝાલીને ગંગાની પાર ફેંકી દઈશ." "આયુષ્મન્, આ સદેવક, સબ્રહ્મક, સમારક લોકમાં, શ્રમણબ્રાહ્મણોમાં કે દેવમનુષ્યોમાં એવો કોઈ હું નથી જોતો કે જે મને ગાંડો બનાવે, અથવા મારું હૃદય ફાડે કે મને પગે ઝાલીને ગંગાની પાર ફેંકી દે. તો પણ આયુષ્મન્, તારી ઈચ્છા મુજબ પ્રશ્ન પૂછ." એટલે સૂચિલોમ યક્ષે ભગવાનને આ પ્રમાણે ગાથા કહી :

२७०. रागो च दोसो च कुतो निदाना, अरती रती लोमहंसो कुतोजा।
कुतो समुट्ठाय मनोवितक्का, कुमारका धंकमिवोस्सजन्ति ।। १।।
२७१. रागो च दोसो च इतो निदाना, अरती रती लोमहंसो इतोजा।
इतो समुट्ठाय मनोवितक्का, कुमारका धंकमिवोस्सजन्ति ।। २।।
२७२. स्नेहजा अत्तसम्भूता, निग्रोधस्सेव खन्धजा।
पुथू विसत्ता कामेसु, मालुवा व वितता वने ।। ३।।
२७३. ये नं पजानन्ति यतो निदानं, ते नं विनोदेन्ति सुणोहि यक्ख ।
ते दुत्तरं ओधमिमं तरन्ति, अतिण्णपुब्बं अपुनब्भवाया'ति ।। ४।।

सूचिलोमसुत्तं निट्ठितं ।

१८

धम्मचरिय-सुत्तं (६)

२७४. धम्मचरियं ब्रह्मचरियं एतदाहु वसुत्तमं ।
पब्बजितो'पि चे होति अगारा अनगारियं ।। १ ।।
२७५. सो चे मुखरजातिको विहेसाभिरतो मगो।
जीवितं तस्स पापियो वड्ढेति अत्तनो ।। २ ।।
२७६. कलहाभिरतो भिक्खु मोहधम्मेन आवटो ।
अक्खातम्पि न जानाति धम्मं बुद्धेन देसितं ।। ३ ।।
२७७. विहेसं भावितत्तानं अविज्जाय पुरक्खतो।
सङ्किलेसं न जानाति मग्गं निरयगामिनं ।। ४ ।।
२७८. विनिपातं समापन्नो गब्भा गब्भं तमा तमं ।
स वे तादिसको भिक्खु पेच्च दुखं निगच्छति ।। ५ ।।
२७९. गूथकूपो यथा अस्स सम्पुण्णो गणवस्सिको।
यो एवरूपो अस्स दुब्बिसोधो हि साङ्गणो ।। ६ ।।

૨૭૦. કામ અને ક્રોધ કયાંથી ઉત્પન્ન થાય છે ? અરતિ, રતિ અને લોમહર્ષ (ભય) કયાંથી ઉત્પન્ન થાય છે ? તોફાની છોકરાઓ જેમ કાગડાને (દોરી બાંધીને) ઊડાડે છે તેમ આ વિતર્કો કયાંથી ઉત્પન્ન થઈને મનને ઉડાડે (ભમાવે) છે ? (૧)

૨૭૧. કામ અને ક્રોધ અહીંથી થાય છે, અરતિ, રતિ, અને લોમહર્ષ અહીંથી થાય છે. તોફાની છોકરાઓ કાગડાને (દોરી બાંધીને) જેમ ઊડાડે છે તેમ આ વિર્તકો અહીંથી ઉત્પન્ન થઈને મનને ઊડાડે (ભમાવે) છે. (૨)

૨૭૨. તે સ્નેહમાંથી ઉત્પન્ન થાય છે, વડની વડવાઈઓની જેમ પોતાના જ અંતઃકરણમાં ઉત્પન્ન થઈને માલુવાંલતાની[૧૫] જેમ ઉપભોગ્ય વસ્તુઓમાં ફેલાય છે. (૩)

૨૭૩. હે યક્ષ, મારું સાંભળ. અહીંથી આ (વિર્તકો) પેદા થાય છે એમ જે જાણે છે તે તેમનો ત્યાગ કરે છે, અને તેઓ આ દુસ્તર અતીર્ણપૂર્વ ઓઘ તરીને પુનર્જન્મ લેતા નથી. (૪)

સૂચિલોમસુત્ત સમાપ્ત

૧૮

ધર્મચરિયસુત્ત (૬)

૨૭૪. ધર્મચર્યા અને બ્રહ્મચર્ય એ ઉત્તમ ધન છે. (મનુષ્ય) ગૃહત્યાગ કરીને અનાગારિક પરિવ્રાજક થાય (૧)

૨૭૫. છતાં જો તે વાચાળ, બીજાને હેરાન કરવામાં સુખ માનનારો અને પશુની જેમ વર્તનારો હોય તો તેનું જીવન હીન છે; તે આત્માનો મેલ વધારેં છે. (૨)

૨૭૬. કલહાભિરત અને મોહથી ભરેલો ભિક્ષુ બુદ્ધે ઉપદેશેલા ધર્મનું સ્પષ્ટીકરણ કરવા છતાં તે જાણતો (સમજતો) નથી. (૩)

૨૭૭. ભાવિત્માને (અરહન્તને) હેરાન કરનારો, અવિદ્યાથી આવૃત્ત ભિક્ષુ આ નરકગામી સંકિલષ્ટ માર્ગ છે એમ જાણતો નથી. (૪)

૨૭૮. એવી જાતનો અધોગતિ પામેલો ભિક્ષુ ગર્ભાશયમાંથી ગર્ભાશયમાં અને તમમાંથી તમમાં જઈને પરલોકમાં દુઃખ ભોગવે છે. (૫)

૨૭૯. જેવો અનેક વર્ષોનો ભરેલો શૌચકૂપ (સંડાસ) તેવો આ છે. કારણ આવા પાપી પુરુષની શુદ્ધિ બહુ કઠણ છે. (૬)

२८०. यं एवरूपं जानाथ भिक्खवो गेहनिस्सितं।
पापिच्छं पापसङ्कप्पं पापाचारगोचरं ।। ७ ।।

२८१. सब्बे समग्गा हुत्वान अभिनिब्बिज्जयाथ नं ।
कारण्डवं निद्धमथ कसम्बुं अपकस्सथ ।। ८ ।।

२८२. ततो पलापे वाहेथ अस्समणे समणमानिने ।
निद्धमित्वा पापिच्छे पापाचारगोचरे ।। ९ ।।

२८३. सुद्धा सुद्धेहि संवासं कप्पयव्हो पतिस्सता ।
ततो समग्गा निपका दुक्खस्सन्तं करिस्सथा'ति ।। १० ।।

धम्मचरियसुत्तं निट्ठितं ।।

ब्राह्मणधम्मिक-सुत्तं (७)

एवं मे सुतं । एकं समयं भगवा सावत्थियं विहरति जेतवने अनाथपिण्डिकस्स आरामे। अथ खो संबहुला कोसलका ब्राह्मणमहासाला जिण्णा वुद्धा महल्लका अद्धगता वयोअनुप्पत्ता येन भगवा तेनुपसङ्कमिंसु, उपसङ्कमित्वा भगवता सद्धिं सम्मोदिंसु, सम्मोदनीयं कथं सारणीयं वीतिसारेत्वा एकमन्तं निसीदिंसु। एकमन्तं निसिन्ना खो ते ब्राह्मणमहासाला भगवन्तं एतदवोचुं – सन्दिस्सन्ति नु खो, भो गोतम, एतरहि ब्राह्मणा पोराणानं ब्राह्मणधम्मे'ति ? न खो ब्राह्मणा, सन्दिस्सन्ति एतरहि ब्राह्मणा पोराणानं ब्राह्मणधम्मे'ति। साधु नो भवं गोतमो पोराणानं ब्राह्मणानं ब्राह्मणधम्मं भासतु, सचे भो गोतमस्स अगरु'ति। तेन हि ब्राह्मणा सुणाथ, साधुकं मानसि करोथ, भासिस्सामी'ति। एवं भो'ति खो ते ब्राह्मणमहासाला भगवतो पच्चस्सोसुं । भगवा एतदवोच –

२८४. इसयो पुब्बका आसुं सञ्ञतत्ता तपस्सिनो।
पञ्चकामगुणे हित्वा अत्तदत्थमचारिसुं ।। १ ।।

२८५. न पसू ब्राह्मणानासुं न हिरञ्ञं न धानियं।
सज्झायधनधञ्ञासुं ब्रह्मं निधिमपालयुं ।। २ ।।

૨૮૦. હે ભિક્ષુઓ, આવો ગૃહાસક્ત, પાપેચ્છ, પાપસંકલ્પી અને પાપી આચારગોચરવાળો (ભિક્ષુ) તમારા જોવામાં આવે (૭)

૨૮૧. તો બધા એક થઈને તેનો બહિષ્કાર કરો; તે કચરો ફેંકી દો, તે સડેલો ભાગ છોલી નાખો. (૮)

૨૮૨. ત્યારપછી અશ્રમણ હોવા છતાં શ્રમણમન્ય એવા ઢોંગી ભિક્ષુઓને બહાર કાઢો. તેવા પાપી અને પાપી આચાર-ગોચરવાળાને બહાર કાઢીને (૯)

૨૮૩. તમે શુદ્ધ થાઓ, અને સાવધાનીથી શુદ્ધોની સાથે જ સહવાસ રાખો. ત્યારપછી (જ) સંપીને અને હોશિયારીથી વર્તીને દુઃખનો અંત કરવા માટે (તમે) સમર્થ થશો. (૧૦)

ધર્મચરિયસુત્ત સમાપ્ત

૧૯

બ્રાહ્મણધમ્મિકસુત્ત (૭)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન શ્રાવસ્તીના જેતવનમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. તે વખતે કોસલ દેશમાંના કેટલાક જીર્ણ, વૃદ્ધ, ઘરડા અને વયાતીત કુલીન બ્રાહ્મણો ભગવાન પાસે આવ્યા, અને આવીને ભગવાનને કુશલ સમાચાર પૂછીને એક બાજુએ બેઠા. એક બાજુએ બેઠા પછી તે કુલીન બ્રાહ્મણોએ ભગવાનને પૂછ્યું : "હે ગોતમ, આજકાલના બ્રાહ્મણો જૂના બ્રાહ્મણોના બ્રાહ્મણધર્મ મુજબ વર્તનારા દેખાય છે ખરા ?" "હે બ્રાહ્મણો, આજકાલના બ્રાહ્મણો જૂના બ્રાહ્મણોના બ્રાહ્મણધર્મ મુજબ વર્તનારા દેખાતા નથી." "જો ભવાન ગોતમને આકરું ન પડતું હોય તો ભવાન ગોતમ અમને જૂનો બ્રાહ્મણધર્મ કયો તે કહે." "એમ જો હોય તો હે બ્રાહ્મણો, ધ્યાન દઈને સાંભળો. હું કહું છું." 'વારુ,' એવો તે કુલીન બ્રાહ્મણોએ ભગવાનને જવાબ આપ્યો. ભગવાન બોલ્યાઃ

૨૮૪. પ્રાચીન ઋષિઓ સંયતાત્મા અને તપસ્વી હતા; તેઓ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરીને આત્માર્થચિંતન કરતા. (૧)

૨૮૫. તે બ્રાહ્મણો પાસે પશુઓ નહોતાં, ધન નહોતું, ધાન્ય નહોતું, સ્વાધ્યાય એ જ તેમનું ધન હતું, અને તેઓ બ્રાહ્મનિધિનું પાલન કરતા. (૨)

२८६. यं नेसं पकतं आसि द्वारभत्तं उपट्ठितं ।
सद्धापकतमेसानं दातवे तदमञ्ञिसु ।। ३ ।।
२८७. नानारत्तेहि वत्थेहि सयनेहावसथेहि च ।
फीता जनपदा रट्ठा ते नमस्सिसु ब्राह्मणे ।। ४ ।।
२८८. अवज्झा ब्राह्मणा आसुं, अजेय्या धम्मरक्खिता।
न ते कोचि निवारेसि कुलद्वारेसु सब्बसो ।। ५ ।।
२८९. अट्ठचत्तारीसं वस्सानि (कोमार) ब्रह्मचरियं चरिंसु ते ।
विज्जाचरणपरियेट्ठिं अचरुं ब्राह्मणा पुरे ।। ६ ।।
२९०. न ब्राह्मणा अञ्ञमगमुं न'पि भरियं किणिंसु ते।
सम्पियेनेव संवासं संगन्त्वा समरोचयुं ।। ७ ।।
२९१. अञ्ञत्र तम्हा समया उतुवेरमणिं पति ।
अन्तरा मेथुनं धम्मं नास्सु गच्छन्ति ब्राह्मणा ।। ८ ।।
२९२. ब्रह्मचरियं च सीलं च अज्जवं मद्दवं तपं ।
सोरच्चं अविहिंसं च खन्ति चापि अवण्णयुं ।। ९ ।।
२९३. यो नेसं परमो आसि, ब्रह्मा दळ्हपरक्कमो।
स वापि मेथुनं धम्मं सुपिनन्तेन नागमा ।। १० ।।
२९४. तस्स वत्तमनुसिक्खन्ता इधेके विञ्ञुजातिका।
ब्रह्मचरियं च सीलं च खन्ति चापि अवण्णयुं ।। ११ ।।
२९५. तण्डुलं सयनं वत्थं सप्पितेलं च याचिय ।
धम्मेन समुदानेत्वा ततो यञ्ञमकप्पयुं ।
उपट्ठितस्मिं यञ्ञस्मिं नास्सु गावो हनिंसु ते ।। १२ ।।
२९६. यथा माता पिता भाता अञ्ञे वापि च ञातका ।
गावो नो परमा मित्ता यासु जायन्ति ओसधा ।। १३ ।।
२९७. अन्नदा बलदा चेता वण्णदा सुखदा तथा ।
एतमत्थवसं ञत्वा नास्सु गावो हनिंसु ते ।। १४ ।।
२९८. सुखुमाला महाकाया वण्णवन्तो यसस्सिनो।
ब्राह्मणा सेहि धम्मेहि किच्चाकिच्चेसु उस्सुका।
याव लोके अवत्तिंसु सुखमेधित्थ'यं पजा ।। १५ ।।

૨૮૬. લોકો તેમને માટે શ્રદ્ધાપૂર્વક ભોજન તૈયાર કરીને બારણામાં તૈયાર રાખતા, અને તે તેમને આપવું તે યોગ્ય સમજતા. (૩)

૨૮૭. અનેકરંગી વસ્ત્રો, પાથરણાં અને ઇમારતોથી સંપન્ન પ્રદેશો અને રાષ્ટ્રો આવા બ્રાહ્મણોને પૂજતાં. (૪)

૨૮૮. તે બ્રાહ્મણો અવધ્ય હતા અને ધર્મ રક્ષિત હોવાને લીધે અજેય હતા.કોઇ પણ કુટુંબમાં જવા તેમને અટકાવ નહોતો. (૫)

૨૮૯. તે પ્રાચીન બ્રાહ્મણો અડતાળીશ વર્ષ સુધી કૌમાર બ્રહ્મચર્ય પાળતા અને પ્રજ્ઞા અને શીલ સંપાદન કરતા. (૬)

૨૯૦. તે બ્રાહ્મણો પરદારાગમન કરતા નહિ અથવા સ્ત્રીને વેચાતી ન લેતા. ખરા પ્રેમવાળો સ્ત્રીસહવાસ જ તેમને માન્ય હતો. (૭)

૨૯૧. ઋતુકાલ સિવાય બીજે સમયે તે બ્રાહ્મણો સ્ત્રીસંગ કરતા નહિ. (૮)

૨૯૨. બ્રહ્મચર્ય, શીલ, આર્જવ, માર્દવ, તપ, સમાધાન, અહિંસા અને ક્ષાંતિની તેઓ સ્તુતિ કરતા. (૯)

૨૯૩. બ્રહ્મા નામનો તેમને જે દૃઢપરાક્રમી આગેવાન હતો તેણે સ્વપ્નમાં પણ કદી સ્ત્રીસંગ કર્યો નથી. (૧૦)

૨૯૪. તેના વ્રતનું પાલન કરનારા કેટલાક સુજ્ઞ (બ્રાહ્મણો) હાલ પણ બ્રહ્મચર્ય, શીલ, અને ક્ષાંતિની સ્તુતિ કરે છે. (૧૧)

૨૯૫. તે (પ્રાચીન બ્રાહ્મણો) ચોખા, પાથરણું, વસ્ત્ર, ઘી, તેલ વગેરે પદાર્થો ભિક્ષા માગીને અથવા ધાર્મિક રીતે એકઠા કરીને યજ્ઞ કરતા અને તે યજ્ઞમાં તેઓ ગોવધ કરતા નહિ. (૧૨)

૨૯૬. જેમ મા-બાપ, ભાઇ અથવા સગાંવહાલાં (છે) તેવી જ ગાયો અમારી પરમ મિત્ર છે, કારણ કે ખેતી તેમના ઉપર અવલંબેલી છે. (૧૩)

૨૯૭. તે (ગાયો) અન્ન આપનારી, બલ આપનારી, કાંતિ આપનારી અને સુખ દેનારી છે. આ તત્ત્વ સમજીને તે (પ્રાચીન બ્રાહ્મણો) ગાયો મારતા નહિ. (૧૪)

૨૯૮. સુકુમાર, ઊંચા બાંધાવાળા, તેજસ્વી અને યશસ્વી એવા તે બ્રાહ્મણો સ્વકીય ધર્માનુસાર (રહેતા) અને કૃત્યાકૃત્યના સંબંધમાં દક્ષ રહેતા; અને જ્યાં સુધી તેઓ એવા હતા ત્યાં સુધી લોકો સુખી થયા. (૧૫)

२९९. तेसं आसि विपल्लासो दिस्वान अणुतो अणुं ।
राजिनो च वियाकारं नारियो समलंकता ।। १६ ।।
३००. रथं चाजञ्ञसंयुत्ते सुकते चित्तसिब्बने ।
निवेसने निवेसे च विभत्ते भागसो मिते ।। १७ ।।
३०१. गोमण्डलपरिब्बूळ्हं नारीवरगणायुतं ।
उळारं मानुसं भोगं अभिज्झायिंसु ब्राह्मणा ।। १८ ।।
३०२. ते तत्थ मन्ते गन्थेत्वा ओक्काकं तदुपागमुं ।
पहूतधनधञ्ञोसि (यजस्सु बहु ते वित्तं) यजस्सु ब
हु ते धनं ।। १९ ।।
३०३. ततो च राजा सञ्ञत्तो ब्राह्मणेहि रथेसभो ।
अस्समेधं पुरिसमेधं (सम्मापासं) वाजपेय्यं निरग्गळं ।
एते यागे यजित्वान ब्रह्मणानं अदा धनं ।। २० ।।
३०४. गावो सयनं च वत्थं च नारियो समलङ्कता ।
रथे चाजञ्ञसंयुत्ते सुकते चित्तसिब्बने ।। २१ ।।
३०५. निवेसनानि रम्मानि सुविभत्तानि भागसो ।
नानाधञ्ञस्स पूरेत्वा ब्राह्मणानं अदा धन ।। २२ ।।
३०६. ते च तत्थ धनं लद्धा सन्निधिं समरोचयुं ।
तेसं इच्छावतिण्णानं भिय्यो तण्हा पवड्ढथ ।
ते तत्थ मन्ते गन्थेत्वा ओक्काकं पुनुपागमुं ।। २३ ।।
३०७. यथा आपो च पठवी हिरञ्ञं धनधानियं ।
एवं गावो मनुस्सानं परिक्खारो सो हि पाणिनं ।
यजस्सु बहु ते वित्तं यजस्सु बहु ते धनं ।। २४ ।।
३०८. ततो च राजा सञ्ञत्तो ब्राह्मणेहि रथेसभो ।
नेकसतसहस्सियो गावो यञ्ञे अघातयि ।। २५ ।।
३०९. न पादा न विसाणेन नास्सु हिंसन्ति केनचि ।
गावो एळकसमाना सोरता कुम्भदूहना ।
ता विसाणे गहेत्वान राजा सत्थेन घातयि ।। २६ ।।

૨૯૯. પરંતુ રાજાની સંપત્તિ અને અલંકૃત સ્ત્રીઓ જેવી અત્યંત ક્ષુદ્ર વસ્તુથી તેમની બુદ્ધિ બદલાઈ. (૧૬)

૩૦૦. ઉત્તમ ઘોડા જોડેલા અને ઉત્તમ રીતે તૈયાર કરીને આચ્છાદેલ રથ, સરસ રીતે બાંધેલા ઘર અને ઈમારતો (૧૭)

૩૦૧. ગાયોનાં ટોળાં અને સુંદર સ્ત્રીઓનો સમુદાય-આવા માનવી-ઉપભોગોમાં બ્રાહ્મણો લોભાયા. (૧૮)

૩૦૨. તે માટે મંત્ર રચીને તે ઈક્ષ્વાકુ પાસે ગયા અને બોલ્યા, તારી પાસે પુષ્કળ ધનધાન્ય છે, તું યજ્ઞ કર. તારી પાસે સંપત્તિ ખૂબ છે, તું યજ્ઞ કર ! (૧૯)

૩૦૩. આવી રીતે બ્રાહ્મણોએ સમજાવ્યો ત્યારે તે રથર્ષભ,રાજાએ અશ્વમેધ, પુરુષમેધ, સમ્યક્પાશ, વાજપેય અને નિરર્ગળ યજ્ઞો કરીને બ્રાહ્મણોને ધાન આપ્યું. (૨૦)

૩૦૪. ગાયો, પાથરણાં, વસ્ત્ર અને અલંકૃત સ્ત્રીઓ, ઉત્તમ ઘોડા જોડેલા અને ઉત્તમ રીતે તૈયાર કરેલા અને આચ્છાદેલા રથ, (૨૧)

૩૦૫. અને અનેક ધાન્યથી ભરેલાં સારી રીતે બાંધેલાં રમ્ય ઘરો, એ સંપત્તિ તેણે બ્રાહ્મણોને દીધી. (૨૨)

૩૦૬. તે યજ્ઞમાં ધનસંપત્તિ મેળવીને બ્રાહ્મણો પૈસાદાર થયા. આવી રીતે લોલુપ થયેલા એવા તેઓની તૃષ્ણા વધારે વધી. તે માટે ફરીવાર મંત્ર રચીને તેઓ ઈક્ષ્વાકુ પાસે ગયા. (૨૩)

૩૦૭. અને બોલ્યા, જેમ પાણી, જમીન, સોનું કે ધન-ધાન્ય (જેવા છે) તેવી જ ગાયો મનુષ્યોને ઉપભોગ્ય વસ્તુઓ છે. તારી પાસે પુષ્કળ વિત્ત છે, તું યજ્ઞ કર. તારી પાસે પુષ્કળ ધન છે, તું યજ્ઞ કર ! (૨૪)

૩૦૮. આવી રીતે તે બ્રાહ્મણોએ તેને સમજાવ્યો ત્યારે તે રથર્ષભ રાજાએ યજ્ઞમાં લાખો ગાયોને મારી. (૨૫)

૩૦૯. પગથી, શીંગડાથી અથવા બીજા કોઈ અવયવથી તે ગાયો હિંસા કરતી નહોતી. જે ઘેટાં જેવી શાંત હતી અને ઘડો ભરીને દૂધ આપતી, એવી તે ગાયોનો શીંગડાએ ઝાલીને રાજાએ યજ્ઞમાં વધ કર્યો. (૨૬)

३१०. ततो च देवा पितरो इन्दो असुरक्खसा।
अधम्मो इति पक्कन्दुं यं सत्थं निपती गवे ।। २७ ।।

३११. तयो रोगा पुरे आसुं, इच्छा अनसनं जरा।
पसूनं च समारम्भा अट्ठानवुत्तिमागमुं ।। २८ ।।

३१२. एसो अधम्मो दण्डानं ओक्कन्तो पुराणो अहु।
अदूसिकायो हञ्ञन्ति धम्मा धंसेन्ति याजका ।। २९ ।।

३१३. एवमेसो अनुधम्मो पोराणो विञ्ञुगरहितो।
तत्थ एदिसकं पस्सति याजकं गरहती जनो ।। ३० ।।

३१४. एवं धम्मे वियापन्ने विभिन्ना सुद्दवेस्सिका।
पुथु विभिन्ना खत्तिया पतिं भरिया अवमञ्ञथ ।। ३१ ।।

३१५. खत्तिया ब्रह्मबन्धू च ये चञ्ञे गोत्तरक्खिता ।
जातिवादं निरङ्कत्वा कामानं वसमागमुं'न्ति ।। ३२ ।।

एवं वुत्ते ते ब्राह्मणमहासाला भगवन्तं एतदवोचुं – अभिक्कन्तं भो गोतम, अभिक्कन्तं भो गोतम, सेय्यथापि भो गोतम, निक्कुजितं वा उक्कुज्जेय्य, पटिच्छन्नं वा विवरेय्य, मूल्हस्स वा मग्गं आचिक्खेय्य अन्धकारे वा तेलपज्जोतं धारेय्य चक्खुमन्तो रूपानि दक्खिन्तीति एवमेव भोता गोतमेन अनेक परियायेन धम्मो पकासितो। एते मयं भवन्तं गोतमं सरणं गच्छाम, धम्मं च भिक्खुसंघं च। उपासके नो भवं गोतमो धारेतु अज्जतग्गे पाणुपेते सरणं गते'ति।

ब्राह्मणधम्मिकसुत्तं निट्ठितं।

२०

नावा–सुत्तं (८)

३१६. यस्मा हि धम्मं पुरिसो विजञ्ञा, इन्द'व नं देवता पूजयेय्य।
सो पूजितो- तस्मिं प्रसन्नचित्तो, बहुस्सुत्तो पातुकरोति धम्मं ।। १।।

३१७. तदट्ठि कत्वान निसम्म धीरो, धम्मानुधम्मं पटिपज्जमानो।
विञ्ञू विभावी निपुणो च होति, यो तादिसं भजति अप्पमत्तो।। २।।

३१८. खुद्दं च बालं उपसेवमानो, अनागततत्थं च उसूयकं च ।
इधेव धम्मं अविभावयित्वा, अवितिण्णकङ्खो मरणं उपेति ।। ३।।

૩૧૦. એટલે દેવ, પિતૃઓ, ઈંદ્ર, અસુર અને રાક્ષસ 'ગાયો ઉપર શસ્ત્ર પડયું એ મોટો અધર્મ થયો' એમ કહીને હાહાકાર કરવા લાગ્યા. (૨૭)

૩૧૧. તે પહેલાં ઈચ્છા, ભૂખ અને જરા એ ત્રણ જ રોગો હતા. પણ પશુઘાતની શરૂઆત થયા પછી તે અઠ્ઠાણું થયા. (૨૮)

૩૧૨. દંડ (શિક્ષા)માં આ એક જૂનો અધર્મ ઉત્પન્ન થયો, જેનાથી યાજકો નિર્દોષ ગાયોને મારે છે અને ધર્મનો વિધ્વંસ કરે છે. (૨૯)

૩૧૩. આ રીતે સુજ્ઞ લોકોએ આ રિવાજની નિંદા કરી છે, અને આ માટે જ યાજકને જોઈને લોકો તેની નિંદા કરે છે. (૩૦)

૩૧૪. આ રીતે ધર્મની વિપન્નાવસ્થા થતાં શૂદ્ર અને વૈશ્ય જુદા પડયા, ક્ષત્રિયોમાં ભેદ પડયા અને પત્ની પતિની અવગણના કરવા લાગી! (૩૧)

૩૧૫. સારા ગોત્રમાંના ક્ષત્રિય, બ્રાહ્મણ અને બીજા લોકો જાતિપ્રવાદભય છોડીને ચેન કરવા લાગ્યા. (૩૨)

આમ બોલ્યા પછી તે કુલીન બ્રાહ્મણોએ ભગવાનને કહ્યું, "ધન્ય, ધન્ય, ભો ગોતમ, જેમ ઊંધું વાળેલું વાસણ સવળું કરવામાં આવે, અથવા ઢાંકેલી વસ્તુ ઉઘાડી કરવામાં આવે, માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવામાં આવે, અથવા દેખતા માણસને પદાર્થો દેખાય એ માટે અંધારામાં મશાલ સળગાવવામાં આવે તેવી રીતે ભવાન ગોતમે અનેક પર્યાયથી ધર્મ પ્રકાશિત કર્યો છે. અમે ભવાન ગોતમને શરણે જઈએ છીએ, ધર્મને શરણે જઈએ છીએ, ને ભિક્ષુસંઘને શરણે જઈએ છીએ. આજથી આમરણ શરણે ગયેલા અમે ઉપાસક છીએ, એવું ભવાન ગોતમે સમજવું."

બ્રાહ્મણધમ્મિકસુત્ત સમાપ્ત

૨૦

નાવાસુત્ત (૮)

૩૧૬. દેવો જેમ ઈંદ્રની પૂજા કરે છે તેમ, જેની પાસેથી આપણે ધર્મ શીખીએ છીએ તેની મનુષ્યે પૂજા કરવી. તેની પૂજા કરવાથી તે બહુશ્રુત તેના ઉપર પ્રસન્ન થઈને ધર્મ પ્રકાશિત કરે છે. (૧)

૩૧૭. જે બુદ્ધિમાન માણસ સાવધાનતાથી તેવા પુરુષની ઉપાસના કરે છે તે તેણે ધર્મ સાંભળીને અને તે પ્રમાણે વર્તીને સુજ્ઞ, પ્રભાવશાળી અને નિપુણ થાય છે. (૨)

૩૧૮. પણ ક્ષુદ્ર, મૂર્ખ, અનભિજ્ઞ અને ઈર્ષાળુની ઉપાસના કરનારો માણસ ધર્મજ્ઞાન ન મેળવતાં અને શંકાનું સમાધાન ન કરતાં જ મરણ પામે છે. (૩)

३१९. यथा नरो आपगं ओतरित्वा, महोदिकं सलिलं सीघसोतं ।
सो वुय्हमानो अनुसोतगामी, किं सो परे सक्खति तारयेतुं ।। ४ ।।
३२०. तथेव धम्मं अविभावयित्वा, बहुस्सुतानं अनिसामयत्थं ।
सयं अजानं अवितिण्णकङ्खो, कि सो परे सक्खति निज्झपेतुं ।। ५ ।।
३२१. यथापि नावं दळ्हमारुहित्वा, पियेन रित्तेन समङ्गिभूतो ।
सो तारये तत्थ बहूपि अञ्ञे, तत्रूपयञ्ञू कुसलो मुतीमा ।। ६ ।।
३२२. एवम्पि यो वेदगु भावितत्तो, वहुस्सुत्तो होति अवेधधम्मो ।
सो खो परे निज्झपये पजानं, सोतावधानूपनिसूपपन्नो ।। ७ ।।
३२३. तस्मा हवे सप्पुरिसं भजेथ, मेघाविनं चेव बहुस्सुतं च ।
अञ्ञाय अत्थं पटिपज्जमानो, विञ्ञातधम्मो सो सुखंलभेथा'ति ।। ८ ।।

नावासुत्तं निट्ठितं ।

२१

किंसील–सुत्तं (९)

३२४. किं सीलो किं समाचारो कानि कम्मानि ब्रूहयं ।
नरो सम्मा निविट्ठस्स उत्तमत्थं च पापुणे ।। १ ।।
३२५. वद्धापचायी अनुसुय्यको सिया, कालञ्ञू चस्स गरूनं दस्सनाय ।
धम्मिं कथं एरियितुं खणञ्ञू, सुणेय्य सक्कच्च सुभासितानि ।। २ ।।
३२६. कालेन गच्छे गरुनं सकासं, थम्भं निरङ्कत्वा निवातबुत्ति
अत्थ धम्मं संयमं ब्रह्मचरियं, अनुस्सरे चेव समाचारे च ।। ३ ।।
३२७. धम्मारामो धम्मरतो, धम्मे ठितो धम्मविनिच्छयञ्ञू ।
नेवाचरे धम्मसन्दोसवादं, तच्छेहि नीयेथ सुभासितेहि ।। ४ ।।
३२८. हस्सं जप्पं परिदेवं पदोसं, मायाकतं कुहनं गिद्धिमानं ।
सारम्भकक्कस्सकसावमुच्छं, हित्वा चरे वीतमदो ठितत्तो ।। ५ ।।
३२९. विञ्ञातसारानि सुभासितानि, सुतं च विञ्ञातं समाधिसारं ।
न तस्स पञ्ञा च सुतं च वड्ढति, यो साहसो होति नरो पमत्तो ।। ६ ।।

૩૧૯. જેમ કોઈ માણસ પાણીથી ભરપૂર જોશથી વહેતી નદીમાં ઊતરીને તણાય છે તે બીજાને કેમ તારી શકે ? (૪)

૩૨૦. તે રીતે જે માણસ ધર્મજ્ઞાન સંપાદન ન કરતાં અને બહુશ્રુતોનું અર્થપૂર્ણ વચન ન સાંભળતાં જાતે અજ્ઞાન અને સાશંક (રહે છે) તે બીજાનું સમાધાન કઈ રીતે કરી શકે? (૫)

૩૨૧. જેમ કોઈ નૌકા ચલાવવામાં કુશળ બુદ્ધિમાન માણસ હલેસા અને સુકાનવાળી મજબૂત નૌકામાં બેસીને તેને આધારે ઘણાને તારી શકે. (૬)

૩૨૨. તેમ જ જે વિદ્વાન, ભાવિતાત્મા, બહુશ્રુત, અપ્રકંપ્ય, અને શ્રોતાવધાન વડે નિર્વાણ જ્ઞાન સંપાદન કરેલું છે એવો (હોય) તે જ્ઞાની જ લોકોનું સમાધાન કરી શકે. (૭)

૩૨૩. માટે મેધાવી અને બહુશ્રુત સત્પુરુષની ઉપાસના કરવી. તેની પાસેથી સદર્થ જાણીને તે પ્રમાણે વર્તનારો માણસ ધર્મ સમજીને સુખ મેળવશે. (૮)

નાવાસુત્ત સમાપ્ત

૨૧

કિંસીલસુત્ત (૯)

૩૨૪. કયા શીલથી, કયા આચારથી અને કયાં કર્મોના અભ્યાસથી માણસ સન્માર્ગે ચાલી શકે અને પરમાર્થ પ્રાપ્ત કરી લે ? (૧)

૩૨૫. તેણે વડીલ માણસોને માન દેવું, અને ઈર્ષાવિરહિત થવું, ગુરુઓની મુલાકાતનો સમય જાણવો, અને વખત સાચવીને આદરપૂર્વક ધાર્મિક સંભાષણ અને સુભાષિતો સાંભળવાં. (૨)

૩૨૬. ગર્વને એક કોરે મૂકીને અને નમ્ર બનીને વખતોવખત ગુરુઓ પાસે જવું; સદર્થ, ધર્મ, સંયમ અને બ્રહ્મચર્યનું સ્મરણ રાખવું અને તેનું આચરણ કરવું. (૩)

૩૨૭. ધર્મારામ, ધર્મરત, ધર્મસ્થિત અને ધર્મન્યયજ્ઞ થઈને ધર્મને દોષ લાગે એવા વાદમાં ન પડવું; યથાતથ સુભાષિતોથી જ વાદનો નિકાલ લાવવો.[૧૬] (૪)

૩૨૮. હાસ્ય, લવારો, શોક, પ્રદ્વેષ, માયા, દંભ, અતિલોભ, અહંકાર, સ્પર્ધા, કર્કશતા, અપવિત્રતા અને ન બની શકે એવાં કાર્યો માટેની હામનો ત્યાગ કરીને વીતમદ અને સ્થિતાત્મા થવું. (૫)

૩૨૯. સુભાષિતોનું ધ્યેય જ્ઞાન છે, શ્રુત અને જ્ઞાનનું ધ્યેય સમાધિ છે. જે આળસુ અને પ્રમાદી બને છે તેની પ્રજ્ઞા અને વિદ્યા વધતાં નથી. (૬)

३३०. धम्मे च ये अरियपवेदिते रता, अनुत्तरा ते वचसा मनसा कम्मना च ।
ते सन्ति–सोरच्च–समाधि–सण्ठिता, सुतस्स पञ्ञाय च
सारमज्झगू 'ति ।। ७।।

किंसीलसुत्तं निट्ठितं।

२२

१. उट्ठान–सुत्तं (१०)

३३१. उट्ठहथ निसीदथ को अत्थो सुपिनेन वो।
आतुरानं हि का निद्दा सल्लविद्धान रुप्पतं ।। १ ।।
३३२. उट्ठहथ निसीदथ, दळ्हं सिक्खथ सन्तिया।
मा वो पमत्ते विञ्ञाय (मच्चुराजा) अमोहयित्थ वसानुगे ।। २ ।।
३३३. याय देवा मनुस्सा च सिता तिट्ठन्ति अत्थिका ।
तरथेतं विसत्तिकं खणो वे मा उपच्चगा।
खणातीता हि सोचन्ति निरयम्हि समप्पिता ।। ३ ।।
३३४. पमादो रजो पमादो पमादानुपतितो रजो ।
अप्पमादेन विज्जाय अब्बहे सल्लमत्तनो'ति ।। ४ ।।

उट्ठानसुत्तं निट्ठितं ।

२३

राहुल-सुत्तं (११)

३३५. कच्चि अभिण्हसंवासा, नावजानासि पण्डितं।
उक्काधारो मनुस्सानं, कच्चि अपचितो तया ।। १ ।।
३३६. नाहं अभिण्हसंवासा, अवजानामि पण्डितं ।
उक्काधारो मनुस्सानं, निच्चं अपचितो मया ।। २ ।।

૩૩૦. આર્યપ્રવેદિત ધર્મમાં જેઓ રત થાય છે તેઓ કાયા, વાચા અને કર્મથી શ્રેષ્ઠ છે. શાંતિથી, સમાધાનપૂર્વક અને સમાધિયુકત રહેનારા તેઓ વિદ્યાનો અને પ્રજ્ઞાનો સાર જાણે છે.

કિંસીલસુત્ત સમાપ્ત

૨૨

ઉટ્ઠાનસુત્ત (૧૦)

૩૩૧. જાગો ! બેઠા થાઓ ! બાણનું શલ્ય તમારા શરીરમાં પેસવાને લીધે દુઃખ ભોગવતા એવા તમે પીડિત લોકોને ઊંઘ કેમ આવે છે ? (૧)

૩૩૨. જાગો ! બેઠા થાઓ ! નિશ્ચયથી શાંતિનો અભ્યાસ કરો. તમને અસાવધ જોઈને પોતાના તાબામાં લઈને મૃત્યૂરાજા (માર) તમને ન મોહાવે ! (૨)

૩૩૩. જેનાથી દેવો અને મનુષ્યો લોલુપ થઈને રહે છે તે તૃષ્ણાનું ઉલ્લંઘન કરો. આ ક્ષણ નકામી ન જવા દેતા ! કારણ વખત નકામો જવા દેનારા લોકો નરકમાં પડીને શોક કરે છે. (૩)

૩૩૪. પ્રમાદ એ મેલ છે; પ્રમાદની પાછળ મેલ ઉત્પન્ન થાય છે. અપ્રમાદ અને પ્રજ્ઞાથી પોતાના શરીરમાનું શલ્ય કાઢવું.

ઉટ્ઠાનસુત્ત સમાપ્ત

૨૩

રાહુલસુત્ત (૧૧)

૩૩૫. (ભગવાન-) અતિપરિચયને લીધે તું તે સુજ્ઞ (સારિપુત્ત)ની અવજ્ઞા તો કરતો નથીને ? મનુષ્ય માટે જ્ઞાનની મશાલ સળગાવનાર તેની તું આમન્યા જાળવે છેને ? (૧)

૩૩૬. અતિપરિચયને લીધે હું તે સુજ્ઞની અવજ્ઞા કરતો નથી. મનુષ્યો માટે જ્ઞાનની મશાલ સળગાવનાર તેનું હું સતત માન જાળવું છું. (૨)

वत्थुगाथा

३३७. पञ्चकामगुणे हित्वा, पियरूपे मनोरमे ।
सुद्धाय धरा निक्खम्म, दुक्खस्सन्तकरो भव ॥ ३ ॥

३३८. मित्तं भजस्सु कल्याणे, पन्तं च सयनासनं ।
विवित्तं अप्पनिग्घोसं, मत्तञ्ञू होहि भोजने ॥ ४ ॥

३३९. चीवरे पिण्डपाते च, पच्चये सयनासने ।
एतेसु तण्हं माकासि, मा लोकं पुनरागमि ॥ ५ ॥

३४०. संवुत्तो पातिमोक्खस्मिं, इन्द्रियेसु च पञ्चसु ।
सति कायगतात्यत्थु, निब्बिदाबहुलो भव ॥ ६ ॥

३४१. निमित्तं परिवज्जेहि, सुभं रागूपसंहितं ।
असुभाय चित्तं भावेहि, एकग्गं सुसमाहितं ॥ ७ ॥

३४२. अनिमित्तं च भावेहि, मानानुसयमुज्जह ।
ततो मानाभिसमया, उपसन्तो चरिस्सी'ति ॥ ८ ॥

इत्थं सुदं भगवा आयस्मन्तं राहुलं इमाहि गाथाहि अभिण्हं ओवदती'ति।

राहुलसुत्तं निट्ठितं ।

२४

वङ्गीस-सुत्तं (१२)

एवं मे सुतं। एकं समयं भगवा आळवियं विहरति अग्गालवे चेतिये। तेन खो पन समयेन आयस्मतो वङ्गीसस्स उपज्झायो निग्रोधकप्पो नाम थेरो अग्गाळवे चेतिये अचिरपरिनिब्बुतो होति। अथ खो आयस्मतो वङ्गीसस्स रहोगतस्स पटिसल्लीनस्स एवं चेतसो परिवितक्को उदपादि – परिनिब्बुतो नु खो मे उपज्झायो उदाहु नो परिनिब्बुतो' ति ? अथ खो आयस्मा वङ्गीसो सायह्नसमयं पटिसल्लाना वुट्ठितो येन भगवा तेनुपसङ्कमि, उपसङ्कमित्वा भगवन्तं अभिवादेत्वा एकमन्तं निसीदि। एकमन्तं निसिन्नो खो आयस्मा वङ्गीसो भगवन्तं

આ પ્રાસ્તાવિક ગાથાઓ

૩૩૭. મનને ગમતા અને ઉલ્લસિત કરનારા પંચેન્દ્રિયોના વિષયો છોડી દઈને શ્રદ્ધાપૂર્વક ઘરમાંથી બહાર નીકળ, અને દુઃખનો અંત કર. (૩)

૩૩૮. કલ્યાણકારક મિત્રોની સંગતિ રાખ. જ્યાં બબડાટ ઓછો હોય એવી એકાંત જગ્યાએ તારી બેસવા-ઊઠવાની જગ્યા રાખ, અને તું મિતાહારી થા. (૪)

૩૩૯. ચીવર (ભિક્ષુવસ્ત્ર), અન્ન, ઔષધ અને આશ્રય-સ્થાનમાં આસકિત રાખતો નહિ; ઈહલોકમાં પુનર્જન્મ ન લેતો. (૫)

૩૪૦. પ્રાતિમોક્ષના નિયમોમાં અને પંચેન્દ્રિયોમાં સંયમ રાખ; કાયગતાસ્મૃતિની ભાવના કર અને વૈરાગ્ય તરફ વલણ રાખ. (૬)

૩૪૧. કામવિકાર ઉત્પન્ન થાય એવાં શુભ નિમિત્તનો ત્યાગ કર, અને જેનાથી ચિત્ત એકાગ્ર અને સમાહિત થાય એવા (શારીરિક) અશુભભાવનું ચિંતન કર. (૭)

૩૪૨. અને અનિમિત્ત નિર્વાણનું ચિંતન કર અને અહંકારની વાસના છોડી દે. અહંકારનો ત્યાગ કરીશ એટલે તુ શાંત થઈશ. (૮)

આ રીતે ભગવાને આયુષ્યમાન રાહુલને આ ગાથાઓ દ્વારા વારંવાર ઉપદેશ કર્યો.

રાહુલસુત્ત સમાપ્ત

૨૪

વંગીસસુત્ત (૧૨)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન આળવીમાં અગ્ગાળવ ચૈત્યમાં રહેતા હતા. તે વખતે આયુષ્યમાન વંગીસનો ઉપાધ્યાય નિગ્રોધકપ્પ નામનો સ્થવિર અગ્ગાળવ ચૈત્યમાં થોડા વખત પહેલાં જ નિર્વાણ પામ્યો હતો. તે વખતે એકાન્તમાં વિશ્રાંતિ લેતી વખતે આયુષ્યમાન વંગીસના મનમાં એવો વિચાર આવ્યો કે મારો ઉપાધ્યાય (મૃત્યૃ પામ્યા પછી) પરિનિર્વાણ પામ્યો કે પરિનિર્વાણ નથી પામ્યો ? એટલે સાંજે આયુષ્માન વંગીસ પોતાને વિશ્રાન્તિસ્થાનેથી નીકળ્યો અને ભગવાન પાસે આવ્યો; આવીને ભગવાનને નમસ્કાર કરીને એક બાજુએ બેઠો. એક બાજુએ બેઠા પછી આયુષ્માન વંગીસે ભગવાનને કહ્યું, "ભદન્ત, હું એકાન્તમાં વિશ્રાંતિ લેતો હતો ત્યારે મારા મનમાં એવો વિચાર આવ્યો કે મારો ઉપાધ્યાય પરિનિર્વાણ પામ્યો કે પરિનિર્વાણ નથી પામ્યો ?"

एतदवोच–इध मय्हं, भन्ते, रहोगतस्स पटिसल्लीनस्स एवं चेतसो परिवितक्को उदपादि, परिनिब्बुतो नु खो मे उपज्झायो उदाहु नो परिनिब्बुतो'ति ? अथ खो आयस्मा वङ्गीसो उट्ठायासना एकंसं चीवरं कत्वा येन भगवा तेनञ्जलिं पणामेत्वा भगवन्तं गाथाहि अज्झभासि –

३४३. पुच्छाम सत्थारं अनोमपञ्ञं, दिट्ठेव धम्मे यो विचिकिच्छानं छेत्ता।
अग्गाळवे–कालमकासि भिक्खु, ञातो यसस्सी अभिनिब्बुतत्तो ।। १ ।।
३४४. निग्रोधकप्पो इति तस्स नामं, तया कतं भगवा ब्राह्मणस्स।
सो तं नमस्सं अचरी मुत्यपेक्खो, आरद्धविरियो दळ्हधम्मदस्सी ।। २ ।।
३४५. तं सावकं सक्क मयम्पि सब्बे, अञ्ञातुमिच्छाम समन्तचक्खु।
समवट्ठिता नो सवणाय सोता, तुवं नो सत्था त्वमनुत्तरोसि ।। ३ ।।
३४६. छिन्देव नो विचिकिच्छं ब्रूहि मेतं, परिनिब्बुतं वेदय भूरिपञ्ञ।
मज्झेव नो भास समन्तचक्खु, सक्को'व देवानं सहस्सनेत्तो ।। ४ ।।
३४७. ये केचि गन्था इध मोहमग्गा, अञ्ञाणपक्खा विचिकिच्छट्ठाना।
तथागतं पत्वा न ते भवन्ति, चक्खुं हि एतं परमं नरानं ।। ५ ।।
३४८. नो चे हि जातु पुरिसो किलेसे, वातो यथा अब्भघनं विहाने।
तमोवस्स निबुतो सब्बलोको, न जोतिमन्तोपि नरा तपेय्युं ।। ६ ।।
३४९. धीरा च पज्जोतकरा भवन्ति, तं तं अहं धीर तथेव मञ्ञे ।
विपस्सिनं जानमुपागमम्हा, परिसासु नो आविकरोहि कप्पं ।। ७ ।।
३५०. खिप्पं गिरं एरय वग्गु वग्गुं, हंसोव पग्गय्ह सणिं निकूज।
विन्दुस्सरेन सुविकप्पितेन, सब्बेव ते उज्जुगता सुणोम ।। ८ ।।
३५१. पहीनजातिमरणं असेसं, निग्गय्ह धोनं वदेस्सामि धम्मं।
न कामकारो हि पुथुज्जनानं, संखेय्यकारो च तथागतानं ।। ९ ।।
३५२. सम्पन्नवेय्याकरणं तवेदं, समुज्जुपञ्ञस्स समुग्गहीतं।
अयमञ्जलि पच्छिमो सुप्पणामितो, मा मोहयी जानमनोमपञ्ञ ।। १० ।।
३५३. परोवरं अरियधम्मं विदित्वा, मा मोहयी जानमनोमविरिय।
वारिं यथा धम्मनि धम्मतत्तो, वाचाभिकङ्खामि सुतं पवस्स ।। ११ ।।

પછી આયુષ્માન વંગીસ આસન ઉપરથી ઊભો થયો, અને ચીવર એક ખભા ઉપર લઈને ભગવાનની સામે હાથ જોડીને બોલ્યોઃ

૩૪૩. ઈહલોકમાં જે અમારી શંકાઓનું સમાધાન કરે છે તે શાસ્તાને અમે પૂછીએ છીએ કે અગ્ગાળવમાં જે પ્રસિદ્ધિ, યશસ્વી અને શાંતચિત્ત ભિક્ષુ મરણ પામ્યો (૧)

૩૪૪. તે બ્રાહ્મણનું, હે ભગવન્, તમે નિગ્રોધકપ્પ એવું નામ આપ્યું. તે પ્રયત્નશીલ, નિર્વાણને જાણનારો મુકિતલાભને અર્થે તમારી પૂજા કરીને રહેતો. (૨)

૩૪૫. હે શાકય, હે સમંતચક્ષુ, તે શ્રાવકની શી ગતિ થઈ એ જાણવાની અમારી બધાની ઈચ્છા છે. તે સાંભળવા માટે અમારા કાન તત્પર થયા છે. તમે અમારા શાસ્તા અને તમે લોકોત્તર છો. (૩)

૩૪૬. હે વિપુલપ્રજ્ઞ, અમારી શંકાનું સમાધાન કરો; તે પરિનિર્વાણ પામ્યો કે નહિ એ અમને કહો. હે સમંતચક્ષુ, સહસ્ત્રનેત્ર શક્ર જેમ દેવો પાસે બોલે છે તેમ આપ અમારી પાસે બોલો. (૪)

૩૪૭. ઈહલોકમાં મોહ તરફ લઈ જનાર અજ્ઞાનપક્ષને રહેલા સંશયસ્થાનરૂપી જે ગ્રંથી હોય છે તે (ગ્રંથી) તથાગત પાસે આવીને નષ્ટ થાય છે, કેમ કે તે મનુષ્યો માટે આંખ જેવો છે. (૫)

૩૪૮. પવન જેમ મેઘપટલને વિખેરી નાખે છે તેમ તમારા જેવો પુરુષ લોકોના કલેશ દૂર ન કરે તો ઈહલોક અંધકારથી વ્યાપ્ત થશે, અને દ્યુતિમાન મનુષ્યો પણ પ્રકાશશે નહિ. (૬)

૩૪૯. બુદ્ધિમાન પુરુષો પ્રકાશ આપનારા થાય છે. હે ધીર, આપ પણ એવા જ છો એમ હું સમજું છું. આપ દિવ્ય-દૃષ્ટિ છો એમ જાણીને અમે આપની પાસે આવ્યા છીએ. કપ્પની શી ગતિ થઈ તે અમને આ સભામાં કહો. (૭)

૩૫૦. હંસ જેમ સુંદર અને સ્પષ્ટ શબ્દોમાં ધીમેથી ગાન કરે છે તેમ આપ પણ વિલંબ ન કરતાં મધુર વચન બોલો. અમે બધા સરળતાથી આપનું ભાષણ સાંભળીએ છીએ. (૮)

૩૫૧. જેનું અશેષ જન્મમરણ નષ્ટ થયું છે અને જે ધૂતપાપ છે એવા તમારી પાસે અમે આગ્રહપૂર્વક ધર્મ બોલાવીએ છીએ. કારણ કે સામાન્ય માણસો ઈચ્છિત પ્રશ્નોના જવાબ આપી શકતા નથી, અને તથાગત પ્રજ્ઞાપૂર્વક ઈચ્છિત પ્રશ્નોના જવાબ આપી શકે છે. (૯)

૩૫૨. અત્યંત સરળ પ્રજ્ઞાવાળા આપે આપેલો પ્રશ્નનો જવાબ ઉત્તમ ગણવામાં આવે છે. હે ઉત્તમપ્રજ્ઞ, આ હું આપને ફરી હાથ જોડું છું. આપ જાણો છો, એટલે અમને મોહમાં ન રાખો. (૧૦)

૩૫૩. હે મહાવીર, નાનામોટા આર્યધર્મ આપ જાણો છો એટલે અમને મોહમાં ન રાખો. ઉનાળામાં તાપથી શ્રાન્ત થયેલો માણસ જેમ પાણીની ઈચ્છા રાખે છે તેમ હું આપના વચનની ઈચ્છા રાખું છું. અમારી કર્ણેન્દ્રિય ઉપર (સદ્ધર્મનો) વર્ષાવ કરો. (૧૧)

३५४. यदत्थिकं ब्रह्मचरियं अचारि, कप्पायनो कच्चिस्स तं अमोघं।।
निब्बायि सो अनुपादिसेसो, यथा विमुत्तो अहु तं सुणोम" ।। १२ ।।
३५५. अच्छेच्छि तण्हं इध नामरूपे (इति भगवा), कण्हस्स सोतं
दीघरत्तानु सयितं।
अतारि जातिमरणं असेसं, इच्चब्रवी भगवा पञ्चसेट्ठो ।। १३ ।।
३५६. एस सुत्वा पसीदामि, वचो ते इसिसत्तम ।
अमोघं किर मे पुट्ठं न मं वञ्चेसि ब्राह्मणो ।। १४ ।।
३५७. यथावादी तथाकारी अहु बुद्धस्स सावको!
अच्छिद्दा मच्चुनो जालं, ततं मायाविनो दळ्हं ।। १५ ।।
३५८. अद्दस भगवा आदिं उपदानस्स कप्पियो ।
अच्चगा वत कप्पायनो, मच्चुधेय्यं सुदुत्तरं'न्ति ।। १६ ।।

वङ्गीससुत्तं निट्ठितं।

२५

सम्मापरिब्बाजनिय-सुत्तं (१३)

३५९. पुच्छाम मुनिं पहूतपञ्ञं, तिण्णं परिनिब्बुतं ठितत्तं।
निक्खम्म घरा पनुज्ज कामे, कथं (भिक्खु) सम्मा
सो लोके परिब्बजेय्य ।। १ ।।
३६०. यस्स मङ्गला समूहता (इति भगवा), उप्पाता सुपिना च लक्खणा च।
सो मङ्गलदोसविप्पहीनो, सम्मा सो लोके परिब्बजेय्य ।। २ ।।
३६१. रागं विनयेथ मानुसेसु, दिब्बेसु कामेसु चापि भिक्खु।
अतिक्कम्म भवं समेच्च धम्मं, सम्मा सो लोके परिब्बजेय्य।। ३ ।।
३६२. विपिट्ठि कत्वा पेसुनानि, कोधं कदरियं जहेय्य भिक्खु।
अनुरोध-विरोध-विप्पहीनो, सम्मा सो लोके परिब्बजेय्य ।। ४ ।।
३६३. हित्वा पियं च अप्पियं च, अनुपादाय अनिस्सितो कुहिञ्चि।
संयोजनियेहि विप्पमुत्तो, सम्मा सो लोके परिब्बजेय्य ।। ५ ।।

૩૫૪. જેને માટે કપ્પે બ્રહ્મચર્યનું આચરણ કર્યું તે તેને મળ્યું ? તે અનુપાદિશેષ નિર્વાણ પામ્યો ? તે કેમ વિમુક્ત થયો એ અમે જાણવા માગીએ છીએ. (૧૨)

૩૫૫. પંચવર્ગીય ભિક્ષુઓમાં શ્રેષ્ઠ ભગવાન બોલ્યા કે નામરૂપ સંબંધી તૃષ્ણા એ કૃષ્ણનો (મારનો) ચિરકાલથી ચાલતો ગુપ્ત પ્રવાહ તેણે તોડી નાંખ્યો અને તે નિઃશેષ જન્મમરણ તરી ગયો. (૧૩)

૩૫૬. હે ઋષિસત્તમ, આ હું આપના વચનથી આનંદિત થાઉં છું. મારી પૃચ્છા સફળ થઈ. બ્રાહ્મણે (બુદ્ધે) મને ફસાવ્યો નથી. (૧૪)

૩૫૭. તે (કપ્પ) બુદ્ધનો શ્રાવક જેવું બોલે તે પ્રમાણે આચરનારો હતો, સર્વત્ર પથરાયેલ માયાવી મૃત્યુની મજબૂત જાળ તેણે તોડી નાંખી. (૧૫)

૩૫૮. હે ભગવન, કપ્પે ઉપાદાનનું (સંસારનું) મૂળ જોયું. આ દુસ્તર મૃત્યુધ્યેય કપ્પ ખરેખર જ તરી ગયો. (૧૬)

વંગીસસુત્ત સમાપ્ત

૨૫

સમ્માપરિબ્બાજનિયસુત્ત (૧૩)

૩૫૯. પ્રભૂતપ્રજ્ઞ, તરીને પાર ગયેલા, પરિનિર્વૃત્ત અને સ્થિતાત્મા એવા મુનિને હું પૂછું છું કે (કોઇ) ભિક્ષુ ઘર છોડીને અને મોજમજાના પદાર્થોનો ત્યાગ કરીને આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક કઇ રીતે થાય ? (૧)

૩૬૦. ઉત્સવ, ઉલ્કાપાતાદિનાં અને સ્વપ્નનાં ફળ અને સ્ત્રીપુત્રાદિનાં લક્ષણો ઉપરથી જ જેનો વિશ્વાસ ઉઠી ગયો હોય, જે ઉત્સવોના દોષોથી મુક્ત હોય તે આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય (૨)

૩૬૧. જે ભિક્ષુ લૌકિક કે દિવ્ય કામસુખમાં આસક્ત થતો નથી તે સંસારનું અતિક્રમણ કરીને અને ધર્મ જાણીને આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૩)

૩૬૨. જે ભિક્ષુ ચાડીનો ત્યાગ કરીને ક્રોધ અને કૃપણતાને છોડી દે છે તે અનુરોધવિરોધથી મુક્ત થઇને આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૪)

૩૬૩. પ્રિય અને અપ્રિયનો ત્યાગ કરીને સર્વત્ર અનાસક્ત અને અનિશ્રિત અને સંયોજનથી મુક્ત હોય તે આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૫)

३६४. न सो उपधीसु सारमेति; अदानेसु विनेय्य छन्दरागं ।
सो अनिस्सितो अनञ्ञनेय्यो सम्मा सो लोके परिब्बजेय्य ॥ ६ ॥
३६५. वचसा मनसा च कम्मना च, अविरुद्धो सम्मा विदित्वा धम्मं।
निब्बाणपदाभिपत्थयानो, सम्मा सो लोके परिब्बजेय्य ॥ ७ ॥
३६६. यो वन्दन्ति मन्ति न उण्णमेय्य, अक्कुट्ठोऽपि न सन्धियेथ भिक्खु।
लद्धा परभोजनं न मज्जे, सम्मा सो लोके परिब्बजेय्य ॥ ८ ॥
३६७. लोभं च भवं च विप्पहाय, न च भिक्खु हिंसेय्य कञ्चि लोके।
सो तिण्णकथंकथो विसल्लो, सम्मा सो लोके परिब्बजेय्य ॥ ९ ॥
३६८. सारुप्पमत्तनो विदित्वा न च भिक्खु हिंसेय्य कञ्चि लोके।
यथातथियं विदित्वा धम्मं, सम्मा सो लोके परिब्बजेय्य ॥ १० ॥
३६९. यस्सानुसया न सन्ति केचि, मूला अकुसला समूहतासे ।
सो निरासयो अनासयानो, सम्मा सो लोके परिब्बजेय्य ॥ ११ ॥
३७०. आसवखीणो पहीनमानो, सब्बं रागपथं उपातिवत्तो ।
दन्तो परिनिब्बुतो ठितत्तो, सम्मा सो लोके परिब्बजेय्य ॥ १२ ॥
३७१. सद्धो सुतवा नियामदस्सी वग्गगतेसु न वग्गसारी धीरो।
लोभं दोसं विनेय्य पटिघं, सम्मा सो लोके परिब्बजेय्य ॥ १३ ॥
३७२. संसुद्धजिनो विवत्तच्छद्दो, धम्मेसु वसी पारगू अनेजो ।
सङ्खारनिरोधञाणकुसलो, सम्मा सो लोके परिब्बजेय्य ॥ १४ ॥
३७३. अतीतेसु अनागतेसु चापि, कप्पातीतो अतिच्च सुद्धिपञ्ञो ।
सब्बायतनेहि विप्पमुत्तो, सम्मा सो लोके परिब्बजेय्य ॥ १५ ॥
३७४. अञ्ञाय पदं समेच्च धम्मं, विवटं दिस्वान पहानमासवानं ।
सब्बूपधीनं परिक्खयानो, सम्मा सो लोके परिब्बजेय्य ॥ १६ ॥
३७५. अद्धा हि भगवा तथेव एतं, यो सो एवं विहारी दन्तो भिक्खु ।
सब्बसंयोजनिये च वीतिवत्तो, सम्मा सो लोके परिब्बजेय्या'ति ॥ १७ ॥

सम्मापरिब्बाजनियसुत्तं निट्ठितं ।

૩૬૪. તે ઉપાધિમાં સાર માનતો નથી, ગ્રહણ કરવામાં છંદરાગ (લોભ)નું નિરસન કરે છે, અનિશ્રિત અને અનન્યનેય એવો તે આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૬)

૩૬૫. સારી રીતે ધર્મ જાણીને જે વાચા, મન અને કર્મથી બીજાની સાથે અવિરુદ્ધ (વર્તે), જે નિર્વાણપદની ઇચ્છા રાખે તે આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૭)

૩૬૬. જે ભિક્ષુ લોકો પોતાને વંદન કરે છે એમ માનીને ઉન્નત થતો નથી, અને ગાળો ભાંડયા છતાં વેર વાળવાની બુદ્ધિ ધરાવતો નથી, અને બીજાનું આપેલું અન્ન મળ્યાં છતાં અસાવધાનીથી વર્તતો નથી તે આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૮)

૩૬૭. લોભ અને સંસાર છોડીને છેદનબંધનથી વિરત થયેલો, શંકા તરી ગયેલો, તૃષ્ણાશલ્યરહિત ભિક્ષુ આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૯)

૩૬૮. પોતાનું કર્તવ્ય સમજીને આ જગતમાં કોઈની પણ હિંસા ન કરનારો ભિક્ષુ યથાતથ ધર્મ જાણીને આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૧૦)

૩૬૯. જે ભિક્ષુના અંતઃકરણમાં પાપાનુશય રહ્યા ન હોય, જેણે અકુશલનાં મૂળ ઉખેડી નાખ્યાં હોય, જે નિસ્તૃષ્ણ અને નિઃસ્પૃહ હોય તે આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૧૧)

૩૭૦. જેના આસ્ત્રવ ક્ષીણ થયા અને અહંકાર નષ્ટ થયો, જે કામસુખનો સર્વ માર્ગ છોડીને પાર થયો, જે દાન્ત, પરિનિર્વૃત્ત અને સ્થિતાત્મા હોય તે જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય (૧૨)

૩૭૧. શ્રદ્ધાવાન, શ્રુતસંપન્ન, સમ્યગ્માર્ગદર્શી, પક્ષપાતી લોકોમાં પક્ષપાત ન કરનારો ધીર પુરુષ લોભ, દ્વેષ અને ક્રોધનો ત્યાગ કરીને આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૧૩)

૩૭૨. શુદ્ધ માર્ગથી ક્લેશને જીતનાર, લોભ, દ્વેષ અને મોહનાં આવરણથી વિરહિત, ધર્મમાં પ્રવીણ, સંસારપારગ, અપ્રકંપ્ય, અને સંસ્કારનિરોધના જ્ઞાનમાં કુશળ ભિક્ષુ આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૧૪)

૩૭૩. અતીત અને અનાગત સંસ્કારની કલ્પનાની પાર ગયેલો, અત્યંત શુદ્ધ પ્રજ્ઞાવાળો, અને બધાં આયતનોથી મુકત ભિક્ષુ આ જગતમાં સમ્યક પરિવ્રાજક થાય. (૧૫)

૩૭૪. આર્ય સત્યો જાણીને અને ધર્મને સમજી લઈને અને આસ્ત્રવનો નાશ સ્પષ્ટતાથી જોઈને જે સર્વ ઉપાધિઓનો ક્ષય કરે છે તે આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૧૬)

૩૭૫. હે ભગવન્, આ આપનું કહેવું યથાર્થ છે. જે ભિક્ષુ આ રીતે દાન્ત અને બધાં સંયોજનોથી મુકત થઈને રહે તે આ જગતમાં સમ્યક્ પરિવ્રાજક થાય. (૧૭)

સમ્માપરિબ્બાજનિયસુત્ત સમાપ્ત

धम्मिक-सुत्तं (१४)

एवं मे सुतं । एकं समयं भगवा सावत्थियं विहरति जेतवने अनाथपिण्डिकस्स आरामे । अथ खो धम्मिको उपासको पञ्चहि उपासकसतेहि सद्धिं येन भगवा तेनुपसङ्कमि, उपसङ्कमित्वा भगवन्तं अभिवादेत्वा एकमन्तं निसीदि । एकमन्तं निसिन्नो खो धम्मिको उपासको भगवन्तं गाथाहि अज्झभासि:–

३७६. पुच्छामि तं गोतम भूरिपञ्ञ, कथंकरो सावको साधु होति ।
यो वा अगारा अनगारमेति, अगारिनो वा पनुपासकासे ।। १ ।।

३७७. तुवंहि लोकस्स सदेवकस्स, गतिं पजानासि परायणं च ।
न चत्थि तुल्यो निपुणत्थदस्सी, तुवं हि बुद्धं पवरं वदन्ति ।। २ ।।

३७८. सब्बं तुवं ञाणमवेच्च धम्मं, पकासेसि सत्ते अनुकम्पमानो ।
विवत्तच्छद्दोसि समन्तचक्खु, विरोचसि विमलो सब्बलोके ।। ३ ।।

३७९. आगञ्छि वे सन्तिके नागराजा, एरावणो नाम जिनोति सुत्वा ।
सोपि तया मन्तयित्वा अज्झगमा, साधूति सुत्वान पतीतरूपो ।। ४ ।।

३८०. राजापि तं वेस्सवणो कुबेरो, उपेति धम्मं परिपुच्छमानो ।
तस्सापि त्वं पुच्छितो ब्रूसि धीर, सो चापि सुत्वान पतीतरूपो ।। ५ ।।

३८१. ये केचिमे तित्थिया वादसीला, आजीविका वा यदि वा निगण्ठा।
पञ्ञाय तं नातितरन्ति सब्बे, ठितो वजन्तं विय सीघगामिं ।। ६ ।।

३८२. ये केचिमे ब्राह्मणा वादसीला, बुद्धा चापि ब्राह्मणा सन्ति केचि।
सब्बे तयि अत्थबद्धा भवन्ति, ये वापि चञ्ञे वादिनो मञ्ञमाना।। ७ ।।

३८३. अयं हि धम्मो निपुणो सुखो च, योयं तया भगवा सुप्पवुत्तो।
तमेव सब्बे सुस्सूसमाना, त्वं नो वद पुच्छितो बुद्धसेट्ठ ।। ८ ।।

३८४. सब्बेपिमे भिक्खवो संनिसिन्ना, उपासका चापि तथेव सोतुं।
सुणन्तु धम्मं विमलेनानुबुद्धं, सुभासितं वासवस्सेव देवा ।। ९ ।।

ધમ્મિકસુત્ત (૧૪)

એવું મે સાંભળ્યું છે. એકવાર ભગવાન શ્રાવસ્તીના જેતવનમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. તે વખતે ધમ્મિક ઉપાસક પાંચસો ઉપાસકોને સાથે લઈને ભગવાન પાસે આવ્યો અને નમસ્કાર કરીને એક બાજુએ બેસીને ધમ્મિક ભગવાનને નીચેની ગાથાઓ કહી :

૩૭૬. હે વિપુલપ્રજ્ઞ ગોતમ, તમને હું પૂછું છું કે ગૃહત્યાગ કરીને અનાગારિક બનેલો, અને ગૃહસ્થાશ્રમમાં રહેનારો ઉપાસક, એ શ્રાવકોમાં કયો શ્રાવક સારો ? (૧)

૩૭૭. કારણ તમે દેવો સહિત બધા જગતની ગતિ અને કર્મફળ જાણો છો. તમારા જેવો સૂક્ષ્માર્થદર્શી બીજો નથી. અને માટે જ તમને બુદ્ધશ્રેષ્ઠ કહે છે. ક૨)

૩૭૮. તમે બધા જ્ઞાનનો બોધ કરીને પ્રાણીઓ ઉપરની દયાને લીધે ધર્મ પ્રકાશિત કરો છો. લોભ, દ્વેષ અને મોહનાં આવરણો તમે દૂર કર્યાં છે. સમન્તચક્ષુ, તમે સર્વ લોકોમાં નિર્મળપણે પ્રકાશો છો. (૩)

૩૭૯. તમે જિન છો એ સાંભળીને ઐરાવણ નાગરાજા તમારી પાસે આવ્યો અને તેણે પણ તમારી સાથે સંભાષણ કરીને પ્રસન્ન ચિત્તે તમને ધન્યવાદ આપ્યા. (૪)

૩૮૦. વૈશ્રવણ કુબેર રાજા પણ ધર્મ પૂછવા માટે તમારી પાસે આવે છે. હે ધીર, તેને પણ તમે યોગ્ય જવાબ આપો છો, અને તે પણ તમારું ભાષણ સાંભળીને પ્રસન્નચિત્ત થાય છે. (૫)

૩૮૧. ઉભો રહેનારો જેમ દોડનારની પાછળ પડી શકતો નથી, તેમ આજીવક, નિર્ગ્રન્થ વગેરે વાદપ્રવીણ તીર્થંકર શ્રાવકો પ્રજ્ઞામાં તમારી બરાબરી કરી શકતા નથી. (૬)

૩૮૨. જેઓ વાદપ્રવીણ તરુણ અથવા વૃદ્ધ બ્રાહ્મણ અથવા બીજા કોઈ પોતાને વાદપ્રવીણ માનનારા, તેઓ પણ તમારી પાસેથી અર્થજ્ઞાન મેળવવા મથે છે. (૭)

૩૮૩. હે ભગવન્, આ જે સૂક્ષ્મ અને સુખાવહ ધર્મ તમે ઉત્તમ રીતે કહ્યો તે જ સાંભળવાની ઈચ્છાથી અમે બધા આવ્યા છીએ. હે બુદ્ધશ્રેષ્ઠ, અમે આ તમને પૂછીએ છીએ તો તમે અમને કહો. (૮)

૩૮૪. આ બધા ભિક્ષુઓ તેમજ બધા ઉપાસકો તમારું ભાષણ સાંભળવા માટે અહીં બેઠા છે. ઈંદ્રનું સુભાષિત વચન જેમ બધા દેવો સાંભળે છે તેમ તેઓ નિર્મળ બુદ્ધે જાણેલો ધર્મ સાંભળો. (૯)

३८५. सुणाथ मे भिक्खवो सावयामि वो, धम्मं धुतं तं च धराथ सब्बे।
इरियापथं पब्बजितानुलोमिकं, सेवेथ नं अत्थदस्सी मुतीमा ।। १० ।।
३८६. न वे विकाले विचरेय्य भिक्खु, गामं च पिण्डाय चरेय्य काले।
अकालचारिं हि सजन्ति संगा तस्मा विकाले न चरन्ति बुद्धा ।। ११ ।।
३८७. रुपा च सद्दा च रसा च गंधा, फस्सा च ये संमदयन्ति सत्ते।
एतेसु धम्मेसु विनेय्य छन्दं, कालेन सो पविसे पातरासं ।। १२ ।।
३८८. पिण्डं च भिक्खु समयेन लद्धा, एको पटिक्कम्म रहो निसीदे ।
अज्झत्तचिन्ती न मनो बहिद्धा, निच्छारये संगहितत्तभावो ।। १३ ।।
३८९. सचेपि सो सल्लपे सावकेन, अञ्ञेन वा केनचि भिक्खुना वा ।
धम्मं पणीतं तमुदाहरेय्य, न पेसुणं नोऽपि परूपवादं ।। १४ ।।
३९०. वादं हि एके पटिसेनियन्ति, न ते. पसंसाम परित्तपञ्ञे ।
ततो ततो ने पसजन्ति संगा, चित्तं हि ते तत्थ गमेन्ति दूरे ।। १५ ।।
३९१. पिण्डं विहारं सयनासनं च, आपं च सङ्घाटिरजूपवाहनं ।
सुत्वान धम्मं सुगतेन देसितं, सङ्खाय सेवे वरपञ्ञसावको ।। १६ ।।
३९२. तस्मा हि पिण्डे सयनासने च, आपे च सङ्घाटिरजूपवाहने ।
एतेसु धम्मेसु अनूपलित्तो, भिक्खु यथा पोक्खरे वारिबिन्दु ।। १७ ।।
३९३. गहट्ठवत्तं पन वो वदामि, यथाकरो सावको साधु होति ।
न हेसो लब्भा सपरिग्गहेन, फस्सेतुं यो केवलो भिक्खुधम्मो ।। १८ ।।
३९४. पाणं न हाने न च घातयेय्य, न चानुजञ्ञा हननं परेसं ।
सब्बेसु भूतेसु निधाय दण्डं, ये थावरा ये च तसन्ति लोके ।। १९ ।।
३९५. ततो अदिन्नं परिवज्जयेय्य, किञ्चि क्वचि सावको बुज्झमानो ।
न हारये हरतं नानुजञ्ञा, सब्बं अदिन्नं परिवज्जयेय्य ।। २० ।।
३९६. अब्रह्मचरियं परिवज्जयेय्य, अङ्गारकासुं जलितंव विञ्ञू ।
असंभुणन्तो पन ब्रह्मचरियं, परस्स दारं नातिक्कमेय्य ।। २१ ।।
३९७. सभग्गतो वा परिसग्गतो वा, एकस्स वेको न मुसा भणेय्य ।
न भासये भणतं नानुजञ्ञा, सब्बं अभूतं परिवज्जयेय्य ।। २२ ।।

૩૮૫. (ભગવાન-) હે ભિક્ષુઓ, મારું સાંભળો, ધૃતપાપ એવો ધર્મ તમને કહું છું, તેને તમે બધા ધારણ કરો. અર્થદર્શી મતિમાન ભિક્ષુએ પરિવ્રાજકોને અનુકૂળ એવી હાલચાલ સ્વીકારવી. (૧૦)

૩૮૬. ભિક્ષુએ અકાળે ભિક્ષા માટે જવું નહિ. તેણે વખતસર જ ગામમાં ભિક્ષાએ જવું. કારણ કે અકાળે ભિક્ષા માટે જનારાને સંસર્ગ ઉત્પન્ન થાય છે. માટે બુદ્ધ અકાળે ભિક્ષા માટે જતા નથી. (૧૧)

૩૮૭. રૂપ, શબ્દ, ગંધ, અને સ્પર્શ એ પ્રાણીઓને મોહ પમાડનારા વિષયોમાં આસકિત છોડીને તેણે બપોરના જમણ માટે ગામમાં જવું. (૧૨)

૩૮૮. વખતસર મળેલી ભિક્ષા ગ્રહણ કરીને ત્યાંથી નીકળી તેણે એકાન્તમાં બેસવું; અધ્યાત્મચિંતનમાં રત અને એકાગ્રચિત્ત થઈને તેણે પોતાના મનને બહાર ન જવા દેવું. (૧૩)

૩૮૯. તે જો શ્રાવક સાથે અથવા બીજા ભિક્ષુની સાથે બોલવા માંડે તો તેણે ફકત ઉત્તમ ધર્મ સંબંધે જ બોલવું; ચાડી ખાવી નહિ અને બીજાને દોષ ન દેવો. (૧૪)

૩૯૦. કેટલાક વાવવિવાદથી બીજાનો પરાજય કરવા માગે છે. તે અલ્પ બુદ્ધિવાળા લોકોની અમે પ્રશંસા કરતા નથી. કારણ કે તે વિષયોમાં તેઓ આસકત થાય છે, અને પોતાના ચિત્તને કર્તવ્યથી દૂર લઈ જાય છે. (૧૫)

૩૯૧. વરપ્રજ્ઞ (બુદ્ધ)ના શ્રાવકે સુગતે ઉપદેશેલો ધર્મ સાંભળીને ભિક્ષા, વિહાર, રહેવાની જગ્યા, પાણી અને ચીવરો ધોવા વગેરેનું વિચારપૂર્વક સેવન કરવું. (૧૬)

૩૯૨. માટે ભિક્ષા, રહેવાની જગ્યા, પાણી અને ચીવરો ધોવાં એ બાબતોમાં અનુલિપ્ત રહીને ભિક્ષુએ કમળ ઉપરના જલબિંદુની માફક રહેવું. (૧૭)

૩૯૩. હવે જે રીતે વર્તવાથી શ્રાવક સજ્જન થાય તે ગૃહસ્થનું વ્રત હું કહું છું. સપરિગ્રહ ગૃહસ્થ માટે કેવળ ભિક્ષુધર્મ મુજબ વર્તવું શકય નથી. (૧૮)

૩૯૪. તેણે પ્રાણહાનિ કરવી નહિ કે કરાવવી નહિ; અથવા એવું કરનારાને ઉત્તેજન આપવું નહિ. સર્વ ભૂતમાત્ર પ્રત્યે, પછી તે સ્થિર હો કે ચર હો, દંડબુદ્ધિ (શિક્ષાવૃત્તિ)નો ત્યાગ કરીને વર્તવું. (૧૯)

૩૯૫. તે પછી સમજુ શ્રાવકે કોઈ જગ્યાએ કોઇ પણ વસ્તુની ચોરી છોડી દેવી, બીજા પાસે ચોરી કરાવવી નહિ, અથવા ચોરી કરનારાને ઉતેજન ન આપવું; આ રીતે બધા અદત્તાદાનનો ત્યાગ કરવો. (૨૦)

૩૯૬. તે સુજ્ઞે ધગધગતા સળગતા કોલસાની ખાઇની જેમ અબ્રહ્મચર્યનો ત્યાગ કરવો. પણ જો બ્રહ્મચર્યનું પાલન અશકય હોય તો અંતે પરદારાગમન તો ન જ કરવું. (૨૧)

૩૯૭. સભામાં, પરિષદમાં અથવા એકલા જ બીજા સાથે બોલતા હોઈએ ત્યારે ખોટું ન બોલવું, બીજા પાસે ન બોલાવવું અને ખોટું બોલનારાને ઉત્તેજન ન આપવું, આ રીતે બધા અસત્યનો ત્યાગ કરવો. (૨૨)

३९८. मज्जं च पानं न समाचरेय्य, धम्मं इमं रोचये यो गहट्ठो ।
न पायये पिबतं नानुजञ्ञा, उम्मादनन्तं इति नं विदित्वा ।। २३ ।।
३९९. मदा हि पापानि करोन्ति बाला, करोन्ति चञ्ञेऽपि जने पमत्ते ।
एतं अपुञ्ञायतनं विवज्जये, उम्मादनं मोहनं बालकन्तं ।। २४ ।।
४००. पाणं न हाने न चादिन्नमादिये, मुसा न भासे न च मज्जपो सिया।
अब्रह्मचरिया विरमेय्य मेथुना, रतिं न भुञ्जेय्य विकालभोजनं ।। २५ ।।
४०१. मालं न धारे न च गन्धमाचरे, मञ्चे छमायं च सयेथ सन्थते ।
एतं हि अट्ठङ्गिकमाहुपोसथं, बुद्धेन दुक्खन्तगुना पकासितं ।। २६ ।।
४०२. ततो च पक्खस्सुपवस्सुपोसथं, चातुद्दसिं पञ्चदसिं च अट्ठमिं ।
पाटिहारियपक्खं च पसन्नमानसो, अट्ठङ्गुपेतं सुसमत्तरूपं ।। २७ ।।
४०३. ततो च पातो उपवुत्थुपोसथो, अन्नेन पानेन च भिक्खुसङ्घं ।
पसन्नचित्तो अनुमोदमानो, यथारहं संविभजेथ विञ्ञू ।। २८ ।।
४०४. धम्मेन मातापितरो भरेय्य, पयोजये धम्मिकं सो वणिज्जं ।
एतं गिही वत्तयं अप्पमत्तो, सयंपभे नाम उपेति देवे'ति ।। २९ ।।

धम्मिकसुत्तं निट्ठितं ।

चूलवग्गो दुतियो
तस्स वग्गस्स उदानं

रतनं आमगन्धं च हिरिमंगलमुत्तमं,
सूचिलोमो धम्म-चरिया पुन ब्राह्मण-धम्मिकं ।
नावा च सुत्तं किंसील उट्ठानं अथ राहुलो
कप्पो च परिब्बाजो धम्मिका च पुनापरं
चुद्दसेतानि सुत्तानि चूलवग्गो'ति वुच्चति।।

૩૯૮. જે ગૃહસ્થ આ બુદ્ધધર્મ પાળે તેણે મદ્યપાન ન કરવું; બીજાને મદ્ય ન આપવું, અને પીનારાને ઉત્તેજન ન આપવું; તે ઉન્માદકારક છે એમ સમજીને વર્તવું. (૨૩)

૩૯૯. કારણ કે દારુના ઘેનમાં મૂર્ખ લોકો પાપાચરણ કરે છે અને બીજા લોકોને પણ પ્રમત્ત કરે છે. પાપનું આયતન, ઉન્માદકારક, મોહકારક અને મૂર્ખપ્રિય એવા આ કૃત્યને વર્જ્ય કરવું. (૨૪)

૪૦૦. પ્રાણઘાત ન કરવો, ચોરી ન કરવી, ખોટું ન બોલવું, મદ્યપી ન થવું, અબ્રહ્મચર્ય અને સ્ત્રીસંગથી વિરત થવું, અને અકાળે એટલે રાતે ન જમવું. (૨૫)

૪૦૧. માળા ધારણ ન કરવી, ચંદન ન લગાડવું, સાદી પાટ ઉપર અથવા જમીન ઉપર સૂવું, દુઃખની પાર ગયેલા બુદ્ધે પ્રકાશિત કરેલો આ અષ્ટંગ ઉપોસથ છે એમ કહે છે. (૨૬)

૪૦૨. અને આ અષ્ટાંગવાળો સુસંપન્ન ઉપોસથ દરપખવાડિયે ચૌદશ, પૂનમ અને આઠમ એ ત્રણ દિવસોએ અને વર્ષાકાળમાં પ્રસન્ન મનથી પાળવો. (૨૭)

૪૦૩. ત્યારપછી ઉપોસથને બીજે દિવસે પ્રભાતે તે સુજ્ઞે પ્રસન્ન ચિત્તથી ભિક્ષુસંઘનું અનુમોદન કરીને ભિક્ષુઓમાં યથાયોગ્ય અન્ન અને પાન વહેંચવા. (૨૮)

૪૦૪. ધર્મમાર્ગથી મા-બાપનું પાલન કરવું અને ધાર્મિક રીતે વેપાર કરવો. આ રીતે ગૃહસ્થ જો સાવધાનતાથી વર્તે તો સ્વયંપ્રભ નામના દેવલોકમાં જન્મ પામે છે. (૨૯)

ધમ્મિકસુત્ત સમાપ્ત

ચૂળ વગ્ગ બીજો સમાપ્ત

તેની અનુક્રમણિકા રતન, આમગંધ , હિરિ, મંગલ, સૂચિલોમ, ધમ્મચરિયા, બ્રાહ્મણધમ્મિક, નાવા, કિંસીલ, ઉટ્ઠાન, રાહુલ, કપ્પ, પરિબ્બાજક અને ધમ્મિક એ ચૌદ સુત્તો મળીને ચૂળવગ્ગ થાય છે.

३. महावग्गो

२७

पब्बज्जासुत्तं (१)

४०५. पब्बज्जं कित्तयिस्सामि यथा पब्बजि चक्खुमा।
यथा वीमंसमानो सो पब्बज्जं समरोचयि।।१।।

४०६. सम्बाधोऽयं घरावासो रजस्सायतनं इति।
अब्भोकासो च पब्बज्जा इति दिस्वान पब्बजि।।२।।

४०७. पब्बजित्वान कायेन पापकम्मं विवज्जयि।
वचीदुच्चरितं हित्वा आजीवं परिसोधयि।।३।।

४०८. अगमा राजगहं बुद्धो मगधानं गिरिब्बजं।
पिण्डाय अभिहारेसि आकिण्णवरलक्खणो।।४।।

४०९. तमद्दसा बिम्बिसारो पासादस्मिं पतिट्ठितो।
दिस्वा लक्खणसम्पन्नं इममत्थं अभासथ।।५।।

४१०. इमं भोन्तो निसामेथ अभिरूपो ब्रहा सुचि।
चरणेन चेव सम्पन्नो युगमत्तं च पेक्खति।।६।।

४११. ओक्खित्तचक्खु सतिमा नायं नीचकुलामिव।
राजदूता विधावन्तु कुहिं भिक्खु गमिस्सति।।७।।

४१२. ते पेसिता राजदूता पिट्ठितो अनुबन्धिसुं।
कुहिं गमिस्सति भिक्खु कत्थ वासो भविस्सति।।८।।

४१३. सपदानं चरमानो गुत्तद्वारो ससंवुतो।
खिप्पं पत्तं अपूरेसि सम्पजानो पतिस्सतो।।९।।

४१४. सपिण्डचारं चरित्वा निक्खम्म नगरा मुनि।
पण्डवं अभिहारेसि एत्थ वासो भविस्सति।।१०।।

[મહાવગ્ગ ત્રીજો]

૨૭

પબ્બજ્જાસુત્ત (૧)

૪૦૫. તે ચક્ષુષ્માંતે પ્રવ્રજ્યા કેમ લીધી અને કયા વિચારથી તેને પ્રવ્રજ્યા ગમી એ કહીને તેની પ્રવ્રજ્યાનું હું વર્ણન કરું છું. (૧)

૪૦૬. ગૃહવસતિ એ ગરદીવાળી અને મેલથી ભરપૂર અને પ્રવ્રજ્યા એટલે ખુલ્લી હવા, એમ જોઈને તેણે પ્રવ્રજ્યા લીધી. (૨)

૪૦૭. પ્રવ્રજ્યા લઈને તેણે કાયાથી પાપકર્મોનો ત્યાગ કર્યો અને વાચસિક પાપ છોડી દઈને પોતાની ઉપજીવિકા યોગ્ય માર્ગે ચલાવી. (૩)

૪૦૮. બુદ્ધ મગધના ગિરિવ્રજમાં – રાજગૃહમાં ગયા અને જેના શરીર ઉપર ઉત્તમ લક્ષણો ફેલાયેલાં છે એવા તે ભિક્ષા માટે ફરવા લાગ્યા. (૪)

૪૦૯. પોતાના મહેલ ઉપર બેઠેલા બિંબિસાર રાજાએ તેમને જોયા અને તે લક્ષણસંપન્નને જોઈને તે રાજા આમ બોલ્યો. (૫)

૪૧૦. ભો, જુઓ, આ કોઈ સુંદર, ભવ્ય, પવિત્ર, સારા વર્તનવાળો અને કેવળ પોતાના પગ ઉપર જ દૃષ્ટિ રાખીને ચાલ્યો જાય છે. (૬)

૪૧૧. જેની દૃષ્ટિ નીચી છે અને જે સ્મૃતિમાન (દિખાય) છે એવો આ નીચ કુળમાંનો હોય એમ લાગતું નથી. આ ભિક્ષુ કઈ જગ્યાએ જાય છે એ જોવા માટે રાજદૂતોને પાછળ દોડવા દો. (૭)

૪૧૨. આ રીતે મોકલાયેલા તે રાજદૂતો તે ભિક્ષુ કયાં જાય છે અને કયાં રહે છે તે જોવા માટે તેની પાછળપાછળ ગયા. (૮)

૪૧૩. ગુપ્તેંદ્રિય, સુસંવૃત, સાવધ અને જાગૃત એવા તેણે નાનામોટા ઘરનો ટાળો ન કરતાં ભિક્ષા લઈને પોતાનું પાત્ર તરત જ ભરી લીધું. (૯)

૪૧૪. તે મુનિ ભિક્ષા લઈને અને નગરમાંથી બહાર નીકળીને વસતિ કરવા માટે પાંડવ પર્વત પાસે આવ્યો. (૧૦)

४१५. दिस्वान वासूपगतं ततो दूता उपाविसुं।
एको च दूतो आगन्त्वा राजिनो पटिवेदयि।।११।।
४१६. एस भिक्खु महाराज पण्डवस्स पुरक्खतो।
निसिन्नो व्यग्घुसभो'व सीहो'व गिरिगब्भरे।।१२।।
४१७. सुत्वान दूतवचनं भद्दयानेन खत्तियो।
तरमानरूपो निय्यासि येन पण्डवपब्बतो।।१३।।
४१८. स यानभूमिं यायित्वा याना ओरुय्ह खत्तियो।
पत्तिको उपसङ्कम्म आसज्ज नं उपाविसि।।१४।।
४१९. निसज्ज राजा सम्मोदि कथं सारणियं ततो।
कथं सो वीतिसारेत्वा इममत्थं अभासथ।।१५।।
४२०. 'युवा च दहरो चासि पठमुप्पत्तिको सुसु।
वण्णारोहेन सम्पन्नो जातिमा विय खत्तियो।।१६।।
४२१. सोभयन्तो अनीकग्गं नागसङ्घपुरक्खतो।
ददामि भोगे भुञ्जस्सु जातिं अक्खाहि पुच्छितो'।।१७।।
४२२. 'उजुं जनपदो राजा हिमवन्तस्स पस्सतो।
धनविरियेन सम्पन्नो कोसलेसु निकेतिनो।।१८।।
४२३. आदिच्चा नाम गोत्तेन साकिया नाम जातिया।
तम्हा कुला पब्बजितो' म्हि (राज) न कामे अभिपत्थयं।।१९।।
४२४. कामेस्वादीनवं दिस्वा नेक्खम्मं दट्ठु खेमतो।
पधानाय गमिस्सामि एत्थ मे रञ्जति मनो' ति।।२०।।

पब्बज्जासुत्तं निट्ठितं।

૪૧૫. વસતિ માટે રહેલા તેને જોઈને તે દૂતો ત્યાં જ બેઠા અને તેમાંના એકે આવીને રાજાને આ હકીકતથી વાકેફ કર્યો. (૧૧)

૪૧૬. મહારાજ, તે ભિક્ષુ ગિરિગહ્વરમાં રહેનાર વાઘની જેમ, ઋષભની જેમ અથવા સિંહની જેમ પાંડવ પર્વતની તળેટીમાં બેઠો છે. (૧૨)

૪૧૭. દૂતનું વચન સાંભળીને તે ક્ષત્રિય રાજા ઉત્તમ વાહનમાં એકદમ પાંડવ પર્વત તરફ જવા ઊપડ્યો. (૧૩)

૪૧૮. વાહનનો જવાનો રસ્તો હતો ત્યાં સુધી વાહનમાં બેસીને અને પછી વાહનમાંથી નીચે ઊતરીને પગે ચાલતો જ તે ક્ષત્રિય તેની પાસે જઈને બેઠો. (૧૪)

૪૧૯. બેસીને તે રાજાએ તેને કુશળ સમાચાર પૂછ્યા અને કુશળ સમાચારનું ભાષણ પૂરું કરીને તે આ રીતે બોલ્યો. (૧૫)

૪૨૦. તું યુવાન, નાનો, પૂર્વ વયમાં આવેલો કુમાર છે, કાંતિ અને બાંધાથી સંપન્ન એવો તું જાતવંત ક્ષત્રિય જેવો દેખાય છે. (૧૬)

૪૨૧. તને હું સંપત્તિ આપું છું તેનો તું ઉપભોગ કર અને હસ્તિસંઘથી પુરસ્કૃત એવો તું મારી સેનાની આગેવાનીને શોભાવ. માત્ર હું પૂછું છું તેટલી તારી જાત કહે. (૧૭)

૪૨૨. હે રાજા, અહીથી સીધા હિમાલયની તળેટીમાં ધન અને શૌર્યથી સંપન્ન કોસલ રાષ્ટ્રમાં ગણાતો પ્રદેશ છે. (૧૮)

૪૨૩. ત્યાંના લોકોનું ગોત્ર આદિત્ય છે અને જાતે તેઓ શાક્ય છે. તે કુળમાંથી નીકળીને મેં પ્રવ્રજ્યા લીધી તે સંપત્તિની ઇચ્છાથી નહિ. (૧૯)

૪૨૪. વિષયોપભોગમાં દોષ અને નૈષ્કર્મ્યમાં નિર્ભયતા જોઈને હું તપાચરણ માટે જાઉં છું; એમાં જ મારા મનને આનંદ આવે છે. (૨૦)

પબ્બજ્જા સુત્ત સમાપ્ત

२८

पधानसुत्तं (२)

४२५. तं मं पधानपहितत्तं नदिं नेरञ्जरम्पति ।
विपरक्कम्म झायन्तं योगक्खेमसस्स पत्तिया ।।१।।

४२६. नमुची करुणं वाचं भासमानो उपागमि ।
'किसो त्वमसि दुब्बण्णो सन्तिके मरणं तव ।।२।।

४२७. सहस्सभागो मरणस्स एकंसो तव जीवितं ।
जीव भो जीवितं सेय्यो जीवं पुञ्ञानि काहसि।।३।।

४२८. चरतो ते ब्रह्मचरियं अग्गिहुत्तं च जूहतो ।
पहूतं चीयते पुञ्ञं किं पधानेन काहसि ।।४।।

४२९. दुग्गो मग्गो पधानाय दुक्करो दुरभिसम्भवो' ।
इमा गाथा भणं मारो अट्ठा बुद्धस्स सन्तिके ।।५।।

४३०. तं तथावादिनं मारं भगवान एतदब्रवि ।
'पमत्तबन्धु पापिम येनत्थेन इधागतो ।।६।।

४३१. अणुमत्तेनपि पुञ्ञेन अत्थो मय्हंन विज्जते ।
येसं च अत्थो पुञ्ञानं ते मारो वत्तुमरहति ।।७।।

४३२. अत्थि सद्धा ततो विरियं पञ्ञा च मम विज्यति।
एवं मं पहितत्तम्पि किं जीवमनुपुच्छसि।।८।।

४३३. नदीनम्पि सोतानि अयं वातो विसोसये ।
किञ्च् मे पहितत्तस्स लोहितं 'नूपसुस्सये।।९।।

४३४. लोहिते सुस्समानम्हि पित्तं सेम्हं च सुस्सति ।
मंसेसु खीमयानेसु भिय्यो चित्तं पसीदति ।
भिय्यो सति च पञ्ञा च समाधि मम तिट्ठति।।१०।।

४३५. तस्स मे'वं विहरतो पत्तस्सुत्तमवेदनं।
कामे नापेक्खते चित्तं पस्स सत्तस्स सुद्धतं।।११।।

४३६. कामा ते पठमा सेना दुतिया अरति वुच्चति ।
ततिया खुप्पिपासा ते चतुत्थी तण्हा पवुच्चति।।१२।।

૨૮

પધાનસુત્ત (૨)

૪૨૫. નેરંજરા નદીને કાંઠે યોગક્ષેમનિર્વાણની પ્રાપ્તિ માટેના પ્રયત્નમાં ગરકાવ થયો હતો ત્યારે અત્યંત દક્ષતાથી ધ્યાન કરતાં મને (૧)

૪૨૬. નમુચિ (માર) પાસે આવીને કરુણ વાણીથી કહેવા લાગ્યોઃ તું કૃશ અને દુર્વર્ણ થયો છે, મરણ તારી પાસે આવ્યું છે. (૨)

૪૨૭. મોટેભાગે તો તું મરવાનો. તારા આયુષ્યનો એક ભાગ બાકી છે. ભો, તું જીવતો રહે, જીવવું સારું છે; જીવવાથી તું પુણ્ય કરી શકીશ. (૩)

૪૨૮. બ્રહ્મચર્યનું આચરણ અને અગ્નિહોત્રનું પાલન કરવાથી તને પુષ્કળ પુણ્ય મળશે. આ નિર્વાણનો પ્રયત્ન કરવામાં શો લાભ છે ? (૪)

૪૨૯. નિર્વાણના પ્રયત્નનો માર્ગ કઠિન દુર્ધર છે. આ ગાથાઓ બોલીને માર બુદ્ધની સામે ઊભો રહ્યો. (૫)

૪૩૦. એમ બોલનારાના તે મારને ભગવાને કહ્યું કે હે પ્રમત્તબંધુ પાપી માર, તું શા માટે આવ્યો છે તે હું જાણું છું. (૬)

૪૩૧. તે પુણ્યની મારે લેશ પણ જરૂર નથી. જેને એવું પુણ્ય જોઈતું હોય તેને આવી વાતો મારે (નમુચિએ) કહેવી. (૭)

૪૩૨. મારામાં શ્રદ્ધા છે, ઉત્સાહ છે અને પ્રજ્ઞા છે. આ પ્રમાણે હું દૃઢચિત્ત હોવા છતાં તું મને જીવવાનું કેમ કહે છે ? (૮)

૪૩૩. મારા શરીરમાંનો આ (ઉત્સાહરૂપી) પવન નદીઓના પ્રવાહને પણ શોષી લે, તો પછી મારું લોહી કેમ ન શોષે ? (૯)

૪૩૪. રક્ત શોષાઈ જવાથી પિત્ત અને કફ શોષાય છે અને માંસ ક્ષીણ થવાથી મારું ચિત્ત પ્રસન્ન થાય છે; અને મારી સ્મૃતિ, પ્રજ્ઞા અને સમાધિ વધારે સ્થિર થાય છે. (૧૦)

૪૩૫. આ પ્રમાણે ઉત્તમ અનુભવ પ્રાપ્ત કરીને રહેવાથી મારું ચિત્ત કામોપભોગની અપેક્ષા રાખતું નથી. આ તું સત્ત્વશુદ્ધિ જો ! (૧૧)

૪૩૬. કામોપભોગ એ તારી પહેલી સેના છે, બીજી અરતિ, ત્રીજી ભૂખતરસ અને ચોથી તૃષ્ણા. (૧૨)

४३७. पञ्चमं थीनमिद्धं ते छट्ठा भीरु पवुच्चति ।
सत्तमी विचकिच्छा ते मक्खो थम्भो ते अट्ठमो।।१३।।

४३८. लाभो सिलोको सक्कारो मिच्छालद्धो च यो यसो।
यो चत्तानं समुक्कंसे परे च अवजानति।।१४।।

४३९. एसा नमुचि ते सेना कण्हस्साभिप्पहारिणी ।
न तं असूरो जिनाति जेत्वा च लभते सुखं ।।१५।।

४४०. एस मुञ्जं परिहरे धिरत्थु इध जीवितं ।
संगामे मे मतं सेय्यो यं चे जीवे पराजितो।।१६।।

४४१. पगाळ्हा एत्थ न दिस्सन्ति एके समणब्राह्मणा।
तं च मग्गं न जानन्ति येन गच्छन्ति सुब्बता।।१७।।

४४२. समन्ता धजिनिं दिस्वा युत्तं मारं सवाहनं ।
युद्धाय पच्चुग्गच्छामि मा मं ठाना अचावयि ।।१८।।

४४३. यन्तेतं नप्पसहति सेनं लोको सदेवको ।
तं ते पञ्ञाय गच्छामि आमं पत्तं व अस्मना।।१९।।

४४४. वसिं कत्वान संकप्पं सतिं च सुप्पतिट्ठितं ।
रट्ठा रट्ठं विचरिस्सं सावके विनयं पुथु।।२०।।

४४५. ते अप्पमत्ता पहितत्ता मम सासनकारका ।
अकामस्स ते गमिस्सन्ति एत्थ गत्वा न सोचरे।।२१।।

४४६. 'सत्त वस्सानि भगवन्तं अनुबन्धि पदा पदं ।
ओतारं नाधिगच्छिस्सं सम्बुद्धस्स सतीमतो।।२२।।

४४७. मेदवण्णं'व पासाणं वायसो अनुपरियगा ।
अपेत्थ मुदु विन्देम अपि अस्सादना सिया।।२३।।

४४८. अलद्धा तत्थ अस्सादं वायसेत्थो अपक्कमि ।
काको'व सेलमासज्ज निब्बिजापेम गोतमं'।।२४।।

४४९. तस्स सोकपरेतस्स वीणा कच्छा अभस्सथ ।
ततो सो दुम्मनो यक्खो तत्थेवन्तरधायथा'ति।।२५।।

पधानसुत्तं निट्ठितं।

૪૩૭. પાંચમી આળસ, છઠ્ઠી સેનાભીતિ, સાતમી કુશંકા, આઠમી અનાદરબુદ્ધિ અને કઠિનતા. (૧૩)

૪૩૮. લાભ, કીર્તિ અને સત્કાર અને ખોટા માર્ગે સંપાદન કરેલ યશ–જેનાથી મનુષ્ય આત્મસ્તુતિ અને પરનિંદા કરે છે. (૧૪)

૪૩૯. હે નમુચિ, તારી કૃષ્ણની બીજા ઉપર પ્રહાર કરનારી આ સેના છે. તેને દુર્બળ માણસ જીતી શકતો નથી, પણ જે (શૂરવીર) તેને જીતે છે તે સુખ મેળવે છે. (૧૫)

૪૪૦. આ હું મુંજઘાસ ૧૯ ધારણ કરું છું. (પાછો ફરનારા) મારા જીવિતને ધિક્કાર હો! પરાજય પામીને જીવવા કરતાં લડાઈમાં મરણ પામવું વધારે સારું છે. (૧૬)

૪૪૧.. કેટલાક શ્રમણબ્રાહ્મણો તારા આ સૈન્યમાં નિમગ્ન થવાથી પ્રકાશિત થતા નથી અને જે માર્ગે સુવ્રત જાય છે તે માર્ગ તેઓ જાણતા નથી. (૧૭)

૪૪૨. ચારે કોર યુદ્ધ માટે તૈયાર થયેલી મારસેનાને અને વાહનારૂઢ મારને જોઈને તે મને સ્થાનભ્રષ્ટ ન કરે એટલા માટે હું યુદ્ધ માટે આગળ આવું છું. (૧૮)

૪૪૩. જે તારી સેનાની સામે દેવો અને મનુષ્યો ટકી શકતા નથી તેનો કાચા માટીના વાસણને જેમ પથ્થરથી ફોડવામાં આવે તેમ હું મારી પ્રજ્ઞાથી વિધ્વંસ કરું છું. (૧૯)

૪૪૪. મારા સંકલ્પો સ્વાધીન રાખીને, સ્મૃતિ સુસ્થિત કરીને અનેક શ્રાવકોને ઉપદેશ આપતો હું દેશેદેશ ફરતો રહીશ. (૨૦)

૪૪૫. તે અપ્રમત્ત દૃઢ ચિત્તવાળા થઈને મારા ઉપદેશ મુજબ વર્તનારા લોકો તારી ઇચ્છા વિરુદ્ધ એવે સ્થાને જશે કે જ્યાં જઈને શોક કરતા નથી. (૨૧)

૪૪૬. (માર–) ભગવાનની પાછળપાછળ સાત વરસ સુધી મેં ફર્યા કર્યું, પણ આ સ્મૃતિમાન સંબુદ્ધનું છિદ્ર મને હાથ ન આવ્યું! (૨૨)

૪૪૭. અહીં કંઈક મૃદુ (માંસ) હશે અને આસ્વાદ હશે એવી સમજણથી કાગડો એક મેદવર્ણ પાષાણની પાસે આવ્યો. (૨૩)

૪૪૮. પણ તેમાં કંઈ જ આસ્વાદ ન મળ્યાથી કાગડો ત્યાંથી ચાલ્યો ગયો. તે કાગડો જેમ તે શિલા ઉપર પ્રહાર કરીને નિરાશ થઈને ચાલતો થયો તેમ હું ગોતમ પાસેથી નિરાશ થઈને ચાલ્યો જાઉં છું. (૨૪)

૪૪૯. શોકાકુલ થયેલ તે મારની બગલમાંથી વીણા નીચે પડી. તદનંતર ખિન્ન થયેલો તે યક્ષ ત્યાં જ અંતર્ધાન પામ્યો. (૨૫)

પધાનસુત્ત સમાપ્ત

२९

सुभासितसुत्तं (३)

एवं मे सुतं। एकं समयं भगवा सावत्थियं विहरति जेतवने...पे०... भगवा एतदवोच – 'चतूहि भिक्खवे अङ्गेहि समन्नागता वाचा सुभासिता होति नो दुब्भासिता, अनुवज्जा च अननुवज्जा च विञ्ञूनं। कतमेहि चतूहि? इध भिक्खवे चतूहि अङ्गेहि समन्नागता वाचा सुभासितं येव भासति नो दुब्भासितं धम्मंयेव भासति नो अधम्मं पियं येव भासति नो अप्पियं सच्चं येव भासति नो अलिकं। इमेहि खो भिक्खवे चतूहि अङ्गेहि समन्नागता वाचा सुभासिता होति नो दुब्भासिता अनवज्जा च अननुवज्जा च विञ्ञन'न्ति। इदमवोच भगवा इदं वत्वा सुगतो अथापरं एतदवोच सत्था–

४५०. सुभासितं उत्तमाहु सन्तो धम्मं भणे नाधम्मं तं दुतियं।
पियं भणे नाप्पियं तं ततियं सच्चं भणे नालिकं तं चतुत्थ'न्ति।।१।।

अथ खो आयस्मा वङ्गीसो उट्ठायासना एकंसं चीवरं कत्वा येन भगवा तेनञ्जलिं पणामेत्वा भगवन्तं एतदवोच– 'पटिभाति मं सुगता' ति। 'पटिभातु तं वङ्गीसा' ति भगवा अवोच। अथ खो आयस्मा वङ्गीसो भगवन्तं सम्मुखा सारुप्पाहि गाथाहि अभित्थवि–

४५१. तमेव भासं भासेय्य यायत्तानं न तापये।
परे च न विहिंसेय्य सा वे वाचा सुभासिता।।२।।

४५२. पियवाचमेव भासेय्य या वाचा पटिनन्दिता।
यं अनादाय पापानि परेसं भासते पियं।।३।।

४५३. सच्चं वे अमता वाचा एस धम्मो सनन्तनो।
सच्चे अत्थे च धम्मे च आहु सन्तो पतिट्ठिता।।४।।

४५४. यं बुद्धो भासती वाचं खेमं निब्बाणपत्तिया।
दुक्खस्सन्तकिरियाय सा वे वाचानमुत्तमा'ति।।५।।

सुभासितसुत्तं निट्ठितं।

૨૯

સુભાસિતસુત્ત (૩)

એવું મે સાંભળ્યું છે. એકવાર ભગવાન શ્રાવસ્તીના જેતવનમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. ત્યાં ભગવાન ભિક્ષુઓને ઉદ્દેશીને બોલ્યા, 'હે ભિક્ષુઓ.' તે ભિક્ષુઓએ ભગવાનને જવાબ આપ્યો, 'ભદન્ત.' ત્યારે ભગવાન બોલ્યા, "ભિક્ષુઓ, ચાર અંગોથી જે સંપન્ન હોય તે સુભાષિત વાણી; તે દુર્ભાષિત નહિ. તે નિર્દોષ અને પંડિતોને માન્ય છે. તે ચાર અંગો કયાં ? કોઈ ભિક્ષુ સુભાષિત જ બોલે છે, દુર્ભાષિત બોલતો નથી. ધર્મ જ બોલે છે, અધર્મ બોલતો નથી. પ્રિય જ બોલે છે, અપ્રિય બોલતો નથી. સત્ય જ બોલે છે, અસત્ય બોલતો નથી. આ ચારે અંગોથી જે સંપન્ન હોય તે સુભાષિત વાણી, તે દુર્ભાષિત નહિ; તે નિર્દોષ અને પંડિતોને માન્ય છે." એમ ભગવાન બોલ્યા. એમ બોલ્યા પછી તે સુગત શાસ્તાએ કહ્યું:

૪૫૦. સન્તો કહે છે કે સુભાષિત વાચા ઉત્તમ; બીજું, ધર્મ બોલવો, અધર્મ ન બોલવો; ત્રીજું, પ્રિય બોલવું, અપ્રિય ન બોલવું; અને ચોથું, સત્ય બોલવું, અસત્ય ન બોલવું. (૧)

તે પછી આયુષ્માન વંગીસ આસન ઉપરથી ઊઠ્યો અને એક ખભે ચીવર ઓઢીને ભગવાનની સામે હાથ જોડીને ભગવાનને કહ્યું, 'ભગવન્, હું બોલવા માગું છું.' ભગવાને કહ્યું, 'વંગીસ, તારે જે બોલવું હોય તે બોલ.' ત્યારે આયુષ્માન વંગીસે યોગ્ય ગાથાઓથી તેમની સમક્ષ સ્તુતિ કરી.

૪૫૧. જેનાથી આપણને પશ્ચાત્તાપ કરવાનો વખત આવતો નથી અને બીજાને હેરાનગતિ ભોગવવી નથી પડતી તે જ ખરી સુભાષિત વાણી છે. (૨)

૪૫૨. બીજાને ગમતી પ્રિય વાણી જ ઉચ્ચારવી, જેનાથી બોલનારો બીજાના દોષો ન જોતાં જેટલું પ્રિય તેટલું જ બોલે છે. (૩)

૪૫૩. પણ સત્ય વાણી એ અમૃતવાણી છે અને તે સનાતન ધર્મ છે. સત્ય, સદર્થ અને ધર્મમાં સંતો દૃઢ રહે છે. (૪)

૪૫૪. નિર્વાણપ્રાપ્તિ માટે અને દુઃખનો અંત કરવા માટે બુદ્ધ જે ક્ષેમકારક વાચા બોલે છે તે સર્વ વાચાઓમાં ઉત્તમ વાચા છે. (૫)

સુભાસિતસુત્ત સમાપ્ત

सुन्दरिकभारद्वाजसुत्तं (४)

एवं मे सुतं। एकं समयं भगवा कोसलेसु विहरति सुन्दरिकाय नदिया तीरे। तेन खो पन समयेन सुन्दरिकभारद्वाजो ब्राह्मणो सुन्दरिकाय नदिया तीरे अग्गिं जुहति अग्गिहुत्तं परिचरति। अथ खो सुन्दरिकभारद्वाजो ब्राह्मणो अग्गिं जुहित्वा अग्गिहुत्तं परिचरित्वा उट्ठायासना समन्ता चतुद्दिसा अनुविलोकेसि – को नु खो इमं हव्यसेसं भुञ्जेय्याति। अद्दसा खो सुन्दरिकभारद्वाजो ब्राह्मणो भगवन्तं अविदूरे अञ्ञतरस्मिं रुक्खमूले ससीसं पारुपतं निसिन्नं दिस्वान वामेन हत्थेन हव्यसेसं गहेत्वा दक्खिनेन हत्थेन कमण्डलुं गहेत्वा येन भगवा तेनुपसङ्कमि। अथ खो भगवा सुन्दरिकभारद्वाजस्स ब्राह्मणस्स पदसद्देन सीसं विवरि। अथ खो सुन्दरिकभारद्वाजो ब्राह्मणो – मुण्डो अयं भवं मुण्डको अयं भवन्ति ततो'व पुन निवत्तितुकामो अहोसि। अथ खो सुन्दरिकभारद्वाजस्स ब्राह्मणस्स एतदहोसि – मुण्डा'पि हि इधेकच्चे ब्राह्मणा भवन्ति यन्नूनाहं उपसङ्कमित्वा जातिं पुच्छय्यन्ति। अथ खो सुन्दरिकभारद्वाजो ब्राह्मणो येन भगवा तेनुपसङ्कमि उपसङ्कमित्वा भगवन्तं एतदवोच– 'किं जच्चो भव'न्ति। अथ खो भगवा सुन्दरिकभारद्वाजं ब्राह्मणं गाथाहि अज्झभासि–

४५५. न ब्राह्मणो नो'म्हि न राजपुत्तो न वेस्सायनो उद कोचि नो'म्हि।
गोत्तं परिञ्ञाय पुथुज्जनानं अकिञ्चनो मन्त चरामि लोके।।१।।

४५६. सङ्घाटिवासी अगहो चरामि निवुत्तकेसो अभिनिब्बुतत्तो।
अलिप्पमानो इध माणवेहि अकल्लमं (ब्राह्मण) पुच्छसि गोत्तपञ्हं।।२।।

४५७. पुच्छन्ति वे भो ब्राह्मणा ब्राह्मणेहि सह ब्राह्मणो नो भवन्ति।
ब्राह्मणो चे त्वं ब्रूसि मं च ब्रूसि अब्राह्मणं।
तं सावित्तिं पुच्छामि तिपदं चतुवीसतक्खरं।।३।।

४५८. किं निस्सिता इसयो मनुजा खत्तिया ब्राह्मणा।
देवतानं यञ्ञमकप्पयिंसु पुथु इध लोके।
यदन्तगू वेदगू यञ्ञकाले
यस्साहुतिं लभे तस्सिज्झेति बुमि।।४।।

સુંદરિક ભારદ્વાજસુત્ત (૪)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન કોસલ દેશમાં સુંદરિકા નદીને તીરે વસતા હતા. તે સમયે સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણ સુંદરિકા નદીને કાંઠે અગ્નિપૂજા કરતો હતો અને અગ્નિહોત્ર રાખતો હતો. ત્યારે અગ્નિની પૂજા કરીને અને અગ્નિહોત્રનું કામ આટોપીને, આસનથી ઊઠીને હવ્યશેષ અન્ન ખાનારો કોઈ છે કે કેમ એ જોવા માટે ચારે દિશાએ અવલોકન કરવા લાગ્યો. ત્યારે સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણે પાસેના એક વૃક્ષની નીચે માથે ઓઢીને બેઠેલા ભગવાનને જોયા. જોયા પછી ડાબા હાથમાં હવ્યશેષ અન્ન લઈને અને જમણા હાથમાં કમંડલુ લઈને તે ભગવાન પાસે આવ્યો. એટલે સુંદરિક ભારદ્વાજનો પગરવ સાંભળીને ભગવાને માથા ઉપરથી વસ્ત્ર દૂર કર્યું એટલે 'આ તે મુંડ છે, મુંડક છે,' એમ કહીને સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણ ત્યાંથી જ પાછા ફરવાનો વિચાર કરવા લાગ્યો. પણ સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણને એમ લાગ્યું કે, 'મુંડોમાં કેટલાક બ્રાહ્મણો પણ હોય છે, માટે આની પાસે જઈને એની નાતજાત પૂછવી એ ઠીક છે.' તેથી સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણ ભગવાન પાસે આવ્યો. આવીને ભગવાનને પૂછ્યું, 'તારી જાત કઈ ?' એટલે ભગવાને સુંદરિક બ્રાહ્મણને નીચેની ગાથાઓ કહીઃ

૪૫૫. હું બ્રાહ્મણ નથી કે રાજપુત્ર નથી, વૈશ્ય નથી કે કોઈ નથી. સામાન્ય માણસોનું ગોત્ર જાણીને અકિંચન એવો હું ઈહલોકમાં પ્રજ્ઞાપૂર્વક વર્તું છું. (૧)

૪૫૬ સંઘાટિ (ચીવર) ઓઢીને, મુંડન કરીને, શાંતચિત્ત, ગૃહરહિત અને મનુષ્યોથી અલિપ્ત થઈને હું લોકોમાં ફર્યા કરું છું. માટે હે બ્રાહ્મણ, તારો આ ગોત્ર સંબંધી પ્રશ્ન નિરર્થક છે. (૨)

૪૫૭. (ભારદ્વાજ-) ભો, બ્રાહ્મણો, બ્રાહ્મણને 'તું બ્રાહ્મણ છે કે ?' એમ પૂછે છે. (ભગવાન -)તું તારી જાતને બ્રાહ્મણ કહેવરાવે છે અને મને અબ્રાહ્મણ કહે છે, તો હું તને ત્રણ પાદવાળી અને ચોવીશ અક્ષરોવાળી સાવિત્રી પૂછું છું. (૩)

૪૫૮. (ભારદ્વાજ-) ઋષિ, ક્ષત્રિયો, બ્રાહ્મણો અને બીજા મનુષ્યો આ જગતમાં દેવોને ઉદ્દેશીને જુદા જુદા યજ્ઞો શા માટે કરે છે ? (ભગવાન-) હું કહું છું કે યજ્ઞ વખતે દુઃખાંગને અને વેદપારગને જેના તરફથી દાન મળે તેનો યજ્ઞ સફળ થાય. (૪)

४५९. अद्धा हि तस्स हुतमिज्झे (ति ब्राह्मणो)
यं तादिसं वेदगुं अद्दसाम।
तुम्हादिसानं हि अदस्सनेन
अञ्ञो जनो भुञ्जति पूरळासं।।५।।
४६०. तस्मातिह त्वं ब्राह्मण अत्थेन
अत्थिको उपसङ्कम्म पुच्छ।
सन्तं विधूमं अनिघं निरासं
अप्पेविध अभिविन्दे सुमे।।६।।
४६१. 'यञ्ञो रताहं (भो गोतम);
यञ्ञं यिट्ठुकामो।
नाहं पजानामि अनुसासतु मं भवं
यत्थ हुतं इज्झते ब्रूहि मे तं"।।७।।
तेन हि त्वं ब्राह्मण ओदहस्सु सोतं धम्मं त देसिस्सामि
४६२. 'मा जातिं पुच्छ चरणं च पुच्छ कट्ठा हवे जायति जातवेदो।
नीचा कुलीनों पि मुनी धितीमा आजानियो होति हिरीनिसेधो ।।८।।
४६३. सच्चेन दन्तो दमसा उपेतो वेदन्तगू वूसितब्रह्मचरियो।
कालेन तम्हि हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञापेक्खो यजेथ।।९।।
४६४. ये कामे हित्वा अगहा चरन्ति सुसञ्ञतत्ता तसरंव उज्जुं।
कालेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञापेक्खो यजेथ।।१०।।
४६५. ये वीतरागा सुसमाहितिन्द्रिया चन्दोंव राहुगहणा पमुत्ता।
कालेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञापेक्खो यजेथ।।११।।
४६६. असज्जमाना विचरिन्त लोके सदा सता हित्वा ममायितानी।
कालेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञापेक्खो यजेथ।।१२।।
४६७. यो कामे हित्वा अभिभुय्यचारी यो वेदि जातिमरणस्स अन्तं।
परिनिब्बुतो उदकरहदोंव सीतो तथागतो अरहति पूरळासं ।।१३।।
४६८. समो समेहि विसमेहि दूरे तथागतो होति अनन्तपञ्ञो।
अनूपलित्तो इध वा हुरं वा, तथागतो अरहति पूरळासं ।।१४।।

૪૫૯. ખાતરીથી મારો યજ્ઞ સફળ થશે, એમ બ્રાહ્મણ બોલ્યો, (કારણ કે) મને તમારા જેવા વેદપારગની મુલાકાત થઈ. તમારા જેવાની મુલાકાત ન થવાથી બીજા માણસોને પુરોડાશ દેવો પડે છે. (૫)

૪૬૦. (ભગવાન–) એ હોય તો, હે બ્રાહ્મણ, સદર્થની ઇચ્છા કરવાવાળો તું મારી પાસે આવ અને મને પ્રશ્ન પૂછ. આ જગતમાં શાંત, નિર્ધૂમ, નિર્દુઃખ, નિસ્તૃષ્ણ અને સુજ્ઞ કોણ એ તું જાણી શકીશ. (૬)

૪૬૧. હે ગોતમ, હું યજ્ઞમાં રત છું. યજ્ઞ કરવાની મારી ઇચ્છા છે, પણ આ હું જાણતો નથી. મને આપ ઉપદેશ આપો. કેવા પાત્રને દાન આપવાથી તે ફલદાયક થાય છે એ મને કહો. (૭)

એમ હોય તો હે બ્રાહ્મણ, ધ્યાન આપ. હું તને ધર્મોપદેશ આપું છું :

૪૬૨. તું જાત ન પૂછ, આચરણ પૂછ, કારણ કે લાકડામાંથી પણ અગ્નિ થાય છે અને નીચ કુળમાં જન્મેલો પણ ધૈર્યશાળી, સમજુ અને પાપની લજ્જા ધરાવનારો એવો મુનિ થાય છે. (૮)

૪૬૩. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે છે તેણે સત્યથી દાન્ત, દમયુક્ત, વેદપારગ અને બ્રહ્મચર્યને પૂર્ણત્વે પહોંચાડનારા એવાને વખતોવખત હવ્ય આપવું. (૯)

૪૬૪. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે છે તેણે જેઓ સરળ કાંઠલાની જેમ વર્તનાર, સુસંયતાત્મા, કામોપભોગ છોડીને ગૃહરહિત થાય છે તેમને વખતોવખત હવ્ય આપવું. (૧૦)

૪૬૫. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે છે તેણે રાહુગ્રહણથી મુક્ત ચંદ્રની જેમ વીતરાગ અને સુસમાહિતેંદ્રિય હોય તેમને વખતોવખત હવ્ય આપવું. (૧૧)

૪૬૬. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે છે તેણે જે સ્મૃતિમાન, મમત્વત્યાગી અને અનાસક્ત થઈને આ જગતમાં વિચરે છે તેમને વખતોવખત હવ્ય આપવું. (૧૨)

૪૬૭. જે કામોપભોગ છોડીને અજેયપણે વર્તે જેણે જન્મમરણનો અંત જાણ્યો, જે ઠંડા જલાશયના જેવો શાંત હોય એવો તથાગત પુરોડાશ દેવો યોગ્ય છે (૧૩)

૪૬૮. તથાગત સમમાર્ગે ચાલનારાની સાથે સમત્વથી વર્તે છે પણ વિષમમાર્ગે ચાલનારાથી દૂર રહે છે; તેની પ્રજ્ઞાને પાર નથી અને તે ઇહલોક અને પરલોકમાં બદ્ધ થતો નથી. આવો તથાગત પુરોડાશ દેવો યોગ્ય છે. (૧૪)

४६९. यम्हि न माया वसती न मानो यो वीतलोभो अममो निरासो।
पनुण्णकोधो अभिनिब्बुतत्तो यो ब्राह्मणो सोकमलं अहासि।
तथागतो अरहति पूरळासं ।।१५।।

४७०. निवेसनं यो मनसो अहासि परिग्गहा यस्स न सन्ति केचि।
अनुपादियानो इध वा हुरं वा तथागतो अरहति पूरळासं ।।१६।।

४७१. समाहितो यो उदतारि ओघं धम्मञ्च ञासि परमाय दिट्ठिया।
खीणासवो अन्तिमदेहधारी तथागतो अरहति पूरळासं ।।१७।।

४७२. भवासवा यस्स वची खरा च विधूपिता अत्थगता न सन्ति।
स वेदगू सब्बधि विप्पमुत्तो तथागतो अरहति पूरळासं।।१८।।

४७३. सङ्गातिगो यस्स न सन्ति सङ्गा यो मानसत्तेसु अमानसत्तो।
दुक्खं परिञ्ञाय सुखेत्तवत्थुं तथागतो अरहति पूरळासं ।।१९।।

४७४. आसं अनिस्साय विवेकदस्सी परवेदियं दिट्ठिमुपातिवत्तो।
आरम्मण यस्स न सन्ति केचि तथागतो अरहति पूरळासं।।२०।।

४७५. परोवरा यस्स समेच्च धम्मा विधूपिता अत्थगता न सन्ति।
सन्तो उपादानक्खये विमुत्तो तथागतो अरहति पूरळासं ।।२१।।

४७६. संयोजनं जातिखयन्तदस्सी योऽपानुदि रागपथं असेसं।
सुद्धो निद्दोसो विमलो अकाचो तथागतो अरहति पूरळासं।।२२।।

४७७. यो अत्तनात्तानं नानुपस्सति समाहितो उज्जुगतो ठितत्तो।
स वे अनेजो अखिलो अकंखो तथागतो अरहति पूरळासं ।।२३।।

४७८. मोहन्तरा यस्स न सन्ति केचि सब्बेसु धम्मेसु च ञाणदस्सी।
शरीरं च अन्तिमं धारेति पत्तो च सम्बोधिमनुत्तरं सिवं।
एत्तावता यक्खस्स सुद्धी तथागतो अरहति पूरळासं ।।२४।।

४७९. 'हुत च मय्हं हुतमत्थु सच्चं यं तादिसं वेदगुनं अलत्थं।
ब्रह्मा हि सक्खि पटिगण्हातु मे भगवा भुज्जतु मे भगवा पुरळासं।।२५।।

४८०. 'गाथाभिगीतं मे अभोजनेय्यं सपंस्सतं ब्राह्मण नेस धम्मो।
गाथाभिगीतं पनुदन्ति बुद्धा धम्मे सति ब्राह्मण वुत्तिरेसा ।।२६।।

૪૬૯. જેના અંતઃકરણમાં માયા કે અહંકાર નથી, જે નિર્લોભ, અમમ, નિઃસ્પૃહ, વિગતક્રોધ અને શાંત છે અને જે બ્રાહ્મણે શોકમલનો ત્યાગ કર્યો તે તથાગત પુરોડાશ દેવા યોગ્ય છે. (૧૫)

૪૭૦. મનની વાસનાઓનો જેણે ત્યાગ કર્યો, જેને કશાનો પણ પરિગ્રહ નથી, અને જે ઇહલોક તથા પરલોકની આશા ધરાવતો નથી તે તથાગત પુરોડાશ દેવા યોગ્ય છે. (૧૬)

૪૭૧. જે સમાહિત ઓઘ તરી ગયો હોય, જેણે પરમાર્થદૃષ્ટિથી ધર્મ જાણ્યો, તે ક્ષીણાસ્રવ અંતિમદેહધારી તથાગત પુરોડાશ દેવા યોગ્ય છે (૧૭)

૪૭૨. જેની સંસારવાસના અને કઠોર વાચા દગ્ધ થઈ અને અસ્તગત થઈને નાશ પામી તે વેદપારગ, સર્વ રીતે મુક્ત, તથાગત પુરેડાશ દેવા યોગ્ય છે. (૧૮)

૪૭૩. સંગાતીત થવાને લીધે જેને સંગ રહ્યા નથી, જે અહંકારબદ્ધ લોકોમાં અહંકારમુક્ત છે. જે દુઃખના ક્ષેત્રસહિત દુખને જાણે છે તે તથાગત પુરોડાશ દેવા યોગ્ય છે. (૧૯)

૪૭૪. આશામાં ન બંધાતાં જે વિવેકદર્શી છે, જે સાંપ્રદાયિક દૃષ્ટિની પાર ગયો છે અને જે વાસનામુક્ત છે તે તથાગત પુરાડાશ દેવા યોગ્ય છે. (૨૦)

૪૭૫. જેણે નાનામોટા સંસ્કાર જાણીને દગ્ધ કર્યા. જેના તે (સંસ્કારો) રહ્યા નથી, જે શાંત અને તૃષ્ણાના ક્ષય કરવાથી વિમુક્ત છે તે તથાગત પુરોડાશ દેવા યોગ્ય છે. (૨૧)

૪૭૬. જન્મક્ષયાન્ત જોનારા એવા જેણે સંયોજનો અને અશેષ કામપથો ત્યાગ કર્યો, જે શુદ્ધ, નિર્મલ, નિર્દોષ અને અપાપ છે તે તથાગત પુરોડાશ દેવા યોગ્ય છે. (૨૨)

૪૭૭. જે મનથી ભિન્ન જુદો આત્મા જોતો નથી, જે સામાહિત, સરળ અને સ્થિતાત્મા છે તે અપ્રકંપ્ય, કાઠિન્યરહિત નિઃશંક તથાગત પુરોડાશ દેવા યોગ્ય છે. (૨૩)

૪૭૮. જેના અંતઃકરણમાંથી અજ્ઞાનહેતુ નાશ પામ્યા હોય, જે સર્વ પદાર્થો તરફ જ્ઞાનદૃષ્ટિથી જુએ છે, જે અંતિમ શરીર ધારણ કરે છે, કલ્યાણકારક લોકોત્તર સંબોધ પામવાથી જેની આત્મશુદ્ધિ થઈ હોય તે તથાગત પુરોડાશ દેવા યોગ્ય છે. (૨૪)

૪૭૯. (બ્રાહ્મણ–) આજે મને તમારા જેવો વેદપારગ મળ્યો, એટલે મારું હવ્ય યથાર્થ હવ્ય થવા દો. સાક્ષાત્ બ્રહ્મા એવા ભગવાન આ મારું ગ્રહણ કરો. ભગવાન આ પુરોડાશનું ભોજન કરો. (૨૫)

૪૮૦. (ભગવાન–) આ અન્ન સંબંધે હું ગાથા બોલ્યો, એટલે તે હું સ્વીકારી શકું નહિ. હે બ્રાહ્મણ (તેનો સ્વીકાર કરવો) એ સમજુનો ધર્મ નથી. જે અન્ન સંબંધે ગાથા બોલાઈ તે અન્ન બુદ્ધ સ્વીકારતા નથી. સદાચાર માટે આ રીતે ઉત્તમ છે. (૨૬)

४८१. अञ्ञेन च केवलिनं महेसिं खीणासवं कुक्कुच्चवूपसन्तं ।
अन्नेन पानेन उपट्ठहस्सु खेत्तं हि तं पुञ्ञपेक्खस्स होति" ।।२७।।
४८२. 'साधाहं भगवा तथा विजञ्ञं यो दक्खिणं भुञ्जेय्य मादिसस्स ।
यं यञ्ञकाले परियेसमाना पप्पुय्य तव सासनं" ।।२८।।
४८३. 'सारम्भा यस्स विगता चित्तं यस्स अनाविलं ।
विप्पमुत्तो च कामेहि थीनं यस्स पनूदितं ।।२९।।
४८४. सीमन्तानं विनेतारं जातिमरणकोविदं ।
मुनिं मोनेय्यसम्पन्नं तादिसं यञ्ञमागतं ।।३०।।
४८५. भकुटिं विनयित्वान पञ्जलिका नमस्सथ ।
पूजेथ अन्नपानेन एवं इज्झन्ति दक्खिणा" ।।३१।।
४८६. 'बुद्धो भवं अरहति पूरळासं पुञ्ञक्खेत्तमनुत्तरं ।
आयागो सब्बलोकस्स भोतो दिन्नं महप्फलं'न्ति ।।३२।।

अथ खो सुन्दरिकभारद्वाजो ब्राह्मणो भगवन्तं एतदवोच– 'अभिक्कन्तं भो गोतम .... पे० .... अनेकपरियायेन धम्मो पकासितो। एसाहं भवन्तं गोतमं सरणं गच्छामि धम्मं च भिक्खु संघं च। लभेय्याहं भोतो गोतमस्स सन्तिके पब्बज्जं लभेय्यं उपसम्पदं'न्ति। अलत्थ खो सुन्दरिकभारद्वाजो ब्राह्मणो .... पे० .... अरहतं अहोसी'ति।

सुन्दरिकभारद्वाजसुत्तं निट्ठितं

३१

माघसुत्तं (५)

एवं मे सुतं। एकं समयं भगवा राजगहे विहरति गिज्झकूटे पब्बते। अथ खो माघो माणवो येन भगवा तेनुपसङ्कमि, उपसङ्कमित्वा भगवता सद्धिं सम्मोदि। सम्मोदनीयं कथं साराणीयं वीतिसारेत्वा एकमन्तं निसीदि। एकमन्तं निसिन्नो खो माघो माणवो भगवन्तं एतदवोच–'अहं हि भो गोतम दायको दानपति वदञ्ञू याचयोगो धम्मेन भोगे परियेसामि धम्मेन भोगे परियेसित्वा धम्मलद्धेहि भोगेहि धम्माधिगतेहि एकस्स' पि. ददामि, द्विन्नम्पि ददामि, तिण्णम्पि ददामि, चितुन्नम्पि ददामि. पञ्चन्नपि ददामि, छन्नम्पि ददामि,

૪૮૧. કૈવલ્ય જેણે પ્રાપ્ત કર્યું છે એવા ક્ષીણપાપ અને શંકા જેની શાંત થઈ છે એવા મહર્ષિની તું અન્ય અન્નપાનથી સેવા કર. કારણ કે પુણ્યેચ્છુને તે પુણ્યક્ષેત્ર જેવો છે. (૨૭)

૪૮૨. (બ્રાહ્મણ–) હે ભગવન્, જે મારા જેવાની દક્ષિણા લેવાને યોગ્ય અને યજ્ઞકાલે જે મળ્યો હોય તો આપના શાસનનો મને લાભ થાય એવો કોણ એ મને સમજાવો. (૨૮)

૪૮૩. (ભગવાન–) જેનામાં સ્પર્ધા ન હોય, જેનું ચિત્ત નિર્મળ હોય, જે કામોપભોગમુક્ત હોય, જેનું આળસ દૂર થયું હોય, (૨૯)

૪૮૪. જેણે સ્વપરની સીમાનું ઉલ્લંઘન કર્યું હોય, જે જન્મમરણના જ્ઞાનમાં કુશળ હોય એવો મૌનસંપન્ન મુનિ યજ્ઞ વખતે આવે તો (૩૦)

૪૮૫. ભવાં ન ચડાવતાં હાથ જોડીને તેને નમસ્કાર કરવો અને અન્નપાનથી તેની પૂજા કરવી. આ રીતે આપેલી દક્ષિણા ફળદ્રુપ થાય છે. (૩૧)

૪૮૬. (બ્રાહ્મણ––) લોકોત્તર પુણ્યક્ષેત્ર, સર્વ લોકોને પૂજનીય એવા ભગવાન બુદ્ધ પુરોડાશ દેવા યોગ્ય છે. ભગવાનને આપેલું મહાફલદાયક થાય છે. (૩૨)

તે પછી સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણે ભગવાનને કહ્યું, "ધન્ય, ધન્ય, ભો ગોતમ.... (વગેરે કસિભારદ્વાજસુત્તને અંતે જુઓ)...આયુષ્માન સુંદરિક ભારદ્વાજ અરહંતોમાંનો એક થયો.

સુન્દરિક ભારદ્વાજ સુત્ત સમાપ્ત

૩૧

માઘસુત્ત (૫)

એવું મે સાંભળ્યું છે. એકવાર ભગવાન રાજગૃહમાં ગૃધ્રકૂટ પર્વત ઉપર રહેતા હતા. તે વખતે માણવ (વિદ્યાર્થી) માઘ ભગવાન પાસે આવ્યો. આવીને તેણે ભગવાનને કુશળ સમાચાર પૂછ્યા. કુશળ સમાચારનું ભાષણ પૂરું કરીને તે એક બાજુએ બેઠો. એક બાજુએ બેઠેલા તે માઘે ભગવાનેને કહ્યું, 'ભો ગોતમ, હું દાયક, દાનપતિ, વદાન્ય અને યાચકપ્રિય છું; હું ધર્મમાર્ગે સંપત્તિ મેળવું છું. તે ધર્મમાર્ગે સંપત્તિ મેળવીને, તે ધર્મમાર્ગે ઉપાર્જિત-કરેલ સંપત્તિમાંથી એકને પણ આપું છું, બેને પણ આપું છું, ત્રણને પણ આપું છું, ચારને પણ આપું છું, પાંચને પણ આપું છું, છને પણ આપું છું, ચારને પણ આપું છું, પાંચને પણ આપું છું, છને પણ આપું છું, સાતને

सत्तन्नम्पि ददामि, अट्ठन्नम्पि ददामि, दसन्नम्पि ददामि, वीसाय'पि ददामि, तिंसाय'पि ददामि, चत्तारीसाय' पि ददामि पञ्ञासाय'पि पि ददामि, सतस्स'पि ददामि भिय्यो'पि ददामि कच्चाहं भो गोतम एवं ददन्तो एवं यजन्तो बहु पुञ्ञं पसवामी" 'ति ? 'तग्ध त्वं माणव एवं ददन्तो एवं यजन्तो बहु पुञ्ञा पसवसि। यो खो माणव दायको दानपति वदञ्ञू याचयोगो धम्मेन भोगे परियेसति धम्मेन भोगे परियेसित्वा धम्मलद्धेहि भोगेहि धम्माधिगतेहि एकस्स'पि ददाति।... पे०।...सतस्स' पि ददाति भिय्यो'पि ददाति बहुं सो पुञ्ञं पसवती' ति' अथ खो माघो माणवो भगवन्तं गाथाय अज्झभासि--

४८७. पुच्छामहं भो गोतमं वदञ्ञुं (इति माधो माणवो)
कासायवासिं अगह चरन्तं।
यो याचयोगो दानपति गहट्ठो पुञ्ञत्थिको यजति पुञ्ञपेक्खो।
ददं परेसं इध अन्नपानं कत्थ हुतं यजमानस्स सुज्झे ।।१।।

४८८. (यो) याचयोगो दानपति गहट्ठो (माघोति भगवा)
पुञ्ञत्थिको यजति पुञ्ञपेक्खो।
ददं परेसं इध अन्नपानं आराधये दक्खिणेय्ये हि तादि ।।२।।

४८९. यो याचयोगो दानपति गहट्ठो (इति माणवो)
पुञ्ञत्थिको यजति पुञ्ञपेक्खो।
ददं परेसं इध अन्नपानं अक्खाहि मे भगवा दक्खिणेय्ये।।३।।

४९०. ये वे असत्ता विचरन्ति लोके अकिञ्चना केवलिनो यतत्ता।
कालेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।४।।

४९१. ये सब्बसंयोजनबन्धनच्छिदा दन्ता विमुत्ता अनिधा निरासा।
कालेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।५।।

४९२. ये सब्बसंयोजनविप्पमुत्ता दन्त विमुत्ता अनिधा निरासा ।
कालेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।६।।

४९३. रागञ्च दोसञ्च पहाय मोहं खीणासवा वुसितब्रह्मचरिया ।
कालेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।७।।

પણ આપું છું, આઠને પણ આપું છું, નવને પણ આપું છું, દસને પણ આપું છું, વીસને પણ આપું છું, ત્રીસને પણ આપું છું, ચાળીસને પણ આપું છું, પચાસને પણ આપું છું, સોને પણ આપું છું, તે કરતાં વધારે માણસોને પણ આપું છું. ભો ગોતમ, આ રીતે આપતાં, આ રીતે યજ્ઞ કરતાં મારું પુણ્ય ખૂબ વધે છે ખરું ?" "હે માણવ (વિદ્યાર્થી), આ પ્રમાણે આપતાં, આ રીતે યજ્ઞ કરતાં તારું પુણ્ય જરૂર વધે છે. હે માણવ, જે દાયક, દાનપતિ, વદાન્ય અને યાચકપ્રિય માણસ ધર્મમાર્ગે....સોને પણ આપે છે, તે કરતાં વધારે માણસોને પણ આપે છે, તેનું પુણ્ય પુષ્કળ વધે છે.' પછી તે માઘ માણવે ભગવાનને નીચે પ્રમાણે ગાથાઓ કહીઃ

૪૮૭. કષાય વસ્ત્ર ધારણ કરનાર, ગૃહરહિત ફરનાર અને સમયોચિત બોલનાર ભગવાન ગોતમને હું પૂછું છું કે- એમ માઘ માણવ બોલ્યો- ઇહલોકમાં બીજાને અન્નપાનદાન દેનારો જે યાચકપ્રિય દાનપતિ ગૃહસ્થ પુણ્યની અપેક્ષાથી પુણ્યપ્રાપ્તિ માટે યજ્ઞ કરે છે એવા યજમાનનું દાન કયા પાત્રે આપ્યાથી શુદ્ધ થાય છે ? (૧)

૪૮૮. હે માઘ, બીજાને ઇહલોકમાં અન્નપાનદાન આપનારો--એમ ભગવાન બોલ્યા-- જે યાચકપ્રિય, દાનપતિ ગૃહસ્થ પુણ્યની અપેક્ષાથી પુણ્યપ્રાપ્તિ માટે યજ્ઞ કરે તેણે દક્ષિણાર્હોની આરાધના કરવી. (૨)

૪૮૯. ઇહલોકમાં બીજાને અન્નપાનદાન દેનારો એમ માઘ બોલ્યો--જે યાચકપ્રિય, દાનપતિ ગૃહસ્થ પુણ્યની અપેક્ષાથી પુણ્યપ્રાપ્તિ માટે યજ્ઞ કરે છે તેને, હે ભગવન્, કયા કયા દક્ષિણાર્હ કહેવાય એ કહો. (૩)

૪૯૦. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ આ જગતમાં અનાસક્ત, અકિંચન, કેવલી અને યતાત્મા થઈને રહે છે તેઓને વખતોવખત હવ્ય આપવું. (૪)

૪૯૧. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ સર્વ સંયોજનબંધનો તોડનારા, દાન્ત, વિમુક્ત, નિર્દુઃખ અને નિસ્તૃષ્ણ હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૫)

૪૯૨. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ સર્વ સંયોજનોથી મુક્ત, દાન્ત, વિમુક્ત, નિર્દુઃખ અને નિસ્તૃષ્ણ હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૬)

૪૯૩. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ કામ, ક્રોધ અને મોહને ત્યાગીને બ્રહ્મચર્યનું પૂર્ણ પાલન કરનારા ક્ષીણાસ્રવ હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૭)

४९४. येसु न माया वसति न मानो ये वीतलोभा अममा निरासा।
काल्नेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।८।।
४९५. ये वे न तण्हासु उपातिपन्ना वितरेय्य ओघं अममा चरन्ति।
काल्नेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।९।।
४९६. येसं तण्हा नत्थि कुहिञ्चि लोके भवाभवाय इध वा हुरं वा।
काल्नेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।१०।।
४९७. ये कामे हित्वा अगहा चरन्ति सुसञ्ञतत्ता तसरं'व उज्जुं।
काल्नेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।११।।
४९८. ये वीतरागा सुसमाहितिन्द्रिया चन्दों'व राहुगहणा पमुत्ता ।
काल्नेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।१२।।
४९९. समिताविनो वीतरागा अकोपा येसं गति नत्थि इध विप्पहाय।
काल्नेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।१३।।
५००. जहेत्वा जातिमरणं असेसं कथंकथिं सब्बमुपातिवत्ता ।
काल्नेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।१४।।
५०१. ये अत्तदीपा विचरन्ति लोके अकिञ्चना सब्बधिविप्पमुत्ता ।
काल्नेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।१५।।
५०२. ये हेत्थ जानन्ति यथातथा इदं अयमन्तिमा नत्थि पुनब्भवोति।
काल्नेन तेसु हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ ।।१६।।
५०३. यो वेदगू झानरतो सतीमा सम्बोधिपत्तो सरणं बहुन्नं।
काल्नेन तम्हि हव्यं पवेच्छे यो ब्राह्मणो पुञ्ञपेक्खो यजेथ।।१७।।
५०४. अद्धा अमोघा मम पुच्छना अहु अक्खासि मे भगवा दक्खिणेय्ये।
त्वं हेत्थ जानासि यथातथा इदं तथा हि ते विदितो एस धम्मो।।१८।।
५०५. यो याचयोगो दानपति गहट्ठो (इति माघो माणवो).
पुञ्ञत्थिको यजति पुञ्ञपेक्खो ।
ददं परेसं इध अन्नपानं अक्खाहि मे भगवा यञ्ञसम्पदं।।१९।।

૪૯૪. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓના અંતઃકરણમાં માયા અને અહંકાર ન હોય, જે વીતલોભ, અમમ અને નિસ્તૃષ્ણ હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૮)

૪૯૫. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ તૃષ્ણામાં ન ફસાયા હોય, ઓઘ પાર કરીને જેઓ અમમ રહ્યા હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૯)

૪૯૬. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે શાશ્વત થવા માટે કે ઉચ્છેદ પામવા માટે, ઇહલોક કે પરલોક માટે જેઓનામાં તૃષ્ણા નથી તેઓને વખતોવખત હવ્ય આપવું. (૧૦)

૪૯૭. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ કામોપભોગનો ત્યાગ કરીને સરળ કાંઠલા પ્રમાણે સુસંયતાત્મા અને ગૃહરહિત થઈને ફરતા હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૧૧)

૪૯૮. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ વીતરાગ, સુસમાહિતેંદ્રિય અને રાહુગ્રહણમુક્ત ચંદ્રની જેમ મુક્ત હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૧૨)

૪૯૯. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ સમિત પાપ, વીતરાગ અને અકોપ જેઓને ઈહલોક છોડ્યા પછી પુનર્જન્મ લેવાનો ન હોય તેઓને વખતો-વખત હવ્ય આપવું. (૧૩).

૫૦૦. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ અશેષ જન્મમરણ છોડીને સર્વ શંકાની પાર ગયા હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૧૪)

૫૦૧. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જેઓ અકિંચન હોય, સર્વ રીતે વિમુક્ત હોય અને આ જગત (રૂપી સમુદ્ર)માં આત્માને (ચિત્તને) દ્વીપ બનાવીને રહેતા હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૧૫)

૫૦૨. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જે પોતાની જાતને યથાર્થ રીતે ઓળખતા હોય, આ પોતાનો છેલ્લો જન્મ છે અને હવે પછી પુનર્જન્મ નથી એ જાણતા હોય તેઓને વખતોવખત હવ્ય આપવું. (૧૬)

૫૦૩. જે બ્રાહ્મણ પુણ્યની અપેક્ષાથી યજ્ઞ કરે તેણે જે વેદપારગ, ધ્યાનરત, સ્મૃતિમાન, સંબોધપ્રાપ્ત અને ઘણાને તારનારો હોય તેને વખતોવખત હવ્ય આપવું. (૧૭)

૫૦૪. (માઘ-) મારી પૃચ્છા સફળ થઈ. કોને દક્ષિણાર્હ ગણવા એ ભગવાને કહી બતાવ્યું. આ આપ યથાર્થ રીતે જાણો છો, કારણ આ ધર્મની આપને માહિતી છે. (૧૮)

૫૦૫. આ જગતમાં બીજાને અન્નપાનદાન દેનારો જે યાચકપ્રિય દાનપતિ ગૃહસ્થ-એમ માઘ માણવ બોલ્યો- પુણ્યની અપેક્ષાથી પુણ્યપ્રાપ્તિ માટે યજ્ઞ કરે તેની, હે ભગવન્ યજ્ઞસંપદા કઈ કહેવાય એ કહો. (૧૯)

५०६. यजस्सु यजमानो (माघोति भगवा) सब्बत्थ च विप्पसादेहि चित्तं।
आरम्मणं यजमानस्स यञ्ञं एत्थ पतिट्ठाय जहाति दोसं ।।२०।।
५०७. सो वीतरागो पविनेय्य दोसं मेत्तं चित्तं भावयं अप्पमाणं।
रत्तिं दिवं सततं अप्पमत्तो सब्बा दिसा फरते अप्पमञ्ञा ।।२१।।
५०८. को सुज्झति मुच्चति बज्झति च केनत्तना गच्छति ब्रह्मलोकं।
अजानतो मे मुनि ब्रूहि पुट्ठो भगवा हि मे सक्खि ब्रह्मज्ज दिट्ठो।
तुवं हि नो ब्रह्मसमोति सच्चं कथं उप्पज्जति ब्रह्मलोकं (जुतीमा)।।२२।।
५०९. यो यजति तिविधं यञ्ञसम्पदं (माघोति भगवा)
आराधये दक्खिणेय्ये हि तादि ।
एवं यजित्वा सम्मा याचयोगो उप्पज्जति ब्रह्मलोकन्ति ब्रूमी'ति ।।२३।।

एवं वुत्ते माघो माणवो भगवन्तं एतदवोच – अभिक्कन्तं भो गोतम ...पे०...अनेक परियायेन धम्मो पकासितो। एसाहं भवन्तं गोतमं सरणं गच्छामि धम्मं च भिक्खुसङ्घं च। उपासकं मे भवं गोतमो धारेतु अज्जतग्गे पाणुपेतं सरणं गत'न्ति।

माघसुत्तं निट्ठितं।

३२

सभियसुत्तं (६)

एवं मे सुतं। एकं समयं भगवा राजगहे विहरति वेळुवने कलन्दकनिवापे। तेन खो पन समयेन सभियस्स परिब्बाजकस्स पुराणसालोहिताय देवताय पञ्हा उद्दिट्ठा होन्ति – 'यो ते सभिय समणो वा ब्राह्मणो वा इमे पञ्हे पुट्ठो व्याकरोति तस्स सन्तिके ब्रह्मचरियं चरेय्यासी''ति। अथ खो सभियो परिब्बाजको तस्सा देवताय सन्तिके पञ्हे उग्गहेत्वा ये ते समणब्राह्मणा सङ्घिनो गणिनो गणाचरिया ञाता यसस्सिनो तित्थकरा साधुसम्मता बहुजनस्स सेय्यथीदं–पूरणो कस्सपो मक्खलिगोसालो अजितो केसकम्बली पकुधो कच्चायनो संजयो बेल्लट्ठिपुत्तो निगण्ठो नातपुत्तो ते उपसङ्कमित्वा ते पञ्हे पुच्छति। ते सभियेन परिब्बाजकेन पञ्हे पुट्ठा न संपायन्ति असंपायन्ता कोपं च दोसं च अप्पच्चयं च पातुकरोन्ति अपि च सभियं येव परिब्बाजकं पटिपुच्छन्ति। अथ खो सभियस्य परिब्बाजकस्स एतदहोसि– 'ये खो ते भोन्तो समणब्राह्मण।

૫૦૬. હે માઘ, યજમાન થઈને યજ્ઞ કર-એમ ભગવાન બોલ્યા- દરેક કાળે ચિત્તને પ્રસન્ન રાખ. યજમાનને માટે યજ્ઞ આલંબન જેવો છે. તેના ઉપર સ્થિર થઈને યજમાન દ્વેષનો ત્યાગ કરે છે. (૨૦)

૫૦૭. તે વીતરાગ દ્વેષનો ત્યાગ કરીને અપ્રમાણ મૈત્રીભાવના કરનારો, રાતદિવસ જાગૃત રહીને બધી દિશાઓ (મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આ) અપ્રમાણ ભાવનાઓથી વ્યાપ્ત કરે છે. (૨૧)

૫૦૮. (માઘ -) કોણ શુદ્ધ થાય છે, કોણ મુક્ત થાય છે, કોણ બદ્ધ થાય છે, કેવા ચિત્તથી બ્રહ્મલોકમાં જાય છે, આ હે મુનિ, મને ખબર ન હોવાથી પૂછું છું તો મને કહો. કારણ કે આજે જાણે કે સાક્ષાત્ બ્રહ્માની જેમ જ આપ ભગવાન મળ્યા છો. હે. દ્યુતિમાન, તમે ખરેખર જ અમારે માટે બ્રહ્મસમ છો. એટલે મનુષ્ય બ્રહ્મલોકમાં કેમ જાય છે તે કહો. (૨૨)

૫૦૯. હે માઘ, જે ત્રિવિધ યજ્ઞસંપદા ૨૦થી યજ્ઞ કરે છે- એમ ભગવાન બોલ્યા-- જે એવા દક્ષિણાર્હોની આરાધના કરે તે ખરો યાચકપ્રિય આ પ્રમાણે યજ્ઞ કરીને બ્રહ્મલોકમાં જાય છે એમ હું કહું છું. (૨૩)

આમ કહ્યા પછી માઘ માણવે ભગવાનને કહ્યું, "ધન્ય ધન્ય ભો ગોતમ... આજથી આમરણ શરણે ગયેલો હું ઉપાસક છું એમ ભગવાન ગોતમે જાણવું."

માઘસુત્ત સમાપ્ત

૩૨

સભિયસુત્ત (૬)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન રાજગૃહના વેણુવનમાં કલંદકનિવાપમાં રહેતા હતા. તે વખતે એક દેવે જે તારા આ પ્રશ્નોનો જવાબ આપે તેનો તું શિષ્ય થજે એમ કહીને સભિય પરિવ્રાજકને કેટલાક પ્રશ્નો શીખવ્યાં હતા. આ દેવ પૂર્વજન્મમાં સભિય પરિવ્રાજકનો સગો થતો હતો, એટલે આ પ્રશ્નો શીખીને તે, જે શ્રમણબ્રાહ્મણો સંઘનાયક, ગણનાયક, ગણાચાર્ય, પ્રસિદ્ધ, યશસ્વી, તીર્થંકર, અને બહુજનને સાધુસંમત પૂરણ કાશ્યપ, મસ્કરી ગોસાલ, અજિત કેસકંબલી, પકુધ કાત્યાયન, સંજય બેલટ્ઠપુત્ર અને નિર્ગ્રંથ નાથપુત્ર જેવા- લોકોની પાસે જઈને તે પ્રશ્નો પૂછતો. સભિય પરિવ્રાજક પ્રશ્ન પૂછતો ત્યારે તેઓ તેના જવાબ આપી શકતા નહોતા, જવાબ ન આપી શકવાથી કોપ, દ્વેષ અને દૌર્મનસ્ય પ્રગટ કરતા, અને સભિય પરિવ્રાજકને જ સામું પૂછતા. એથી સભિય પરિવ્રાજકને લાગ્યું કે ભવંત, શ્રમણબ્રાહ્મણ, સંઘનાયક, ગણનાયક.... નિર્ગ્રન્થ નાથપુત્રને હું પ્રશ્નો પૂછું છું ત્યારે જવાબ આપી શકતા નથી, જવાબ ન આપી શકવાથી કોપ, દ્વેષ અને દૌર્મનસ્ય પ્રગટ

सङ्घिनो गणिनो गणाचरिया ञाता यसस्सिनो तित्थकरा साधुम्मता बहुजनस्स सेय्यथीदं–पूरणो कस्सपो.. पे०.. निगण्ठो नातपुत्तो ते मया पञ्हे पुट्ठा न संपायन्ति, असंपायन्ता कोपं च दोसं च अप्पच्चयं च पातुकरोन्ति अपि च मञ्ञेवेत्थ पटिपुच्छन्ति, यन्नूनाहं हीनायावत्तित्त्वा कामे परिभुञ्जेय्य'न्ति। अथ खो सभियस्स परिब्बाजकस्स एतदहोसि– 'अयम्पि समणो गोतमो सङ्घी चेव गणी च गणाचरियो च मतो यसस्सी तित्थकरो साधुम्मतो बहुजनस्स यन्नूनाहं समणं गोतं उपसङ्कमित्वा इमे पञ्हे पुच्छेय्य''न्ति अथ खो सभियस्स परिब्बाजकस्स एतदहोसि––'ये पि खो ते भोन्तो समणब्राह्मणा जिण्णा वुद्धा महल्लका अद्धगता वयोअनुप्पत्ता थेरा रत्तञ्ञू चिरपब्बजिता सङ्घिनो गणिनो गणाचरिया ञाता यसस्सिनो तित्थकरा साधुसम्मता बहुजनस्स सेय्यथीदं–पूरणो कस्सपो. . .पे०. . .निगण्ठो नातपुत्तो ते'पि मया पञ्हे पुट्ठा न संपायन्ति असंपायन्ता कोपं च दोसं च अप्पच्चयं च पातुकरोन्ति अपि च मञ्ञेवेत्थ पटिपुच्छन्ति। किं पन मे समणो गोतमो इमे पञ्हे पुट्ठो व्याकरिस्सति। समणो हि गोतमो दहरो चेव जातिया नवो च पब्बज्जाया'ति। अथ खो सभियस्स परिब्बाजकस्स एतदहोसि– 'समणो खो दहरोति न परिभोतब्बो। दहरो' पि चे समणो होति सो होति महिद्धिको महानुभावो यन्नूनाहं समणं गोतमं उपसङ्कमित्वा इमे पञ्हे पुच्छेय्य'न्ति। अथ खो सभियो परिब्बाजको येन राजगहं तेन चारिकं पक्कामि। अनुपुब्बेन चारिकं चरमानो येन राजगहं वेळुवनं कलन्दकनिवापो येन भगवा तेनुपसङ्कमि, उपसङ्कमित्वा भगवता सद्धिं सम्मोदि, सम्मोदनीयं कथं साराणीयं वीतिसारेत्वा एकमंत्रनिसीहे एकमन्तं निसिन्नो खो सभियो परिब्बाजको भगवन्तं गाथाय अज्झभासि–

५१०. कङ्खी वेचिकिच्छी आगमं (इति सभियो) पञ्हे पुच्छितुं अभिकङ्खमानो
तेसन्तकरो भगवाहि पुट्ठो अनुपुब्बं अनुधम्मं व्याकरोहि मे।।१।।

५११. दूरतो आगतोसि (सभियाति भगवा) पञ्हे पुच्छितुं अभिकङ्खमानो।
तेसन्तकरो भवामि पुट्ठो अनुपुब्बं अनुधम्मं व्याकरोमि ते ।।२।।

५१२. पुच्छ मं सभिय पञ्हं यं किञ्चि मनसिच्छसि।
तस्स तस्सेव पञ्हस्स अहं अन्तं करोमि ते' ति।।३।।

अथ खो सभियस्स परिब्बाजकस्स एतदहोसि – 'अच्छरियं वत भो, अब्भुतं वत भो यावताहं अञ्ञेसु सणब्रह्मणेसु ओकास मत्तम्पि नालत्थं तं इदं समणेन गोतमेन ओकासकम्मं कत'न्ति अत्तमनो पमोदितो उदग्गो पीतिसोनस्सजातो भगवन्तं पञ्हं पुच्छि–

કરે છે અને મને જ સામું પૂછે છે. એટલે આ પ્રવ્રજ્યા છોડીને ફરી પાછા ગૃહસ્થ બનવું એ જ ઠીક છે. તો પણ સભિય પરિવ્રાજકને લાગ્યું કે આ શ્રમણ ગોતમ પણ સંઘનાયક, ગણનાયક, ગણાચાર્ય, પ્રસિદ્ધ, યશસ્વી, તીર્થંકર અને અનેક માણસોને સાધુસંમત છે, તો તેની પાસે જઈને તેને પ્રશ્ન પૂછવા એ સારું છે. ત્યારે સભિય પરિવ્રાજકને લાગ્યું કે જેઓ ભવંત શ્રમણબ્રાહ્મણ, જીર્ણ, વૃદ્ધ, ઘરડા, ઉત્તરાવસ્થાને પ્રાપ્ત થયેલા, વયાતીત સ્થવિર, જૂના અને ચિરકાળ પ્રવ્રજિત, સંઘનાયક, ગણનાયક, ગણાચાર્ય, પ્રસિદ્ધ, યશસ્વી, તીર્થકર, અનેક જણાને સાધુસંમત....તેઓને પ્રશ્ન પૂછતાં જવાબ આપી શકતા નથી, જવાબ ન આપી શકવાથી કોપ, દ્વેષ અને દૌર્મનસ્ય પ્રગટ કરે છે અને મને સામું પૂછે છે; તો પછી આ પ્રશ્નો શ્રમણ ગોતમને પૂછતાં તે મને જવાબ કેમ આપી શકશે ? કારણ કે શ્રમણ ગોતમ ઉમ્મરે યુવાન છે, અને હજી હમણાં જ પ્રવ્રજ્યા લીધી છે. તો પણ સભિય પરિવ્રાજકને લાગ્યું કે શ્રમણ તરુણ હોય તોપણ તેની અવજ્ઞા કે અવગણના ન કરવી જોઈએ. કોઈ કોઈ તરુણ શ્રમણ પણ મહાઋદ્ધિમાન મહાનુભાવ હોય છે, માટે શ્રમણ ગોતમ પાસે જઈને તેને આ પ્રશ્નો પૂછવા ઠીક છે. ત્યાર પછી સભિય પરિવ્રાજક રાજગૃહના પ્રવાસે નીકળ્યો. અનુક્રમે પ્રવાસ કરતાં કરતાં તે રાજગૃહના વેણુવનમાં કલંદકનિવાપમાં જ્યાં ભગવાન રહેતા હતા ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે ભગવાનને કુશળ સમાચાર પૂછયા. કુશળ સમાચારાદિ ભાષણ પૂરું કરીને તે એક બાજુએ બેઠો. એક બાજુએ બેસીને સભિય પરિવ્રાજકે ભગવાનને ગાથા દ્વારા નીચે મુજબ કહ્યું:

૫૧૦. શંકા અને સંશયવાળો હું – એમ સભિય બોલ્યો પ્રશ્નો પૂછવાના હેતુથી આવ્યો છું. તે પ્રશ્નોના તમે જવાબ આપનારા થાઓ, અને ધર્મને અનુસરીને જવાબ આપો. (૧)

૫૧૧. હે સભિય – એમ ભગવાન બોલ્યા – તું દૂરના પ્રદેશમાંથી પ્રશ્ન પૂછવાના હેતુથી આવ્યો છે. તે તું પૂછીશ એટલે હું તેના ઉકેલ આપીશ અને ધર્મને અનુસરીને જવાબ આપીશ. (૨)

૫૧૨. હે સભિય, તારા મનમાં જે કંઈ ઈચ્છા હોય.તે મુજબ તું મને પ્રશ્નો પૂછ. તારો જે જે પ્રશ્ન હશે તેનો તેનો હું ઉકેલ કરીશ. (૩)

આથી સભિય પરિવ્રાજકને લાગ્યું કે બીજા શ્રમણબ્રાહ્મણોએ તો પ્રશ્નો પૂછવાને પણ મને અવકાશ આપ્યો નહિ; આમ હોવા છતાં શ્રમણ ગોતમે મને પ્રશ્નો પૂછવાનો અવકાશ આપ્યો એ મહાઆશ્ચર્ય છે ! આ અદ્‌ભુત કહેવાય ! આમ હૃષ્ટ, તુષ્ટ, ઉલ્લંસિત અને પ્રીતિસૌમનસ્યયુક્ત થઈને તેણે ભગવાનને પ્રશ્ન પૂછ્યો:

५१३. किं पतिनमाहु भिक्खु नं (इति सभियो) सोरतं केन कथं च दन्तमाहु

बुद्धोति कथं पवुच्चति पुट्ठो भगवा ब्याकरोहि ।।४।।

५१४. पज्जेन कतेन अत्तना (सभियाति भगवा) परिनिब्बाणगतो वितिण्णकङ्खो

विभवं च भवं च विप्पहाय वुसितवा खीणपुनब्भवो स भिक्खु।।५।।

५१५. सब्बत्थ उपेक्खको सतीमा न सो हिंसति किञ्च सब्बलोके।

तिण्णो समणो अनाविलो उस्सदा यस्स न सन्ति सोरतो सो।।६।।

५१६. यस्सिन्द्रियानि भावितानि अज्झत्तं वहिद्धा च सब्बलोके ।

निब्बिज्झ इमं परं च लोकं कालं कङ्खति भावितो स दन्तो।।७।।

५१७. कप्पानि विचेय्य केवलानि संसारदुभयं चुतूपपातं।

विगतरजनङ्गणं विसुद्धं पत्तं जातिक्खयं तमाहु बुद्धन्ति ।।८।।

अथ खो सभियो परिब्बाजको भगवतो भासितं अभिनन्दित्वा अनुमोदित्वा अत्तमनो पमोदितो उदग्गो पीतिसोमनस्सजातो भगवन्तं उत्तरिं पञ्हं पुच्छि–

५१८. किं पत्तिनमाहु ब्राह्मणं (इति सभियो)

समणं केन कथं च न्हातकोति।

नागोति कथं पवुच्चति पुट्ठो मे भगवा व्याकरोहि।।९।।

५१९. बाहेत्वा सब्बपापानि (सभियाति भगवा)

विमलो साधुसमाहितो ठितत्तो ।

संसारम तिच्च केवली सो असितो तादि पवुच्चते स ब्रह्मा ।।१०।।

५२०. समिताविं पहाय पुञ्ञपापं विरजो ञत्वा इमं परं च लोकं।

जातिमरणं उपातिवत्तो समणो तादि पवुच्चते तथत्ता ।।११।।

५२१. निन्हाय सब्बपापकानि अज्झत्तं बहिद्धा च सब्बलोके ।

देवमनुस्सेसु कप्पियेसु कप्पं नेति तमाहु न्हातकोति ।।१२।।

५२२. आगुं न करोति किञ्चि लोके सब्बसंयोगे विसज्ज बन्धनानि।

सब्बत्थ न सज्जति विमुत्तो नागो तादि पवुच्चते तथत्ताति ।।१३।।

अथ खो सभियो परिब्बाजको. . . पे० . . भगवन्तं उत्तरिं पञ्हं पुच्छि–

૫૧૩. કયા ગુણો પ્રાપ્ત કરવાથી ભિક્ષુ થાય છે એમ સભિય બોલ્યો- (ભિક્ષુ) સુશાંત કેમ થાય, દાન્ત કોને કહેવાય, અને બુદ્ધ કેમ થાય, એમ હું પૂછું છું, હે ભગવન્ મને તેનો જવાબ આપો. (૪)

૫૧૪. હે સભિય, જે પોતે તૈયાર કરેલે માર્ગે – એમ ભગવાન બોલ્યા- પરિનિર્વાણ પામે છે, જેને શંકા રહેતી નથી, જે શાશ્વત દૃષ્ટિ અને ઉચ્છેદ દૃષ્ટિનો ત્યાગ કરીને કૃતકૃત્ય થાય છે અને પુનર્જન્મ પામતો નથી તે ભિક્ષુ છે. (૫)

૫૧૫. જે દરેક જગ્યાએ ઉપેક્ષાયુક્ત અને સ્મૃતિમાન થઈને આ સર્વ જગતમાં કોઈની પણ હિંસા કરતો નથી, જે શ્રમણ ઉત્તીર્ણ અને અનાવિલ હોય, અને જેનામાં રાગદ્વેષાદિ ઉત્સદો [૨૧] નથી તે સુશાંત છે. (૬)

૫૧૬. આ આખા જગતમાં જેની ઈંદ્રિયો બહારથી અને અંદરથી કબજે થઈ ગઈ હોય, અને જે ભાવિતાત્મા ઇહપરલોક જાણીને મરણની પ્રતીક્ષા કરે છે તે દાન્ત છે. (૭)

૫૧૭. સકલ વિકલ્પ, સંસાર અને જન્મમરણ બન્ને જાણીને અને વિગતરજ, નિષ્પાપ અને વિશુદ્ધ થઈને જે જન્મક્ષય પામે છે તે બુદ્ધ કહેવાય છે. (૮)

તે પછી સભિય પરિવ્રાજકે ભગવાનના કથનનું અનુમોદન કરીને અને હૃષ્ટ, તુષ્ટ, ઉલ્લસિત અને પ્રીતિસૌમનસ્યયુક્ત થઈને ભગવાનને વળી પ્રશ્ન પૂછ્યો :

૫૧૮. (માણસ) કયા ગુણની પ્રાપ્તિથી બ્રાહ્મણ થાય છે – એમ સભિય બોલ્યો- (મનુષ્ય) શ્રમણ કેમ થાય છે, સ્નાતક કેમ થાય છે, નાગ કોને કહેવામાં આવે છે, એ હે ભગવન્, હું તમને પૂછું છું, તેનો જવાબ આપો. (૯)

૫૧૯. હે સભિય, બધાં પાપોનો બહિષ્કાર કરીને-એમ ભગવાન બોલ્યા- વિમલ, ઉત્તમ રીતે સમાહિત, સ્થિતાત્મા, સંસારનું અતિક્રમણ કરીને કેવલી અને અનાશ્રિત એવો જે માણસ હોય તેને બ્રાહ્મણ કહે છે. (૧૦)

૫૨૦. પુણ્યપાપનો ત્યાગ કરીને શાંત થયેલો, ઇહપરલોક જાણીને વિગતરજ થયેલો અને જન્મમરણની જે પાર ગયો હોય તેને તે ગુણોને લીધે શ્રમણ કહે છે. (૧૧)

૫૨૧. જે સર્વ જગતમાં બહારથી અને અંદરથી બધાં પાપોને ધોઈ નાખીને વિકલ્પબદ્ધ દેવમનુષ્યોમાં વિકલ્પ પામતો નથી તેને સ્નાતક કહે છે. (૧૨)

૫૨૨. જે ઇહલોકમાં કઈ પણ પાપ કરતો નથી, અને જે બધા સંયોગ અને બંધનોને છોડાવીને સર્વત્ર બદ્ધ નથી થતો, વિમુક્ત થાય છે તેને તે ગુણોને લીધે નાગ કહે છે. (न+आगस) (૧૩)

તે પછી સભિય પરિવ્રાજકે.. ભગવાનને વળી પ્રશ્ન પૂછયો:

५२३. किं खेत्तजिनं वदन्ति बुद्धा (इति सभियो) कुसलं केन कथं च पण्डितो'ति। मुनि नाम कथं पवुच्चति पुट्ठो मे भगवा व्याकरोहि।।१४।।

५२४. खेत्तानि विजेय्य केवलानि (सभियाति भगवा)

दिब्बं मानुसकं च ब्रह्मखेत्तं।

सब्बखेत्तमूलबन्धना पमुत्तो खेत्तजिनो तादि पवुच्चते तथत्ता।।१५।।

५२५. कोसानि विजेय्य केवलानि दिब्बं मानुसकं च ब्रह्मकोसं ।

(सब्ब) कोसमूलबन्धना पमुत्तो कुसलो तादि पवुच्चते तथत्ता ।।१६।।

५२६. तदुभयानि विजेय्य पण्डरानि अज्झत्तं बहिद्धा च सुद्धिपञ्ञो।

कण्हं सुक्कं उपातिवत्तो पण्डितो तादि पवच्चते तथत्ता ।।१७।।

५२७. असतं च सतं च ञत्वा धम्मं अज्झत्तं च बहिद्धा च सब्बलोके।

देवमनुस्सेहि पूजितो सो सङ्गं जालमतिच्च सो मुनी'ति ।।१८।।

अथ खो सभियो परिब्बाजको. . . पे०. . .भगवन्तं उत्तरिं पञ्हं पुच्छि–

५२८. किं पत्तिनमाहु वेदगुं (इति सभियो) अनुविदितं केन कथं च विरियवा'ति। आजानीयो किन्ति नाम होति पुट्ठो मे भगवा व्याकरोहि।।१९।।

५२९. वेदानि विचेय्य केवलानि (सभिया ति भगवा).

समणानं यानिधत्थि ब्राह्मणानं ।

सब्बवेदनासु वीतरागो सब्बं वेदमतिच्च वेदगू सो।।२०।।

५३०. अनुविच्च पपञ्चनामरूपं अज्झत्तं बहिद्धा च रोगमूलं ।

सब्बरोगमूलबन्धना पमुत्तो अनुविदितो तादि पवुच्चते तथत्ता ।।२१।।

५३१. विरतो इध सब्बपापकेहि निरयदुक्खमतिच्च विरियवा सो ।

सो विरियवा पधानवा धीरो तादि पवुच्चते तथत्ता ।।२२।।

५३२. यस्सस्सु लुतानि बन्धनानि अज्झत्तं बहिद्धा च सब्बमूलं।

(सब्ब) सङ्गमूलबन्धनापमुत्तो

आजानियो तादिपवुच्चते तथत्ता'ति।।२३।।

अथ सो सभियो परिब्बाजको. . .पे०. . .भगवन्तं उत्तरिं पञ्हं पुच्छि–

५३३. किं पत्तिनमाहु सोत्थियं (इति सभियो) अरियं केन कथं च चरणवा'ति।

परिब्बाजको किन्ति नाम होति पुट्ठो मे भगवा व्याकरोहि ।।२४।।

૫૨૩. બુદ્ધ ક્ષેત્રજિન કોને કહે છે,– એમ સભિય બોલ્યો – (મનુષ્ય) કુશલ કેમ થાય છે, પંડિત કેમ થાય છે, મુનિ કોને કહેવામાં આવે છે એ હું પૂછું. છું, તેનો હે ભગવન્, મને જવાબ આપો. (૧૪)

૫૨૪. હે સભિય, દિવ્ય, માનવી અને બ્રહ્મક્ષેત્ર એ બધાં ક્ષેત્રો જાણીને– એમ ભગવાન બોલ્યા– જે બધાં ક્ષેત્રોના મૂળ બંધનથી મુક્ત થયો હોય તેને તે ગુણોને લીધે ક્ષેત્રજિન કહે છે. (૧૫)

૫૨૫. દિવ્ય, માનવી અને બ્રહ્મકોશ એ બધા કોશો જાણીને જે બધા કોશોનાં બંધનોથી મુક્ત થયો હોય તેને તે ગુણોને લીધે કુશળ કહે છે. (૧૬)

૫૨૬. આધ્યાત્મિક અને બાહ્ય પંડરો (એટલે આયતનો) જાણીને જે વિશુદ્ધપ્રજ્ઞ (માણસ) પાપપુણ્યની પાર જાય છે તેને તે ગુણોથી પંડિત કહે છે. (૧૭)

૫૨૭. સર્વ લોકમાં અધ્યાત્મવિષયક અને બાહ્યવિષયક, સાધુઓનો અને અસાધુઓનો ધર્મ જાણીને અને સંગજાળની પાર જઈને જે દેવનુષ્યોને પૂજ્ય થાય છે તે મુનિ છે. (૧૮)

તે પછી સભિય પરિવ્રાજકે...ભગવાનને વળી પ્રશ્ન પૂછ્યો.

૫૨૮. કયા ગુણની પ્રાપ્તિથી (માણસ) વેદપારગ કહેવાય છે– એમ સભિય બોલ્યો– (માણસ) અનુવિદિત કેમ થાય છે, વીર્યવાન કેમ થાય છે, અને આજન્ય કેમ થાય છે એ હું પૂછું છું, તેનો હે ભગવન્, મને જવાબ આપો. (૧૯)

૫૨૯. હે સભિય, શ્રમણ બ્રાહ્મણોના જેટલા વેદ હોય તે બધા જાણીને – એમ ભગવાન બોલ્યા – અને બધા વેદોની પાર જઈને જે બધી વેદનાઓ વિષે વીતરાગ થાય છે તે વેદપારગ છે. (૨૦)

૫૩૦. અંદર અને બહારથી રોગોનું મૂળ સંસાર અને નામરૂપ છે એમ જાણીને સર્વ રોગોના મૂળ બંધનથી જે મુક્ત થાય છે તેને તે ગુણોને લીધે અનુવિદિત કહે છે. (૨૧)

૫૩૧. જે ઇહલોકમાં બધાં પાપોથી વિરત થાય છે અને નિરયદુઃખની પાર જાય છે તે વીર્યવાન છે; તેને જ તે ગુણોને લીધે વીર્યવાન, પ્રધાનવાન અને ધીર કહે છે. (૨૨)

૫૩૨. અંદરનાં અને બહારનાં બધાં સંગકારણો તોડીને જે સર્વસંગના બંધનથી મુક્ત થયો હોય તેને તે ગુણોને લીધે આજન્ય કહે છે. (૨૩)

તે પછી સભિય પરિવ્રાજકે...ભગવાનને વળી પ્રશ્ન પૂછ્યોઃ

૫૩૩. કયા ગુણોની પ્રાપ્તિથી (માણસ) શ્રોત્રિય કહેવાય છે,– એમ સભિય બોલ્યો– (માણસ) આર્ય શેનાથી થાય છે, આચરણવાન કેમ થાય છે અને પરિવ્રાજક કેમ થાય છે એ હું તમને પૂછું છું, તેનો હે ભગવન્, મને જવાબ આપો. (૨૪)

५३४. सुत्वा सब्बधम्मं अभिञ्ञाय लोके (सभिया'ति भगवा)
सावज्जानवज्जं यदत्थि किञ्चि।
अभिभुं अकथं अकथं विमुत्तं अनीघं सब्बधिमाहु सोत्थि'ति।।२५।।
५३५. छेत्वा आसवानि आलयानि विद्वा सो न उपेति गब्भसेय्यं ।
सब्बं तिविधं पनुज्ज पङ्कं नेति तमाहु अरियो'ति ।।२६।।
५३६. यो इध चरणेसु पत्तिपत्तो कुसलो सब्बदा आजानाति धम्मं ।
सब्बत्थ न सज्जति विमुत्तो पटिघा यस्स न सन्ति चरणो सो ।।२७।।
५३७. दुक्खवेपक्कं यदत्थि कम्मं उद्धं अधो च तिरियं चापि मज्झे।
परिवज्जयित्वा परिञ्ञचारी मायं मानमथो'पि लोभकोधं।
परियन्तमकासि नामरूपं तं परिब्बाजकमाहु पत्तिपत्त'न्ति।।२८।।

अथ खो सभियो परिब्बाजको भगवतो भासितं अभिनन्दित्वा अनुमोदित्वा अत्तमनो पमोदितो उदग्गो पीतिसोमनस्सजातो उट्ठायासना एकंसं उत्तरासङ्गं करित्वा येन भगवा तेनञ्जलिं पणामेत्वा भगवन्तं सम्मुखा सारूप्पाहि गाथाहि अभित्थवि--

५३८. यानि च तीणि यानि च सट्ठि समणप्पवादसितानि भूरिपञ्ञ ।
सञ्ञक्खरसञ्ञनिस्सितानि ओसरणानि विनेय्य ओघतमगा।।२९।।
५३९. अन्तगू'सि पारगू'सि दुक्खस्स
अरहा'सि सम्मासम्बुद्धो खीणासवं तं मञ्ञे।
जुतिमा मुतिमा पहूतपञ्ञो दुक्खस्सन्तकर अतारयि मं ।।३०।।
५४०. यं मे कङ्खितमञ्ञासि विचिकिच्छं मं अतारेसि नमो ते ।
मुनि मोनपथेसु पत्तिपत्त अखिल आदिच्चबन्धु सोरतो'सि ।।३१।।
५४१. या मे कङ्खा पुरे आसि तं मे व्याकासि चक्खुमा।
अद्धा मुनिसि सम्बुद्धो नत्थि नीवरणा तव।।३२।।
५४२. उपायास- च ते सब्बे विद्धस्ता विनलीकता।
सीतिभूतो दमप्पत्तो धितिमा सच्चनिक्कमो।।३३।।
५४३. तस्स ते नागनागस्स महावीरस्स भासतो।
सब्बे देवानुमोदन्ति उभो नारदपब्बता ।।३४।।

૫૩૪. હે સભિય, જે નિંદિત અને અનિંદિત ધર્મો હોય તે બધા સાંભળીને અને જાણીને–એમ ભગવાન બોલ્યા– જે (માણસ) તેના ઉપર જય મેળવીને નિઃશંક, વિમુક્ત અને સર્વથૈવ નિર્દુઃખ થાય છે તેને શ્રોત્રિય કહે છે. (૨૫)

૫૩૫. જે વિદ્વાન (માણસ) આસ્રવ અને આલયોનો ઉચ્છેદ કરીને ગર્ભવાસને પામતો નથી, અને જે (કામ, રૂપ અને અરૂપ એવી) ત્રિવિધ પંકમય સંજ્ઞાનું ઉલ્લંઘન કરીને વિકલ્પ પામતો નથી તે આર્ય છે. (૨૬)

૫૩૬. જે ઇહલોકમાં આચરણમાં પૂર્ણત્વ પામે છે, જે હમેશાં કુશળ ધર્મ જાણે છે, જે કયાંયે બદ્ધ થતો નથી, જે વિમુક્ત હોય છે, અને જેનામાં પ્રત્યાઘાતબુદ્ધિ નથી હોતી તે આચરણવાન છે. (૨૭)

૫૩૭. ઉપર નીચે ચારે બાજુએ અથવા મધ્યમાં જે કંઈ દુઃખકારક કર્મ હોય તેનો ત્યાગ કરીને જે (માણસ) વિચારપૂર્વક વર્તે છે, જેણે માયા, માન, લોભ, ક્રોધ અને નામરૂપનો અંત કર્યો તે પૂર્ણત્વ પામેલાને પરિવ્રાજક કહે છે. (૨૮)

તે પછી સભિય પરિવ્રાજકે ભગવાનના ભાષણનું અભિનંદન અને અનુમોદન કરીને, અને હૃષ્ટ, તુષ્ટ, ઉલ્લસિત અને પ્રીતિસૌમનસ્યયુક્ત થઈને, આસન ઉપરથી ઊઠીને ઉપરણું એક ખભે કરીને, અને ભગવાનની સામે હાથ જોડીને ત્યાં જ યોગ્ય ગાથાઓથી ભગવાનની સ્તુતિ કરી.

૫૩૮. હે વિપુલપ્રજ્ઞ, આ સાઠ અને ત્રણ શ્રમણવાદ ઉપર અને કલ્પનામય શબ્દો ઉપર અવલંબી રહેલા મતો (ઉતરાણ–ઉતાર) છોડીને તમે ઓઘ તરી ગયા ! (૨૯)

૫૩૯. તમે દુઃખનો અંત કર્યો, તમે દુઃખની પાર ગયા, તમે અર્હત સમ્યક્ સંબુદ્ધ છો, તમને હું ક્ષીણાસ્રવ માનું છું. તમે દ્યુતિમાન, મતિમાન અને વિપુલપ્રજ્ઞ છો. હે દુખન્તકર, તમે મને તાર્યો. (૩૦)

૫૪૦. તમે મારી શંકાઓ જાણી અને મને સંશયબદ્ધને તાર્યો, તમને હું નમસ્કાર કરું છું. હે મૌનમાર્ગમાં પૂર્ણત્વ પામેલ મુનિ, હે કાઠિન્યરહિત આદિત્યબંધુ, તમે ખરેખર શાંત છો ! (૩૧)

૫૪૧. પહેલાં જે મારી શંકા હતી તેનું ચક્ષુષ્મંતે સમાધાન કર્યું. ખાતરીથી તમે સંબુદ્ધ મુનિ છો. કારણ તમારામાં આવરણો નથી. (૩૨)

૫૪૨. તમારા બધા શોક વિધ્વસ્ત થયા છે, વિનાશ પામ્યા છે. તમે શાંતિમય, દમપ્રાપ્ત, ધૃતિમાન અને સત્યનિષ્ક્રમ છો ! (૩૩)

૫૪૩. તે તમારા નાગનાગ–મહાવીર–ના ભાષણનું નારદ અને પર્વત બન્ને અને બધા દેવો અનુમોદન કરે છે. (૩૪)

५४४. नमो ते पुरिसाजञ्ञ नमो ते पुरिसुत्तम ।
सदेवकस्मिं लोकस्मिं नत्थि ते पटिपुग्गलो ।।३५।।
५४५. तुवं बुद्धो तुवं सत्था तुवं माराभिभू मुनि।
तुवं अनुसये छेत्वा तिण्णो तारेसिमं पजं ।।३६।।
५४६. उपधी ते समतिक्कन्ता आसवा ते पदालिता ।
सीहोसि अनुपादानो पहीनभयभेरवो ।।३७।।
५४७. पुण्डरीकं यथा वग्गु तोये न उपलिप्पति।
एवं पुञ्ञे च पापे च उभये त्वं न लिप्पसि।
पादे वीर पसारेहि सभियो वदन्ति सत्थुनो'ति।।३८।।

अथ खो सभियो परिब्बाजको भगवतो पादेसु सिरसा निपतित्वा भगवन्तं एतदवोच--'अभिक्कन्तं भो गोतम. . . पे०. . . धम्मं च भिक्खुसंघञ्च् लभेय्याहं, भन्ते, भगवतो सन्तिके पब्बज्जं लभेय्यं उपसम्पदं' न्ति। 'यो खो सभिय, अञ्ञतित्थियपुब्बो इमस्मिं धम्मविनये आकङ्खति पब्बज्जं, आकङ्खति उपसम्पदं, सो चत्तारो मासे परिवसति; चतुन्नं मासानं अच्चयेन आरद्धचित्ता भिक्खू पब्बाजेन्ति उपसम्पादेन्ति भिक्खुभावाय; अपि च मेत्थ पुग्गलवेमत्तता विदिता' ति। 'सचे, भन्ते, अञ्ञतित्थियपुब्बा इमस्मिं धम्मविनये आकङ्खन्ता पब्बज्जं, आकङ्खन्ता उपसम्पदं चत्तारो मासे परिवसन्ति, चतुन्नं मासानं अच्चयेन आरद्धचित्ता भिक्खू पब्बाजेन्ति, उपसम्पादेन्ति भिक्खुभावाय, अहं चत्तारि वस्सानि परिवसिस्सामि, चतुन्नं वस्सानं अचयेन आरद्धचित्ता भिक्खू पब्बाजेन्तु उपसम्पादेन्तु भिक्खुभावाया' ति।

अलत्थ खो सभियो परिब्बाजको भगवतो सन्तिके पब्बज्जं, अलत्थ उपसम्पदं. . .पे०. . .अञ्ञतरो खो पनायस्मा सभियो अरहतं अहोसी'ति।

सभियसुत्तं निट्ठितं।

૫૪૪. હે પુરુષાજન્ય તમને નમસ્કાર હો! હે પુરુષોત્તમ મને નમસ્કાર હો. આ સદેપક લોકમાં તમારા જેવો બીજો પુરુષ નથી. (૩૫).

૫૪૫. તમે બુદ્ધ, તમે શાસ્તા, તમે મારનો પરાભવ કરનારા મુનિ, તમે અનુશય તોડીને તરી ગયેલા આ લોકોને તારો છો! (૩૬)

૫૪૬. તમે ઉપાધિને પાછળ નાંખી દીધી છે, તમે આસ્રવો તોડયા છે, તમે ઉપાદાનવિરહિત ભયભૈરવરહિત સિંહ છો! (૩૭)

૫૪૭. પુંડરિક કમળ જેમ પાણીમાં બદ્ધ થતું નથી તેમ તમે પાપ અને પુણ્ય બન્નેમાં બદ્ધ થતા નથી! હે વીર, પગ ફેલાવો. આ સભિય તમને શાસ્તાને વંદન કરે છે! (૩૮)

તે પછી ભગવાનના પગ ઉપર માથું મૂકીને સભિય પરિવ્રાજકે ભગવાનને કહ્યું, 'ધન્ય, ધન્ય, ભો ગોતમ,... ભિક્ષુસંઘને શરણે જાઉં છું. મને ભગવાન પાસે પ્રવ્રજ્યા અને ઉપસંદા મળો.' "હે સભિય, બીજા પંથનો જે પરિવ્રાજક આ ધર્મવિનયમાં પ્રવ્રજ્યા અને ઉપસંપદા લેવા માગે છે તેને ચાર મહિના ઉમેદવારી કરવી પડે છે. ચાર મહિના પૂરા થયા પછી તેના આચરણથી ભિક્ષુસંઘનું જો સમાધાન થાય તો તેઓ તેને પ્રવ્રજ્યા આપે છે અને ભિક્ષુ થવા માટે ઉપસંપદા આપે છે. પરંતુ વિશિષ્ટ વ્યક્તિની સાથે વિશિષ્ટ પ્રકારે વર્તવું મને ગમે છે.' 'ભદન્ત, આપના ધર્મવિનયમાં પ્રવ્રજ્યા અને ઉપસંપદા લેવા ઈચ્છતા અન્ય પંથમાંના પરિવ્રાજકો ચાર મહિના ઉમેદવારી કરતા હોય અને ચાર મહિના પછી ભિક્ષુઓનું સમાધાન થાય તો તેઓ તેને પ્રવ્રજ્યા અને ઉપસંપદા દેતા હોય તો હું ચાર વરસ ઉમેદવારી કરું. ચાર વરસ પછી ભિક્ષુઓનું સમાધાન થાય તો તેઓ મને પ્રવ્રજ્યા આપે અને ભિક્ષુ થવા માટે ઉપસંપદા આપે.' સભિય પરિવ્રાજકને ભગવાન પાસે પ્રવ્રજ્યા મળી અને ઉપસંપદા મળી...આયુષ્માન સભિય અરહન્તોમાંનો એક થયો.

સભિયસુત્ત સમાપ્ત

सेलसुत्तं (७)

एवं मे सुतं। एकं समयं भगवा अंगुत्तरापेसु चारिकं चरमानो महता भिक्खुसङ्घेन सद्धिं अड्ढतेळसेहि भिक्खुसतेहि येन आपणं नाम अङ्गुत्तरापानं निगमो तदवसरि। अस्सोसि खो केणियो जटिलो 'समणो खलु भो गोतमो सक्यपुत्तो सक्यकुला पब्बजितो अङ्गुत्तरापेसु चारिकं चरमानो महता भिक्खुसङ्घेन सद्धिं अड्ढतेळसेहि भिक्खुसतेहि आपणं अनुप्पत्तो; तं खो पन भवन्तं गोतमं एवं कल्याणो कित्तिसद्दो अब्भुगतो–इति'पि सो भगवा अरहं सम्मासम्बुद्धो विज्जाचरणसम्पन्नो सुगतो लोकविदू अनुत्तरो पुरिसदम्मसारथि सत्था देवमनुस्सानं बुद्धो भगवाति; सो इमं लोकं सदेवकं समारकं सब्रह्मकं सस्समणब्राह्मणिं पजं सदेवमनुस्सं सयं अभिञ्ञा सच्छिकत्वा पवेदेति; सो धम्मं देसेति आदिकल्याणं मज्झेकल्याणं परियोसानकल्याणं सत्थं सव्यञ्जनं केवलपरिपुण्णं परिसुद्धं ब्रह्मचरियं पकासेति; साधु खो पन तथारूपानं अरहतं दस्सनं होती' 'ति। अथ खो केणियो जटिलो येन भगवा तेनुपसङ्कमित्वा, उपसङ्कमित्वा भगवता सद्धिं सम्मोदि सम्मोदनीयं कथं साराणीयं वीतिसारेत्वा एकमन्तं निसीदि। एकमन्तं निसिन्नं खो केणियं जटिलं भगवा धम्मिया कथाय संदस्सेसि समादपेसि समुत्तेजेसि सम्पहंसेसि। अथ खो केणियो जटिलो भगवता धम्मिया कथाय सन्दस्सितो समादपितो समुत्तेजितो सम्पहंसितो भगवन्तं एतदवोच–'अधिवासेतु मे भवं गोतमो स्वातनाय भत्तं सद्धिं भिक्खुसङ्घेना'ति। एवं वुत्ते भगवा केणियं जटिलं एतदवोच––'महा खो केणिय. भिक्खुसङ्घो अड्ढतेळसानि भिक्खुसतानि, त्वं च खो बाह्मणेसु अभिप्पसन्नो"ति। दुतियम्पि भो केणियो जटिलो भगवन्तं एतदवोच– 'किञ्चपि, भो गोतम, महाभिक्खुसङ्घो अडढ्तेळसानि भिक्खुसतानि, अहञ्च् ब्राह्मणेसु अभिप्पसन्नो, अधिवासेतु मे भवं गोतमो स्वातनाय भत्तं सद्धिं भिक्खुसङ्घेना' 'ति। दुतियम्पि खो भगवा केणियं जटिलं एतदवोच––'महा खो केणिय भिक्खुसङ्घो अडढ्तेळसानि भिक्खुसतानि, त्वं च खो ब्राह्मणेसु अभिप्पसन्नो" ति। ततियम्पि खो केणियो जटिलो भगवन्तं एतदवोच––'किञ्चपि भो गोतम महाभिक्खुसङ्घो अडढ्तेळसानि भिक्खुसतानि अहं च खो ब्राह्मणेसु अभिप्पसन्नो, अधिवासेत्वेव मे भवं गोतमो स्वातनाय भत्तं सद्धिं भिक्खुसङ्घेना'ति। अधिवासेसि भगवा तुण्हीभावेन। अथ खो केणियो जटिलो भगवतो अधिवासनं विदित्वा

૩૩

સેલસુત્ત (૭)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન અંગુત્તરાપ દેશમાં મોટા ભિક્ષુસંઘની સાથે એટલે સાડાબારસો ભિક્ષુઓની સાથે પ્રવાસ કરતા કરતા અંગુત્તરાપમાંના આપણ નામના શહેર પાસે આવ્યા. શાકયકુળમાંથી પરિવ્રાજક થયેલ શાકયપુત્ર શ્રમણ ગોતમ અંગુત્તરાપ દેશમાં મોટા ભિક્ષુસંઘની સાથે એટલે સાડાબારસો ભિક્ષુઓની સાથે પ્રવાસ કરતા કરતા આપણા શહેરમાં આવ્યા છે, અને તે ભગવાન ગોતમની એવી કલ્યાણકારક કીર્તિ ફેલાયેલી છે કે આ રીતે તે ભગવાન અર્હત, સમ્યકસંબુદ્ધ, વિદ્યાચરણસંપન્ન, સુગત, લોકવિદ, શ્રેષ્ઠ, દમન યોગ્ય પુરુષોનો સારથિ, દેવો અને મનુષ્યોનો ગુરુ બુદ્ધ ભગવાન છે; તે આ સદેવક, સમારક, સબ્રહ્મક જગતને અને સશ્રમણબ્રાહ્મણ સદૈવ મનુષ્ય પ્રજાને પોતાના જ્ઞાનથી સાક્ષાત્કાર કરીને જાણે છે; તે આદિકલ્યાણ, મધ્યકલ્યાણ, પર્યવસાનકલ્યાણ એવા ધર્મનો ઉપદેશ કરે છે, અને સાર્થ, સવ્યંજન, કેવલપરિપૂર્ણ બ્રહ્મચર્ય પ્રકાશિત કરે છે; અને આવા અરહન્તનું દર્શન લાભદાયક છે; એમ કેણિય જટિલે સાંભળ્યું. ત્યારે કેણિય જટિલ ભગવાનની પાસે આવ્યો. આવીને તેણે ભગવાનને કુશળ સમાચાર પૂછયા અને કુશળ સમાચાર પૂછીને એક બાજુએ બેઠો. એક બાજુએ બેઠેલા કેણિય જટિલને ધાર્મિક ભાષણ દ્વારા ભગવાનને સન્માર્ગ બતાવ્યો, ઉપદેશ કર્યો, ઉત્તેજિત કર્યો, અને સંપ્રહર્ષિત કર્યો. એટલે ભગવાને જેને ધાર્મિક ભાષણ દ્વારા સન્માર્ગ બતાવ્યો છે, જેને ઉપદેશ કર્યો છે, જેને ઉત્તેજિત કર્યો છે, અને સંહર્ષિત કર્યો છે એવા કેણિય જટિલે ભગવાનને કહ્યું, 'ભવાન ગોતમે ભિક્ષુસંઘની સાથે આવતી કાલે મારું આમંત્રણ સ્વીકારવું.' તે પછી ભગવાને કેણિય જટિલને કહ્યું, 'હે કેણિય, ભિક્ષુસંઘ મોટો છે, સાડાબારસો ભિક્ષુઓ છે, અને તું તો બ્રાહ્મણોનો ભક્ત છે." બીજીવાર પણ કેણિય જટિલે ભગવાનને કહ્યું, "હે ગોતમ, ભલે ભિક્ષુસંઘ મોટો હોય, સાડાબારસો ભિક્ષુઓ હોય, અને હું બ્રાહ્મણોનો ભક્ત હોઉં, તોપણ ભવાન ગોતમે ભિક્ષુસંઘની સાથે આવતી કાલનું મારું આમંત્રણ સ્વીકારવું." બીજીવાર પણ ભગવાને કેણિય જટિલને કહ્યું, "હે કેણિય, ભિક્ષુસંઘ મોટો છે, સાડાબારસો ભિક્ષુઓ છે, અને તું તો બ્રાહ્મણોનો ભક્ત છે." ત્રીજીવાર પણ કેણિય જટિલે ભગવાનને કહ્યું, "હે ગોતમ, ભલે ભિક્ષુસંઘ મોટો હોય, સાડાબારસો ભિક્ષુઓ હોય, અને હું બ્રાહ્મણોનો ભક્ત હોઉં, તો પણ ભવાન ગોતમે ભિક્ષુસંઘની સાથે આવતી કાલનું મારું આમંત્રણ સ્વીકારવું." કંઈ ન બોલતાં ભગવાને આમંત્રણ સ્વીકાર્યું એટલે ભગવાને

उट्ठायासना येन सको अस्समो तेनुपसङ्कमि, उपसङ्कमित्वा मित्तामच्चे ञातिसालोहिते आमन्तेसि--'सुणन्तु मे भोन्तो मित्तामच्चा ञातिसालोहिता, समणो मे गोतमो निमतिन्तो स्वातनाय भत्तं सद्धिं भिक्खुसङ्घेन, येन मे कायवेय्यावटिकं करेय्याथा'ति। 'एवं भो' ति खो केणियस्स जटिलस्स मित्तामच्चा ञातिसालोहिता केणियस्स जटिलस्स पटिस्सुत्वा अप्पेकच्चे उद्धनानि खणन्ति, अप्पेकच्चे कट्ठानि फालेन्ति, अप्पेकच्चे भाजनानि धोवन्ति, अप्पेकच्चे उदकमणिकं पतिट्ठापेन्ति, अप्पेकच्चे आसनानि पञ्ञापेन्ति; केणियो पन जटिलो सामं येव मण्डलमालं पटियादेति। तेन खो पन समयेन सेलो ब्राह्मणो आपणे पटिवसति, तिण्णं वेदानं पारगू सनिधण्टु केटुभानं साक्खरप्पभेदानं इतिहासपञ्चमानं पदको वेय्याकरणो लोकायतमहापुरिसलक्खणेसु अन्वयो तीणि माणवकसतानि मन्ते वाचेति। तेन खो पन समयेन केणियो जटिलो सेले ब्राह्मणे अभिप्पसन्नो होति। अथ खो सेलो ब्राह्मणो तीहि माणवकसतेहि परिवुतो जङ्घाविहारं अनुचङ्कममानो अनुविचरमनो येन केणियस्स जटिलस्स अस्समो तेनुपसङ्कमि। अद्दसा खो सेलो ब्राह्मणो केणियस्स जटिलस्स अस्समे अप्पेकच्चे उद्धनानि खणन्ते पे० . . .अप्पेकच्चे आसनानि पञ्ञापेन्ते, केणियं पन जटिलं सामं येव मण्डलमालं पटियादेन्तं; दिस्वान केणियं जटिलं एतदवोच – 'किन्नु भोतो केणियस्स आवाहो वा भविस्सति, विवाहो या भविस्सति, महायञ्ञो वा पच्चुपट्ठितो, राजा वा मागधो सेनिनो बिम्बिसारो निमन्तितो स्वातनाय सद्धिं बलकायेना'ति ? 'न मे, सेल, आवाहो भविस्सति, नपि विवाहो भविस्सति, नपि राजा मागधो सेनियो बिम्बिसारो निमन्तितो स्वातनाय सद्धिं बलकायेन, अपि च खो मे महायञ्ञो पच्चुपट्ठितो अत्थि। समणो गोतमो मक्यपुत्तो सक्यकुला पब्बजितो अङ्गुत्तरापेसु चारिकं चरमानो महता भिक्खुसङ्घेन सद्धिं अड्ढतेळसेहि भिक्खुसतेहि आपणं अनुप्पत्तो। तं खो पन भवन्तं गोतमं पे० बुद्धो भगवाति। सो मे निमन्तितो स्वातनाय सद्धिं भिक्खुसङ्घेना'ति। 'बुद्धो'ति खो, केणिय वदेसि' ? 'बुद्धो' ति भो सेल वदामि'। 'बुद्धो'ति भो केणिय, वदेसि ?' 'बुद्धोति, भो सेल, वदामी' ति। अथ खो सेलस्स ब्राह्मणस्स एतदहोसि– 'धोसो'– पि खो एसो दुल्लभो लोकस्मि यदिदं बुद्धो' ति। आगतानि खो पन अम्हाकं मन्तेसु त्तिंसमहापुरिसलक्खणानि येहि समन्नागतस्स महापुरिसस्स द्वेवगतियो भवन्ति अनञ्ञा। सचे अगारं अज्झावसति राजा होति चक्कवत्ति धम्मिको धम्मराजा चातुरन्तो विजितावी जनपदत्थावरियप्पत्तो

આમંત્રણ સ્વીકાર્યું એમ સમજીને કેણિય જટિલ આસન ઉપરથી ઊઠ્યો અને પોતાના આશ્રમ તરફ ગયો. આશ્રમે જઈને તેણે પોતાના મિત્રો અને સગાંવહાલાંને કહ્યું, "હે મારા મિત્રો અને સગાંવહાલાંઓ, મારું સાંભળો. આવતી કાલે મેં શ્રમણ ગોતમને ભિક્ષુસંઘ સાથે જમવા માટે આમંત્રણ આપ્યું છે, તેમાં તમે મને મદદ કરો.' 'વારુ' એવો જવાબ આપીને કેણિય જટિલના મિત્રો અને સગાંવહાલાંઓ કેટલાંક ચૂલા તૈયાર કરવા લાગ્યાં, કેટલાંક લાકડાં ફાડવા લાગ્યાં, કેટલાંક વાસણ ઊટકવા લાગ્યાં, કેટલાંક પાણી ભરવા લાગ્યાં, અને કેટલાંક આસનો મૂકવા લાગ્યાં; પરંતુ મંડપ કેણિય જટિલ જાતે તૈયાર કરવા લાગ્યો. તે સમયે સેલ નામનો બ્રાહ્મણ આપણ શહેરમાં રહેતો હતો. તે નિઘંટુ કૈટુભો સાથે, સાક્ષર પ્રભેદસહ અને પાંચમા ઈતિહાસ સહિત ત્રણે વેદમાં પારંગત, પદો જાણનારો, વૈયાકરણ, લોકાયત, અને મહાપુરુષનાં લક્ષણોમાં નિષ્ણાત હોઈ, ત્રણસો વિદ્યાર્થીઓને વેદ શીખવતો હતો. તે વખતે કેણિય જટિલ સેલ બ્રાહ્મણનો ભક્ત હતો. તે વખતે સેલ બ્રાહ્મણ ત્રણસો વિદ્યાર્થીઓ સાથે ફરવા માટે નીકળ્યો હતો ત્યારે ફરતાં ફરતાં કેણિય જટિલના આશ્રમ તરફ આવ્યો. કેણિય જટિલના આશ્રમમાં કેટલાક ચૂલા તૈયાર કરે છે...વગેરે... પરંતુ મંડપ તો કેણિય જટિલ જાતે તૈયાર કરે છે એ સેલ બ્રાહ્મણે જોયું. જોઈને તેણે કેણિય જટિલને પૂછ્યું, "ભવાન કેણિયના આશ્રમમાં દીકરાનો કે દીકરીનો વિવાહ થવાનો છે ? કે મોટો યજ્ઞ થવાનો છે ? અથવા આવતી કાલે સસૈન્ય મગધરાજા શ્રેણિય બિંબિસારને આમંત્રણ આપેલું છે ?" "હે સેલ, અહીં દીકરાનું કે દીકરીનું લગ્ન નથી કે સસૈન્ય મગધરાજા શ્રેણિય બિંબિસારને અહીં આવતી કાલે આમંત્રણ નથી; પરંતુ અહીં મોટો યજ્ઞ છે ખરો. શાકયકુળમાંથી પરિવ્રાજક થયેલ શાકયપુત્ર શ્રમણ ગોતમ અંગુત્તરાપ દેશમાં મોટા ભિક્ષુસંઘની સાથે એટલે સાડાબારસો ભિક્ષુઓ સાથે ફરતાં ફરતાં આપણા શહેરમાં આવ્યા છે, અને તે ભવાન ગોતમની એવી કીર્તિ...વગેરે...બુદ્ધ ભગવાન છે. એને ભિક્ષુસંઘની સાથે મેં આવતી કાલનું આમંત્રણ આપેલું છે." "હે કેણિય, તું બુદ્ધ કહે છે ?' "હે સેલ, હા, હું બુદ્ધ કહું છે." "હે કેણિય, બુદ્ધ કહે છે ?' 'હા, સેલ, હું બુદ્ધ કહું છું." "હે કેણિય, બુદ્ધ કહે છે ?' 'હા, સેલ, હું બુદ્ધ કહું છું.' એટલે સેલ બ્રાહ્મણને એમ લાગ્યું કે ઈહલોકમાં બુદ્ધ શબ્દ પણ દુર્લભ છે. અમારા અધ્યયનમાં મહાપુરુષનાં બત્રીશ લક્ષણો આવે છે, જે લક્ષણોથી સંપન્ન એવા મહાપુરુષની બે જ ગતિ હોય છે, ત્રીજી નથી થતી. જો તે ગૃહસ્થાશ્રમી થાય છે તો તે ધાર્મિક ધર્મ રાજા, ચારે દિશાનો માલિક, જયશાલી, સર્વ રાજ્ય ઉપર દઢ સ્વામિત્વ જેણે મેળવ્યું હોય એવો, અને સાત રત્નોથી સંપન્ન એવો ચક્રવર્તી રાજા થાય છે. તેનાં આ સાત રત્નો છેઃ– ચક્રરત્ન, હસ્તિરત્ન, અશ્વરત્ન, મણિરત્ન, સ્ત્રીરત્ન, ગૃહપતિરત્ન અને સાતમું પરિણાયકરત્ન.[૨૭]

सत्तरतनसमन्नागतो। तस्सिमानि सत्त रतनानि भवन्ति, सेय्यथीदं–चक्करतनं, हत्थिरतनं, अस्सरतनं, मणिरतनं, इत्थिरतनं, गहपतिरतनं, परिणायकरतनमेव सत्तमं। परोसहस्सं खो पनस्स पुत्ता भवन्ति सूरा वीरङ्गरूपा परसेनप्पमद्दना। सो इमं पठविं सागरपरियन्तं अदण्डेन असत्थेन धम्मेन अभिविजय अज्झावसति। सचे खो पनागारस्मा अनगारियं पब्बजति अरहं होति सम्मासम्बुद्धो लोके विवत्तच्छद्दो। कहं पन, भो केणिय एतरहि सो भवं गोतमो विहरति अरहं सम्मासम्बुद्धो"ति ? एवं वुत्ते केणियो जटिलो दक्खिणं बाहं पग्गहेत्वा सेल ब्राह्मणं एतदवोच– 'येन सा, भो सेल नीलवनराजी'ति। अथ खो सेलो ब्राह्मणो ते माणवके आमन्तेसि–'अप्पसद्दा भोन्तो आगच्छन्तु पदे पदं निक्खिपन्ता, दुरासदा हि ते भगवन्तो सीहा'व एकचरा, यदा चाहं भो समणेन गोतमेन सद्धिं मन्तेय्यं मा मे भोन्तो अन्तरन्तरा कथं ओपातेथ, कथापरियोसानं मे भगवन्तो आगमेन्तू'ति। अथ खो सेलो ब्राह्मणो येन भगवा तेनुपसङ्कमित्वा भगवता सद्धिं सम्मोदि, सम्मोदनीयं कथं साराणीयं वीतिसारेत्वा एकमन्तं निसीदि। एकमन्तं निसिन्नो खो सेलो ब्राह्मणो भगवतो काये तिंसमहापुरिसलक्खणानि सम्मन्नेसि। अद्दसा खो सेलो ब्राह्मणो भगवतो काये द्वत्तिंसमहापुरिसलक्खणानि येभुय्येन ठपेत्वा द्वे; द्वीसु महापुरिसलक्खणेसु कङ्खति विचिकिच्छति नाधिमुच्चति न सम्पसीदति–कोसोहिते च वत्थगुय्हे पहूतजिह्वताय च। अथ खो भगवतो एतदहोसि–पस्सति खो मे अयं सेलो ब्राह्मणो द्वत्तिंसमहापुरिसलक्खणानि येभुय्येन ठपेत्वा द्वे; द्वीसु महापुरिसलक्खणेसु कङ्खति विचिकिच्छति नाधिमुच्चति न सम्पसीदति – कोसोहिते च वत्थगुय्हे पहूतजिह्वताय चा'ति। अथ खो भगवा तथारूप इद्धाभिसङ्खारं अभिसङ्खासि यथा अद्दस सेलो ब्राह्मणो भगवतो कोसोहितं वत्थगुय्हं। अथ खो भगवा जिव्हं निनामेवा उभोपि कण्णसोतानि अनुमसि पटिमसि, उभोपि नासिकसोतानि अनुमसि पटिमसि, केवलम्पि ललाटमण्डलं जिह्वाय छादेसि। अथ खो सेलस्स ब्राह्मणस्स एतदहोसि– 'समन्नागतो खो समणो गोतमो द्वत्तिंसमहापुरिसलक्खणेहि परिपुण्णेहि, नो अपरिपुण्णेहि; नो च खो नं जानामि बुद्धो वा नो वा। सुतं खो पन मे'तं ब्राह्मणानं बुद्धानं महल्लकानं आचरियपाचरियानं भासमानानं––ये ते भवन्ति अरहन्तो सम्मासंबुद्धा ते सके वण्णे भञ्ञमाणे अत्तानं पातुकरोन्ती'ति; यन्नूनाहं समणं गोतमं सम्मुखा सारुप्पाहि गाथाहि अभित्थवेय्य'न्ति। अथ खो सेलो ब्राह्मणो भगवन्तं सम्मुखा सारुप्पाहि गाथाहि अभित्थवि–

५४८. 'परिपुण्णकायो सुरुचि सुजातो चारुदस्सनो।
सुवण्णवण्णो'सि भगवा सुसुक्कदाठो'सि विरियवा।।१।।

તેને શૂર, વીર, પરસેનાનું મર્દન કરનારા એક હજાર કરતાં વધારે પુત્રો થાય છે. તે દંડ વગર, શસ્ત્ર વગર પણ સાગર સુધી પૃથ્વી જીતી લે છે. પણ જો તે ઘર છોડીને અનાગારિક પ્રવ્રજ્યા લે તો જગતમાં અજ્ઞાનનો પડદો દૂર કરનાર અર્હત્ સમ્યક્સંબુદ્ધ થાય છે. 'હે કેણિય, હાલમાં તે ભવાન ગોતમ અર્હત્ સમ્યક્સંબુદ્ધ કયાં રહે છે ?' એમ પૂછાયા પછી કેણિય જટિલે જમણો હાથ આગળ કરીને સેલ બ્રાહ્મણને કહ્યું, 'હે સેલ, આ જે નીલ વનરાજિ દેખાય છે તે તરફ.' એટલે ત્રણસો વિદ્યાર્થીઓની સાથે સેલ બ્રાહ્મણ ભગવાન પાસે આવ્યો. એટલે સેલ બ્રાહ્મણે તે વિદ્યાર્થીઓને કહ્યું, 'તમે અવાજ ન થાય એમ પગલાં મૂકજો; કારણ તે ભગવાન સિંહ જેવા એકચર હોઈ દુર્ગમ છે. અને હું જ્યારે શ્રમણ ગોતમ સાથે બોલતો હોઉં ત્યારે તમે વચ્ચે બોલતા નહિ, અમારી વાતચીત પૂરી થાય ત્યાં સુધી રાહ જોજો.' પછી સેલ બ્રાહ્મણ ભગવાન પાસે આવ્યો. આવીને તેણે ભગવાનને કુશળ સમાચાર પૂછયા. કુશળપ્રશ્નાદિ પૂરા કરીને તે એક બાજુએ બેઠો. એક બાજુએ બેઠા પછી સેલ બ્રાહ્મણ ભગવાનના શરીર ઉપર મહાપુરુષનાં બત્રીશ લક્ષણો જોવા લાગ્યો. સેલ બ્રાહ્મણે ભગવાનના શરીર ઉપર મહાપુરુષનાં બત્રીશ લક્ષણો પૈકી બે સિવાયનાં બીજાં લક્ષણો જોયાં. પણ કોશાવહિત વસ્ત્રગુહ્ય અને પ્રભૂત જિવ્હા એ બે મહાપુરુષનાં લક્ષણો સંબંધે તેને શંકા થઈ, તેને ખાતરી ન થઈ એટલે ભગવાનને લાગ્યું કે આ સેલ બત્રીશ લક્ષણો પૈકી બે સિવાયનાં બીજાં બાકીનાં મહાપુરુષલક્ષણો જુએ છે, પણ કોશાવહિત વસ્ત્રગુહ્ય અને પ્રભૂત જીવ્હા એ બે મહાપુરુષલક્ષણો સંબંધે તેને શંકા રહે છે, તેને ખાતરી થતી નથી. આથી ભગવાને એવો કંઈ ઋદ્ધિચમત્કાર કર્યો કે જેનાથી સેલ બ્રાહ્મણ ભગવાનનું કોશાવહિત વસ્ત્રગુહ્ય જોઈ શકયો અને ભગવાને જીભને આડી કરીને બન્ને કાને સ્પર્શ કર્યો, બન્ને નસકોરાંને સ્પર્શ કર્યો અને આખું કપાળ જીભથી ઢાંકી દીધું. આથી સેલ બ્રાહ્મણને લાગ્યું કે આ શ્રમણ ગોતમ અપરિપૂર્ણ નહિ પણ પરિપૂર્ણ બત્રીશ મહાપુરુષલક્ષણોથી યુક્ત છે, પણ તે બુદ્ધ છે કે નહિ તે મને સમજાતું નથી. પરંતુ વયોવૃદ્ધ ઘરડા આચાર્યપ્રાચાર્ય બ્રાહ્મણોને એવું બોલતાં સાંભળ્યા છે કે જેઓ અર્હત્ સમ્યક્સંબુદ્ધ હોય છે તેમની સ્તુતિ કરવામાં આવે તો તેઓ જાતને પ્રગટ કરે છે, માટે મારે યોગ્ય ગાથાઓથી શ્રમણ ગોતમની સમક્ષ સ્તુતિ કરવી એ વધારે સારું છે. આથી સેલ બ્રાહ્મણે યોગ્ય ગાથાઓથી ભગવાનની સમક્ષ સ્તુતિ કરી :

૫૪૮. હે ભગવન્, તમે પરિપૂર્ણકાય, સુરુચિ, સુજાત, ચારુદર્શન, સુવર્ણવર્ણ, સુશુક્લ, દન્ત અને વીર્યવાન છો ! (૧)

५४९. नरस्स हि सुजातस्स येभवन्ति वियञ्जना।
सब्बे ते तव कायस्मिं महापुरिसलक्खणा।।२।।
५५०. पसन्ननेत्तो सुमुखो ब्रह्मा उजु पतापवा।
मज्झे समणसङ्घस्स आदिच्चोंव विरोचसि।।३।।
५५१. कल्याणदस्सनो भिक्खु कञ्चनसन्निभत्तचो।
किं ते समणभावेन एवं उत्तमवण्णिनो ।।४।।
५५२. राजा अरहसि भवितुं चक्कवत्ती रथेसमो।
चातुरन्तो विजितावी जम्बुसण्डस्स इस्सरो।।५।।
५५३. खत्तिया भोजराजानो अनुयुत्ता भवन्ति ते।
राजाभिराजा मनुजिन्दो रज्जं कारेहि गोतम'।।६।।
५५४. 'राजाहयस्मि सेला (ति भगवा) धम्मराजा अनुत्तरो।
धम्मेन चक्कं वत्तेमि चक्कं अप्पतिवत्तियं'।।७।।
५५५. 'सम्बुद्धो पटिजानासि (इति सेलो ब्राह्मणो) धम्मराजा अनुत्तरो।
धम्मेन चक्कं वत्तेमि इति भाससि गोतम।।८।।
५५६. को नु सेनापति भोतो सावको सत्थुरन्वयो।
को ते इमं अनुवत्तेति धम्मचक्कं पवत्तितं'।।९।।
५५७. 'मया पवत्तितं चक्कं (सेलाति भगवा) धम्मचक्कं अनुत्तरं।
सारिपुत्तो अनुवत्तेति अनुजातो तथागतं।।१०।।
५५८. अभिञ्ञेय्यं अभिञ्ञातं भावेतब्बं च भावितं।
पहातब्बं पहीनं मे तस्मा बुद्धोंस्मि ब्राह्मण।।११।।
५५९. विनयस्सु मयि कङ्खं अधिमुच्चस्सु ब्राह्मण।
दुल्लभं दस्सनं होति सम्बुद्धानं अभिण्हसो।।१२।।
५६०. येसं वे दुल्लभो लोके पातुभावो अभिण्हसो।
सोहं ब्राह्मण सम्बुद्धो सल्लकत्तो अनुत्तरो।।१३।।

૫૪૯. સુજાત મનુષ્યોનાં જે લક્ષણો હોય છે તે બધાં મહાપુરુષલક્ષણો તમારા દેહ ઉપર છે. (૨)

૫૫૦. પ્રસન્નનેત્ર, સુમુખ, ભવ્ય, સરળ અને પ્રતાપવાન એવા તમે શ્રમણસંઘની વચ્ચે સૂર્ય જેવા પ્રકાશો છો! (૩)

૫૫૧. તમે કલ્યાણદર્શનકારક અને સોના જેવી કાંતિના ભિક્ષુ છો. આવી ઉત્તમ કાંતિથી સંપન્ન એવા તમને આ શ્રમણપણાની શી જરૂર છે ? (૪)

૫૫૨. તમે રથર્ષભ, ચારે દિશાઓ ઉપર સત્તા ચલાવનારા, વિજયી, જમ્બુદ્વીપના ઈશ્વર એવા ચક્રવર્તી રાજા થવા યોગ્ય છો. (૫)

૫૫૩. હે ગોતમ, ક્ષત્રિય અને માંડલિક રાજાઓ તમારા અંકિત થાઓ; રાજાધિરાજ મનુજેન્દ્ર થઈને તમે રાજ્ય કરો! (૬)

૫૫૪. હે સેલ, હું રાજા છું– એમ ભગવાન બોલ્યા– હું અનુત્તર ધર્મરાજા છું, પૂર્વે ન ચલાવાયેલું એવું ચક્ર હું ધર્માનુસાર ચલાવું છું. (૭)

૫૫૫. તમે તમારી જાતને સંબુદ્ધ કહેવરાવો છો,– એમ સેલ બ્રાહ્મણ બોલ્યો– તમે તમારી જાતને અનુત્તર ધર્મરાજા કહેવરાવો છો, અને હે ગોતમ, હું ધર્માનુસાર ચક્ર ચલાવું છું એમ કહો છો. (૮)

૫૫૬. તો પછી શાસ્તાની પાછળ પાછળ ચાલનાર એવો આપનો સેનાપતિ શ્રમણ કોણ છે ? જે તમે ધર્મચક્ર ચલાવ્યું તેને તમારી પાછળ કોણ ચલાવે છે ? (૯)

૫૫૭. હે સેલ, મેં જે ચક્ર– એમ ભગવાન બોલ્યા– જે અનુત્તર ધર્મચક્ર ચાલુ કર્યું, તે તથાગતની પાછળ ચાલનાર સારિપુત્ત ચાલુ રાખે છે. (૧૦)

૫૫૮. હે બ્રાહ્મણ, જે અભિજ્ઞેય છે તે મેં જાણી લીધું, જે ભાવનીય છે તેની ભાવના કરી, અને ત્યાજ્ય છે તેનો મેં ત્યાગ કર્યો, અને માટે હું બુદ્ધ છું. (૧૧)

૫૫૯. હે બ્રાહ્મણ, મારા સંબંધમાં શંકા ન રાખતો, અને શ્રદ્ધા રાખજે; કારણ સંબુદ્ધનું દર્શન વારંવાર થવું કઠણ છે. (૧૨)

૫૬૦. હે બ્રાહ્મણ, જેમનો આ જગતની અંદર વારંવાર પ્રાદુર્ભાવ થવો દુર્લભ છે. એવાઓમાંનો હું એક અનુત્તર, (હૃદયમાંનું) શલ્ય કાઢનાર સંબુદ્ધ છું. (૧૩)

५६१. ब्रह्मभूतो अतितुलो मारसेनप्पमद्दनो।

सब्बामित्ते वसी कत्वा मोदामि अकुतोभयो'।।१४।।

५३२. 'इमं भोन्तो निसामेथ यथा भासति चक्खुमा।

सल्लकत्तो महावीरो सीहो' व नदति वने।।१५।।

५६३. ब्रह्मभूतं अतितुलं मारसेनप्पमद्दनं।

को दिस्वा नप्पसीदेय्य अपि कण्हाभिजातिको।।१६।।

५६४. यो मं इच्छति अन्वेतु यो वा निच्छति गच्छतु।

इधाहं पब्बजिस्सामि वरपञ्ञस्स सन्तिके'।।१७।।

५६५. 'एतं चे रुच्चति भोतो सम्मासम्बुद्धसासनं।

मयम्पि पब्बजिस्साम वरपञ्ञस्स सन्तिके'।।१८।।

५६६. 'ब्राह्मणा तिसता इमे याचन्ति पञ्जलीकता।

ब्रह्मचरियं चरिस्साम भगवा तव सन्तिके'।।१९।।

५६७. 'स्वाक्खातं ब्रह्मचरियं (सेलाति भगवा) संदिट्ठिकमकालिकं।

यत्थ अमोघा पब्बज्जा अप्पमत्तस्स सिक्खतो"ति।।२०।।

अलत्थ खो सेलो ब्राह्मणो सपरिसो भगवतो सन्तिके पब्बज्जं, अलत्थ उपसम्पदं। अथ खो केणियो जटिलो तस्सा रत्तिया अच्चयेन सके अस्स पणीतं खादनीयं भोजनीयं पटियादापेत्वा भगवतो कालं आरोचापेसि– 'कालं भो गोतम, निट्ठितं भत्त'न्ति। अथ खो भगवा पुब्बण्हसमयं निवासेत्वा पत्तचीवरमादाय येन केणियस्स जटिलस्स अस्समो तेनुपसङ्कमि, उपसङ्कमित्वा पञ्ञत्ते आसने निसीदि सद्धिं भिक्खुसङ्घेन। अथ खो केणियो जटिलो बुद्धपमुखं भिक्खुसङ्घं पणीतेन खादनीयेन भोजनीयेन सहत्था संतप्पेसि संपवारेसि। अथ खो केणियो जटिलो भगवन्तं भुत्ताविं ओनीतपत्तपाणिं अञ्ञतरं नीचं आसनं गहेत्वा एकमन्तं निसीदि। एकमन्तं निसिन्नं खो केणियं जटिलं भगवा इमाहि गाथाहि अनुमोदि-

५६८. 'अग्गिहुत्तमुखा यञ्ञा सावित्ती छन्दसो मुखं।

राजा मुखं मनुस्सानं नदीनं सागरो मुखं।।२१।।

૫૬૧. બ્રહ્મભૂત, અનુપમ અને મારસેનાનું મર્દન કરનારો હું બધા શત્રુઓ ઉપર વિજય મેળવીને અને અકુતોભય બનીને આનંદ કરું છું. (૧૪)

૫૬૨. (સેલ–) અરે, આ ચક્ષુષ્માન શું બોલે છે તે સાંભળો. આ શલ્ય કાઢનારો મહાવીર અરણ્યમાંના સિંહની જેમ ગર્જના કરે છે! (૧૫)

૫૬૩. બ્રહ્મભૂત, અનુપમ અને મારસેનાનું મર્દન કરનારા એવા આમને જોઈને પ્રસન્ન ન થાય એવો નીચ માણસ કોણ હોઈ શકે ? (૧૬)

૫૬૪. જે મારી સાથે આવવા માગતા હોય તે આવે, અને જે ન આવવા માગતા હોય તે ન આવે, હું અહીં આ શ્રેષ્ઠપ્રજ્ઞની પાસે પ્રવ્રજ્યા લઉં છું. (૧૭)

૫૬૫. (વિદ્યાર્થીઓ–) આપને જો આ સમ્યક્સંબુદ્ધનો પંથ ગમતો હોય તો અમે પણ આ શ્રેષ્ઠપ્રજ્ઞની પાસે પ્રવ્રજ્યા લઈએ છીએ. (૧૮)

૫૬૬. હે ભગવન્, આ અમે ત્રણસો બ્રાહ્મણો હાથ જોડીને માગીએ છીએ કે તમારી પાસે અમે બ્રહ્મચર્ય આચરવા ઇચ્છીએ છીએ. (૧૯)

૫૬૭. હે સેલ, મેં બ્રહ્મચર્ય ઉત્તમ રીતે વર્ણવ્યું છે–– એમ ભગવાન બોલ્યા– તે સમ્યગ્દર્શનયુક્ત અને અકાલફલદ છે, જેમાં સાવધાનતાથી શીખનારની પ્રવ્રજ્યા ફળદ્રુપ થાય છે. (૨૦)

આથી સેલ બ્રાહ્મણ અને તેના વિદ્યાર્થીઓને ભગવાન પાસે પ્રવ્રજ્યા મળી અને ઉપસંપદા મળી. ત્યારપછી બીજે દિવસે કેણિય બ્રાહ્મણે પોતાના આશ્રમમાં ઉત્તમ ખાદ્ય અને ભોજ્ય પદાર્થો તૈયાર કરીને ભગવાનને જણાવ્યું કે ભોજન તૈયાર છે, જમવાનો સમય થયો છે. એટલે ભગવાન સવારના પહોરમાં ચીવર પરિધાન કરીને અને પાત્રચીવર લઈને કેણિય જટિલના આશ્રમે આવ્યા. આવીને ત્યાં મૂકેલા આસન ઉપર ભિક્ષુસંઘની સાથે બેઠા. ત્યારે બુદ્ધપ્રમુખ ભિક્ષુસંઘને કેણિય જટિલે પોતાને હાથે ઉત્તમ પ્રકારના ખાદ્ય ભોજ્ય પદાર્થો યથેચ્છ પીરસ્યા. ત્યારપછી જમીને પાત્ર ધોઈને એક બાજુએ મૂક્યા બાદ ભગવાન બેઠા હતા ત્યારે કેણિય જટિલ એક ઊતરતી પંક્તિનું આસન માંડીને તેમની પડખે બેઠો. પડખે બેઠેલા કેણિય જટિલનું ભગવાને આ ગાથાઓથી અનુમોદન કર્યું:

૫૬૮. યજ્ઞોમાં અગ્નિહોત્ર પ્રમુખ છે, છંદોમાં સાવિત્રી પ્રમુખ છે, મનુષ્યોમાં રાજા પ્રમુખ છે, અને નદીઓમાં સાગર પ્રમુખ છે. (૨૧)

५६९. नक्खत्तानं मुखं चन्दो आदिच्चो तपतं मुखं।
पुञ्ञं आकङ्खमानानं सङ्घो वे यजतं मुखन्ति।।२२।।

अथ खो भगवा केणियं जटिलं इमाहि गाथाहि अनुमोदित्वा उट्ठायासना पक्कामि। अथ खो आयस्मा सेलो सपरिसो एको वूपकट्ठो अप्पमत्तो आतापी पहितत्तो विहरन्तो न चिरस्सेव यस्सत्थाय कुलपुत्ता सम्मदेव अगारस्मा अनगारियं पब्बजन्ति तदनुत्तरं ब्रह्मचरियपरियोसानं दिट्ठेव धम्मे सयं अभिञ्ञा सच्छिकत्वा उपसम्पज्ज विहासि, 'खीणा जाति, वुसितं ब्रह्मचरियं, कतं करणीयं नापरं इत्थत्तायाति अब्भञ्ञासि। अञ्ञतरो च खो पनायस्मा सेलो सपरिसो अरहतं अहोसि। अथ खो आयस्मा सेलो सपरिसो येन भगवा तेनुपसङ्कमि, उपसङ्कमित्वा एकंसं चीवरं कत्वा येन भगवा तेनञ्जलिं पणामेत्वा भगवन्तं गाथाहि अज्झभासि–

५७०. 'यं तं सरणामागम्म इतो अट्ठमि चक्खुम।
सत्तरत्तेन भगवा दन्तम्ह तव सासने।।२३।।
५७१. तुवं बुद्धो तुवं सत्था तुवं माराभिभू मुनि।
तुवं अनुसये छेत्वा तिण्णो तारेसिमं पजं।।२४।।
५७२. उपधी ते समतिक्कन्ता आसवा ते पदालिता।
सीहोसि अनुपादानो पहीनभयभेरवो।।२५।।
५७३. भिक्खवो तिसता इमे तिट्ठन्ति पञ्जलीकता।
पादे वीर पसारेहि नागा वन्दन्तु सत्थुनो''ति।।२६।।

सेलसुत्तं निट्ठितं।

३४

सल्लसुत्तं (८)

५७४. अनिमित्तमनञ्ञातं मच्चानं इध जीवितं।
कसिरं च परित्तं च तं च दुक्खेन सञ्ञुतं।।१।।
५७५. न हि सो उपक्कमो अत्थि येन जाता न मिय्यरे।
जरम्पि पत्वा मरणं एवं धम्मा हि पाणिनो।।२।।

૫૬૯. નક્ષત્રોમાં ચંદ્ર પ્રુખ છે, પ્રકાશનારાઓમાં સૂર્ય પ્રમુખ છે, પુણ્યની ઈચ્છાથી જેમને દાન અપાય છે તેઓમાં સંઘ પ્રમુખ છે. (૨૨)

ત્યારે આ ગાથાઓથી કેણિય જટિલનું અનુમોદન કરીને ભગવાન ત્યાંથી ઊભા થઈને નીકળ્યા. ત્યાર પછી આયુષ્માન સેલ પોતાના વિદ્યાર્થીઓની સાથે એકાકી, એકાન્તવાસી, સાવધાન, ઉત્સાહી અને પ્રહિતાત્મા થઈને થોડા જ સમયમાં, જે માટે કુલીન લોકો ઘર છોડી અનાગારિક પ્રવ્રજ્યા લે છે તે અનુત્તર બ્રહ્મચર્યના પર્યવસાનનો આ જ જન્મમાં સાક્ષાત્કાર કરીને રહેવા લાગ્યો; જન્મ ક્ષીણ થયો, બ્રહ્મચર્યનું આચરણ કર્યું. કર્તવ્ય પૂરું કર્યું અને ફરી ઇહલોકમાં આવવાનું નથી એ તેણે જાણ્યું અને તે આયુષ્માન સેલ પોતાના વિદ્યાર્થીઓ સાથે અરહન્તોમાંનો એક થયો. તે પછી આયુષ્માન સેલ પોતાના વિદ્યાર્થીઓની સાથે ભગવાનની પાસે આવ્યો. આવીને એક ખભે ચીવર કરીને ભગવાનની સામે હાથ જોડીને નીચેની ગાથાઓ બોલ્યોઃ

૫૭૦. હે ચક્ષુષ્મન્, તમારે શરણે આવ્યાને આજે આઠમો દિવસ છે. હે ભગવન્, સાત દિવસોમાં અમે તમારા પંથમાં દાન્ત થયા છીએ. (૨૩)

૫૭૧. તમે બુદ્ધ છો, તમે શાસ્તા છો, તમે મારનો પરાભવ કરનારા મુનિ છો, તમે અનુશયોનો છેદ કરીને અને ઉત્તીર્ણ થઈને આ લોકોને તારો છો. (૨૪)

૫૭૨. તમે ઉપાધિ ઓળંગી ગયા છો, તમે આસ્રવ છોડ્યા છે. ઉપાદાનવિરહિત ભયભૈરવવિરહિત એવા તમે સિંહ છો. (૨૫)

૫૭૩. આ ત્રણસો ભિક્ષુઓ હાથ જોડીને ઊભા છે. હે વીર, પગ ફેલાવો; શાસ્તા એવા તમને આ નાગ (न + आगस्) લોકોને વંદન કરવા દો. (૨૬)

સેલસુત્ત સમાપ્ત

૩૪

સલ્લસુત્ત (૮)

૫૭૪. ઈહલોકમાંનું મર્ત્યોનું જીવિત અકારણ અને અજ્ઞાત છે. તે કષ્ટમય, અલ્પ અને દુઃખમિશ્રિત છે. (૧)

૫૭૫. કારણકે એવો કોઈ ઉપાય નથી કે જેનાથી જન્મેલા (પ્રાણીઓ) મરે નહિ. ઘરડા થઈને પણ તેઓ મરવાના જ. કારણકે આ પ્રાણીઓનો સ્વભાવ છે. (૨)

५७६. फलानमिव पक्कानं पातो पतनतो भयं।
एवं जातानं मच्चानं निच्चं मरणतो भयं।।३।।

५७७. यथा'पि कुम्भकारस्स कता मत्तिकभाजना।
सब्बे भेदनपरियन्ता एवं मच्चान जीवितं।।४।।

५७८. दहरा च महन्ता च ये बाला ये च पण्डिता।
सब्बे मच्चुवसं यन्ति सब्बे मच्चुपरायणा।।५।।

५७९. तेसं मच्चुपरेतानं गच्छत परलोकतो।
न पिता तायते पुत्तं ञाति वा पन ञातके।।६।।

५८०. पेक्खतं येव ञातीनं पस्स लालपतं पुथु।
एकमेको व मच्चानं गोवज्झो विय निय्यति।।७।।

५८१. एवमब्भाहतो लोको मच्चुना च जराय च।
तस्मा धीरा न सोचन्ति विदित्वा लोकपरियायं।।८।।

५८२. यस्स मग्गं न जानासि आगतस्स गतस्स वा।
उभो अन्ते असम्पस्सं निरत्थं परिदेवसि।।९।।

५८३. परिदेवयमानो चे कञ्चिदत्थं उदब्बहे।
सम्मूळ्हो हिंसमत्तानं कयिरा चेनं विचक्खणो।।१०।।

५८४. न हि रुण्णेन सोकेन सन्ति पप्पोति चेतसो।
भिय्यस्सुप्पज्जते दुक्खं सरीरं चुपहञ्ञति।।११।।

५८५. किसो विवण्णो भवति हिंसमत्तानमत्तना।
न तेन पेता पालेन्ति निरत्था परिदेवना।।१२।।

५८६. सोकमप्पजहं जन्तु भिय्यो दुक्खं निगच्छति।
अनुत्थुनन्तो कालकतं सोकस्स वसमन्वगू।।१३।।

५८७. अञ्ञे'पि पस्स गमिने यथा कम्मूपगे नरे।
मच्चुनो वसमागम्म फन्दन्ते विध पाणिनो।।१४।।

५८८. येन येन हि मञ्ञन्ति ततो तं होति अञ्ञथा।
एतादिसो विनाभावो पस्स लोकस्स परियायं।।१५।।

૫૭૬. પાકેલાં ફળોને જેમ સવારમાં નીચે પડવાની બીક, તેમ જ જન્મેલા મર્ત્યોને રોજ મરણની બીક છે. (૩)

૫૭૭. કુંભારે ઘડેલા માટીના વાસણનું જેમ ફૂટવામાં પર્યવસાન થાય છે તેમ મર્ત્યોના જીવિતનું (મૃત્યુમાં) પર્યવસાન થાય છે. (૪)

૫૭૮. નાના અને મોટા, મૂર્ખ અને પંડિત બધા મૃત્યુને વશ થાય છે, આ બધા મૃત્યુપરાયણ છે. (૫)

૫૭૯. મૃત્યુગ્રસ્ત તેઓ પરલોકમાં જતાં પિતા પુત્રનું અથવા આપ્ત આપ્તોનું રક્ષણ કરી શકતા નથી. (૬)

૫૮૦. જુઓ, આપ્ત લોકો જોતા રહે છે અને અનેક પ્રકારે શોક કરે છે તે છતાં મર્ત્યોમાંના દરેકને વધ્ય ગાય પ્રમાણે લઈ જવામાં આવે છે. (૭)

૫૮૧. આ રીતે મૃત્યુ અને જરાથી આ લોક અભ્યાહત થયો છે. માટે આ લોકસ્વભાવ છે એમ જાણીને સુજ્ઞો શોક કરતા નથી. (૮)

૫૮૨. જેનો આવ્યાનો અને ગયાનો માર્ગ તું જાણતો નથી, અને જેના બન્ને અંતો તને દેખાતા નથી છતાં તું (તે માટે) વૃથા શોક કરે છે. (૯)

૫૮૩. શોકથી જો કંઈ ફાયદો થવાનો હોય તો સંમૂઢ થઈને પોતાની જાતને કષ્ટ આપીને ડાહ્યા માણસે શોક કરવો. (૧૦)

૫૮૪. કારણ રડવાથી અને શોક કરવાથી તેના ચિત્તને શાંતિ મળતી નથી. તેનું દુઃખ વધે છે અને શરીર ઉપર તેની ખરાબ અસર થાય છે. (૧૧)

૫૮૫. પોતે જ પોતાને કષ્ટ આપનારો એવો તે કૃશ અને નિસ્તેજ થાય છે. તેનાથી મૃત પ્રાણીઓને ફાયદો નથી થતો. માટે શોક વ્યર્થ છે. (૧૨)

૫૮૬. શોક ન છોડનારો પ્રાણી મરેલાને સંભારીને શોકવશ થઈને અતિશય દુઃખ ભોગવે છે. (૧૩)

૫૮૭. મૃત્યુવશ થઈને તરફડનારાં અને પોતાના કર્માનુસાર જનારાં બીજાં મનુષ્યપ્રાણીઓ તરફ જુઓ. (૧૪)

૫૮૮. આમ હોવું જોઈએ એમ આપણને લાગે છે, પણ કંઈ જુદું જ બને છે, એવો આ ઊંધો પ્રકાર છે. આ લોકસ્વભાવ જુઓ. (૧૫)

५८९. अपि वस्ससतं जीवे भिय्यो वा पन मानवो।
ञातिसङ्घ् विना होति जहाति इध जीवितं।।१६।।
५९०. विनेय्य परिदेवितं।
पेतं कालकतं दिस्वा ।।१७।।
५९१. यथा सरणमादित्तं वारिना परिनिब्बये।
एवम्पि धीरो सप्पञ्ञो पण्डितो कुसलो नरो।
खिप्पमुप्पतितं सोकं वातो तूलंव धंसये।।१८।।
५९२. परिदेवं पजप्पं च दोमनस्सं च अत्तनो।
अत्तनो सुखमेसानो अब्बहे सल्लमत्तनो।।१९।।
५९३. अब्बूळ्हसल्लो असितो सन्ति पप्पुय्य चेतसो।
सब्बसोकमतिक्कन्तो असोको होति निब्बुतो'ति।।२०।।

सल्लसुत्तं निट्ठितं।

३५

वासेट्ठसुत्तं (९)

एवं मे सुतं। एकं समयं भगवा इच्छानङ्गले विहरति इच्छानङ्गलवनसण्डे। तेन खो पन समयेन सम्बहुला अभिञ्ञाता अभिञ्ञाता ब्राह्मणमहासाला इच्छानङ्गले पटिवसन्ति सेय्यथीदं-- चङ्की ब्राह्मणो तारुक्खो ब्राह्मणो पोक्खरसाति ब्राह्मणो जानुस्सोणि ब्राह्मणो तोदेय्यो ब्राह्मणो अञ्ञे च अभिञ्ञाता अभिञ्ञाता ब्राह्मणमहासाला। अथ खो वासेट्ठभारद्वाजानं माणवानं जङ्घाविहारं अनुचङ्कममानानं अनुविचरमानानं अयमन्तरा कथा उदपादि--'कथं भो ब्राह्मणो होती' ति। भारद्वाजो माणवो एवमाह-- 'यतो खो उभतो सुजातो होति मातितो च पितितो च संसुद्धगहणिको याव सत्तमा पितामहयुगा अक्खित्तो अनुपकुट्ठो जातिवादेन एत्तावता खो ब्राह्मणो होती'ति। वासेट्ठो माणवो एवमाह--'यतो खो भो सीलवा च होति वतसम्पन्नो च एत्तावता खो ब्राह्मणो होती' ति। नेव खो असक्खि भारद्वाजो माणवो वासेट्ठं माणवं सञ्ञापेतुं न पन असक्खिं वासेट्ठो माणवो भारद्वाजं माणवं सञ्ञापेतुं। अथ खो वासेट्ठो माणवो भारद्वाजं माणवं आमन्तेसि-- 'अयं खो भारद्वाज समणो

૫૮૯. મનુષ્ય સો વરસ કે તે કરતાં પણ વધારે જીવે છતાં તે આપ્તસમૂહથી જુદો પડે છે; ઇહલોકમાં જ પ્રાણ છોડે છે. (૧૬)

૫૯૦. માટે અરહન્તનું વચન સાંભળીને, મરેલા તરફ જોઈને, અને આ હવે મને મળવો મુશ્કેલ છે એમ સમજીને શોક છોડી દેવો. (૧૭)

૫૯૧. જેમ સળગતા ઘરને પાણીથી ઠારવામાં આવે તે રીતે ધૈર્યવાન, સુજ્ઞ, પંડિત અને કુશળ માણસે–પવન જેમ કપાસને ઉડાડી મૂકે છે તેમ– ઉત્પન્ન થયેલા શોકનો એકદમ નાશ કરવો. (૧૮)

૫૯૨. પોતે સુખી થાય એવી ઇચ્છા રાખનારાએ પોતાનાં શોક, પ્રજલ્પ અને દૌર્મનસ્ય એ જે અંતઃકરણનું શલ્ય છે તે ખેંચી કાઢવું. (૧૯)

૫૯૩. આ શલ્ય ખેંચી કાઢનારો તે ચિત્તની શાંતિ મેળવીને અને બધા શોકનું અતિક્રમણ કરીને અશોક થાય છે અને પરિનિર્વાણ પામે છે. (૨૦)

સલ્લસુત્ત સમાપ્ત

૩૫

વાસેટ્ઠસુત્ત (૯)

એવું મે સાંભળ્યું છે. એકવાર ભગવાન ઇચ્છાનંગલ ગામમાં ઇચ્છાનંગલ ઉપવનમાં રહેતા હતા. તે વખતે ઇચ્છાનંગલમાં કેટલાક પ્રસિદ્ધ પૈસાદાર બ્રાહ્મણો રહેતા હતા. તેઓ– ચંકી બ્રાહ્મણ, તારુક્ષ બ્રાહ્મણ, પૌષ્કરસાદિ બ્રાહ્મણ, જાનુશ્રોણી બ્રાહ્મણ, તૌદેય બ્રાહ્મણ અને એવા જ બીજા કેટલાક પ્રસિદ્ધ પૈસાદાર બ્રાહ્મણો રહેતા. ત્યારે વાસેષ્ઠ અને ભારદ્વાજ નામના બે વિદ્યાર્થીઓ ફરવા નીકળ્યા હતા ત્યાં તેમનામાં બ્રાહ્મણ કઈ રીતે થાય (કોણ બ્રાહ્મણ કહેવાય) એ વિષે વાત નીકળી. ભારદ્વાજ વિદ્યાર્થી બોલ્યો, 'માતા અને પિતા એ બન્ને બાજુએથી જેનાં કુળો શુદ્ધ હોવાને લીધે જેનો જન્મ પવિત્ર હોય, સાત જન્મો સુધી જેના કુળને પ્રતિવાદ ન લગાડી શકાય તે જ બ્રાહ્મણ છે.' વાસેષ્ઠ વિદ્યાર્થી બોલ્યો, 'જે શીલવાન અને વ્રતસંપન્ન હોય તે જ બ્રાહ્મણ છે.' ભારદ્વાજ વિદ્યાર્થી વાસેષ્ઠ વિદ્યાર્થીને સમજાવી શક્યો નહિ અને વાસેષ્ઠ વિદ્યાર્થી ભારદ્વાજ વિદ્યાર્થીને સમજાવી શક્યો નહિ. ત્યારે વાસેષ્ઠ વિદ્યાર્થીએ ભારદ્વાજ વિદ્યાર્થીને કહ્યું, 'હે ભારદ્વાજ, આ શાકય કુળમાંથી પરિવ્રાજક થયેલ શાકયપુત્ર શ્રમણગોતમ ઇચ્છાનંગલ ગામમાં ઇચ્છાનંગલ ઉપવનમાં રહે છે અને તે ભવાન ગોતમની એવી કલ્યાણકારક કીર્તિ ફેલાયેલી છે કે...વગેરે... બુદ્ધ ભગવાન છે. હે ભારદ્વાજ, ચાલ આપણે શ્રમણ ગોતમ પાસે જઈએ, જઈને શ્રમણ ગોતમને આ વાત પૂછીએ અને શ્રમણ ગોતમ જેવી વ્યાખ્યા કરે તે રીતે આપણે સમજીએ.' તે પછી વાસેષ્ઠ અને ભારદ્વાજ વિદ્યાર્થીઓ ભગવાન પાસે આવ્યા, આવીને તેમણે

गोतमो सक्यपुत्तो सक्यकुला पब्बजितो इच्छानङ्गले विहरति इच्छानङ्गलवनसण्डे तं खो पन भवन्तं गोतमं एवं कल्याणो कित्तिसद्दो अब्भुग्गतो– इतिपि सो भगवा ··· पे० ··· बुद्धो भगवा'ति; आयाम भो भारद्वाज येन समणो गोतमो तेनुपसङ्कमिस्साम उपसङ्कमित्वा समणं गोतमं एतमत्थं पुच्छिस्साम; यथा नो समणो गोतमो व्याकरिस्सति तथा नं धारेस्सामा"ति। 'एवं भो'ति खो भारद्वाजो माणवो वासेट्ठस्स माणवस्स पच्चस्सोसि। अथ खो वासेट्ठभारद्वाजा माणवा येन भगवा तेनुपसङ्कमिंसु उपसङ्कमित्वा भगवता सद्धिं सम्मोदिंसु सम्मोदनीयं कथं साराणीयं वीतिसारेत्वा एकमन्तं निसीदिंसु। एकमन्तं निसिन्नो खो वासेट्ठो माणवो भगवन्तं गाथाहि अज्झभासि–

५९४. 'अनुञ्ञातपटिञ्ञाता तेविज्जा मयमस्मुभो।
अहं पोक्खरसातिस्स तारुक्खस्सायं माणवो।।१।।

५९५. तेविज्जानं यदक्खातं तत्र केवलिनोस्मसे।
पदकस्मा वेय्याकरणा जप्पे आचरियसादिसा।।२।।

५९६. तेसं नो जातिवादस्मिं विवादो अत्थि गोतम।
जातिया ब्राह्मणो होति भारद्वाजो'ति भासति।
अहं च कम्मना ब्रूमि एवं जानाहि चक्खुम।।३।।

५९७. ते न सक्कोम सञ्ञत्तुं अञ्ञमञ्ञं मयं उभो।
भगवन्तं पुट्ठमागम्म सम्बुद्धं इति विस्सुतं।।४।।

५९८. चन्दं यथा खयातीतं पेच्च पञ्जलिका जना।
वन्दमाना नमस्सन्ति एवं लोकस्मिं गोतमं।।५।।

५९९. चक्खुं लोके समुप्पन्नं मयं पुच्छाम गोतमं।
जातिया ब्राह्मणो होति उदाहु भवति कम्मना।
अजानतं नो पब्रूहि यथा जानेमु ब्राह्मणं'।।६।।

६००. तेसं वो'हं व्यक्खिस्सं (वासेट्ठाति भगवा) अनुपुब्बं यथातथं।
जातिविभङ्गं पाणानं अञ्ञमञ्ञा हि जातियो।।७।।

६०१. तिणरुक्खे'पि जानाथ न चापि पटिजानरे।
लिङ्गं जातिमयं तेसं अञ्ञमञ्ञा हि जातियो।।८।।

६०२. ततो कीटे पतङ्गे च याव कुन्थकिपिल्लिके।
लिङ्गं जातिमयं तेसं अञ्ञमञ्ञा हि जातियो।।९।।

ભગવાનને કુશળ સમાચાર પૂછ્યા અને કુશળ સમાચારનું ભાષણ પૂરું કરીને તે એક પડખે બેઠા. એક પડખે બેસીને વાસેષ્ઠ વિદ્યાર્થીએ ભગવાનને આ ગાથા કહી :

૫૯૪. અમે બન્નેએ આચાર્યો પાસેથી ત્રૈવિદ્ય પદવી મેળવેલી છે. હું પૌષ્કરસાદિનો અને આ તારુક્ષ્યનો વિદ્યાર્થી છે. (૧)

૫૯૫. ત્રૈવિદ્યાના શિક્ષણમાં અમે પારંગત છીએ. વ્યાકરણમાં અને જલ્પમાં અમે આચાર્યોના જેટલા (પ્રવીણ) છીએ. (૨)

૫૯૬. હે ગોતમ, અમારામાં જાતિવાદના સંબંધમાં વિવાદ છે. ભારદ્વાજ કહે છે કે જન્મથી બ્રાહ્મણ થાય છે અને હે ચક્ષુષ્મન, હું કહું છું કે કર્મથી બ્રાહ્મણ થાય છે એમ તું સમજ. (૩)

૫૯૭. અમે બન્ને એકબીજાને સમજાવી શકતા નથી. તે માટે સંબુદ્ધ તરીકે પ્રસિદ્ધ થયેલા ભગવાનને પૂછવા માટે આવ્યા છીએ. (૪)

૫૯૮. પરિપૂર્ણ ચંદ્રને જોઈને જેમ લોકો નમસ્કાર કરે છે તેમ જ આ જગતમાં ગોતમને પણ કરે છે. (૫)

૫૯૯. તમે જગતની દૃષ્ટિ છો. માટે અમે પૂછીએ છીએ કે જન્મથી (માણસ) બ્રાહ્મણ થાય છે કે કર્મથી ? અમને આ સમજાતું નથી, એટલે બ્રાહ્મણ કેમ થાય એ અમને સમજાવો. (૬)

૬૦૦. હે વાસેષ્ઠ, તમને– એમ ભગવાન બોલ્યા– અનુક્રમે યથાર્થ રીતે પ્રાણીઓનો જાતિવિભાગ સમજાવી દઉં છું. કારણ જાતિ ભિન્ન ભિન્ન છે. (૭)

૬૦૧. તમે ખડ અને ઝાડવાં જુઓ. ભલે તેઓ ન કહે કે અમે ભિન્ન છીએ, છતાં તેમનો જાતિવિશિષ્ટ આકાર છે, કારણ કે તેમનામાં ભિન્નભિન્ન જાતિ છે. (૮)

૬૦૨. તે પછી કીડા, પતંગિયાં અને કીડીઓ જુઓ. તેનો જાતિવિશિષ્ટ આકાર છે, કારણ કે તેમનામાં ભિન્ન–ભિન્ન જાતિ છે. (૯)

६०३. चतुप्पदे'पि जानाथ खुद्दके च महल्लके।
लिङ्गं जातिमयं तेसं अञ्ञमञ्ञा हि जातियो।।१०।।
६०४. पादूदरे'पि जानाथ उरगे दीघपिट्ठिके।
लिङ्गं जातिमयं तेसं अञ्ञमञ्ञा हि जातियो।।११।।
६०५. ततो मच्छे'पि जानाथ उदके वारि गोचरे।
लिङ्गं जातिमयं तेसं अञ्ञमञ्ञा हि जातियो।।१२।।
६०६. ततो पक्खी'पि जानाथ पत्तयाने विहङ्गमे।
लिङ्गं जातिमयं तेसं अञ्ञमञ्ञा हि जातियो।।१३।।
६०७. यथा एतासु जातीसु लिङ्गं जातिमयं पुथु।
एवं नत्थि मनुस्सेसु लिङ्गं जातिमयं पुथु ।।१४।।
६०८. न केसेहि न सीसेन न कण्णेहि न अक्खिहि।
न मुखेन न नासाय न ओट्ठेहि भमूहि वा।।१५।।
६०९. न गीवाय न अंसहे न उदरेन न पिट्ठिया।
न सोणिण्या न उरसा न सम्बाधे न मेथुने।।१६।।
६१०. न हत्थेहि न पादेहि नाङ्गुलीहि नखेहिं वा।
न जङ्घाहि न उरूहि न वण्णेन सरेन वा।
लिंङ्गं जातिमयं नेव यथा अञ्ञासु जातिसु।।१७।।
६११. पच्चत्तं च सरीरेसु मनुस्सेस्वेतं न विज्जति।
वोकारं च मनुस्सेसु समञ्ञाय पवुच्चति।।१८।।
६१२. यो हि कोचि मनुस्सेसु गोरक्खं उपजीवति।
एवं वासेट्ठ जानाहि कस्सको सो न ब्राह्मणो।।१९।।
६१३. यो हि कोचि मनुस्सेसु पुथु सिप्पेन जीवति।
एवं वासेट्ठ जानाहि सिप्पिको सो न ब्राह्मणो।।२०।।
६१४. यो हि कोचि मनुस्सेसु वोहारं उपजीवति।
एवं वासेट्ठ जानाहि वाणिजो सो न ब्राह्मणो।।२१।।
६१५. यो हि कोचि मनुस्सेसु परपेस्सेन जीवति।
एवं वासेट्ठ जानाहि पेस्सिको सो न ब्राह्मणो।।२२।।
६१६. यो हि कोचि मनुस्सेसु अदिन्नं उपजीवति।
एवं वासेट्ठ जानाहि चोरो एसो न ब्राह्मणो।।२३।।

૬૦૩. નાનાં અને મોટાં ચતુષ્પદ (પ્રાણીઓ) પણ જુઓ તેમનો જાતિવિશિષ્ટ આકાર છે, કારણ કે તેમનામાં ભિન્ન-ભિન્ન જાતિ છે. (૧૦)

૬૦૪. પેટે ઘસડાતા, લાંબી પીઠવાળા ચાલતા સર્પો પણ જુઓ. તેમનો જાતિવિશિષ્ટ આકાર છે, કારણકે તેમનામાં ભિન્નભિન્ન જાતિ છે. (૧૧)

૬૦૫. તે પછી પાણીમાં વસનારાં માછલાં પણ જુઓ. તેમનો જાતિવિશિષ્ટ આકાર છે, કારણકે તેમનામાં ભિન્ન ભિન્ન જાતિ છે. (૧૨)

૬૦૬. તે પછી પાંખોથી ઊડનારાં આકાશગામી પક્ષીઓ પણ જુઓ. તેમનો જાતિવિશિષ્ટ આકાર છે, કારણ કે તેમનામાં ભિન્નભિન્ન જાતિ છે. (૧૩)

૬૦૭. જેમ આ જાતિઓમાં જાતિવિશિષ્ટ ભિન્નભિન્ન આકાર નજરે આવે છે, તેવો મનુષ્યોમાં જાતિવિશિષ્ટ ભિન્ન-ભિન્ન આકાર નજરે આવતો નથી. (૧૪)

૬૦૮. કેશમાં, માથામાં કાનમાં, આંખોમાં, મુખમાં, નાકમાં ઓઠમાં, અથવા ભમરોમાં, (૧૫)

૬૦૯. ગળામાં ખભાઓમાં, પેટમાં, પીઠમાં, કમરમાં, છાતીમાં, લિંગમાં અથવા સ્ત્રીપુરુષસંઘમાં, (૧૬)

૬૧૦. હાથમાં, પગમાં, આંગળીઓમાં અથવા નખમાં, જંઘામાં, સાથળમાં, કાંતિમાં અથવા સ્વરમાં જેમ જુદી જુદી જાતિઓમાં જાતિવિશિષ્ટ આકાર નજરે પડે છે, તેવો મનુષ્યોમાં નથી જ નથી. (૧૭)

૬૧૧. આ જાતિવિશિષ્ટ આકાર મનુષ્યપ્રાણીઓમાં ભિન્ન રીતે દેખાતો નથી. મનુષ્યજાતિમાંનો ભેદ કેવળ વ્યવહાર ઉપર અવલંબે છે. (૧૮)

૬૧૨. હે વાસેષ્ઠ, મનુષ્યોમાં જે કોઈ ગાયો રાખીને ઉપજીવિકા ચલાવે તે ખેડૂત છે; બ્રાહ્મણ નથી એમ સમજ. (૧૯)

૬૧૩. હે વાસેષ્ઠ, મનુષ્યોમાં જે કોઈ ભિન્નભિન્ન કારીગરીથી ઉપજીવિકા ચલાવે છે, તે કારીગર છે; બ્રાહ્મણ નથી એમ સમજ. (૨૦)

૬૧૪. હે વાસેષ્ઠ, મનુષ્યોમાં જે કોઈ વેપાર ઉપર ઉપજીવિકા ચલાવે છે તે વાણિયો છે; બ્રાહ્મણ નથી એમ સમજ. (૨૧).

૬૧૫. હે વાસેષ્ઠ, મનુષ્યોમાં જે કોઈ સિપાઈગીરી કરે છે તે સિપાઈ છે; બ્રાહ્મણ નથી એમ સમજ. (૨૨)

૬૧૬. હે વાસેષ્ઠ, મનુષ્યોમાં જે કોઈ ચોરી ઉપર ઉપજીવિકા ચલાવે છે તે ચોર છે; બ્રાહ્મણ નથી એમ સમજ. (૨૩)

६१७. यो हि कोचि मनुस्सेसु इस्सत्थं उपजीवति।
एवं वासेट्ठ जानाहि योधाजीवो न ब्राह्मणो।।२४।।
६१८. यो हि कोचि मनुस्सेसु पोरोहिच्चेन जीवति।
एवं वासेट्ठ जानाहि याजको सो न ब्राह्मणो।।२५।।
६१९. यो हि कोचि मनुस्सेसु गामं रट्ठं च भुञ्जति।
एवं वासेट्ठ जानाहि राजा एसो न ब्राह्मणो।।२६।।
६२०. न चाहं ब्राह्मणं ब्रूमि योनिजं मत्तिसम्भवं।
भोवादि नाम सो होति सचे होति सकिञ्चनो।
अकिञ्चनं अनादानं तमहं ब्रूमि ब्राह्मणं।।२७।।
६२१. सब्बसंयोजनं छेत्वा यो वे न परितस्सति।
सङ्गातिगं विसंयुत्तं तमहं ब्रूमि ब्राह्मणं।।२८।।
६२२. छेत्वा नन्धिं वरत्तं च सन्दानं सहनुक्कमं।
उक्खित्तपळिघं बुद्धं तमहं ब्रूमि ब्राह्मणं।।२९।।
६२३. अक्कोसं बधबन्धं च अदुट्ठो यो तितिक्खति।
खन्तीबलं बलानीकं तमहं ब्रूमि ब्राह्मणं।।३०।।
६२४. अक्कोधनं वतवन्तं सीलवन्तं अनुस्सदं।
दन्तं अन्तिमसारीरं तमहं ब्रूमि ब्राह्मणं।।३१।।
६२५. वारि पोक्खरपत्तेव आरग्गेरिव सासपो।
यो न लिप्पति कामेसु तमहं ब्रूमि ब्राह्मणं।।३२।।
६२६. यो दुक्खस्स पजानाति इधेव खयमत्तनो।
पन्नभारं विसंयुत्तं तमहं ब्रूमि ब्राह्मणं।।३३।।
६२७. गम्भीरपञ्ञं मेधाविं मग्गामग्गस्स कोविदं।
उत्तमत्थं अनुप्पत्तं तमहं ब्रूमि ब्राह्मणं।।३४।।
६२८. असंसट्ठं गहट्ठेहि अनागारेहि चूभयं।
अनोकसारिं अप्पिच्छं तमहं ब्रूमि ब्राह्मणं।।३५।।
६२९. निधाय दण्डं भूतेसु तसेसु थावरेसु च।
यो न हन्ति न घातेति तमहं ब्रूमि ब्राह्मणं।।३६।।

૬૧૭. હે વાસેષ્ઠ, મનુષ્યોમાં જે કોઈ ધનુર્વિદ્યા ઉપર ઉપજીવિકા ચલાવે છે તે યોદ્ધો છે; બ્રાહ્મણ નથી એમ સમજ. (૨૪)

૬૧૮. હે વાસેષ્ઠ, મનુષ્યોમાં જે કોઈ પુરોહિતપણા ઉપર ઉપજીવિકા ચલાવે છે તે યાજક છે; બ્રાહ્મણ નથી એમ સમજ. (૨૫)

૬૧૯. હે વાસેષ્ઠ, મનુષ્યોમાં જે કોઈ ગામો ઉપર અને રાષ્ટ્રો ઉપર સત્તા ચલાવે છે તે રાજા છે; બ્રાહ્મણ નથી એમ સમજ. (૨૬)

૬૨૦. (બ્રાહ્મણ) માતાના પેટમાંથી જન્મનારાને હું બ્રાહ્મણ ગણતો નથી. જો તેની પાસે સંપત્તિ હોય તો ફક્ત ભો શબ્દથી સંબોધવા માટે યોગ્ય થાય છે. પણ જે સંપત્તિવિરહિત અને આદાનવિરહિત હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૨૭)

૬૨૧. બધાં સંયોજનો તોડીને જે હેરાન થતો નથી, જે સંગાતીત હોય અને જે વિસંયુક્ત હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૨૮)

૬૨૨. નદ્ધી (ક્રોધ), વરત્રા[૪] (તૃષ્ણા) અને વાગુરા (સાંપ્રદાયિક બુદ્ધિ)નું અનુક્રમે છેદન કરીને અને અડચણો દૂર ફેંકી દઈને જે બુદ્ધ થાય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૨૯)

૬૨૩. જે ક્ષમાવાન (માણસ) ગાળો, વધ અને બંધન સહન કરે, ક્ષાંતિબળ એ જ જેનું સૈન્યબળ હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૩૦)

૬૨૪. જે અક્રોધી, વ્રતવાન, શીલવાન, લોભથી ન ફુલાયેલો, દાન્ત અને અંતિમ શરીર ધારણ કરનારો હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૩૧)

૬૨૫. કમલપત્ર ઉપરના પાણીની જેમ અને આરીના અગ્ર ઉપરના રાઈના દાણાની જેમ જે વિષયોપભોગમાં લુપ્ત થતો નથી તેને હું બ્રાહ્મણ ગણું છું. (૩૨)

૬૨૬. જે આ જ જન્મમાં પોતાનાં દુઃખોનો અંત જાણે છે, જેણે પોતાનો ભાર નીચે નાખી દીધો હોય અને જે સંયોગવિરહિત થયો હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૩૩)

૬૨૭. જે ગંભીરપ્રજ્ઞ, મેધાવી, માર્ગામાર્ગ જાણવામાં પ્રવીણ હોય, અને જેણે ઉત્તમાર્થ પ્રાપ્ત કર્યો હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૩૪)

૬૨૮. જે ગૃહસ્થ અને પરિવ્રાજક બન્નેના સંસર્ગથી મુક્ત હોય, ગૃહબુદ્ધિથી દૂર રહેનારો અને અલ્પેચ્છ હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૩૫)

૬૨૯. ત્રસ અને સ્થાવર ભૂતમાત્ર પ્રત્યેની દંડબુદ્ધિ છોડી દઈને જે હિંસા કરતો નથી અને કરાવતો નથી તેને હું બ્રાહ્મણ ગણું છું. (૩૬)

६३०. अविरुद्धं विरुद्धेसु अत्तदण्डेसु निब्बुतं।
सादानेसु अनादानं तमहं ब्रूमि ब्राह्मणं।।३७।।
६३१. यस्स रागो च दोसो च मानो मक्खो च पातितो।
सासपोरिव आरग्गा तमहं ब्रूमि ब्राह्मणं।।३८।।
६३२. अकक्कसं विञ्ञापनिं गिरं सच्चं उदीरये।
याय नाभिसजे कञ्चि तमहं ब्रूमि ब्राह्मणं।।३९।।
६३३. यो च दीघं व रस्सं वा अणुं थूलं सुभासुभं।
लोके अदिन्नं नादियति तमहं ब्रूमि ब्राह्मणं।।४०।।
६३४. आसा यस्स न विज्जन्ति अस्मिं लोके परम्हि च।
निरासयं विसंयुत्तं तमहं ब्रूमि ब्राह्मणं।।४१।।
६३५. यस्सालया न विज्जन्ति अञ्ञाय अकथंकथी।
अमतोगधं अनुप्पत्तं तमहं ब्रूमि ब्राह्मणं।।४२।।
६३६. योध पुञ्ञं च पापं च उभो सङ्गं उपच्चगा।
असोकं विरजं सुद्धं तमहं ब्रूमि ब्राह्मणं।।४३।।
६३७. चन्दं'व विमलं सुद्धं विप्पसन्नमनाविलं।
नन्दीभवपरिक्खीणं तमहं ब्रूमि ब्राह्मणं।।४४।।
६३८. यो इमं पलिपथं दुग्गं संसारं मोहमच्चगा।
तिण्णो पारगतो झायी अनेजो अकथंकथी।
अनुपादाय निब्बुतो तमहं ब्रूमि ब्राह्मणं।।४५।।
६३९. योध कामे पहत्वान अनागारो परिब्बजे।
कामभवपरिक्खीणं तमहं ब्रूमि ब्राह्मणं।।४६।।
६४०. योध तण्हं पहत्वान अनागारो परिब्बजे।
तण्हाभवपरिक्खीणं तमहं ब्रूमि ब्राह्मणं।।४७।।
६४१. हित्वा मानुसकं योगं दिब्बं योगं उपच्चगा।
सब्बयोगविसंयुत्तं तमहं ब्रूमि ब्राह्मणं।।४८।।
६४२. हित्वा रतिं च अरतिं च सीतिभूतं निरूपधिं।
सब्बलोकाभिभुं वीरं तमहं ब्रूमि ब्राह्मणं।।४९।।
६४३. चुतिं यो वेदि सत्तानं उपपत्तिं च सब्बसो।
असत्तं सुगतं बुद्धं तमहं ब्रूमि ब्राह्मणं।।५०।।

૬૩૦. વિરોધી લોકોમાં અવિરોધી, આત્મદંડન કરનારાઓમાં શાંત, અને આદાન કરનારાઓમાં જે અનાદાન હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૩૭)

૬૩૧. આરીના અગ્ર ઉપરના રાઈના દાણાની જેમ જેના કામ, ક્રોધ, અહંકાર અને તિરસ્કાર સરી પડ્યા હોય તેને હું બ્રાહ્મણ ગણું છું (૩૮)

૬૩૨. જે અકર્કશ, અર્થયુક્ત, સત્ય, અને બીજાને ન ખૂંચે એવું જ વચન બોલનારો હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૩૯)

૬૩૩. અને જે આ જગતમાં દીર્ઘ કે હ્રસ્વ અણુ કે સ્થૂળ, સુંદર કે અસુંદર વસ્તુઓ ચોરતો નથી તેને હું બ્રાહ્મણ ગણું છું. (૪૦)

૬૩૪. જેને ઈહલોક કે પરલોકમાં આસક્તિ નથી, જે અનાસક્ત અને વિસંયુક્ત હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૪૧)

૬૩૫. જેને આલય નથી, જે જ્ઞાન પામીને નિઃશંક થયો હોય અને જે અમૃતમાં (નિર્વાણ) પહોંચ્યો હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૪૨)

૬૩૬. જેણે પુણ્ય અને પાપ બન્નેનો સંગ છોડી દીધો હોય, જે અશોક, વિમલ અને શુદ્ધ હોય તેને હું બ્રાહ્મણ ગણુ છું. (૪૩)

૬૩૭. જે ચંદ્રના જેવો વિમલ, શુદ્ધ, પ્રસન્ન, અનાવિલ હોય, જેની ભવતૃષ્ણા નષ્ટ થઈ હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૪૪)

૬૩૮. જે આ વિષમમાર્ગી, દુર્ગમ, મોહમય સંસારની પાર ગયો હોય, જે ઉત્તીર્ણ, પાર પામેલો, ધ્યાનરત, નિષ્કંપ, નિઃશંક અને ઉપાદાનરહિત થઈને શાંત થયો હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૪૫)

૬૩૯. આ જગતમાં જે વિષયોપભોગ છોડીને અનાગારિક પ્રવ્રજ્યા લે, અને જેની કામવાસના અને ભવવાસના નષ્ટ થઈ હોય તેને હું બ્રાહ્મણ ગણું છું (૪૬)

૬૪૦. આ જગતમાં જે તૃષ્ણાનો ત્યાગ કરીને અનાગારિક પ્રવ્રજ્યા લે, અને જેની તૃષ્ણા અને ભવવાસના નષ્ટ થઈ હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૪૭)

૬૪૧. જે માનવી બંધનો તોડીને દિવ્ય બંધનોની પાર ગયો હોય અને બધાં બંધનોથી મુક્ત થયો હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૪૮)

૬૪૨. જે રતિ અને અરતિનો ત્યાગ કરીને શાંત થયો હોય, જે નિરુપાધિ અને સર્વલોકવિજયી શૂરવીર હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૪૯)

૬૪૩. જે પ્રાણીઓનાં મરણ અને ઉત્પત્તિ સંપૂર્ણ રીતે જાણે છે, જે અનાસક્ત, સુગત અને બુદ્ધ હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૫૦)

६४४. यस्स गतिं न जानन्ति देवा गन्धब्बमानुसा।
खीणासवं अरहन्तं तमहं ब्रूमि ब्राह्मणं।।५१।।
६४५. यस्स पुरे च पच्छा च मज्झे च नत्थि किञ्चनं।
आकिञ्चनं अनादानं तमहं ब्रूमि ब्राह्मणं।।५२।।
६४६. उसभं पवरं वीरं महेसिं विजिताविनं।
अनेजं न्हातकं बुद्धं तमहं ब्रूमि ब्राह्मणं।।५३।।
६४७. पुब्बे निवासं यो वेदि सग्गापायं च पस्सति।
अथो जातिक्खयं पत्तो तमहं ब्रूमि ब्राह्मणं।।५४।।
६४८. समञ्ञा हेसा लोकस्मिं नामगोत्तं पकप्पितं।
सम्मुच्चा समुदागतं तत्थ तत्थ पकप्पितं।।५५।।
६४९. दीघरत्तमनुसयितं दिट्ठिगतमजानतं।
अजानन्ता नो पब्रूवन्ति जातिया होति ब्राह्मणो ।।५६।।
६५०. न जच्चा ब्राह्मणो होति न जच्चा होति अब्राह्मणो।
कम्मना ब्राह्मणो होति कम्मना होति अब्राह्मणो।।५७।।
६५१. कस्सको कम्मना होति सिप्पिको होति कम्मना।
वाणिजो कम्मा होति पेस्सिको होति कम्मना।।५८।।
६५२. चोरो'पि कम्मना होति योधाजीवो'पि कम्मना।
याजको कम्मना होति राजा'पि होति कम्मना।।५९।।
६५३. एवमेतं यथाभूतं कम्मं पस्सन्ति पण्डिता।
पटिच्चसमुप्पाददसा कम्मविपाककोविदा।।६०।।
६५४. कम्मना वत्तती लोको कम्मना वत्तती पजा।
कम्मनिबन्धना सत्ता रथस्साणी'व यायतो।।६१।।
६५५. तपेन ब्रह्मचरियेन संयमेन दमेन च।
एतेन ब्राह्मणो होति एतं ब्राह्मणमुत्तमं।।६२।।
६५६. तीहि विज्जाहि सम्पन्नो सन्तो खीणपुनब्भवो।
एवं वासेट्ठ जानाहि ब्रह्मा सक्को विजानत'न्ति।।६३।।

एवं वुत्ते वासेट्ठभारद्वाजा माणवा भगवन्तं एतदवोचुं– 'अभिक्कतं भो गोतम . . . पे० . . . एते मयं भगवन्तं गोतमं सरणं गच्छाम धम्मञ्च भिक्खुसङ्घञ्च उपासके नो भवं गोतमो धारेतु अज्जतग्गे पाणुपेते सरणं गते'ति।

वासेट्ठसुत्तं निट्ठितं।

૬૪૪. જેની ગતિ દેવ, ગંધર્વ કે મનુષ્યો જાણતા નથી, જે ક્ષીણાસ્રવ અર્હનતહોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૫૧)

૬૪૫. જેને પૂર્વ પદાર્થોમાં, ભાવિ પદાર્થોમાં અથવા વર્તમાન પદાર્થોમાં જરાય વાસના નથી, જે અકિંચન અને આદાનરહિત હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૫૨)

૬૪૬. જે ઋષભ, પ્રવર, વીર, મહર્ષિ, વિજયી, અપ્રકંપ્ય, સ્નાતક અને બુદ્ધ હોય તેને હું બ્રાહ્મણ ગણું છું. (૫૩)

૬૪૭. જેને પૂર્વજન્મનું સ્મરણ થાય છે, જે સદ્દગતિ અને અસદ્દગતિ જાણે છે અને જે જન્મક્ષય (નિર્વાણ) પ્રાપ્ત કરી લે છે તેને હું બ્રાહ્મણ ગણું છું. (૫૪)

૬૪૮. નામ અને ગોત્ર એ આ જગતની અંદરનો એક વહેવાર છે. લોકસંમતિથી તે ઠરાવવામાં આવે છે, અને તે તે જગ્યાએ તેમ કલ્પવામાં આવે છે. (૫૫)

૬૪૯. અજ્ઞાન માણસોના અંતઃકરણમાં ચિરકાલ વાસ કરનારું તે એક મિથ્યાદર્શન છે. તે અજ્ઞ જનો જન્મથી બ્રાહ્મણ થાય છે એમ કહે છે. (૫૬)

૬૫૦. (માણસ) જન્મથી બ્રાહ્મણ થતો નથી કે જન્મથી અબ્રાહ્મણ થતો નથી; કર્મથી બ્રાહ્મણ થાય છે અને કર્મથી અબ્રાહ્મણ થાય છે. (૫૭)

૬૫૧. ખેડૂત કર્મથી થાય છે, કારીગર કર્મથી થાય છે, વાણિયો કર્મથી થાય છે અને સિપાઈ કર્મથી થાય છે. (૫૮)

૬૫૨. ચોર પણ કર્મથી થાય છે, યોદ્ધો પણ કર્મથી થાય છે, યાજક કર્મથી થાય છે, અને રાજા પણ કર્મથી થાય છે. (૫૯)

૬૫૩. પ્રતીત્યસમુત્પાદ જાણનારા અને કર્મફળ જાણવામાં કુશળ પંડિતો આ રીતે યથાર્થપણે કર્મ જુએ છે. (૬૦)

૬૫૪. કર્મથી જગત ચાલે છે, પ્રાણીઓ કર્મથી જીવે છે. ચાલતો રથ જેમ ધરી ઉપર અવલંબે છે તેમ પ્રાણીઓ કર્મ ઉપર અવલંબે છે. (૬૧)

૬૫૫. (માણસ) તપથી, બ્રહ્મચર્યથી, સંયમથી અને દમથી બ્રાહ્મણ થાય છે. આ બ્રાહ્મણ્ય ઉત્તમ છે. (૬૨)

૬૫૬. (પૂર્વજન્મ જાણવો, સદ્દગતિ કે દુર્ગતિ જાણવી, અને નિર્વાણ પ્રાપ્ત કરી લેવું, આ) ત્રણ વિદ્યાઓથી સંપન્ન, શાંત હોય અને જેને પૂર્વજન્મ ન હોય તે, હે વાસેષ્ઠ, સુજ્ઞ પુરુષો માટે શક્ર અને બ્રહ્મા છે એમ સમજ. (૬૩)

આમ કહ્યા પછી વાસેષ્ઠ અને ભારદ્વાજ વિદ્યાર્થીઓએ ભગવાનને કહ્યું, "ધન્ય ધન્ય ભો ગોતમ,...વગેરે...અમે ભગવાન ગોતમને શરણે જઈએ છીએ, ધર્મને અને ભિક્ષુસંઘને શરણે જઈએ છીએ. અમે આજથી આમરણ શરણ ગયેલા ઉપાસક છીએ એમ ભવાન ગોતમે સમજવું."

વાસેટ્ઠસુત્ત સમાપ્ત

कोकालिकसुत्तं (१०)

एवं मे सुतं। एकं समयं भगवा सावत्थियं विहरति जेतवने अनाथपिण्डिकस्स आरामे। अथ खो कोकालिको भिक्खु येन भगवा तेनुपसङ्कमि उपसङ्कमित्वा भगवन्तं अभिवादेत्वा एकमन्तं निसीदि। एकमन्तं निसिन्नो खो कोकालिको भिक्खु भगवन्तं एतदवोच-'पापिच्छा भन्ते सारिपुत्तमोग्गल्लाना पापिकानं इच्छानं वसं गता'ति। एवं वुत्ते भगवा कोकालिकं भिक्खुं एतदवोच-'मा हेवं कोकालिक मा हेवं कोकालिक, पसादेहि कोकालिक सारिपुत्तमोग्गल्लानेसु चित्तं पेसला सारिपुत्तमोग्गल्लाना'ति। दुतियम्पि खो कोकालिको भिक्खु भगवन्तं एतदवोच- 'किञ्चापि मे भन्ते भगवा सद्धायिको पच्चयिको अथ खो पापिच्छा'व सारिपुत्तमोग्गल्लाना पापिकानं इच्छानं वसं गता" ति। दुतियम्पि खो भगवा कोकालिकं भिक्खुं एतदवोच- 'मा हेवं कोकालिक मा हेवं कोकालिक पसादेहि कोकालिक सारिपुत्तमोग्गल्लानेसु चित्तं पेसला सारिपुत्तमोग्गल्लाना' ति। ततियम्पि खो कोकालिको भिक्खुं भगवन्तं एतदवोच - 'किञ्चापि मे भन्ते भगवा सद्धायिको पच्चयिकोच अथ खो पापिच्छा'व सारिपुत्तमोग्गल्लाना पापिकानं इच्छानं वसंगता'ति। ततियम्पि खो भगवा कोकालिकं भिक्खुं एतदवोच- 'मा हेवं कोकालिक मा हेवं कोकालिक पसादेहि कोकालिक सारिपुत्तमोग्गल्लानेसु चित्तं पेसला सारिपुत्तमोग्गल्लाना'ति। अथ खो कोकालिको भिक्खु उट्ठायासना भगवन्तं अभिवादेत्वा पदक्खिणं कत्वा पक्कामि। अचिरपक्कन्तस्स च कोकालिकस्स भिखुनो सासपमत्तीहि पिळकाहि सब्बो कायो फुट्ठो अहोसि सासपमत्तियो हुत्वा मुग्गमत्तियो अहेसुं मुग्गमत्तियो हुत्वा कळायमत्तियो अहेसुं कळ ायमत्तियो हुत्वा कोलट्ठिमत्तियो अहेसुं कोलट्ठिमत्तियो हुत्वा कोलत्तियो अहेसुं कोलमत्तियो हुत्वा आमलकमत्तियो अहेसुं आमलकमत्तियो हुत्वा बेळु वसलाटुकामत्तियो अहेसुं बेळुवसलाटुकामत्तियो बिल्लमत्तियो अहेसुं बिल्लमत्तियो हुत्वा पभिज्जिसु पुब्बं च लोहितं च पग्घरिसुं। अथ खो कोकालिको भिक्खु तेनेवाबाधेन कालं अकासि। कालकतो च कोकालिको भिक्खु पदुमनिरियं उपपज्जि सारिपुत्तमोग्गल्लानेसु चित्तं आघातेत्वा।

अथ खो ब्रह्मा सहम्पति अभिक्कन्ताय रत्तिया अभिक्कन्तवणो केवलकप्पं

૩૬

કોકાલિકસુત્ત (૧૦)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન શ્રાવસ્તીના જેતવનમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. તે વખતે કોકાલિક[૫૫] ભિક્ષુ ભગવાનની પાસે આવ્યો, આવીને ભગવાનને વંદન કરીને એક પડખે બેઠો. એક પડખે બેસીને કોકાલિક ભિક્ષુએ ભગવાનને કહ્યું, 'ભદન્ત, સારિપુત્ર અને મૌદ્ગલાયન એ પાપેચ્છ હોઈ પાપી વાસનાઓને વશ છે.' એમ કહ્યા પછી ભગવાને કોકાલિક ભિક્ષુને કહ્યું, 'હે કોકાલિક, એમ બોલ નહિ, એમ બોલ નહિ; સારિપુત્ર અને મૌદ્ગલાયન ઉપર વિશ્વાસ રાખ; સારિપુત્ર અને મૌદ્ગલાયન સદ્ગુણી છે.' બીજીવાર પણ કોકાલિક ભિક્ષુએ ભગવાનને કહ્યું, 'ભદન્ત, ભગવાન ઉપર મારી શ્રદ્ધા અને વિશ્વાસ છે, છતાં સારિપુત્ર અને મૌદ્ગલાયન પાપેચ્છ હોઈ પાપી વાસનાઓને વશ છે." બીજીવાર પણ ભગવાને કોકાલિક ભિક્ષુને કહ્યું, 'હે કોકાલિક, એમ બોલ નહિ, એમ બોલ નહિ. સારિપુત્ર અને મૌદ્ગલાયન ઉપર વિશ્વાસ રાખ; સારિપુત્ર અને મૌદ્ગલાયન સદ્ગુણી છે." ત્રીજીવાર પણ કોકાલિક ભિક્ષુએ ભગવાનને કહ્યું, "ભદન્ત, ભગવાન ઉપર મારી શ્રદ્ધા અને વિશ્વાસ છે, છતાં સારિપુત્ર અને મૌદ્ગલાયન પાપેચ્છ હોઈ પાપી વાસનાઓને વશ છે." ત્રીજીવાર પણ ભગવાને કોકાલિક ભિક્ષુને કહ્યું, "હે કોકાલિક, એમ બોલ નહિ, એમ બોલ નહિ. સારિપુત્ર અને મૌદ્ગલાયન ઉપર વિશ્વાસ રાખ; સારિપુત્ર અને મૌદ્ગલાયન સદ્ગુણી છે." એટલે કોકાલિક ભિક્ષુ આસન ઉપરથી ઊઠ્યો, ભગવાનને નમસ્કાર કર્યા અને પ્રદક્ષિણા કરીને ત્યાંથી ચાલતો થયો. ત્યાંથી તે નીકળ્યો કે તરત જ તેના શરીર ઉપર રાઈ રાઈ જેવડા ફોલ્લા ફૂટી નીકળ્યા. તે ફોલ્લા રાઈ જેવડા થયા પછી મગ જેવડા થયા, મગ જેવડા થયા પછી વટાણા જેવડા થયા, વટાણા જેવડા થયા પછી બોર જેવડા થયા, બોર જેવડા થયા પછી આમળા જેવડા થયા, આમળા જેવડા થયા પછી કુમળા બેલફળ જેવડા થયા, કુમળા બેલફળ જેવડા થયા પછી (પાકેલા) બેલફળ જેવડા થયા, અને (પાકેલા) બેલફળ જેવડા થઈને તૂટી ગયા. તેમાંથી પરુ અને લોહી વહેવા લાગ્યું અને એ રોગથી કોકાલિક ભિક્ષુ મરણ પામ્યો. મરણ પામ્યા પછી મનની અંદરના સારિપુત્ર અને મૌદ્ગલાયન પ્રત્યેના દ્વેષને લીધે કોકાલિક ભિક્ષુ પદ્મ (નામના) નરકમાં જન્મ્યો.

ત્યારે રાત પૂરી થતી વખતે અત્યંત સુંદર સહંપતિ બ્રહ્મા આખું

जेतवनं ओभासेत्वा येन भगवा तेनुपसङ्कमि उपसङ्कमित्वा भगवन्तं अभिवादेत्वा एकमन्तं अट्ठासि। एकमन्तं ठितो खो ब्रह्मा सहम्पति भगवन्तं एतदवोच– 'कोकालिको भन्ते भिक्खु कालकतो कालकतो च भन्ते कोकालिको भिक्खु पदुमनिरयं उपपन्नो सारिपुत्तमोग्गल्लानेसुं चित्तं आघातेत्वा' ति। इदं अवोच ब्रह्मा सहम्पति इदं वत्वा भगवन्तं अभिवादेत्वा पदक्खिणं कत्वा तत्थेवन्तरधायि।

अथ खो भगवा तस्सा रत्तिया अच्चयेन भिक्खू आमन्तेसि– 'इमं भिक्खवे रत्ति ब्रह्मा सहम्पति अभिक्कन्ताय रत्तिया. . .पे०. . .आघातेत्वा' ति। इदं अवोच ब्रह्मा सहम्पति इदं वत्वा मं अभिवादेत्वा पदक्खिणं कत्वा तत्थेवन्तरधायी' ति । एवं वुत्ते अञ्ञतरे भिक्खु भगवन्तं एतदवोच– 'कीव दीघं न खो भन्ते पदुमे निरये आयुप्पमाण'न्ति ? 'दीघं खो भिक्खु पदुमे निरये आयुप्पमाणं तं न सुकरं सङ्खातुं एत्तकानि वस्सानीति वा एत्तकानि वस्ससतानीति वा एत्तकानि वस्ससतसहस्सानीति वा' ति। 'सक्का पन भन्ते उपमा कातु'न्ति ? 'सक्का भिक्खू'ति भगवा अवोच – 'सेय्यथापि भिक्खु वीसतिखारिको कोसलको तिलवाहो; ततो पुरिसो वस्ससतस्स अच्चयेन एकं एकं तिलं उद्धरेय्य खिप्पतरं खो सो भिक्खु वीसति खारिको कोसलको तिलवाहो इमिना उपक्कमेन परिक्खयं परियादानं गच्छेय्य न त्वेव एको अब्बुदो निरयो। सेय्यथापि भिक्खु वीसति अब्बुदा निरया एवं एको निरब्बुदो निरयो । सेय्यथापि भिक्खु वीसति निरब्बुदा निरया एवं एको अबबो निरयो । सेय्यथापि भिक्खु वीसति अबबा निरया एवं एको अहहो निरयो । सेय्यथापि भिक्खु वीसति अहहा निरया एवं एको अटटो निरयो। सेय्यथापि भिक्खु वीसति अटटा निरया एवं एको कुमुदो निरयो। सेय्यथापि भिक्खु वीसति कुमुदा निरया एवं एको सोगन्धिको निरयो। सेय्यथापि भिक्खु वीसति सोगन्धिका निरया एवं एको उप्पलको निरयो । सेय्यथापि भिक्खु वीसति उपलका निरया एवं एको पुण्डरिका निरयो। सेय्यथापि भिक्खु वीसति पुण्डरिका निरया एवं एको पदुमो निरयो। पदुमं खो पन भिक्खु निरयं कोकालिको भिक्खुं उपपन्नो सारिपुत्तमोग्गल्लानेसु चित्त आघातेत्वा' ति। इदं अवोच भगवा इदं वत्वा सुगतो अथापरं एतदवोच सत्था–

६५७. पुरिसस्स हि जातस्स कुठारी जायते मुखे
याय छिन्दति अत्तानं बालो दुब्भासित भणं।।१।।

જેતવન પ્રકાશિત કરીને ભગવાન પાસે આવ્યો અને ભગવાનને વંદન કરીને એક બાજુએ ઊભો રહ્યો. એક બાજુ ઊભા રહીને સહંપતિ બ્રહ્માએ ભગવાનને કહ્યું, 'ભદન્ત, કોકાલિક ભિક્ષુ મરણ પામ્યો છે. મરણ પામીને મનમાંના સારિપુત્ર તથા મૌદ્‌ગલાયન પ્રત્યેના દ્વેષને લીધે કોકાલિક ભિક્ષુ પદ્મ નરકમાં જન્મ્યો છે.' એમ સહંપતિ બ્રહ્મા બોલ્યો. એમ બોલીને ભગવાનને વંદન કરીને અને પ્રદક્ષિણા કરીને ત્યાં જ અંતર્ધાન પામ્યો.

તે પછી રાત પૂરી થયા પછી ભગવાને ભિક્ષુઓને કહ્યું, 'હે ભિક્ષુઓ, ગઈ રાતે રાત પૂરી થતી વખતે...વગેરે.... એમ સહંપતિ બ્રહ્મા બોલ્યો. એમ બોલીને મને વંદન કરીને અને પ્રદક્ષિણા કરીને ત્યાં જ અંતર્ધાન પામ્યો.' એમ બોલી રહ્યા પછી એક ભિક્ષુએ ભગવાનને કહ્યું, "ભદન્ત પદ્મ નરકમાંના આયુષ્યનું પ્રમાણ કેટલા લાંબા કાળનું હોય છે" "હે ભિક્ષુ પદ્મ નરકમાં આયુષ્યનું પ્રમાણ બહુ લાંબું છે. તે આટલાં વર્ષો આટલા સૈકા, આટલાં હજાર વર્ષો કે આટલાં લાખ વરસો, એમ કહી શકાય નહિ." "ભદન્ત, પણ તેને ઉપમા આપવી શકય છે ખરી ?" ભગવાન બોલ્યા, "હે ભિક્ષુઓ, તેને ઉપમા આપવી શકય છે. હે ભિક્ષુઓ, કોસલ દેશમાં વીશ ખારી[૨૬] તલનું ગાડું હોય છે, અને તેમાંથી જો કોઈ માણસ દર સોમે વરસે એક તલ કાઢતો રહે, તો આ ક્રમે તે તલ વહેલા ખલાસ થાય, પણ અર્બુદ નરકમાંનું આયુષ્ય ખલાસ ન થાય. હે ભિક્ષુઓ, અર્બુદથી વીશગણું નિરર્બુદ નરકમાંનું આયુષ્ય. હે ભિક્ષુઓ, નિરર્બુદથી વીશગણું અબબ નરકમાંનું આયુષ્ય. હે ભિક્ષુઓ, અબબથી વીશગણું અહહ નરકમાંનું આયુષ્ય. હે ભિક્ષુઓ, અહહથી વીશગણું અટટ નરકમાંનું આયુષ્ય. હે ભિક્ષુઓ, અટટથી વીશગણું કુમુદ નરકમાંનું આયુષ્ય. હે ભિક્ષુઓ, કુમુદથી વીશગણું સૌગંધિક નરકમાંનું આયુષ્ય. હે ભિક્ષુઓ, સૌગંધિકથી વીશગણું ઉત્પલક નરકમાંનું આયુષ્ય. હે ભિક્ષુઓ, ઉત્પલકથી વીશગણું પુંડરીક નકરમાંનું આયુષ્ય. હે ભિક્ષુઓ, પુંડરીકથી વીશગણું પદ્મ નરકમાંનું આયુષ્ય. હે ભિક્ષુઓ, મનની અંદરના સારિપુત્ર અને મૌદ્‌ગલાયન પ્રત્યેના દ્વેષને લીધે કોકાલિક ભિક્ષુ આ પદ્મ નરકમાં જન્મ્યો છે.' આમ ભગવાન બોલ્યા. એમ બોલ્યા પછી તે સુગત શાસ્તાએ કહ્યું:

૬૫૭. મનુષ્ય જન્મે છે તેની સાથે જ તેના મુખમાં કુહાડી પેદા થાય છે, જેનાથી મૂર્ખ (માણસ) દુર્ભાષિત બોલીને પોતાને જ તોડે છે. (૧)

६५८. यो निन्दियं पसंसति तं वा निन्दति यो पसंसियो।
विचिनाति मुखेन सो कलिं कलिना तेन सुखं न विन्दति।।२।।
६५९. अप्पमत्तो अयं कलि,
यो अक्खेसु धनपराजयो सब्बस्सापि सहापि अत्तना।
अयमेव महत्तरो कलि यो सुगतेसु मनं पदोसये।।३।।
६६०. सतं सहस्सानं निरब्बुदानं छत्तिंस च पञ्च च अब्बुदानि।
यं अरियगरही निरयं उपेति वाचं मनं च पणिधाय पापकं।।४।।
६६१. अभूतवादी निरयं उपेति यो वा'पि कत्वा न करोमीति चाह।
उभो'पि ते पेच्च समा भवन्ति निहीनकम्मा मनुजा परत्थ।।५।।
६६२. यो अप्पदुट्ठस्स नरस्स दुस्सति सुद्धस्स पोसस्स अनङ्गणस्स।
तव बालं पच्चेति पापं सुखुमो रजो पटिवातं'व खित्तो।।६।।
६६३. यो लोभगुणे अनुयुत्तो सो वचसा परिभासति अञ्ञे।
अस्सद्धो कदरियो अवदञ्ञू मच्छरी पेसुणियस्मि अनुयुत्तो।।७।।
६६४. मुखदुग्ग विभूतमनरियं भूनहु पापक दुक्कतकारि।
पुरिसन्तकलि अवजात मा बहु भाणिध नेरयिको'सि।।८।।
६६५. रजमाकिरसि अहिताय सन्ते गरहसि किब्बिसकारी।
बहूनि च दुच्चरितानि चरित्वा गच्छिसि खो पपतं चिररत्तं।।९।।
६६६. न हि नस्सति कस्सचि कम्मं एति हतं लभतेव सुवामि।
दुक्खं मन्दो परलोके अत्तनि पस्सति किब्बिसकारी।।१०।।
६६७. अयोसङ्कुसमाहतट्ठानं तिण्हधारमयसूलमुपेति।
अथ तत्तअयोगुळसन्निभं भोजनमत्थि तथा पतिरूपं।।११।।
६६८. न हि वग्गु वदन्ति वदन्ता नाभिजवन्ति न ताणमुपेन्ति।
अङ्गारे सन्थते सेन्ति अग्गिनिसमं जलितं पविसन्ति।।१२।।
६६९. जालेन च ओनहियाना तत्थ हनन्ति अयोमयकूटेहि।
अन्धं'व तिमिसमायन्ति तं विततं हि यथा महिकायो।।१३।।
६७०. अथ लोहमयं पन कुम्भि अग्गिनिसमं जळितं पविसन्ति।
पच्चन्ति हि तासु चिररत्तं अग्गिनिसमासु समुप्पिलवासो।।१४।।

૬૫૮. જે નિંદ્ય માણસની પ્રશંસા કરે છે અથવા પ્રશંસાપાત્ર માણસની નિંદા કરે છે તે પોતાના મુખથી પોતાની હાનિ કરે છે, અને તે હાનિને લીધે સુખ પામતો નથી. (૨)

૬૫૯. જુગારમાં પૈસા ખોવા એ હાનિ ઓછી છે. પણ સુગતોના વિષયમાં મન કલુષિત કરવું એ સ્વતઃસહ સર્વસ્વની હાનિ હોવાથી બહુ મોટી છે. (૩)

૬૬૦. મન અને વાચાને પાપકારક બનાવીને આર્યોની (સાધુઓની) નિંદા કરનારો માણસ એક લાખ નિરર્બુદ અને છત્રીશ અને પાંચ અર્બુદ વરસો સુધી નરકમાં રહે છે. (૪)

૬૬૧. ખોટું બોલનારો અને પોતે કરેલું કૃત્ય કર્યું નથી એમ કહેનારો નરકે જાય છે. તે બન્ને હીનકર્મી માણસો મરણ પામ્યા પછી પરલોકમાં એક જ ગતિ પામે છે. (૫)

૬૬૨. નિર્દોષ, શુદ્ધ અને નિષ્પાપ માણસને જે દોષ દે છે તેના ઉપર જ તે પાપકૃત્ય પવનની સામે ઉડાડેલી ધૂળની જેમ ઊલટે છે. (૬)

૬૬૩. લોભમાં બદ્ધ થયેલો, શ્રદ્ધાવિહીન, કૃપણ, અવદાન્ય, મત્સરી અને ચાડી ખાવામાં ગૂંથાયેલો જે હોય તે પોતાની વાણીથી બીજાને દોષ દે છે. (૭)

૬૬૪. હે વિષમમુખવાળા, અસત્યવાદી, ભ્રૂણહા, પાપી, દુષ્કૃત્યકારી, પુરુષાધમ, કલિ, નીચ, વધારે ન બોલ; તું નરકગામી છે. (૮)

૬૬૫. હે કલ્મષકારી, તું સંતોની નિંદા કરે છે, અને તારા પોતાના અહિત માટે ધૂળ ફેંકે છે; પુષ્કળ કુકર્મો કરીને તું ચિરકાળ ખાડામાં પડવાનો છે. (૯)

૬૬૬. કારણ કે કરેલું કર્મ ફળ આપ્યા વગર નાશ પામતું નથી. તે કર્તાની પાછળ પડે છે. કર્તા તેનું ફળ ભોગવે છે. તે કલ્મષકારી મંદબુદ્ધિવાળો પરલોકમાં દુઃખ અનુભવે છે. (૧૦)

૬૬૭. (પગમાં ખૂંચી જાય એવા) તીક્ષ્ણ ધારવાળા લોખંડી ખીલા ખોડીને તૈયાર કરેલી જમીન ઉપર અને લોખંડી શૂળી ઉપર તે જાય છે અને ત્યાં તેને યોગ્ય એટલે તપેલા લોખંડના ગોળાના જેવું ભોજન મળે છે. (૧૧)

૬૬૮. ત્યાં મીઠું બોલનારા નથી હોતા, રક્ષણ કરવા માટે કોઈ દોડી આવતાં નથી, અને કોઈ ત્રાણ કરતાં નથી. ત્યાં પાથરી રાખેલા સળગતા કોલસા ઉપર સૂવું પડે છે અને ધગધગતા અગ્નિમાં પ્રવેશ કરવો પડે છે. (૧૨)

૬૬૯. ત્યાં તેમને જાળમાં બાંધીને લોખંડી ઘણથી મારે છે, અને તેઓ ધૂમસની જેમ પથરાયેલા અંધ તમમાં જાય છે. (૧૩)

૬૭૦. અને અગ્નિના જેવી પ્રજ્વલિત લોખંડી કઢાઈઓમાં તેઓ પડે છે, અને તે અગ્નિના જેવી પ્રજ્વલિત કઢાઈઓમાં ઉપરનીચે જતાંઆવતાં તેઓ લાંબો કાળ સુધી ઊકળ્યા કરે છે. (૧૪)

६७१. अथ पुब्बलोहितमिस्से तत्थ किं पच्चति किब्बिसकारी ।
यं यं दिसतं अधिसेति तत्थ किलिस्सति सम्फुसमानो ।।१५।।

६७२. पुलवावसथे सलिलस्मिं तत्थ किं पच्चति किब्बिसकारी ।
गन्तुं न हि तीरमपत्थि सब्बसमा हि समन्तकपल्ला।।१६।।

६७३. असिपत्तवनं पन तिण्हं तं पविसन्ति समच्छिदगत्ता।
जिव्हं बळिसेन गहेत्वा आरचया रचया विहनन्ति।।१७।।

६७४. अथ वेतरणिं पन दुग्गं तिण्हधारं खुरधारमुपेति।
तत्थ मन्दा पपतन्ति पापकरा पापानि करित्वा।।१८।।

६७५. खादन्ति हि तत्थ रुदन्ते सामा सबला काकोलगणा च।
सोणा सिगाला पटिगिज्झा कुलला वायसा च वितुदन्ति ।।१९।।

६७६. किच्छा वतायं इध वुत्ति यं जनो पस्सति किब्बिसकारी ।
तस्मा इध जीवितसेसे किच्चकरो सिया नरो न च पमज्जे।।२०।।

६७७. ते गणिता विदूहि तिलवाहा ये पदुमे निरये उपनीता ।
नहुतानि हि कोटियो पञ्च भवन्ति द्वादस कोटिसतानि पुनञ्ञा।।२१।।

६७८. यावदुक्खा निरया इध वुत्ता तत्थपि ताव चिरं वसितब्बं ।
तस्मा सुचिपेसलसाधुगुणेसु वाचं मनं सततं परिरक्खे'ति ।।२२।।

कोकालिक-सुत्तं निट्ठितं।

३७

नाळकसुत्तं (११)

६७९. आनन्दजाते तिदसगणे पतीते सक्कच्च इन्दं सुचिवसने च देवे।।
दुस्सं गहेत्वा अतिरिव थोमयन्ते असितो इसि अद्दस दिवाविहारे।।१।।

६८०. दिस्वान देवे मुदितमने उदग्गे चित्तिं करित्वान इदमवोच तत्थ।
'किं देवसङ्घो अतिरिवकल्यरूपो दुस्सं गहेत्वा भमयथ किं पटिच्च।।२।।

६८१. यदा'पि आसि असुरेहि सङ्गमो जयो सुरानं असुरा पराजिता।
तदा'पि नेतादिसो लोमहंसनो किं अब्भुतं दट्ठु मरू पमोदिता।।३।।

६८२. सेळेन्ति गायन्ति च वादयन्ति च भुजानि पोठेन्ति च नच्चयन्ति च।
पुच्छामि वोहं मेरुमुद्धवासिने धुनाथ मे संसयं खिप्प मारिसा'।।४।।

૬૭૧. અને ત્યાં પરુ અને લોહીથી ભરેલી કઢાઈઓમાં કલ્મષકારી માણસ પડે છે. તે જે જે દિશામાં જાય છે ત્યાં ત્યાં તે પદાર્થોથી ખરડાઈ જઈને કષ્ટ પામે છે. (૧૫)

૬૭૨. તે પાપી માણસ ત્યાં કીડાઓથી ભરપૂર પાણીમાં પડે છે. ચારે બાજુના કાંઠાઓ ઊંચા હોવાથી તેમાંથી તે નીકળી શકતો નથી. (૧૬)

૬૭૩. ત્યાં પ્રાણીઓ તીક્ષ્ણ અસિપત્રના વનમાં પેસે છે અને જખમી થાય છે. તેમની જીભોને માછલી પકડવાના કાંટાથી તોડીતોડીને ખેચી કાઢવામાં આવે છે. (૧૭)

૬૭૪. અને તીક્ષ્ણ ધારવાળી ક્ષુરધારાઓથી ભરેલી વિકટ વૈતરણી નદીમાં તેઓ જાય છે, અને મંદબુદ્ધિ, પાપી એવા તેઓ પાપનું આચરણ કરીને તે નદીમાં પડે છે. (૧૮)

૬૭૫. ત્યાં તેઓ રડતા હોય છે ત્યારે કાળા અને કાબરચીતરા એવા મોટા કાગડા, કૂતરા, શિયાળ, સેનપક્ષી અને કાગડાઓ અત્યંત આસક્તિથી ફોલ્યા કરે છે. (૧૯)

૬૭૬. આવા નરકમાંનો વાસ કઠણ છે, જે પાપી માણસોને ભોગવવો પડે છે. માટે આ જગતમાં માણસ જીવતો હોય ત્યાં સુધી તેણે પોતાનું કર્તવ્ય કરવું અને બેદરકારીથી વર્તવું નહિ. (૨૦)

૬૭૭. પાંચ કરોડ નહુત અને બારસો કરોડ તલનાં ગાડામાંના તલની જેટલાં વરસો પદ્મ નરકમાંનું આયુષ્ય છે, એવી વિદ્વાનો ગણના કરે છે. (૨૧)

૬૭૮. આવી જાતનાં દુઃખકારક નરકો છે અને તેમાં તેટલો વખત રહેવું પડે છે. માટે શુદ્ધ, શીલવાન અને સદ્‌ગુણી માણસોના સંબધમાં વાચા અને મનની સતત સંભાળ રાખવી જોઈએ. (૨૨)

કોકાલિક સુત્ત સમાપ્ત

૩૭

નાળકસુત (૧૧)

૬૭૯. અસિત ઋષિએ દિવસે બેસવાના પોતાના સ્થાનમાંથી, શુદ્ધ વસ્ત્રો પરિધાન કરનારા ત્રિદશગણદેવ આનંદિત અને હર્ષિત થઈને અને ઈંદ્રનો સત્કાર કરીને એક વસ્ત્ર ઉડાડતા (અને) અત્યંત સ્તુતિ કરતા જોયા. (૧)

૬૮૦. ત્યારે મુદિત મનવાળા અને ઉલ્લસિત દેવોને જોઈને તે (ઋષિ) આદરપૂર્વક બોલ્યા, દેવસંઘ હર્ષિત કેમ છે ? આ વસ્ત્ર તમે કેમ ઉડાડો છો ? (૨)

૬૮૧. જ્યારે અસુરોની સાથે તમારું યુદ્ધ થયું, અને સુરોનો જય અને અસુરોનો પરાજ્ય થયો ત્યારે પણ તમે આટલા હર્ષિત થયા નહોતા. હે દેવો, આજે કઈ અદ્‌ભુત વસ્તુ જોઈને તમે આનંદિત થયા છો ? (૩)

૬૮૨. કેટલાક સીટી વગાડે છે, કેટલાક ગાય છે, કેટલાક બજાવે છે, કેટલાક તાળીઓ પાડે છે, કેટલાક નાચે છે, એ બધું શા માટે ? તે હું મેરુ પર્વત ઉપર રહેનારા તમને પૂછું છું. હે મારિષ, તમે મારી શંકા એકદમ દૂર કરો. (૪)

६८३. 'सो बोधिसत्तो रतनवरो अतुल्यो मनुस्सलोके हितसुखताय जातो।
सक्यानं गामे जनपदे लुम्बिनेय्ये तेनम्हतुट्ठा अतिरिव कल्यरूपा।।५।।
६८४. सो सब्बसत्तुत्तमो अग्गपुग्गलो नरासभो सब्बपजानं उत्तमो।
वत्तेस्सति चक्कं इसिह्वये वने नदं'व सीहो बलवा मिगाभिभू।।६।।
६८५. तं सद्दं सुत्वा तुरितमवंसरी सो सुद्धोदनस्स तद भवनमुपागमि।।
निसज्ज तत्थ इदमवोचासि सक्ये 'कुहिं कुमारो अहमहि दट्ठु कामो'।।७।।
६८६. ततो कुमारं जलितमिव सुवण्णं उक्कामुखे'व सुकुसलसम्पहट्ठं।
दद्दल्लमानं सिरिया अनोमवण्णं दस्सेसु पत्तं असितह्वयस्स सक्या।।८।।
६८७. दिस्वा कुमारं सिखिमिव पज्जलन्तं तारासभं'व नभसिगमं विसुद्धं।
सुरियं तपन्तं सरदरिवब्भमुत्तं आनन्दजातो विपुलमलत्थ पीतिं।।९।।
६८८. अनेकसाखञ्च सहस्समण्डलं छत्तं मरू धारयुं अन्तलिक्खे।
सुवण्णदण्डा वीतिपतन्ति चामरा न दिस्सरे चामरछत्तगाहका।।१०।।
६८९. दिस्वा जटी कण्हसिरिह्वयो इसि सुवण्णनिक्खं विय पण्डुकम्बले।
सेतञ्च छत्तं धारयन्तं मुद्धनि उदग्गचित्तो सुमनो पटिग्गहे।।११।।
६९०. पटिग्गहेत्वा पन सक्यपुङ्गवं जिगिंसको लक्खणमन्तपारगू ।
पसन्नचित्तो गिरमब्भुदीरयि अनुत्तरायं दिपदानमुत्तमो।।१२।।
६९१. अथ'त्तनो गमनमनुस्सरन्तो अकल्यरूपो गलयति अस्सुकानि।
दिस्वान सक्या इसिमवोचुं रुदन्तं नो चे कुमारे भविस्सति अन्तरायो।।१३।।
६९२. दिस्वान सक्ये इसिमवोच अकल्ये 'नाहं कुमारे अहितमनुस्सरामि।
न चापि'मस्स भविस्सति अन्तरायो न ओरकायं अधिमनसा भवाथ।।१४।।
६९३. 'सम्बोधियग्गं फुसिस्सतायं कुमारो सो धम्मचक्कं परमविसुद्धदस्सी।
वत्तेस्सतायं बहुजनहितानुकम्पी वित्थारिकस्स भविस्सति ब्रह्मचरियं।।१५।।

૬૮૩. (દેવો-) તે વરરત્ન જેવા અતુલ બોધિસત્ત્વનો મનુષ્યલોકમાં લુંબિની પ્રદેશમાં શાકય લોકોના ગામમાં જગતના કલ્યાણને અર્થે જન્મ થયો છે. તેથી અમે અત્યંત હૃષ્ટતુષ્ટ થયા છીએ. (૫)

૬૮૪. સર્વ પ્રાણીઓમાં ઉત્તમ, અગ્રપુરુષ, મનુષ્યર્ષભ અને સર્વ લોકમાં શ્રેષ્ઠ એવા તે પોતાની ગર્જનાથી બધાં મૃગોનો પરાભવ કરનાર બળવાન સિંહની જેમ બધાનો પરાભવ કરીને ઋષિપત્તન વનમાં ધર્મચક્ર પ્રવર્તિત કરશે. (૬)

૬૮૫. ત્યારે તે દેવોનું વચન સાંભળીને તે (ઋષિ) ત્વરાથી શુદ્ધોદનને ઘેર આવ્યા અને ત્યાં બેસીને એણે શાક્યોને કહ્યું, કુમાર કયાં છે ? હું પણ તેને જોવા માગું છું. (૭)

૬૮૬. તે પછી હોશિયાર સોનીએ ભઠ્ઠીમાં નાખીને ફૂંકીને પ્રજ્વલિત કરેલા સોનાના જેવી કાંતિથી દેદીપ્યમાન અને ઉત્તમવર્ણ એવા તે બાલક પુત્રને શાક્યોએ અસિતને બતાવ્યો. (૮)

૬૮૭. અગ્નિની જેમ પ્રજ્વળતા, આકાશમાં સંચાર કરનારા તારાપતિ ચંદ્રના જેવા વિશુદ્ધ અને શરદઋતુના અભ્રમુક્ત સૂર્યની જેમ પ્રકાશતા તે બાળકને જોઈને ઋષિ આનંદિત થયા અને વિપુલ પ્રેમ પામ્યા. (૯)

૬૮૮. અંતરિક્ષમાં દેવોએ અનેક લાકડીઓવાળું અને હજાર મંડળોવાળું છત્ર ધર્યું, અને સોનાના દાંડાવાળાં ચામરો ઊડવા લાગ્યાં, પણ ચામર અને છત્ર ધારણ કરનારા દેખાતા નહોતા. (૧૦)

૬૮૯. સફેદ શાલ ઉપર રાખેલા સોનાના સિક્કાના જેવા સુશોભિત અને જેના મસ્તક ઉપર શ્વેત છત્ર ધરી રાખેલું છે એવા તેને જોઈને હર્ષિત અને સંતુષ્ટ થયેલા તે જટાધારી કૃષ્ણશ્રી નામના ઋષિએ તેને પોતાના હાથમાં લીધો. (૧૧)

૬૯૦. અને લક્ષણો અને મંત્રો જાણવામાં પારંગત એવા તેણે શાકયપુંગવને (બોધિસત્ત્વને) લઈને અને તેની પરીક્ષા કરીને એવા ઉદ્ગાર કાઢ્યા કે આ લોકોત્તર બાળક દ્વિપદોમાં ઉત્તમ છે ! (૧૨)

૬૯૧. અને પોતાના ઈહલોક છોડી જવાને સંભારીને અને દુઃખિત થઈને તે આંસુ સારવા લાગ્યા. તે રુદન કરતા ઋષિને જોઈને શાક્યો બોલ્યા, આ કુમારને કંઈ અડચણ તો નથી ને ? (૧૩)

૬૯૨. દુઃખિત થયેલા શાક્યોને જોઈને ઋષિ બોલ્યા, આ કુમારને કંઈ જ અહિત છે એવું મને લાગતું નથી, અથવા એને કોઈ પણ અંતરાય થવાનો નથી. આ સામાન્ય નથી. માટે તમે આનંદિત થાઓ. (૧૪)

૬૯૩. આ કુમાર શ્રેષ્ઠ સંબોધ પ્રાપ્ત કરી લેશે. પરમ વિશુદ્ધ નિર્વાણનો સાક્ષાત્કાર કરી લેનાર તે બહુજનના કલ્યાણ માટે કૃપા કરીને ધર્મચક્રનું પ્રવર્તન કરશે. આણે પ્રવર્તાવેલું બ્રહ્મચર્ય લોકમાં વિસ્તાર પામશે. (૧૫)

६९४. 'ममञ्चायु न चिरमिधावसेसो अथन्तरा मे भविस्सति कालकिरिया।
सोहं न सुस्सं असमधुरस्स धम्मं तेनम्हि अट्टो व्यसनगतो अधावी' ।।१६।।
६९५. सो साकियानं विपुलं जनेत्व पीतिं अन्तेपुरम्हा निगमा ब्रह्मचारी।
सो भागिनेय्यं सयमनुकम्पमानो समादपेसि असमधुरस्स धम्मे।।१७।।
६९६. 'बुद्धो' ति घोसं यद परतो सुणासि सम्बोधिपत्तो विचरति धम्ममग्गं।
गन्त्वान तत्थ समयं परिपुच्छियान।
चरस्सु तस्मि भगवति ब्रह्मचरियं" ।।१८।।

सो नालको उपचित पुञ्ञचयो
जिनं पतिक्खं परिवसि रक्खितिन्द्रियो ।।१९।।

६९८. सुत्वान घोसं जिनवरचक्कवत्तने गन्त्वान दिस्वा इसिनिसभं पसन्नो।
मोनेय्यसेट्ठं मुनिपवरं अपुच्छि समागते असितव्हयस्स सासनेति।।२०।।

वत्थुगाथा निट्ठिता।

६९९. अञ्ञातमेतं वचनं असितस्स यथातथं।
तं तं गोतम पुच्छाम सब्बधम्मान पारगुं।।२१।।
७००. अनगारियुपेतस्स भिक्खाचरियं जिगिंसतो।
मुनि पब्रूहि मे पुट्ठो मोनेय्यं उत्तमं पदं।।२२।।
७०१. मोनेय्यं ते उपञ्ञिस्सं (ति भगवा) दुक्करं दुरभिसम्भवं।
हन्द ते नं पवक्खामि सन्थम्भस्सु दळ्हो भव।।२३।।
७०२. समानभावं कुब्बेथ गामे अक्कुट्ठवन्दितं।
मनोपदोसं रक्खेय्य सन्तो अनुण्णतो चरे।। २४।।
७०३. उच्चावचा निच्छरन्ति दाये अग्गिसिखूपमा।
नारियो मुनिं पलोभेन्ति तासु तं मा पलोभयुं।।२५।।
७०४. विरतो मेथुना धम्मा हित्वा कामे परोवरे।
अविरुद्धो असारत्तो पाणेसु तसथावरे।।२६।।

૬૯૪. પણ ઈહલોકમાં મારું આયુષ્ય થોડુંક જ બાકી રહ્યું છે, અને આ (કુમાર) બુદ્ધ થયા પહેલાં હું મરણ પામવાનો છું. હું તે અપ્રતિમ ધુરીણનો ધર્મ સાંભળી શકીશ નહિ. તેથી હું આર્ત, વ્યસનપ્રાપ્ત અને દુ:ખી થયો છું. (૧૬)

૬૯૫. તે બ્રહ્મચારી શાક્યોમાં વિપુલ પ્રેમ પેદા કરીને અંતઃપુરમાંથી ચાલ્યો ગયો. પોતાના ભત્રીજા ઉપર દયા કરનારા તેણે ભત્રીજાને અપ્રતિમ ધુરીણના ધર્મનો બોધ કરી લેવા માટે ઉપદેશ કર્યો : (૧૭)

૬૯૬. જ્યારે તું બીજા પાસેથી બુદ્ધ શબ્દ સાંભળે અને જ્યારે બુદ્ધ સંબોધિજ્ઞાન મેળવીને લોકોને શ્રેષ્ઠ ધર્મનો ઉપદેશ કરે, ત્યારે ત્યાં જઈને ધર્મ સંબંધે પ્રશ્નો પૂછજે અને ભગવાનના પંથમાં બ્રહ્મચર્યનું આચરણ કરજે. (૧૮)

૬૯૭. ભવિષ્યકાળમાં નાલકને પરમ વિશુદ્ધ નિર્વાણનો લાભ થવાનો છે એવું જાણનારા તે હિતબુદ્ધિવાળા ઋષિએ ઉપદેશ કર્યા પછી તે કૃતપુણ્યસંચય નાલક બુદ્ધની રાહ જોતો પોતાની ઈંદ્રિયોનું રક્ષણ કરતો તાપસ થઈને રહેવા લાગ્યો. (૧૯)

૬૯૮. અસિત ઋષિએ કહેલો સમય આવી પહોંચ્યો, ત્યારે જિનશ્રેષ્ઠે ધર્મચક્ર પ્રવર્તિત કર્યાની ખ્યાતિ સાંભળીને, ત્યાં જઈને ઋષિસત્તમને જોઈને પ્રસન્ન થયેલા તે નાલકે મુનિપ્રવરને શ્રેષ્ઠ મૌનેય કયું તે પૂછ્યું. (૨૦)

આ પ્રાસ્તાવિક ગાથાઓ.

૬૯૯. અસિતનું આ યથાર્થ વચન મેં જાણ્યું, માટે બધા ધર્મોમાં પારંગત ગોતમને હું પૂછું છું: (૨૧)

૭૦૦. હે મુનિ, ગૃહવિરહિત થયેલાને અને ભિક્ષા ઉપર નિર્વાહ ચલાવનારાને માટે ઉત્તમ પદ એવું મૌનેય કયું, તે હું પૂછું છું, તે મને કહો. (૨૨)

૭૦૧. મૌનેય કયું તે હું તને કહું છું- એમ ભગવાન બોલ્યા- તે દુષ્કર અને દુરભિસંભવ છે. હવે તને તે કહું છું. તું સંભાળીને વર્તન કર અને દૃઢ થા. (૨૩)

૭૦૨. ગામમાં જાય તો વંદન અને નિંદા (બન્ને) સંબંધે સમભાવથી વર્તવું, મનની અંદરનો ક્રોધ તાબે રાખવો, અને શાંત થઈને ગર્વરહિત થવું. (૨૪)

૭૦૩. અરણ્યની અંદરની અગ્નિજ્વાલાઓની જેમ ગામમાં સ્ત્રીઓ ફરે છે, અને તેઓ મુનિને લોભાવવા માગે છે. તેઓ તને મોહમાં ન નાખે તેની સાવધાની રાખજે. (૨૫)

૭૦૪. કામોપભોગ છોડીને સ્ત્રીસંગથી વિરત થા, અને સ્થિરચર પ્રાણીઓ ઉપર અવિરુદ્ધ અને અનાસક્ત થા. (૨૬)

७०५. यथा अहं तथा एते यथा एते तथा अहं।
अत्तानं उपमं कत्वा न हनेय्य न घातये।।२७।।
७०६. हित्वा इच्छञ्च लोभञ्च यत्थ सत्तो पुथुज्जनो।
चक्खुमा पटिपज्जेय्य तरेय्य नरकं इमं।।२८।।
७०७. ऊनूदरो मिताहारो अप्पिच्छस्स अलोलुपो।
स वे इच्छाय निच्छातो अनिच्छो होति निब्बुतो।।२९।।
७०८. स पिण्डचारं चरित्वा वनन्तमभिहारये।
उपट्ठितो रुक्खमूलस्मिं आसनूपगतो मुनि।।३०।।
७०९. स झानपसुतो धीरो वनन्ते रमितो सिया।
झायेथ रुक्खमूलस्मिं अत्तानं अभितोसयं।।३१।।
७१०. ततो रत्या विवसने गामन्तमभिहारये।
अव्हानं नाभिनन्देय्य अभिहारञ्चगामतो।।३२।।
७११. न मुनि गाममागम्म कुलेसु सहसा चरे।
धासेसनं छिन्नकथो न वाचं पयुतं भणे।।३३।।
७१२. अलत्थं यदिदं साधु नालत्थं कुसलं इति।
उभयेनेव सो तादी रुक्खं'व उपनिवत्तति।।३४।।
७१३. स पत्तपाणी विचरन्तो अमूगो मूगसम्मतो।
अप्पं दानं न हीलेय्य दातारं नावजानिय।।३५।।
७१४. उच्चावचा हि पटिपदा समणेन पकासिता।
न पारं दिगुणं यन्ति न इदं एकगुणं मुतं।।३६।।
७१५. यस्स च विसता नत्थि छिन्नसोतस्स भिक्खुनो।
किच्चाकिच्चप्पहीनस्स परिळाहो न विज्जति।।३७।।
७१६. मोनेय्यं ते उपञ्ञिस्सं (ति भगवा) खुरधारूपमो भवे।
जिव्हाय तालुमाहच्च उदरे संयतो सिया।।३८।।
७१७. अलीनचित्तो च सिया न चापि बहु चिन्तये।
निरामगन्धो असितो ब्रह्मचरियपरायणो।।३९।।
७१८. एकासनस्स सिक्खेथ समणूपासनस्स च।
एकत्तं मोनमक्खातं एको च अभिरमिस्सति।
अथ भासिहि दस दिसा।।४०।।

૭૦૫. જેવો હું તેવાં તેઓ, અને જેવાં તેઓ તેવો હું, એમ પોતાના ઉદાહરણથી સમજીને કોઈને મારવું નહિ અને મરાવવું નહિ. (૨૭)

૭૦૬. જે ઈચ્છામાં અને લોભમાં સામાન્ય માણસ બદ્ધ થાય છે તે ઈચ્છા અને લોભનો ત્યાગ કરીને ચક્ષુષ્મન્તે વર્તવું અને આ નરક તરી જવું. (૨૮)

૭૦૭. તેણે ઓછું ખાનાર મિતાહારી, અલ્પેચ્છ અને અલોલુપ થવું. તે ઈચ્છાથી તૃપ્ત થયેલો અનિચ્છ અને શાંત થાય છે. (૨૯)

૭૦૮. તેણે ભિક્ષાટન કરીને અરણ્યમાં જવું. ત્યાં ઝાડ નીચે આવીને મુનિએ આસન ઉપર બેસવું. (૩૦)

૭૦૯. તે ધ્યાનરત ધીર પુરુષે વનમાં આનંદ માનવો અને સંતુષ્ટ થઈને ઝાડ નીચે ધ્યાન કરવું. (૩૧)

૭૧૦. તે પછી રાત પૂરી થયા પછી ગામમાં આવવું. ગામમાંથી મળેલ આમંત્રણ કે ભેટ (પોતાના મનમાં) અભિનંદન કરવું નહિ. (૩૨)

૭૧૧. ગામમાં આવીને મુનિએ ત્યાંનાં કુટુંબોની સાથે વધારેપડતો સ્નેહ કરવો નહિ, ભિક્ષાના સંબંધમાં મૌન ધારણ કરવું અને સૂચક શબ્દો બોલવા નહિ. (૩૩)

૭૧૨. જો ભિક્ષા મળે તો ઠીક, ન મળે તોયે ઠીક. બન્ને વિષે તે સમાન રહે છે, અને (રહેઠાણના) ઝાડ નીચે આવે છે. (૩૪)

૭૧૩. હાથમાં ભિક્ષાપાત્ર લઈને ફરનારો અને મૂંગો ન હોવા છતાં મૂંગા જેવો થઈને ફરનારો થઈને તેણે અલ્પ ભિક્ષાનો તિરસ્કાર અને દાતાનો અનાદર ન કરવો. (૩૫)

૭૧૪. શ્રમણે (બુદ્ધે) નાનોમોટો રસ્તો બતાવ્યો છે. (માણસો) સંસારની પાર બે વાર જતા નથી છતાં પણ જ્ઞાન એક જ જાતનું હોય છે એવું નથી. (૩૬)

૭૧૫. જે ભિક્ષુ આસક્ત થતો નથી, જેણે સંસારસ્રોત તોડ્યો હોય, અને જે કૃત્યાકૃત્યથી મુક્ત થયો હોય તેને પરિદાહ રહેતા નથી. (૩૭)

૭૧૬. તને હું મૌનેય કહું છું--એમ ભગવાન બોલ્યા--અસ્ત્રાની ધારથી પોતાની જીભને સાચવીને અસ્ત્રા ઉપરનું મધ ચાટનારા માણસની જેમ સાવધ રહેવું; જીભ તાળવે અડાડીને પણ ભોજનમાં સંયમ જાળવવો. (૩૮)

૭૧૭. સાવધચિત્ત થવું; પરંતુ બહુ ચિંતન પણ ન કરવું; નિરામગંધ, અનાશ્રિત અને બ્રહ્મચર્યપરાયણ થવું. (૩૯)

૭૧૮. એકાન્તવાસ અને શ્રમણોપાસના (ધ્યાનચિંતન)માં અનુરક્ત રહેવું. એકાકીપણાને મૌન કહે છે. એકાકી રહેવામાં જો તને મજા આવે, (૪૦)

७१९. सुत्वा धीरानं निग्घोसं झायीनं कामचागीनं ।
ततो हिरिञ्च सद्धञ्च भिय्यो कुब्बेथ मामको ।।४१।।

७२०. तं नदीहि विजानाथ सोब्भेसु पदरेसु च ।
सणन्ता यन्ति कुस्सोब्भा तुण्ही याति महोदधि ।।४२।।

७२१. यदूनकं तं सणति यं पूरं सन्तमेव तं ।
अड्ढकुम्भूपमो बालो रहदो पूरो'व पण्डितो ।।४३।।

७२२. यं समणो बहु भासति उपेतमत्थसंहितं ।
जानं सो धम्मं देसेति जानं सो बहु भासति ।।४४।।

७२३. यो च जानं संयतत्तो जानं न बहु भासति ।
स मुनी मोनमरहति स मुनी मोनमज्झगा" ति ।।४५।।

नालकसुत्तं निट्ठितं।

३८.

द्वयतानुपस्सनासुत्तं (१२)

एवं मे सुतं। एकं समयं भगवा सावत्थियं विहरति पुब्बारामे मिगारमातुपासादे। तेन खो पन समयेन भगवा तदहुपोसथे पण्णरसे पुण्णाय पुण्णमाय रत्तिया भिक्खुसङ्घपरिवुतो अब्भोकासे निसिन्नो होति। अथ खो भगवा तुण्हीभूतं तुण्हीभूतं भिक्खुसङ्घं अनुविलोकेत्वा भिक्खू आमन्तेसि– 'ये ते, भिक्खवे, कुसला धम्मा अरिया निय्यानिका सम्बोधगामिनो, तेसं, वो भिक्खवे कुसलानं धम्मानं अरियानं निय्यानिकानं सम्बोधगामीनं का उपनिसा सवनायाति इति चे, भिक्खवे, पुच्छितारो अस्सु, एवं अस्सु ते वचनीया – यावदेव द्वयतानं धम्मानं यथाभूतं ञाणायाति। किञ्च द्वयतं वदेथ ? इदं दुक्खं, अयं दुक्खसमुदयो' ति–अय एकानुपस्संना। अयं दुक्खनिरोधो, अयं दुक्खनिरोधगामिनी पटिपदा' ति– अयं दुतियानुपस्सना। एवं सम्माद्वयतानुपस्सिनो खो, भिक्खवे, भिक्खुनो अप्पमत्तस्स आतापिनो पहितत्तस्स विहरतो द्विन्नं फलानं अञ्ञतरं फलं पाटिकङ्खंदिट्ठेव धम्मे अञ्ञा, सति वा उपादिसेसे अनागामिता' ति।' इदमवोच भगवा, इदं वत्वा सुगतो अथापरं एतदवोच सत्था–

७२४. 'ये दुक्खं नप्पजानन्ति अथो दुक्खस्स सम्भवं ।
यत्थ च सब्बसो दुक्खं असेसं उपरुज्झति ।
तञ्च मग्गं न जानन्ति दुक्खूपसमगामिनं ।।१।।

૭૧૯. તો ધ્યાનરત કામત્યાગી ધીર લોકોનું ભાષણ સાંભળીને તું દશે દિશાઓ પ્રકાશિત કરીશ, માટે તે સ્થિતિને પામેલા મારા શ્રાવકે હ્રી (પાપલજ્જા) અને શ્રદ્ધા વધારવી. (૪૧)

૭૨૦. તે નદીની ઉપમાથી જાણવું. વહેળા ધોધ ઉપર થઈને અને ખીણમાં થઈને મહા અવાજ કરતા વહે છે; પણ મોટી નદીઓ ધીમેધીમે વહે છે. (૪૨)

૭૨૧. જે છીછરું હોય તે અવાજ કરે છે, પણ જે ગંભીર હોય છે તે શાંત હોય છે. મૂર્ખ અધૂરા ઘડાની જેમ અવાજ કરે છે (છલકાય છે), પણ સુજ્ઞ ગંભીર (માણસ) જલહ્રદની જેમ શાંત હોય છે. (૪૩)

૭૨૨. શ્રમણ (બુદ્ધ) જે બહુ બોલે છે તે યોગ્ય અને ઉપયુક્ત છે એમ જાણીને બોલે છે. સમજીને તે ધર્મોપદેશ કરે છે અને સમજીને પુષ્કળ બોલે છે. (૪૪)

૭૨૩. જે સંયતાત્મા જાણતા છતાં વધારે બોલતો નથી તે મુનિ મૌનાર્હ છે, તે મુનિએ મૌન જાણ્યું. (૪૫)

નાલકસુત્ત સમાપ્ત

૩૮

દ્વયતાનુપસ્સનાસુત્ત (૧૨)

એવું મેં સાંભળ્યું છે. એકવાર ભગવાન શ્રાવસ્તીના પૂર્વારામમાં મિગારમાતાના પ્રાસાદમાં રહેતા હતા. તે વખતે પૂનમના ઉપોસથના દિવસે પૂર્ણ પૌર્ણિમાની રાતે ભગવાન ભિક્ષુસંઘની સાથે ખુલ્લી જગ્યામાં બેઠા હતા. ત્યારે ગુપચૂપ બેઠેલા ભિક્ષુસંઘને જોઈને ભગવાને ભિક્ષુઓને કહ્યું, 'હે ભિક્ષુઓ, જે કુશલ, આર્ય, નિર્યાનિક અને સંબોધગામી ધર્મો છે તે કુશલ, આર્ય, નિર્યાનિક અને સંબોધગામી ધર્મોના શ્રવણથી (શિક્ષણથી) શું ફાયદો છે ? એમ જો, હે ભિક્ષુઓ, તમને કોઈ પૂછનારા મળે તો તેમને કહેવું કે દ્વૈત ધર્મોનું (પદાર્થોનું) જ્ઞાન કરી લેવું એ ફાયદો છે. તે દ્વૈત કોને કહો છો ? આ દુઃખ અને આ દુખસમુદય મળીને એક અનુપશ્યના. અને આ દુઃખનિરોધ અને આ દુખનિરોગધગામી માર્ગ મળીને બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ પ્રમાણે દ્વૈતની સમ્યક્ અનુપશ્યના કરનાર, અપ્રમત્ત, ઉત્સાહી અને દૃઢચિત્ત થઈને વર્તનાર ભિક્ષુને આ જ જન્મમાં અર્હત્વ, અથવા ઉપાદાનશેષ રહે તો અનાગામિતા, એ બેમાંથી એક ફળ મળવું જોઈએ.' એમ ભગવાન બોલ્યા. એમ કહીને પછી તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૨૪. જેઓ દુઃખ અને દુઃખની ઉત્પત્તિ જાણતા નથી, અને તે દુઃખ જ્યાં નિઃશેષ નિરોધ પામે છે તે સ્થાન (નિર્વાણ) અને તે દુઃખનિરોધગામી માર્ગ જાણતા નથી, (૧)

७२५. चेतो विमुत्तिहीना ते अथो पञ्ञाविमुत्तिया ।
अभब्बा ते अन्तकिरियाय ते वे जातिजरूपगा ।।२।।
७२६. ये च दुक्खं पजानन्ति अथो दुक्खस्स सम्भवं ।
यत्थ च सब्बसो दुक्खं असेस उपरुज्झति ।
तञ्च मग्गं पजानन्ति दुक्खूपसमगामिनं ।।३।।
७२७. चेतोविमुत्तिसम्पन्ना अथ पञ्ञाविमुत्तिया ।
भब्बा ते अन्तकिरियाय न ते जातिजरूपगा" ति।। ४।।

'सिया अञ्ञेन'पि परियायेन सम्माद्वयतानुपस्सनाति इति चे भिक्खवे पुच्छितारो अस्सु 'सिया'तिस्सु वचनीया। कथञ्च सिया ? यं किञ्चि दुक्खं सम्भोति सब्बं उपधिपच्चयाति–अयं एकानुपस्सना। उपधीनं त्वेव असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भवोति–अयं दुतियानुपस्सना। एवं सम्मा ... पे० ... अनागामिता'ति अथापरं एतदवोचसत्था–

७२८. 'उपधीनिदाना पभवन्ति दुक्खा ये केपि लोकस्मिमनेकरूपा।
यो वे अविद्वा उपधिं करोति पुनप्पुनं दुक्खमुपेति मन्दो।
तस्मा पजानं उपधिं न कयिरा दुक्खस्स जातिप्पभवानुपस्सी' ति।।५।।

'सिया अञ्ञेन'पि परियायेन सम्माद्वयतानुपस्सनाति इति चे भिक्खवे पुच्छितारो अस्सु 'सिया' तिस्स वचनीया। कथञ्च सिया ? यं किञ्चि दुक्ख सम्भोति सब्बं अविज्जापच्चयाति – अयं एकानुपस्सना। अविज्जा यत्वेव असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भोति-- अयं दुतियानुपस्सना। एवं सम्मा ... पे० ... अनागामिता'ति अथापरं एतदवोच सत्था–

७२९. 'जातिमरणसंसार ये वजन्ति पुनप्पुनं ।
इत्थभावञ्ञथाभावं अविज्जा येव सा गति ।। ६।।
७३०. अविज्जा हयं महामोहो येनिदं संसितं चिरं ।
विज्जागता च ये सत्ता नागच्छन्ति पुनब्भव'न्ति।।७।।

'सिया अञ्ञेन'पि ... पे० ... कथञ्च सिया ? यं किञ्चि दुक्खं सम्भोति सब्बं सङ्खारपच्चयाति–अयं एकानुपस्सना। सङ्खारानं त्वेव असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भवोति–अयं दुतियानुपस्सना। एवं सम्मा ... पे० ... अनागामिता'ति। अथापरं एतदवोच सत्था–

૭૨૫. તેમને ચિત્તવિમુક્તિ અને પ્રજ્ઞાથી મળેલી મુક્તિ મળતી નથી; તેઓ દુઃખનો અંત કરી શકતા નથી; અને તેઓ જ જન્મજરા પામે છે. (૨)

૭૨૬. જેઓ દુઃખ અને દુઃખની ઉત્પત્તિ જાણે છે, અને તે દુઃખ જ્યાં નિઃશેષ નિરોધ પામે છે તે સ્થાન અને દુઃખનિરોધગામી માર્ગ જાણે છે. (૩)

૭૨૭. તેઓ ચિત્તવિમુક્તિથી અને પ્રજ્ઞાથી મેળવેલી વિમુક્તિથી સંપન્ન છે; તેઓ સંસારના દુઃખનો અંત કરવા સમર્થ થાય છે; અને તેઓ જન્મ જરા પામતા નથી. (૪)

બીજા કોઈ પ્રકારે સમ્યગ્ દ્વૈતાનુપશ્યના થઈ શકે કે કેમ, એમ હે ભિક્ષુઓ, તમને કોઈ પૂછનાર મળે તો તેમ થઈ શકે એમ તેમને કહેવું. તે કઈ રીતે ? જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું ઉપાધિઓથી ઉદ્ભવે છે, એ એક અનુપશ્યના અને વૈરાગ્યથી ઉપાધિઓનો અશેષ નિરોધ કરવાથી દુઃખનો ઉદ્ભવ થતો નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે દ્વૈતની...વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું :

૭૨૮. જગતમાં જે કંઈ અનેક પ્રકારનાં દુઃખો છે તે બધાં ઉપાધિઓથી થાય છે. જે અવિદ્વાન ઉપાધિ કરે છે તે મંદબુદ્ધિ ફરીફરી દુઃખ ભોગવે છે. માટે દુઃખનું ઉત્પત્તિકારણ જાણનારા સમજુ માણસે ઉપાધિ કરવી નહિ. (૫)

બીજા કોઈ પ્રકારે સમ્યગ્ દ્વૈતાનુપશ્યના થઈ શકે ખરી, એમ જો, હે ભિક્ષુઓ, તમને કોઈ પૂછનાર મળે તો એમ થઈ શકે એમ તેમને કહેવું. તે કઈ રીતે? જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું અવિદ્યાથી ઉદ્ભવે છે એ એક અનુપશ્યના. અને વૈરાગ્યથી અવિદ્યાનો અશેષ નિરોધ કરવાથી દુઃખનો ઉદ્દભ થતો નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે દ્વૈતની...વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું :

૭૨૯. જન્મમરણમય સંસારમાં જેઓ ફરીફરી પડે છે અને મનુષ્યત્વ કે મનુષ્યેતરભાવ પામે છે તેઓ કેવળ અવિદ્યાને લીધે જ તે ગતિ ભોગવે છે. (૬)

૭૩૦. અવિદ્યા એ મહામોહ છે, જેને લીધે મનુષ્ય ચિરકાળ સંસારમાં પડે છે. પણ જે વિદ્યાલાભી પ્રાણી હોય છે તેઓ પુનર્જન્મ પામતા નથી. (૭)

બીજા કોઈ પ્રકારે....વગેરે....તે કઈ રીતે ? જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું સંસ્કારોથી ઉદ્ભવે છે એ એક અનુપશ્યના અને વૈરાગ્યથી સંસ્કારોનો અશેષ નિરોધ કરવાથી દુઃખ ઉદ્ભવતું નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે દ્વૈતની...વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું:

७३१. "यं किञ्चि दुक्खं सम्भोति सब्बं सङ्खारपच्चया।
सङ्खारानं निरोधेन नत्थि दुक्खस्य सम्भवो।।८।।
७३२. एतं आदीनवं ञत्वा दुक्खं सङ्खारपच्चया।
सब्बसङ्खारसमथा सञ्ञाय उपरोधना।
एवं दुक्खक्खयो होति एवं ञत्वा यथातथं।।९।।
७३३. सम्मद्दसा वेदगुनो सम्मदञ्ञाय पण्डिता ।
अभिभुय्य मारसंयोगं नागच्छन्ति पुनब्भवन्ति ।।१०।।

'सिया अञ्ञेन' पि . . . पे० . . . कथञ्च सिया ? यं किञ्चि दुक्खं सम्भोति सब्बं विञ्ञाणपच्चयाति–अयमेकानुपस्सना। विञ्ञाणस्स त्वेव असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भवोति–अयं दुतियानुपस्सना। एवं सम्मा . . . पे० . . अनागामिता'ति। अथापरं एतदवोच सत्था।

७३४. 'यं किञ्चि् दुक्खं सम्भोति सब्बं विञ्ञाणपञ्च्या।
विञ्ञाणस्स निरोधेन नत्थि दुक्खस्स सम्भवो ।।११।।
७३५. एतं आदीनवं ञत्वा पदुक्खं विञ्ञाणच्चया ।
विञ्ञाणूपसमा भिक्खु निच्छातो परिनिब्बुतो'ति ।।१२।।

'सिया अञ्ञेन'पि . . पे० कथञ्च् सिया ? यं किञ्चि दुक्खं सम्भोति सब्बं फस्सपच्चयाति–अयमेकानुपस्सना असेसविराग निरोधा नत्थि दुक्खस्स सम्भवोति–अयं दुतियानुपस्सना। एवं सम्मा. . .पे०. . .अनागामिता'ति। अथापरं एतदवोच सत्था–

७३६. 'तेसं फस्सपरेतानं भवसोतानुसारिनं ।
कुम्मग्गपटिपन्नानं आरा संयोजनक्खयो ।। १३।।
७३७. ये च फस्सं परिञ्ञाय अञ्ञाय उपसमे रता ।
ते वे फस्साभिसमया निच्छाता परिनिब्बुता'ति।।१४।।

'सिया अञ्ञेन'पि पे० . . . कथञ्च् सिया ? यं किञ्चि् दुक्खं सम्भोति सब्बं वेदनापच्चयाति–अयमेकानुपस्सना। वेदनानं त्वेव असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भवोति अयं दुतियानुपस्सना। एवं सम्मा. . .पे०. . . अनागामिता'ति। अथापरं एतदवोच सत्था–

७३८. "सुखं वा यदि वा दुक्खं अदुक्खमसुखं सह ।
अज्झत्तञ्च बहिद्धा च यं किञ्चि अत्थि वेदित।। १५।।

૭૩૧. જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું સંસ્કારોમાંથી; સંસ્કારના નિરોધથી દુઃખ ઉદ્ભવતું નથી. (૮)

૭૩૨. સંસ્કારોથી દુઃખ ઉદ્ભવે છે એ સંસ્કારમાં દોષ જાણીને બધા સંસ્કારો શાંત કરીને અને સંજ્ઞાનો નિરોધ કરીને, અને આ રીતે દુઃખનાશ થાય છે એમ યથાર્થ રીતે જાણીને, (૯)

૭૩૩. સમ્યગ્દર્શી, વેદપારગ પંડિત સમ્યગ્ જ્ઞાન મેળવીને મારબંધન તોડીને પુનર્જન્મ પામતો નથી. (૧૦)

બીજા કોઈ પ્રકારે...વગેરે...તે કઈ રીતે ? જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું વિજ્ઞાનથી ઉદ્ભવે છે એ એક અનુપશ્યના. અને વૈરાગ્યથી વિજ્ઞાનનો અશેષ નિરોધ કરવાથી દુઃખ ઉદ્ભવતું નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે...વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૩૪. જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું વિજ્ઞાનમાંથી; વિજ્ઞાનના નિરોધથી દુઃખ ઉદ્ભવતું નથી. (૧૧)

૭૩૫. વિજ્ઞાનમાંથી દુઃખ ઉદ્ભવે છે એ વિજ્ઞાનમાં દોષ જાણીને વિજ્ઞાનના ઉપશમને લીધે વીતતૃષ્ણ થયેલ ભિક્ષુ પરિનિર્વાણ પામે છે. (૧૨)

બીજા કોઈ પ્રકારે...વગેરે...તે કઈ રીતે ? જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું સ્પર્શથી ઉદ્ભવે છે એ એક અનુપશ્યના. અને વૈરાગ્યથી સ્પર્શનો અશેષ નિરોધ કરવાથી દુઃખ ઉદ્ભવતું નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે...વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું :

૭૩૬. સંસારપ્રવાહમાં વહેનારા, કુમાર્ગે ચાલનારા સ્પર્શપરાયણ પ્રાણીઓથી સંયોજનોનો ક્ષય પુષ્કળ દૂર છે એમ સમજવું. (૧૩)

૭૩૭. પણ જેઓ સ્પર્શ જાણીને જ્ઞાનવાન થઈને નિર્વાણમાં રત થાય છે તે વીતતૃષ્ણ માણસો સ્પર્શના નિરોધથી પરિનિર્વાણ પામે છે. (૧૪)

બીજા કોઈ પ્રકારે...વગેરે...તે કઈ રીતે ? જે કંઈ દુઃખ ઉદ્ભવે છે, તે બધું વેદનાઓમાંથી ઉદ્ભવે છે એ એક અનુપશ્યના. અને વૈરાગ્યથી વેદનાઓનો અશેષ નિરોધ કરવાથી દુઃખ ઉદ્ભવતું નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે..વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૩૮. આધ્યાત્મિક કે બાહ્ય, સુખ, દુઃખ કે ઉપેક્ષામાંથી કોઈ પણ વેદના (૧૫)

७३९. एतं दुक्खन्ति ञत्वा मोसधम्मं पलोकितं।

फुस्स फुस्स वयं पस्सं एवं तत्थ विरज्जति।

वेदनानं खया भिक्खु निच्छातो परिनिब्बुतो' ति।।१६।।

'सिया अञ्ञेनपि ... पे० कथञ्च सिया ? यं किञ्चि दुक्खं सम्भोति सब्बं तण्हापच्चयाति–अयमेकानुपस्सना। तण्हाय त्वेव असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भवोति–अयं दुतियानुपस्सना। एवं सम्मा पे० ... 'अनागामिता'ति। अथापरं एतदवोच सत्था–

७४०. 'तण्हा दुतियो पुरिसो; दीधमद्धान संसरं।

इत्थभावञ्ञथाभावं संसारं नातिवत्तती ।।१७।।

७४१. एतं आदीनवं ञत्वा तण्हा दुक्खस्स सम्भवं ।

वीततण्हो अनादानो सतो भिक्खु परिब्बजे'ति ।।१८।।

'सिया अञ्ञेनपि ... पे० कथञ्च् सिया ? यं किञ्च् दुक्खं सम्भोति सब्बं उपादानपच्चा'ति अयमेकानुपस्सना। उपादानानं त्वेत असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भवो'ति.. अयं दुतियानुपस्सना। एवं सम्मा पे० ... 'अनागामितो' ति। अथापरं एतदवोच सत्था–

७४२. 'उपादानपच्चया भवो भूतो दुक्खं निगच्छति

जातस्स मरणं होति एसो दुक्खस्स सम्भवो ।।१९।।

७४३. तस्मा उपादानक्खया सम्मदञ्ञाय पण्डिता।

जातिक्खयं अभिञ्ञाय नागच्छन्ति पुनब्भव'न्ति।।२०।।

'सिया अञ्ञेन'पि ... पे० ... कथञ्च सिया ? यं किञ्चि दुक्खं सम्भोति सब्बं आरम्भपच्चया'ति अयमेकानुपस्सना। अहारानं त्वेव असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भवो'ति अयं दुतियानुपस्सना। एवं सम्मा ... पे० ... अनागामिता'ति। अथापरं एतदवोच सत्था–

७४४. 'यं किञ्चि दुक्खं सम्भोति सब्बं आरम्भपच्चया।

आरम्भानं निरोधेन नत्थि दुक्खस्स सम्भवा ।।२१।।

७४५. एतं आदीनवं ञत्वा दुक्खं आरम्भपच्चया।

सब्बारम्भं पटिनिस्सज्ज अनारम्भे विमुत्तिनो ।।२२।।

૭૩૯. નશ્વર, માયામય અને દુઃખદ છે, અને સ્પર્શ પામી-પામીને તેનો વ્યય થાય છે એમ સમજીને ભિક્ષુ તેના સંબંધે વિરક્ત થાય છે, અને નિસ્તૃષ્ણ થઈને પરિનિર્વાણ પામે છે. (૧૬)

બીજા કોઈ પ્રકારે...વગેરે...તે કઈ રીતે? જે કંઈ દુઃખ ઉદ્‌ભવે છે તે બધું તૃષ્ણામાંથી ઉદ્‌ભવે છે એ એક અનુપશ્યના અને વૈરાગ્યથી તૃષ્ણાનો અશેષ નિરોધ કરવાથી દુઃખ ઉદ્‌ભવતું નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે દ્વૈતની....વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૪૦. તૃષ્ણાનો સાથી થઈને લાંબો કાળ પુનર્જન્મ લેનારો માણસ મનુષ્યત્વ કે મનુષ્યેતરભાવ પામીને સંસાર અતિક્રમી શકતો નથી. (૧૭)

૭૪૧. તૃષ્ણામાંથી દુઃખ ઉદ્‌ભવે છે એ તૃષ્ણામાં દોષ જોઈને ભિક્ષુએ વીતતૃષ્ણ, આદાનવિરહિત અને સ્મૃતિમાન થઈને પ્રવજ્યા લેવી. (૧૮)

બીજા કોઈ પ્રકારે...વગેરે...તે કઈ રીતે? જે કંઈ દુઃખ ઉદ્‌ભવે છે તે બધું ઉપાદાનોથી ઉદ્‌ભવે છે એ એક અનુપશ્યના. અને વૈરાગ્યથી ઉપાદાનોનો અશેષ નિરોધ કરવાથી દુઃખ ઉદ્‌ભવતું નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે...વગેરે... તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૪૨. ઉપાદાનોમાંથી ભવ થાય છે, ઉત્પન્ન થયેલ પ્રાણી દુઃખ ભોગવે છે અને જન્મેલાને મરણ આવે છે, આ દુઃખનો ઉદ્‌ભવ છે. (૧૯)

૭૪૩. માટે સમ્યગ્ જ્ઞાનથી ઉપાદાનક્ષય કરીને અને જન્મક્ષય જાણીને પંડિતો પુનર્જન્મ પામતા નથી. (૨૦)

બીજા કોઈ પ્રકારે....વગેરે...તે કઈ રીતે? જે કંઈ દુઃખ ઉદ્‌ભવે છે તે કર્મોથી ઉદ્‌ભવે છે એ એક અનુપશ્યના. અને વૈરાગ્યથી કર્મોનો અશેષ નિરોધ કરવાથી દુઃખ ઉદ્‌ભવતું નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે...વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૪૪. જે કંઈ દુઃખ ઉદ્‌ભવે છે તે બધું કર્મોથી; કર્મોના નિરોધથી દુઃખ ઉદ્‌ભવતું નથી. (૨૧)

૭૪૫. કર્મોથી દુઃખ ઉદ્‌ભવે છે એ કર્મોમાં દોષ જોઈને બધાં કર્મોનો ત્યાગ કરીને નિર્વાણમાં લય પામનારા (વિમુક્ત), (૨૨)

७४६. उच्छिन्नभवतण्हस्स सन्तचित्तस्स भिक्खुनो।

विन्तिण्णो जातिसंसारो नत्थि तस्स पुनब्भवो' ति।। २३।।

'सिया अञ्ञेन'पि ... पे० ... कथञ्च सिया ? यं किञ्चि दुक्खं सम्भोति सब्बं आरम्भपच्चया'ति अयमेकानुपस्सना। अहारानं त्वेव असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भवो'ति अयं दुतियानुपस्सना। एवं सम्मा ... पे० ... अनागामिता'ति। अथापरं एतदवोच सत्था–

७४७. 'यं किञ्चि दुक्खं सम्भोति सब्बं आहारपच्चया।

आहारानं निरोधेन नत्थि दुक्खस्स सम्भवो।।२४।।

७४८. एतं आदीनवं ञत्वा दुक्खं आहारपच्चया।

सब्बाहारं परिञ्ञाय सब्बाहारमनिस्सितो ।।२५।।

७४९. आरोग्यं सम्मदञ्ञाय आसवानं परिक्खया।

सङ्खाय सेवी धम्मट्ठो सङ्ख' नोपेति बेदगू' ति ।।२६।।

'सिया अञ्ञेन'पि ... पे० ... कथञ्च सिया ? यं किञ्चि दुक्खं सम्भोति सब्बं इञ्जितपच्चया'ति अयमेकानुपस्सना इञ्जितानं त्वेव असेसविरागनिरोधा नत्थि दुक्खस्स सम्भवो'ति अयं दुतियानुपस्सना। एवं सम्मा...पे० ... अनागामिसता'ति। अथापरं एतदवोच सत्था––

७५०. 'यं किञ्चि दुक्खं सम्भोति सब्बं इञ्जिसपच्चया।

इञ्जितानं निरोधेन नत्थि दुक्खस्स सम्भवो।।२७।।

७५१. एतं आदीनवं ञावा दुक्खं इञ्जितपच्चया।

तस्मा एजं वोस्सज्ज सङ्खारे उपरुन्धिय।

अनेजो अनुपादानो सतो भिक्खु परिब्बजे'ति।।२८।।

'सिया अञ्ञेन' पि ... पे० ... कथञ्च सिया ? निस्सितस्य चलितं होति अयमेकानुपस्सना; अनिस्सितो न चलति अयं दुतियानुपस्सना। एवं सम्मा ... पे० ... अनागामिता'ति। अथापरं एतदवोच सत्था –

७५२. 'अनिस्सितो न चलति निस्सितो च उपादियं।

इत्थभावञ्ञथाभावं संसारं नातिवत्तति ।।२९।।

७५३. एतं आदीनवं ञत्वा निस्सयेसु महब्भयं।

अनिस्सितो अनुपादानो; सतो भिक्खु परिब्बजे'ति।।३०।।

૭૪૬. અને ભવતૃષ્ણાનો ઉચ્છેદ કરનારા શાંતચિત્ત ભિક્ષુની જન્મપરંપરા પાછળ રહી જાય છે; તેને પુનર્જન્મ રહેતો નથી. (૨૩)

બીજા કોઈ પ્રકારે...વગેરે...તે કઈ રીતે ? જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું આહારોમાંથી ઉદ્ભવે છે એ એક અનુપશ્યના. અને વૈરાગ્યથી આહારોનો અશેષ નિરોધ કરવાથી દુઃખ ઉદ્ભવતું નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે...વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું :

૭૪૭. જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું આહારોમાંથી; આહારોના નિરોધથી દુઃખ ઉદ્ભવતું નથી. (૨૪)

૭૪૮. આહારોમાંથી દુઃખ ઉદ્ભવે છે એ આહારોમાંથી દોષ જોઈને અને બધા આહારો ઓળખીને બધા આહારો ઉપર અવલંબી ન રહેતાં, (૨૫)

૭૪૯. સમ્યક્ પ્રજ્ઞાથી આરોગ્ય જોઈને અને આસ્રવોનો નાશ કરીને જે વિચારપૂર્વક આહારોનો ઉપયોગ કરે છે તે ધર્મસ્થિત વેદપારગ (માણસ) ફરી નામાભિધાન (જન્મ) પામતો નથી. (૨૬)

બીજા કોઈ પ્રકારે...વગેરે....તે કઈ રીતે ? જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું પ્રકંપોથી ઉદ્ભવે છે એ એક અનુપશ્યના. અને વૈરાગ્યથી પ્રકંપોનો અશેષ નાશં કરવાથી દુઃખ ઉદ્ભવતું નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે..વગેરે....તે સુગત શાસ્તાએ કહ્યું :

૭૫૦. જે કંઈ દુઃખ ઉદ્ભવે છે તે બધું પ્રકંપોથી; પ્રકંપોના નિરોધથી દુઃખનો ઉદ્ભવ થતો નથી. (૨૭)

૭૫૧. પ્રકંપોમાંથી દુઃખ ઉદ્ભવે છે એ પ્રકંપોમાં દોષ જોઈને, પ્રકંપોનો ત્યાગ કરીને, અને સંસ્કારોનો નિરોધ કરીને અપ્રકંપ્ય, અનુપાદાન અને સ્મૃતિમાન ભિક્ષુએ પ્રવ્રજ્યા લેવી. (૨૮)

બીજા કોઈ પ્રકારે...વગેરે...તે કઈ રીતે ? આશ્રિત ચળી જાય છે એ એક અનુપશ્યના. અને અનાશ્રિત ચળતો નથી એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે...વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૫૨. અનાશ્રિત ચળતો નથી, પણ જે આશ્રિત હોય છે તે ઉપાદાનોને લીધે મનુષ્યત્વ અને મનુષ્યેતરભાવથી ભરેલા સંસારની પાર જઈ શકતો નથી. (૨૯)

૭૫૩. આશ્રયોમાં આ ભયંકર દોષ જોઈને અનાશ્રિત, અનુપાદાન અને સ્મૃતિમાન થઈએ ભિક્ષુને પ્રવ્રજ્યા લેવી. (૩૦)

'सिया अञ्ञेन' ति ... पे० ... कथञ्च सिया ? रूपेहि भिक्खवे आरुप्पा' सन्ततरा'ति अयमेकानुपस्सना । आरुप्पेहि निरोधो सन्ततरो'ति अयं दुतियानुपस्सना। एवं सम्मा पे० .... अनागामिता''ति। अथापरं एतदवोच सत्था–

७५४. 'ये च रुपूपगा सत्ता ये च आरुप्पवासिनो।
निरोधं अप्पजानन्ता आगन्तरो पुनब्भव ।।३१।।
७५५. ये च रूपे परिञ्ञाय अरूपेसु सुसज्ठिता ।
निरोधे ये विमुच्चन्ति ते जना मच्चुहायिनो'ति।।३२।।

'सिया अञ्ञो न' पि ... पे० ... कथञ्च सिया ? यं भिक्खवे सदेवकस्स लोकस्स समारकस्स सस्समणब्राह्मणिया पजाय सदेवमनुस्साय इदं सच्चन्ति उपनिज्झायितं तदरियानं एवं मुसाति यथाभूतं सम्मप्पञ्ञाय सुद्दिट्ठं – अयमेकानुपस्सना। यं भिक्खवे सदेवकस्स ... पे० ... सदेवमनुस्साय इदं मुसाति उपनिज्जायितं तदरियानं एतं सच्चन्ति यथाभूतं सम्मप्पञ्ञाय सुद्दिट्ठं – अयं दुतियानुपस्सना। एवं सम्मा ... पे० ... अनागामिता'ति। अथापरं एतदवोच सत्था –

७५६. 'अनत्तनि अत्तमानिं पस्स लोकं सदेवकं ।
निनिट्ठं नामरूपस्मिं इदं सच्चन्ति मञ्ञाति।।३३।।
७५७. येन येन हि मञ्ञन्ति ततो तं होति अञ्ञथा।
तं हिं तस्स मुसा होति मोसधम्मं हि इत्तरं।। ३४।।
७५८. अमोसधम्मं निब्बाणं तदरिया सच्चतो विदू।
ते वे सच्चाभिसमया निच्छाता परिनिब्बुता'ति।। ३५।।

'सिया अञ्ञेनपि परियायेन सम्माद्वयतानुपस्सनाति इति चे भिक्खवे पुच्छितारो अस्सु 'सिया' तिस्सु वचनीया। कथञ्च सिया ? यं भिक्खवे सदेवकस्स ... पे० ... सदेवमनुस्साय इदं सुखन्ति उपनिज्झायितं तदमरियानं एतं दुक्खन्ति यथाभूतं सम्मप्पञ्ञाय सुद्दिट्ठं – अयमेकानुपस्सना। यं भिक्खवे सदेवकस्स ... पे० ... सदेवमनुस्साय इदं दुक्खन्ति उपनिज्झायितं तदमरियानं एतं सुखन्ति यथाभूतं सम्मप्पञ्ञाय सुद्दिट्ठं–अयं दुतियानुपस्सना। एवं सम्माद्वयतानुपस्सिनो खो भिक्खवे भिक्खुनो अप्पमत्तस्स आतापिनो पहितत्तस्स विहरतो द्विन्नं फलानं अञ्ञातरं फलं पाटिकङ्ख–– दिट्ठे व

બીજા કોઈ પ્રકારે...વગેરે...તે કઈ રીતે ? હે ભિક્ષુઓ, રૂપાવચર દેવલોક કરતાં અરૂપાવચર દેવલોક શાંતતર છે એ એક અનુપશ્યના. અને અરૂપાવચર દેવલોક કરતાં નિરોધ (નિર્વાણ) શાંતતર છે એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે....વગેરે..તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૫૪. રૂપાવચર દેવો અને અરૂપાવચર દેવો નિરોધ જાણતા નથી માટે પુનર્જન્મ પામે છે. (૩૧)

૭૫૫. પણ જે લોકો રૂપાવચર દેવલોક જાણીને અને અરૂપાવચર દેવલોક સંબંધે અનાસક્ત થઈને નિરોધમાં લય પામે છે તેઓ મૃત્યુ છોડી જાય છે. (૩૨)

બીજા કોઈ પ્રકારે...વગેરે...તે કઈ રીતે ? હે ભિક્ષુઓ, સદેવક સમારક લોકમાં સશ્રમણબ્રાહ્મણ અને સદેવમનુષ્ય પ્રજામાં જે સત્ય ગણવામાં આવે છે તે ખોટું છે એમ સમ્યક્ પ્રજ્ઞાથી આર્ય લોકો યથાર્થ રીતે જુએ છે એ એક અનુપશ્યના અને હે ભિક્ષુઓ, સદેવક...વગેરે...સદેવમનુષ્ય પ્રજામાં જે ખોટું ગણવામાં આવે છે તે સાચું છે એમ સમ્યક્ પ્રજ્ઞાથી આર્ય લોકો યથાર્થપણે ઉત્તમ રીતે જુએ છે એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે...વગેરે...તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૫૬. અનાત્મામાં આત્મા છે એમ માનનારા અને નામરૂપમાં બદ્ધ થયેલા સદેવક લોકો તરફ જુઓ, તેઓ આ જ સત્ય છે એમ સમજે છે. (૩૩)

૭૫૭. જેવી જેવી જાતની તેઓ કલ્પના કરે છે તેનાથી તે વસ્તુ જુદી જ જાતની હોય છે, અને તેમની કલ્પના ખોટી ઠરે છે. કારણ કે જે ક્ષણભંગુર છે તે નશ્વર હોય છે. (૩૪)

૭૫૮. પણ નિર્વાણ અનશ્વર છે અને તે સત્ય છે એમ આર્ય લોકો માને છે, અને તે સત્યના જ્ઞાનથી નિસ્તૃષ્ણ થઈને તેઓ નિર્વાણ પામે છે. (૩૫)

બીજા કોઈ પ્રકારે સમ્યગ્ દ્વૈતાનુપશ્યના થઈ શકે કે કેમ, એમ જો, હે ભિક્ષુઓ તમને કોઈ પૂછનાર મળે તો તે થઈ શકે એમ તેમને કહેવું. તે કઈ રીતે ? હે ભિક્ષુઓ, સદેવક...વગેરે...સદેવ મનુષ્ય પ્રજામાં જેને સુખ માનવામાં આવે છે તે દુઃખ છે એમ આર્ય લોકો સમ્યક્ પ્રજ્ઞાથી યથાર્થપણે ઉત્તમ રીતે જાણે છે એ એક અનુપશ્યના. અને હે ભિક્ષુઓ, સદેવક....વગેરે...સદેવમનુષ્ય પ્રજામાં જે દુઃખ માનવામાં આવે છે તે સુખ છે એ આર્ય લોકો યથાર્થપણે ઉત્તમ રીતે જાણે છે એ બીજી અનુપશ્યના. હે ભિક્ષુઓ, આ રીતે દ્વૈતની સમ્યક્ અનુપશ્યના કરનાર, અપ્રમત્ત, ઉત્સાહી અને દઢચિત્ત થઈને વર્તનારા ભિક્ષુને આ જ જન્મે અર્હત્વ, અથવા ઉપાદાનશેષ રહે તો અનાગામિતા, એ બેમાંથી એક ફળ મળવું જોઈએ. એમ ભગવાન

धम्मे अञ्ञा सति वा उपादिसेसे अनागामिता’ति। इदमवोच भगवा इदं वत्वा सुगतो अथापरं एतदवोच सत्था–

७५९. रूपा सद्दा रसा गन्धा; फस्सा धम्मा च केवला ।
इट्ठा कन्ता मनापा च यावतत्थीति वुच्चति।।३६।।

७६०. सदेवकस्स लोकस्स एते वो सुखसम्मता।
यत्थ चेते निरुज्झन्ति तं तेसं दुक्खसम्मतं।। ३७।।

७६१. सुखन्ति दिट्ठमरियेहि सक्कायस्सुपरोधनं।
पच्चनीकं इदं होति सब्बलोकेन पस्सतं।। ३८।।

७६२. यं परे दुक्खतो आहु तदरिया सुखतो विदु।
पस्स धम्मं दुराजानं सम्पमूल्हेत्थ अविद्दसु।। ३९।।

७६३. निवुतानं तमो होति अन्धकारो अपस्सतं।
सतञ्च विवटं होति आलोको पस्सतं इव।
सन्तिके न विजानन्ति मगा धम्मस्स कोविदा।।४०।।

७६४. भवरागपरेतेहि भवसोतानुसारिहि।
मारधेय्यानुपन्नेहि नायं धम्मो सुमसम्बुधो।।४१।।

७६५. को नु अञ्ञत्रमरियेहि पदं सम्बुद्धमरहति।
यं पदं सम्मदञ्ञाय परिनिब्बन्ति अनासवा” ति ।। ४२।।

इदमवोच भगवा। अत्तमना ते भिक्खू भगवतो भासितं अभिनन्दुं। इमस्मिं खो पन वेय्याकरणस्मिं भञ्ञमाने सट्ठिमत्तानं भिक्खूनं अनुपादाय आसवेहि चित्तानि विमुच्चिंसू’ति।

द्वयतानुपस्सनासुत्तं निट्ठितं।

महावग्गो ततियो

तस्सुधानं। सुभ...सुन्दरि तथा।
माधसुत्तं च सला सईइं पवुच्चति।
वासेटो चापि काकालि नालकी द्वदतानुस्सना।
द्वादसतानि सुमानि महावग्गोति वुच्चतीति।।

બોલ્યા. એમ બોલ્યા પછી તે સુગત શાસ્તાએ કહ્યું:

૭૫૯. રૂપ, શબ્દ, રસ, ગંધ અને સ્પર્શ એ બધા પદાર્થોને (લોકો) ઇષ્ટ, કાન્ત અને મનોહર માને છે. (૩૬)

૭૬૦. સદેવક લોકોને આ પદાર્થો સુખકારક લાગે છે, અને તે જ્યાં નિરોધ પામે છે તે (સ્થાન) તેમને દુઃખકારક લાગે છે. (૩૭)

૭૬૧. સત્કાયબુદ્ધિનો નિરોધ સુખકર છે એમ આર્ય જાણે છે, પણ લોકોની સમજણ તે જ્ઞાતાઓથી વિરુદ્ધ પ્રકારની જ હોય છે. (૩૮)

૭૬૨. બીજા જેને સુખ ગણે છે તે દુઃખ છે એમ આર્યો જાણે છે; અને જે બીજાને દુઃખ લાગે છે તે સુખ છે એમ આર્યો જાણે છે. જેમાં મૂર્ખ લોકો મોહિત થાય છે તે આ દુર્જ્ઞેય લોકસ્વભાવ જુઓ! (૩૯)

૭૬૩. અવિદ્યાથી ઘેરાયેલા તે અજ્ઞાન લોકોને આ અંધકાર લાગે છે. પણ દેખતા માણસો પ્રકાશ જેટલો સ્પષ્ટ જોઈ શકે છે તેવો આ પ્રકાર સન્તોને દેખાય છે. આ (સાવ) પાસે હોવા છતાં ધર્મજ્ઞાનવિહીન મૂઢ જાણતા નથી. (૪૦)

૭૬૪. જેઓ ભવાસક્તિપરાયણ, ભવનદીમાં વહેનારા, અને મારના ઝપાટામાં આવેલા હોય તેમને આ ધર્મનો બોધ થવો મુશ્કેલ છે. (૪૧)

૭૬૫. સમ્યગ્ જ્ઞાનથી જે પદને જાણીને અનાસ્રવ થઈને પરિનિર્વાણ પામે છે તે પદનો આર્યો સિવાય બીજા કોને બોધ થવો શકય છે? (૪૨)

એમ ભગવાન બોલ્યા. મુદિત મનથી તે ભિક્ષુઓએ ભગવાનના ભાષણનું અભિનંદન કર્યું. આ વ્યાખ્યાન કરવાથી સાઠ ભિક્ષુઓનાં અંતઃકરણો ઉપાદાનરહિત થઈને આસ્રવમુક્ત થયાં.

તેની અનુક્રમણિકા–સત્ય, ઉપાધિ, અવિદ્યા, સંસ્કાર અને પાંચમું વિજ્ઞાન; સ્પર્શ, વેદના, તૃષ્ણા, ઉપાદાન, કર્મ, આહાર, પ્રકંપ, ચલિત, રૂપાવચર, સત્ય, સુખ અને દુઃખ મળીને કુલ સોળ.

દ્વયતાનુ પસ્સના સુત્ત સમાપ્ત

મહાવગ્ગ ત્રીજો સમાપ્ત

તેની અનુક્રમણિકા: પબ્બજ્જા, પધાન, સુભાસિત, સુંદરિક, માઘ, સભિય, સેલ, સલ્લ, વાસેઠ, કોકાલિક, નાલક, અને દ્વયતાનુપસ્સના એ બાર સુત્તનો મહાવગ્ગ ગણાય છે.

४ अट्ठकवग्गो

३९

कामसुत्त (१)

७६६. कामं कामयमानस्स तस्स चेतं समिज्झति ।
अद्धा पीतिमानो होति लद्धा मच्चो यदिच्छति।।१।।

७६७. तस्स चे कामयमानस्स छन्दजातस्स जन्तुनो।
ते कामा परिहायन्ति सल्लविद्धोव रुप्पति ।।२।।

७६८. यो कामे परिवज्जेति सप्पस्सेव पदा सिरो ।
सो इमं विसत्तिकं लोके सतो समतिवत्तति ।।३।।

७६९. खेत्तं वत्थुं हिरञ्ञं वा गवास्सं दासपोरिसं ।
थियो बन्धु पुथू कामे यो नरो अनुगिज्झति।।४।।

७७०. अबलानं बलीयन्ति मद्दन्ते नं परिस्सया।
तनो न दुक्खमेवेन्ति नावे भिन्नमिवोदकं ।।५।।

७७१. तस्मा जन्तु सदा सत्तपो कामानि परिवज्जये।
ते पहाय तरे ओधं नाव सिञ्चित्व पारगू'ति।।६।।

कामसुत्तं नट्ठितं।

४०

गुहट्ठकसुत्तं (२)

७७२. सत्तो गुहायं बहुनाभिछन्नो तिट्ठं नरो मोहनस्मिं पगाळ्हो।
दूरे विवेका हि तथाविधो सो कामा हि लोके न हि सुप्पहाया।। १।।

७७३. इच्छानिदाना भवसातबद्धा ते दुप्पमुञ्चा न हि अञ्ञामोक्खा।
पच्छा पुरे वा'पि अपेक्खमाना इमेव कामे पुरिमेव जप्प ।। २ ।।

७७४. कामेसु गिद्धा पसुता पमूळ्हा अवदानिया ते विसमे निविट्ठा।
दुक्खूपनीता परिदेवयन्ति किंसु भविस्साम इतो चुतासे ।। ३।।

७७५. तस्मा हि सिक्खेथ इधेव जन्तु यं किञ्चिजञ्चा विसमन्ति लोके।
न तस्स हेतु विसमं चरेय्य. अप्पं हिदं जीवितमाहु धीरा।। ४।।

અટ્ઠકવગ્ગ ચોથો

૩૯

કામસુત્ત (૧)

૭૬૬. કામોપભોગની ઈચ્છા કરનારાની યોજનાઓ જો ફળીભૂત થાય તો તે જેની ઈચ્છા રાખે છે તે મળવાને લીધે તે મર્ત્ય જરૂર આનંદિત થાય છે. (૧)

૭૬૭. પણ ઈચ્છા ધરાવનારા અને આસક્ત થયેલા તે પ્રાણીના તે કામોપભોગ નષ્ટ થાય તો બાણથી જાણે વિદ્ધ થતો હોય એવું દુઃખ પામે છે. (૨)

૭૬૮. જેમ સર્પના માથાથી આપણું પગલું દૂર રાખીએ છીએ તેમ જે કામોપભોગથી દૂર રહે છે તે સ્મૃતિમાન આ વિષક્તિકાને (તૃષ્ણાને) પાછળ રાખીને જાય છે (ત્યાગ કરીને આગળ જાય છે.) (૩)

૭૬૯. ખેતી, બાગબગીચા, ધન, ગાય, ઘોડા, અથવા દાસ અને નોકર, સ્ત્રી અને બાંધવ, એવા ભિન્નભિન્ન કામોપભોગમાં જે માણસ લુબ્ધ થાય છે, (૪)

૭૭૦. તેને તેનાથી જે અબળ હોય તેઓ (પણ) દબાવી શકે છે અને વિઘ્નો તેને હેરાન કરે છે, અને તેથી જેમ ફૂટેલી હોડીમાં પાણી પેસે તેમ તેના અંતઃકરણમાં દુઃખ પેસે છે. (૫)

૭૭૧. માટે પ્રાણીએ સતત સ્મૃતિમાન રહીને કામોપભોગનો ત્યાગ કરવો, અને હોડી સાફસૂફ કરીને પાર જવાની જેમ તે (કામોપભોગ)નો ત્યાગ કરીને ઓઘ તરી જવો. (૬)

કામસુત્ત સમાપ્ત

૪૦

ગુહટ્ઠકસુત્ત (૨)

૭૭૨. દેહમાં બદ્ધ થયેલ, પુષ્કળ વિકારોથી ઘેરાયેલ અને મોહમાં ખૂંચી ગયેલ માણસ એકાન્તથી દૂર રહે છે; કારણ કામોપભોગનો ત્યાગ કરવો એ મુશ્કેલ છે. (૧)

૭૭૩. ઈચ્છા એ જ જેમનો ઉદ્દેશ હોય, અને સંસારસુખમાં જેઓ બદ્ધ હોય તેમને છોડાવવા મુશ્કેલ છે; કારણકે જેઓ આગળની કે પાછળની આશા રાખે છે અને અતીતકાલીન કે વર્તમાનકાલીન કામોપભોગમાં લુબ્ધ થાય છે તેમનો છૂટકો બીજાને હાથે થવો શકય નથી. (૨)

૭૭૪. કામોપભોગમાં લુબ્ધ, આસક્ત અને મોહિત થયેલા અને વિષમમાર્ગે વળેલા તેઓ ઉપદેશને માટે યોગ્ય નથી. તેઓ (અંતકાળે) મૃત્યુ પછી પોતાની ગતિ શી થશે એ વિચારથી દુઃખ ભોગવે છે. (૩)

૭૭૫. માટે પ્રાણીએ ઈહલોકમાં જ શીખવું જોઈએ કે જે કંઈ વિષમ છે એવું જાણીએ તેને માટે વિષમ વર્તન કરવું યોગ્ય નથી; કારણ કે આ જીવિત અલ્પ છે એમ સુજ્ઞ (પુરુષો) કહે છે. (૪)

७७६. पस्सामि लोके परिफन्दमानं पजं इमं तण्हागतं भवेसु ।
हीना नरा मच्चुमुखे लपन्ति अवीततण्हासे भवाभवेसु ।। ५।।
७७७. ममायिते पस्सथ फन्दमाने मच्छे'व अप्पोदके खीणसोते ।
एतम्पि दिस्वा अममो चरेय्य भवेसु आसत्तिमकुब्बसानो ।। ६ ।।
७७८. उभोसु अन्तेसु विनेय्य छन्दं फस्सं परिञ्ञाय अनानुगिद्धो।
यदत्तगरही तदकुब्बमानो न लिप्पति सिट्ठसुतेसु धीरो ।। ७।।
७७९. सञ्ञं परिञ्ञा वितरेय्य ओघं परिग्गहेसु मुनि नोपलित्तो।
अब्बूळ्हसल्लो चरमप्पमत्तो नासिंसति लोकमिमं परञ्चा'ति।। ८।।

गुहट्ठकसुत्तं निट्ठितं।

४१.

दुट्ठट्ठकसुत्तं (३)

७८०. वदन्ति वे दुट्ठमना'पि एके अथो'पि वे सच्चमना वदन्ति।
वादञ्च जातं मुनि नो उपेति तस्मा मुनि नत्थि खिलो कुहिञ्चि।।१।।
७८१. सकञ्हि दिट्ठिं कथमच्चयेय्य छन्द'नुनीतो रुचिया निविट्ठो।
सयं समत्तानि पकुब्बमानो यथा हि जानेय्य तथा वदेय्य।। २।।
७८२. यो अत्तनो सीलवतानि जन्तु अनानुपुट्ठो च परेस पावा।
अनरियधम्मं कुसला तमाहु यो आतुमानं सयमेव पावा ।। ३।।
७८३. सन्तो च भिक्खु अभिनिब्बुतत्तो इति'हन्ति सीलेसु अकत्थमानो
तमरियधम्मं कुसला वदन्ति यस्सुस्सदा नत्थि कुहिञ्चि लोके।।४।।
७८४. पकप्पिता सङ्खता यस्स धम्मा पुरेक्खता सन्ति अवीवदाता।
यदत्तनि पस्सति आनिसंसं तं निस्सितो कुप्पपटिच्च सन्ति।। ५।।
७८५. दिट्ठि निवेसा न हि स्वातिवता धम्मेसु निच्छेय्य समुग्गहीतं
तस्मा नरो तेसु निवेसनेसु निरस्सति आदियती च धम्मं।। ६।।
७८६. धोनस्स हि नत्थि कुहिञ्चि लोके पकप्पिता दिट्ठि भवाभवेसु।
मायञ्च मानञ्च पहाय धोनो स केन गच्छेय्य अनूपयो सो।। ७।।
७८७. उपयो हि धम्मेसु उपेति वादं अनूपयं केन कथं वदेय्य।
अत्तं निरत्तं न हि तस्स अत्थि अधोसि सो दिट्ठिमिधेव सब्ब'न्ति।। ८।।

दुट्ठट्ठकसुत्तं निट्ठितं।

૭૭૬. આ જગતમાં ભવાસક્ત થઈ દોડાદોડ કરતી આ પ્રજાને હું જોઉં છું. ભવાભવમાં સતૃષ્ણ થઈને હીન મનુષ્યો મરણકાળે શોક કરે છે. (૫)

૭૭૭. ઘટી ગયેલા પાણીવાળા પ્રવાહમાંના ખાબોચિયામાં માછલાં જેમ તરફડે છે તેમ મમત્વમાં તરફડનારા તરફ જુઓ! અને આ જોઈને ભવમાં આસક્તિ ન રાખતાં નિર્મમ થઈને રહો. (૬)

૭૭૮. (ઉચ્છેદ અને શાશ્વત) બે અંતોનો છંદ છોડી દઈને, સ્પર્શ જાણીને તેમાં આસક્ત ન થતાં, અને જેનાથી પોતાને જ દોષ દેવો પડે એવું કર્મ ન કરતાં સુજ્ઞ પુરુષ જોયેલ અને સાંભળેલ વસ્તુમાં લિપ્ત થતો નથી. (૭)

૭૭૯. પરિગ્રહમાં ઉપલિપ્ત ન થનારા મુનિએ સંજ્ઞા જાણીને ઓઘ તરી જવો. પોતાના હૃદયમાંનું શલ્ય ખેંચી કાઢનારો અને સાવધાનીથી વર્તનારો તે ઈહલોક કે પરલોકની ઈચ્છા ધરાવતો નથી. (૮)

ગુહટ્ઠક સુત્ત સમાપ્ત

૪૧

દુટ્ઠટ્ઠક સુત્ત (૩)

૭૮૦. કેટલાક દુષ્ટ મનથી બોલે છે અને કેટલાક સત્ય મનથી બોલે છે. પણ આવી રીતે ઉત્પન્ન થયેલ વાદમાં મુનિ પડતો નથી. એથી મુનિને કોઈ પણ કારણે કાઠિન્ય ઉત્પન્ન થતું નથી. (૧)

૭૮૧. કારણકે પોતાના પંથનો જેને છંદ લાગ્યો હોય, સ્વેચ્છાથી જે તેમાં બદ્ધ થયો હોય, અને પોતે સ્વીકારેલા પંથ મુજબ તે વર્તવા લાગે તો તે પંથથી પર તે કઈ રીતે જઈ શકે? અને જે જેવું જાણશે તેવું જ બોલશે. (૨)

૭૮૨. ન પૂછ્યું હોય છતાં જે પ્રાણી બીજાને પોતાના સંપ્રદાયનાં શીલવ્રતો કહે છે, અને પોતાની જ વાતો બોલવા લાગે છે તેને સુજ્ઞ લોકો અનાર્યધર્મી કહે છે. (૩)

૭૮૩. પણ જે શાંત અને અભિનિર્વૃત્ત ભિક્ષુ મારા આ નિયમો છે એવો બબડાટ કરતો નથી, અને જેને આ જગતમાં કશાનો પણ ગર્વ નથી તેને સુજ્ઞ લોકો આર્યધર્મી કહે છે. (૪)

૭૮૪. જે સ્પષ્ટતાથી ન દેખાતા મિશ્ર પદાર્થોની કલ્પના કરે છે અને તેને જ પોતાનું ધ્યેય માને છે તે પોતાને લાભદાયક દેખાતી, પ્રકોપ્ય અને બાહ્ય પદાર્થો ઉપર અવલંબી રહેનારી શાંતિને વળગી રહે છે. (૫)

૭૮૫. કારણ પદાર્થોમાં ચૂંટણી કરીને દૃઢતાથી સ્વીકારેલી સાંપ્રદાયિકતા ઓળંગવી શકય નથી. માટે આથી એ સાંપ્રદાયિકતામાં માણસ બાકીના પંથો છોડી દે છે અને એકનો સ્વીકાર કરે છે. (૬)

૭૮૬. પરંતુ ધૂતપાપને આ જગતમાં ભવાભવ સંબંધે પ્રકલ્પેલી આ સાંપ્રદાયિકતા મુદ્દલ હોતી નથી. તે માયા અને અહંકાર છોડનારો ધૂતપાપ શેનાથી સાંપ્રદાયિકાતામાં પડે? તે નિશ્ચળ છે. (૭)

૭૮૭. કારણ ચંચળ માણસ પદાર્થોના વાદમાં પડે છે; પણ નિશ્ચળ માણસને કોણ શેનાથી વાદમાં સંડોવે? કારણ કે તેને આત્મબુદ્ધિ કે અનાત્મબુદ્ધિ નથી, તેણે બધી સાંપ્રદાયિકતા ધોઈ નાખી છે. (૮)

દુટ્ઠટ્ઠક સુત્ત સમાપ્ત

४२

सुद्धट्ठकसुत्तं (४)

७८८. पस्सामि सुद्धं परमं अरोगं दिट्ठेन संसुद्धि नरस्स होति।
एताभिजानं परमन्ति ञत्वा सुद्धानुपस्सी'ति पच्चेति ञाणं ।। १।।
७८९. दिट्ठेन चे सुद्धि नरस्स होति ञाणेन वा सो पजहाति दुक्खं
अञ्ञो न सो सुज्झति सोपधीको दिट्ठीहि नं पाव तथा वदानं।।२ ।।
७९०. न ब्राह्मणो अञ्ञतो सुद्धिमाह दिट्ठे सुते सीलवते मुते वा।
पुञ्ञे च पापे च अनूपलित्तो अत्तञ्जहो नयिध पकुब्बमानो।। ३।।
७९१. पुरिमं पहाय अपरं सितासे एजानुगा ते न तरन्ति सङ्गं ।
ते उग्गहायन्ति निरस्सजन्ति कपीव साखं पमुखं गहाय ।। ४।।
७९२. सयं समादाय वतानि जन्तु उच्चावचं अच्छति सञ्ञसत्तो।
विद्वा च वेदेहि समेच्च धम्मं न उच्चावचं गच्छति भूरिपञ्ञो।।५।।
७९३. स सब्बधम्मेसु विसेनिभूतो यं किञ्चि दिट्ठं व सुतं मुतं वा।
तमेव दस्सिं विवटं चरन्तं केनीध लोकस्मिं विकप्पयेय्य।। ६।।
७९४. न कप्पयन्ति न पुरेक्खरोन्ति अच्चन्तसुद्धीति न ते वदन्ति।
आदानगन्थं गथितं विसज्ज असं न कुब्बन्ति कुहिञ्चि लोके।।७।।
७९५. सीमातिगो ब्राह्मणो तस्स नत्थि ञत्वा'व दिस्वा'व समुग्गहीतं।
न रागरागी न विरागरत्तो तस्सीध नत्थि परमुग्गहीत'न्ति ।। ८।।

सुद्धट्ठकसुत्तं निट्ठितं।

४३

परमट्ठकसुत्त (५)

७९६. परमन्ति दिट्ठीसु परिब्बसानो. यदुत्तरिं कुरुते जन्तु लोके ।
हीनाति अञ्ञे ततो सब्बमाह तस्मा विवादानि अवीतिवत्तो।। १।।
७९७. यदत्तनि पस्सति आनिसंसं दिट्ठे सुते सीलवते मुते वा ।
तदेव सो तत्थ समुग्गहाय निहीनतो पस्सति सब्बमञ्ञं ।। २।।

૪૨
સુદ્ધટ્ઠકસુત્ત (૪)

૭૮૮. હું અરોગ અને શુદ્ધ એવું પરમ જોઉં છું, એવી દૃષ્ટિ બનવાથી મનુષ્યની શુદ્ધિ થાય છે, આમ જાણનારો પરમાર્થી એમ જાણીને તે શુદ્ધિ જાણે છે એવી બુદ્ધિ થાય છે. (૧)

૭૮૯. આવી દૃષ્ટિથી જો માણસની શુદ્ધિ થાય, અથવા જ્ઞાનથી તે દુઃખનો ત્યાગ કરે તો પછી તે સોપાધિક માણસ કોઈ જુદા જ ઉપાયથી શુદ્ધ થાય છે એમ કહેવું જોઈએ. અને એમ બોલનારાની તે દૃષ્ટિ જ આ બતાવી આપે છે. (૨)

૭૯૦. પણ દૃષ્ટ, શ્રુત, શીલવ્રત, અનુમિત, પુણ્ય અથવા પાપમાં ઉપલિપ્ત ન થનારો, આત્મદૃષ્ટિનો ત્યાગ કરનારો અને જગતમાં વાસનામય કર્મો ન કરનારો બ્રાહ્મણ કોઈ જુદા જ ઉપાયથી શુદ્ધિ છે એમ કહેતો નથી. (૩)

૭૯૧. (જુદા જ ઉપાયાથી શુદ્ધિ માનનારા) વાસનાની પાછળ પડેલા તેઓ જૂની દૃષ્ટિ (પંથ) છોડીને નવી લે છે, અને સંગાતીત થતા નથી. વાંદરો જેમ સામેની ડાળી પકડવા માટે હાથમાંની ડાળી છોડી દે છે તે રીતે તેઓ નવી દૃષ્ટિ લે છે અને જૂની છોડે છે. (૪)

૭૯૨. પ્રાણી જાતે જ વ્રતો આચરીને સંજ્ઞામાં (કલ્પનામાં) આસક્ત થાય છે અને ઉચ્ચનીચ ભવ પામે છે. પણ વિપુલપ્રજ્ઞ વિદ્વાન વેદથી (પ્રજ્ઞાથી) ધર્મ જાણીને ઉચ્ચનીચ ભવ પામતો નથી. (૫)

૭૯૩. જે બધા ધર્મો પ્રત્યે તકરાર ન રાખનારો, જે કંઈ દષ્ટ, શ્રુત, અને અનુમતિ હોય તે આ જ રીતે જોનારો, અને ખુલ્લા દિલથી વર્તનારો હોય તેને આ જગતમાં કઈ રીતે વિકલ્પમાં પાડવો શકય છે ? (૬)

૭૯૪. તેઓ વિકલ્પમાં પડતા નથી, એક જ બાબતને બહુ મહત્ત્વ આપતા નથી અને આ જ અત્યંત શુદ્ધિ છે એમ કહેતા નથી, અને તેઓ ઉપાદાનોથી બાંધેલી ગાંઠ (ગ્રંથિ) છોડીને આ જગતમાં કશાની પણ આશા રાખતા નથી. (૭)

૭૯૫. જે બ્રાહ્મણે મમત્વની સીમા ઓળંગી તે કોઈ પણ વસ્તુ જાણીને અથવા જોઈને તેને પકડીને બેસતો નથી. તે રાગરાગી (કામાસક્ત) નથી અને વિરાગરાગી પણ નથી; આ જગતમાં અમુક એક દૃષ્ટિ (પંથ) પરમશ્રેષ્ઠ છે એમ તે સમજતો નથી. (૮)

સુદ્ધટ્ઠક સુત્ત સમાપ્ત

૪૩
પરમટ્ઠકસુત્ત (૫)

૭૯૬. બધી દૃષ્ટિઓમાં (પંથોમાં) પોતાની દૃષ્ટિ ઉત્તમ છે એમ સમજીને ચાલનારો પ્રાણી આ જગતમાં પોતાના પંથને મહત્ત્વનો માને છે, અને બીજા પંથો તેનાથી હીન છે એમ કહે છે, અને તેથી તે વિવાદથી પર થતો નથી. (૧)

૭૯૭. તે પોતાના પંથમાંનાં દૃષ્ટ, શ્રુત શીલવ્રત અથવા અનુમિતમાં જ ફાયદો જુએ છે, અને પોતાની આ સમજણ સારી છે એમ માની લઈને બીજા બધા પંથોને હીન ગણે છે. (૨)

७९८. तंवा'पि गन्थं कुसला वदन्ति यं निस्सितो पस्सति हीनमञ्ञं
तस्मा हि दिट्ठं व सुतं मुतं वा सीलब्बतं भिक्खु न निस्सयेय्य।। ३।।
७९९. दिट्ठिम्पि लोकस्मिं न कप्पयेय्य ञाणेन वा सीलवतेन वा'पि
समो'ति अत्तानमनूपयेय्य हीनो न मञ्ञेथ विसेसि वा'पि।। ४।।
८००. अत्तं पहाय अनुपादियानो ञाणे'पि सो निस्सयं नो करोति।
स वे वियत्तेसु' न वग्गसारी दिट्ठिम्पि सो न पच्चेति किञ्चि।। ५।।
८०१. यस्सूभयन्ते पणिधीध नत्थि भवाभवाय इध वा हुरं वा।
निवेसना तस्स न सन्ति केचि धम्मेसु निच्छेय्य समुग्गहीता।। ६।।
८०२. तस्सीध दिट्ठे व सुते सुते वा पकप्पिता नत्थि अणूपि सञ्ञा
तं ब्राह्मणं दिट्ठमनादियानं केनीध लोकस्मिं विकप्पयेय्य ।। ७।।
८०३. न कप्पयन्ति न पुरेक्खरोन्ति धम्मा'पि तेसं न पटिच्छितासे।
न ब्राह्मणो सीलवतेन नेय्यो पारं गतो न पच्चेति तादी' ति ।। ८।।

परमट्ठकसुत्तं निट्ठितं।

४४

जरासुत्तं (६)

८०४. अप्पं वत जीवितं इदं ओरं वस्ससतापि मिय्यति।
यो चेपि अतिच्च जीवति अथ खो सो जरसा' पि मिय्यति।। १।।
८०५. सोचन्ति जना ममायिते न हि सन्ति निच्चा परिग्गहा
विनाभावसन्तमेविदं इति दिस्वा नागारमावसे।।२।।
८०६. मरणेन'पि नं पहीयति यं पुरिसो ममिदन्ति मञ्ञति।
एवम्पि विदित्वा पण्डितो न ममत्ताय नमेथ मामको।।३।।
८०७. सुपिनेन यथा'पि सङ्गतं पटिबुद्धो पुरिसो न पस्सति।
एवम्पि पियायितं जनं पेतं कालकतं न पस्सति।।४।।
८०८. दिट्ठा'पि सुता'पि ते जना एसं नाममिदं पवुच्चति।
नामेवावसिस्सति अक्खेय्यं पेतस्स जन्तुनो।।५।।
८०९. सोकपरिदेवमच्छरं न जहन्ति गिद्धा ममायिते।
तस्मा मुनयो परिग्गहं हित्वा अचरिंसु खेमदस्सिनो।। ६।।

૭૯૮. જે દૃષ્ટિની આ શક્તિને લીધે તે બીજાને હીન ગણે છે તે એક ગ્રંથિ છે એમ સુજ્ઞો કહે છે. માટે ભિક્ષુએ દૃષ્ટ, શ્રુત, અનુમિત કે શીલવ્રતમાં આસક્ત થવું નહિ. (૩)

૭૯૯. આ જગતમાં તેણે જ્ઞાનમાં કે શીલમાં જુદી દૃષ્ટિની કલ્પના કરવી નહિ; હું બીજાની સમાન છું, બીજાથી હીન છું કે શ્રેષ્ઠ છું એવી તુલના પણ કરવી નહિ. (૪)

૮૦૦. તે આત્મદૃષ્ટિ છોડી દઈને અને ઉપાદાનવિરહિત થઈને જ્ઞાનમાં પણ આસક્ત થતો નથી. તે સાંપ્રદાયિક લોકમાં સંપ્રદાયથી વર્તતો નથી, અને તે કોઈ પણ દૃષ્ટિને વળગી રહેતો નથી. (૫)

૮૦૧. ઈહલોક કે પરલોકમાં ભવ અને અભવ બન્ને અંતોની જેને આકાંક્ષા નથી તેને પદાર્થોના વિચારથી દૃઢપણે સ્વીકારેલી કોઈ સાંપ્રદાયિકતા નથી. (૬)

૮૦૨. દૃષ્ટ, શ્રુત, અને અનુમિતમાં વિકલ્પેલી કોઈ પણ અણુમાત્ર સંજ્ઞા તેને નથી. તે દૃષ્ટિને ન વળગી રહેનારા બ્રાહ્મણને આ જગતમાં કોણ કઈ રીતે વિકલ્પમાં નાખી શકે ? (૭)

૮૦૩. તેઓ વિકલ્પમાં પડતા નથી, એક જ વસ્તુને બહુ મહત્ત્વ આપતા નથી, અને કોઈ પણ સાંપ્રદાયિકતા સ્વીકારતા નથી. શીલવ્રતથી બ્રાહ્મણને દોરી શકાતો નથી. તે પાર પામેલો કશાની પણ વાંચ્છા ધરાવતો નથી. (૮)

પરમટ્ઠકસુત્ત સમાપ્ત

૪૪

જરાસુત્ત (૬)

૮૦૪. અહા ! આ જીવિત કેટલું અલ્પ છે ! તે સો વરસ પૂરાં થતાં પહેલાં જ ખલાસ થાય છે. અને તે કરતાં જે વધારે જીવે છે તે પણ જરાથી મરે જ છે. (૧)

૮૦૫. મમત્વને લીધે લોકો શોક કરે છે,પણ પરિગ્રહો નિત્ય નથી. આ આખું જગત વિપરિણામધર્મી છે એમ જાણીને અનાગારિક થઈને રહેવું. (૨)

૮૦૬. મનુષ્ય જેને આ મારું છે એમ માને છે તે પણ મરણથી તો નષ્ટ થાય છે જ. એમ જાણીને ડાહ્યા ઉપાસકે મમત્વ ઉપર અવલંબી રહેવું નહિ. (૩)

૮૦૭. સ્વપ્નમાં જોયેલી વસ્તુ જાગૃત થયા પછી જેમ માણસ જોઈ શકતો નથી, તેમ પરલોકવાસી મૃત પ્રિય માણસને તે જોઈ શકતો નથી. (૪)

૮૦૮. અમુક નામવાળા માણસને આપણે જોઈએ છીએ અથવા સાંભળીએ છીએ. તેમાંથી જે પ્રાણી પરલોકવાસી થાય છે તેનું ખાલી નામ જ બાકી રહે છે. (૫)

૮૦૯. મમત્વમાં લુબ્ધ થયેલા માણસો શોક, પરિદેવ અને મત્સરનો ત્યાગ કરી શકતા નથી. માટે ક્ષેમદર્શી મુનિઓ પરિગ્રહ ત્યાગીને રહે છે. (૬)

८१०. पतिलीनचरस्स भिक्खुनो भजमानस्स विवित्तामानसं।
सामग्गियमाहु तस्स तं यो अत्तानं भवने न दिस्सये।।७।।
८११. सब्बत्थ मुनि अनिस्सितो न पियं कुब्बति नोपि अप्पियं।
तस्मिं परिदेवमच्छरं पण्णे वारि यथा न लिप्पति।।८।।
८१२. उदविंदु यथा'पि पोक्खरे पदुमे वारि यथा न लिप्पति ।
एवं मुनि नोपलिप्पति यदिदं दिट्ठसुतं मुतेसु वा ।।९।।
८१३. धोनो न हि तेने मञ्ञति यदिदं दिट्ठसुतं मुतेसु वा।
न अञ्ञेन विसुद्धिमिच्छति न हि सो रज्जति नो विरज्जती'ति।। १०।।

जरासुत्तं निट्ठितं।

४५

तिस्समेत्तेय्यसुत्तं (७)

८१४. मेथुनमनुयुत्तस्य (इच्चायस्मा तिस्सो मेतेयो) विघातं ब्रूहि मारिस।
सुत्वान तव सासनं विवेके सिक्खिस्सामसे।।१।।
८१५. मेथुनमनुयत्तस्स (मेत्तेय्याति भगवा) मुस्सतेवापि सासनं।
मिच्छा च पटिपज्जति एतं तस्मिं अनारियं।।२।।
८१६. एको पुब्बे चरित्वान मेथुनं यो निसेवति।
यानं भन्तं'व तं लोके हीनमाहु पुथुज्जनं।।३।।
८१७. यसो कित्तिञ्च या पुब्बे हायते वा'पि तस्स सा।
एतम्पि दिस्वा सिक्खेथ मेथुनं विप्पहातवे।।४।।
८१८. संकप्पेहि परेतो यो कपणो विय झायति।
सुत्वा परेसं निग्घोसं मंकु होति तथाविधो।।५।।
८१९. अथ सत्थानि कुरुते परवादेहि चोदितो।
एस रूवस्स महागेधो मोसवज्जं पगाहति।।६।।
८२०. पण्डितो'ति समञ्ञातो एकचरियं अधिट्ठितो।
अथा'पि मेथुने युत्तो मन्दो'व परिकिस्सति'।।७।।
८२१. एतमादीनवं ञत्वा मुनि पुब्बापरे इध।
एक चरियं दळ्हं करिया न निसेवेथ मेथुनं।।८।।

૮૧૦. એકાગ્રચિત્ત થઈને એકાન્તવાસ સેવનારો ભિક્ષુ પોતાના મનને ગૃહવિચારમાં પરોવતો નથી, એ તેની (મોક્ષની) પૂર્વતૈયારી જ ગણવી જોઈએ. (૭)

૮૧૧. સર્વ પદાર્થોમાં અનાસક્ત મુનિ કોઈને પ્રિય ગણતો નથી કે અપ્રિય પણ ગણતો નથી. (કમલિનીના) પાંદડાને જેમ પાણી ચોંટતું નથી તેમ તેને શોક અને મત્સર ચોંટતા નથી (૮)

૮૧૨. પાણીનું ટીપું જેમ તળાવની અંદરના કમળને ચોંટતું નથી તેમ મુનિ દષ્ટ, શ્રુત કે અનુમિતને ચોંટતો નથી. (૯)

૮૧૩. દષ્ટ, શ્રુત કે અનુમિતમાં હું છું એમ ધૂતપાપ સમજતો નથી, અથવા બીજા ઉપાયથી પણ તે વિશુદ્ધિ મેળવવા માગતો નથી. કારણ કે તે પદાર્થમાં અનુરક્ત પણ થતો નથી અને તેનાથી વિરક્ત પણથતો નથી. (૧૦)

જરાસુત્ત સમાપ્ત

૪૫

તિસ્સમેત્તેય્યસુત્ત (૭)

૮૧૪. હે મારિષ, સ્ત્રીસંગ કરનાર મનુષ્યને શું નુકસાન થાય છે એ કહો– એમ આયુષ્માન તિષ્ય મૈત્રેય બોલ્યો–તમારો ઉપદેશ સાંભળીને અમે વિવેક શીખીશું. (૧)

૮૧૫. હે મૈત્રેય, સ્ત્રીસંગ કરનારને આપેલો ઉપદેશ ફોગટ જાય છે–એમ ભગવાન બોલ્યા– અને તે ખોટે માર્ગે જાય છે, એ તેનામાં દોષ છે. (૨)

૮૧૬. પહેલાં એકાકી રહીને પછી જે સ્ત્રીસંગ કરે છે તે પૃથગ્જનને તોફાને ચડેલા વહાણની જેમ હીન સમજે છે. (૩)

૮૧૭. તેણે પૂર્વે મેળવેલી કીર્તિ અને યશ નાશ પામે છે. આ પણ જોઈને સ્ત્રીસંગ છોડતાં શીખવું. (૪)

૮૧૮. તે સંકલ્પપરાયણ માણસ દરિદ્રીની જેમ ચિંતામગ્ન થાય છે. એવો તે બીજાએ કરેલી નિંદા સાંભળીને ભોંઠો પડે છે. (૫)

૮૧૯. અને બીજા જો વાદમાં તેને આહ્વાન કરે તો તે શાસ્ત્રો[૨૮] રચે છે. આવો આ મહાલુબ્ધ માણસ અસત્યમાં ડૂબે છે. (૬)

૮૨૦. (માણસ) એકચર્યા (સંન્યાસ) સ્વીકારેલો કોઈ મહા પંડિત છે એવી ખ્યાતિ પામે, પણ જો તે સ્ત્રીસંગ કરવા લાગે તો મંદબુદ્ધિ માણસની જેમ કિલષ્ટ થાય છે. (૭)

૮૨૧. પૂર્વાપર વર્તનમાં આ દોષ જોઈને મુનિએ આ જગતમાં એકચર્યા દઢ કરવી અને સ્ત્રીસંગ ન કરવો. (૮)

८२२. विवेकं येव सिक्खेथ एतदरियानमुत्तमं ।
तेन सेट्ठो न मञ्ञेथ स वे निब्बानसन्तिके ।।९।।
८२३. रित्तस्स मुनिनो चरतो कामेसु अनपेक्खिनो।
ओघतिण्णस्स पिहयन्ति कामेसु गथिता पजा'ति ।।१०।।
तिस्समेत्तेय्यसुत्तं निट्ठितं।

४६
पसूरसुत्तं (८)

८२४. इधेव सुद्धि इति वादियन्दि नाञ्ञेसु धम्मेसु विसुद्धिमाहु।
यं निस्सिता तत्थ सुभं वदाना पच्चेकसच्चेसु पुथू निविट्ठा।। १।।
८२५. ते वादकामा परिसं विगय्ह बालं दहन्ति मिथु अञ्ञमञ्ञं।
वदन्ति ते अञ्ञसिता कथोज्जं पसंसकामा कुसला वदाना।। २।।
८२६. युत्तो कथायं परिसाय मज्झे पसंसमिच्छं विनिधाति होति ।
अपाहतस्मिं पन मंकु होति निन्दाय सो कुप्पति रन्धमेसी।। ३।।
८२७. यमस्स वादं परिहीनमाहु अपाहतं पञ्हवीमंसकासे।
परिदेवति सोचति हीनवादो उपच्चगा मन्ति अनुत्थनाति ।। ४।।
८२८. एते विवादा समणेसु जाता एतेसु उग्धाति निधाति होति।
एतम्पि दिस्वा विरमे कथोज्जं न हञ्ञदत्थत्थि पसंसलाभा।। ५।।
८२९. पसंसितो वा पन तत्थ होति अक्खाय वादं परिसाय मज्झे।
सो हस्सति उण्णमतिच्च तेन पप्पुय्य तमत्थं यथामनो अहु।। ६।।
८३०. या उण्णति सास्स विघातभूमि मानातिमानं वदते पनेसो ।
एतम्पि दिस्वा न विवादयेथ नहि तेन सुद्धिं कुसला वदन्ति। ७।।
८३१. सूरो यथा राजखादाय पुट्ठो अभिगज्जमेति पटिसूरमिच्छं ।
येनेव सो तेन पलेहि सूर पुब्बे'व नत्थि यदिदं युधाय ।। ८।।

૮૨૨. એકાન્ત જ શીખવો. તે જ આર્યોને ઉત્તમ લાગે છે. તેનાથી જે પોતાને શ્રેષ્ઠ ન માને તે નિર્વાણની સાવ પાસે જ એમ સમજવું. (૯)

૮૨૩. કામોપભોગમાં ગૂંથાયેલા લોકો કામોપભોગમાં અનપેક્ષ થઈને એકાન્તમાં રહેનારા ઓઘતીર્ણ મુનિ જેવા થવાની આશા રાખે છે. (૧૦)

તિસ્સમેત્તેય્યસુત્ત સમાપ્ત

૪૬

પસૂરસુત્ત (૮)

૮૨૪. લોકો પોતપોતાના પંથમાં જ શુદ્ધિ છે એમ પ્રતિપાદન કરે છે, અને બીજા પંથોમાં શુદ્ધિ નથી એમ કહે છે. જે પંથનો આશ્રય લે છે તે જ પંથમાં શ્રેય છે એવું કહેનારા તેઓ જુદા-જુદા પંથોમાં બદ્ધ થાય છે. (૧)

૮૨૫. તેઓ વાદવિવાદ કરવાની ઇચ્છાથી સભામાં જઈને એકબીજા એકબીજાને મૂર્ખ ઠરાવે છે. અન્યતર પંથમાં બદ્ધ થયેલા અને પોતાને વાદમાં કુશળ ગણાવનારા તેઓ પ્રશંસાની ઇચ્છાથી વાદવિવાદ કરે છે. (૨)

૮૨૬. સભામાં જ્યારે તે વાદમાં રોકાયો હોય ત્યારે પ્રશંસાની ઇચ્છાથી બીજા ઉપર વાણીના ઘા મારનારો થાય છે; પણ જો તે વાદમાં પરાજિત થાય તો ભોંઠો પડે છે, અને નિંદા થાય તો ક્રોધ કરે છે ને બીજાનું છિદ્ર શોધે છે. (૩)

૮૨૭. ત્યાં જે પરીક્ષકો હોય તે જો આનો મુદ્દો ખોટો છે અને તે તોડી પાડવામાં આવ્યો છે એમ કહે તો આ વાદમાં હારેલો પરિદેવ અને શોક કરે છે અને પ્રતિપક્ષીએ પોતાના ઉપર વિજય મેળવ્યો એનાથી ધૂંવાંપૂંવા થાય છે. (૪)

૮૨૮. આવી રીતે શ્રમણોમાં વિવાદ ઉત્પન્ન થાય છે, અને તેમાં આ (માણસ) બીજા ઉપર આઘાત કરે છે અથવા પોતે આઘાત પામે છે. માટે આ પ્રકાર જોઈને વિવાદથી નિવૃત્ત થવું; કારણ તેમાં પ્રશંસાના લાભ સિવાય બીજો કંઈ ફાયદો નથી. (૫)

૮૨૯. સભામાં કોઈ કોઈવાર બીજાનો વાદ તોડી પાડીને તે ત્યાં પ્રશંસા પામે છે, અને તેનાથી હર્ષિત થાય છે અને ઊંચું માથું રાખીને ચાલે છે. એવો જય મેળવીને તે પરિપૂર્ણ મનોરથ થાય છે. (૬)

૮૩૦. પણ આ તેનો ગર્વ એ જ તેના ઘાતનો પાયો છે. અને આ માણસ પોતાનાં માન (અહંકાર) અને અતિમાન બીજાને બતાવ્યા જ કરે છે. આ પણ પ્રકાર જોઈને માણસે વાદમાં પડવું નહિ; કારણ વાદથી શુદ્ધિ થતી નથી એમ સુજ્ઞો કહે છે. (૭)

૮૩૧. રાજાના અન્નથી પોષાયેલો શૂર જેમ પ્રતિશૂર મેળવવાની ઇચ્છા રાખતાં ગર્જના કરતો જાય છે, તેવો આ વાદી છે. પણ હે શૂર, તું શૂરની જ પાછળ પડ. યુદ્ધ કરવા પ્રવૃત્ત કરનારો મારો અહંકાર પહેલાં જ નષ્ટ થયો છે! (૮)

८३२. ये दिट्ठिमुग्गय्ह विवादियन्ति इदमेव सच्चन्ति च वादयन्ति।
ते त्वं वदस्सु न हि तेंध अत्थि वादम्हि जाते पटिसेनिकत्ता।। ९।।
८३३. विसेनि कत्वा पन ये चरन्ति दिट्ठीहि दीट्ठि अविरुज्झमाना।
तेसु त्वं किं लभेथ पसूर येसीध नत्थि परमुग्गहीतं ।।१०।।
८३४. अथ तं पवितक्कमागमा मनसा दिट्ठिगतानि चिन्तयन्तो ।
धोनेन युगं समागमा न हि त्वं सग्घसि सम्पयातवे'ति ।।११।।

पसूरसुत्तं निट्ठितं।

४७

मागन्दियसुत्त (९)

८३५. दिस्वान तण्हं अरतिं रगञ्च नाहोसि छन्दो अपि मेथुनस्मिं।
किमेविदं मुत्तकरीसपुण्णं पादा'पि नं सम्फुसितुं न इच्छे ।। १।।
८३६. एतादिसं चे रतनं न इच्छसि नारिं नरिन्देहि बहूहि पत्थितं।
दिट्ठिगतं सीलवतानुजीवितं भवूपपत्तिञ्च वदेसि कीदिसं ।। २।।
८३७. इदं वदामीति न तस्स होति (मागन्दियाति भगवा)
धम्मेसु निच्छेय्य समुग्गहीतं ।
पस्सञ्च दिट्ठीसु अनुग्गहाय अज्झत्तसन्तिं पचिनमदस्सं।। ३।।
८३८. विनिच्छया यानि पकप्पितानि (इति मागन्दियो)
ते वे मुनी ब्रूसि अनुग्गहाय ।
अज्झत्तसन्तीति यमेतमत्थं कथन्नु धीरेहि पवेदितं तं।। ४।।
८३९. न दिट्ठिया न सुतिया न ञाणेन (मागन्दियाति भगवा)
सीलब्बतेनापि न सुद्धिमाह ।
अदिट्ठिया अस्सुतिया अञ्ञाणा असीलता अब्बता नोपि तेन
एसे च निस्सज्ज अनुग्गहाय सन्तो अनिस्साय भवं न जप्पे।। ५ ।।
८४०. नो चे किर दिट्ठिया न सुतिया न ञाणेन (इति मागन्दियो)
सीलब्बतेनापि बिसुद्धिमाह ।
अदिट्ठिया अस्सुतिया अञ्ञाणा असीलता अब्बता नोपि तेन।
मञ्ञामहं मोमुहमेव धम्मं दिट्ठिया एके पच्चेन्ति सुद्धिं।। ६।।

૮૩૨. જેઓ સાંપ્રદાયિકતાને વળગીને વાદવિવાદ કરે છે અને પોતાનું એટલું જ સાચું એમ પ્રતિપાદન કરે છે તેમની પાસે જઈને તું વાદવિવાદ કર. કારણ તું વાદ શરૂ કરીશ (તોય) પ્રતિવાદી તરીકે ઊભો રહેનાર કોઈ તને અહીં મળશે નહિ. (૯)

૮૩૩. પણ જેઓ પ્રતિપક્ષબુદ્ધિનો નાશ કરીને રહે છે, અને પોતાના પંથ ખાતર બીજા પંથો સાથે વિરોધ કરતા નથી, અને જેમને પોતાનો જ પંથ શ્રેષ્ઠ છે એમ લાગતું નથી તેમની પાસે, હે પ્રશૂર, તને શું મળવાનું છે ? (૧૦)

૮૩૪. અને સાંપ્રદાયિક મતોનો વિચાર કરતાં તારા મનમાં વાદબુદ્ધિ ઉદ્ભવી. પણ અહીં ધૂતપાપની સાથે કામ પડવાથી તને વાદ ચલાવવો અશક્ય છે. (૧૧)

પસૂરસુત્ત સમાપ્ત

૪૭

માગન્દિયસુત્ત (૯)

૮૩૫. (ભગવાન–) તૃષ્ણા, અરતિ અને રગા એ ત્રણ મારકન્યાઓને[૨૯] જોઈને પણ મનમાં સ્ત્રીસંગનો વિચાર આવ્યો નહિ. આ સ્ત્રીશરીર કેવળ મૂત્રપુરીષથી ભરેલું છે, તેને પગથી પણ સ્પર્શ કરવાની મારી ઇચ્છા નથી. (૧)

૮૩૬. (માગન્દિય–) અનેક રાજાઓએ જેની ઇચ્છા કરી છે એવા આ સ્ત્રીરત્નની તમને ઇચ્છા ન હોય તો એવી તમારી દૃષ્ટિ, શીલ, વ્રત અને ઉપજીવિકા કઈ ? અને તમારો પરલોક કેવા પ્રકારનો તમે કહો છો ? (૨)

૮૩૭. હે માગંદિય, મને– એમ ભગવાન બોલ્યા– ધર્મ પંથમાં અમુક એક દૃષ્ટિને વળગી રહીને તે મારી છે એમ કહેવાનું મને થતું નથી. આ દૃષ્ટિઓને વળગી રહેવું યોગ્ય નથી એમ જાણીને અને વિચાર કરીને મેં મનની શાંતિ મેળવી. (૩)

૮૩૮. જે વિકલ્પેલા નિશ્ચિત મતો છે– એ માગન્દિય બોલ્યો–તેને, હે મુનિ, વળગી રહેવા જેવું નથી એમ તમે કહો છો, તો આ મનની શાંતિને સુજ્ઞોએ કઈ રીતે વર્ણવી છે ? (૪)

૮૩૯. હે માગન્દિય, દૃષ્ટિ, શ્રુતિ અને જ્ઞાનથી–એમ ભગવાન બોલ્યા–અથવા શીલથી અને વ્રતોથી શુદ્ધિ નથી; અદૃષ્ટિથી, અશ્રુતિથી અને અજ્ઞાનથી, અશીલથી અને અવ્રતથી પણ શુદ્ધિ નથી. આ બધા પંથો વળગી રહેવા જેવા નથી. માટે તેનો ત્યાગ કરીને અનાસક્ત શાંત માણસે ભવની આશા રાખવી નહિ. (૫)

૮૪૦. જો દૃષ્ટિથી, શ્રુતિથી અને જ્ઞાનથી–એમ માગન્દિય બોલ્યો– અથવા શીલ અને વ્રતથી શુદ્ધિ નથી; અદૃષ્ટિથી, અશ્રુતિથી, અજ્ઞાનથી, અશીલથી અને અવ્રતથી પણ શુદ્ધિ નથી; તો પછી મને લાગે છે કે મોહ એ જ ધર્મ હોવો જોઈએ. કેટલાક આ જ દૃષ્ટિથી શુદ્ધિ થાય છે એમ સમજે છે. (૬)

८४१. दिट्ठिञ्च निस्साय अनुपुच्छमानो (मागन्दियाति भगवा)
समुग्गहीतेसु पमोहमागा ।
इतो च नादक्खि अणुम्पि सञ्ञं तस्मा तुवं मोमुहतो दहासि ।।७।।
८४२. समो विसेसी उद वा निहीनो यो मञ्ञती सो विवदेथ तेन ।
तीसु विधासु अविकम्पमानो समो विसेसीति न तस्स होति ।।८।।
८४३. सच्चन्ति सो ब्राह्मणो किं वदेय्य मुसा'ति वा सो विवदेथ केन
यस्मिं समं विसमञ्चापि नत्थि सो केन वादं पटिसंयुजेय्य ।।९।।
८४४. ओकं पहाय अनिकेतसारी गामे अकुब्बं मुनि सन्थवानि ।
कामेहि रित्तो अपुरेक्खरानो कथं न विग्गय्ह जनेन कयिरा ।।१०।।
८४५. येहि विवित्तो विचरेय्य लोके न तानि उग्गय्ह वदेय्य नागो ।
एलम्बुजं कण्टकं वारिजं यथा जलेन पङ्केन न नूपलित्तं ।
एवं मुनी सन्तिवादो अगिद्धो कामे च लोके च अनूपलित्तो ।। ११।।
८४६. न वेदगू दिट्ठिया न मुतिया समानमेति न हि तम्मयो सो ।
न कम्मना नोपि सुतेन नेय्यो अनूपनीतो सो निवेसनेसु ।। १२।।
८४७. सञ्ञाविरत्तस्स न सन्ति गन्था पञ्ञाविमुत्तस्स न सन्ति मोहा
सञ्ञञ्च दिट्ठिञ्च अग्गहेसुं ते घट्टयन्ता विचरन्ति लोके'ति ।। १३।।

मागन्दियसुत्तं निट्ठितं।

४८

पुराभेदसुत्तं (१०)

८४८. कथंदस्सी कथंसीलो उपसन्तो'ति वुच्चति ।
तं मे गोतम पब्रूहि पुच्छितो उत्तमं नरं ।।१।।
८४९. वीततण्हो पुरा भेदा (ति भगवा) पुब्बमन्तमनिस्सितो ।
वेमज्झे नूपसङ्खेय्यो तस्स नत्थि पुरेक्खतं ।।२।।
८५०. अक्कोधनो असन्तासी अविकत्थी अकुक्कुचो ।
मन्तभाणी अनुद्धतो स वे वाचायतो मुनि ।।३।।

૮૪૧. સાંપ્રદાયિક તો ઉપર અવલંબી રહેલો તું, હે માગન્દિય—એમ ભગવાન બોલ્યા—લોકોએ સ્વીકારેલા મતમાં મોહ પામ્યો, અને હું જે તને કહું છું તેની લેશમાત્ર કલ્પના (સંજ્ઞા) તને જણાતી નથી, માટે આ ધર્મ મોહમય છે એમ તું સમજે છે. (૭)

૮૪૨. જે પોતાને બીજાની સમાન, બીજા કરતાં શ્રેષ્ઠ કે હીન સમજે છે તે તેને લીધે વિવાદમાં પડશે. પણ આ ત્રણે પ્રકારમાં જે કંપ પામતો નથી તેને પોતે બીજાની સમાન કે બીજા કરતાં શ્રેષ્ઠ છે એમ લાગતું નથી. (૮)

૮૪૩. તે બ્રાહ્મણ આ જ એક સત્ય છે એમ કેમ કહેશે ? અથવા તે ખોટું છે એમ કહીને વાદ કેમ કરશે ? જેને પોતે સમ કે વિષમ છે એમ લાગતું નથી તે કોની સાથે વાદ કરશે ? (૯)

૮૪૪. ઘરનો ત્યાગ કરીને અનાગારિકભાવથી ચાલનારો, ગામના લોકો સાથે દોસ્તી ન બાંધનારો, કામોપભોગથી વિવિક્ત, અને સાંપ્રદાયિક મતને મહત્ત્વ ન આપનારો મુનિ લોકો સાથે વાદવિવાદ કરતો નથી. (૧૦)

૮૪૫. નાગ (નિષ્પાપ) એવા મુનિએ જે સાંપ્રદાયિક મતોથી વિવિક્ત થઈને રહેવું જોઈએ તે મતોના સ્વીકાર કરીને વાદમાં પડવું નહિ. પાણીમાં વૃદ્ધિ પામેલું કંટકનાલ કમળ જેમ પાણીથી અને કાદવથી અલિપ્ત રહે છે તે રીતે શાંતિવાદી અલુબ્ધ મુનિ કામોપભોગ અને જગતથી અલિપ્ત રહે છે. (૧૧)

૮૪૬. વેદપારગ (મુનિ) દૃષ્ટિથી અને અનુમિતિથી અહંકાર કરતો નથી, કારણ કે તે પદાર્થોમાં તન્મય થતો નથી. તેને કર્મ અને શ્રુતિથી દોરી શકાતો નથી અને સાંપ્રદાયિક મતમાં લાવી શકાતો નથી. (૧૨)

૮૪૭. સંજ્ઞાથી વિરક્ત થયેલાને ગ્રંથિ નથી અને પ્રજ્ઞાથી વિમુક્ત થયેલાને મોહ નથી. પણ જેઓ સંજ્ઞા અને દૃષ્ટિને વળગી રહે છે તેઓ આ જગતમાં એકબીજાને ધક્કા દેતા ફરે છે. (૧૩)

માગન્દિયસુત્ત સમાપ્ત

૪૮

પુરાભેદસુત્ત (૧૦)

૮૪૮. કયા દર્શનને લીધે અને કયા શીલને લીધે (માણસ) ઉપશાંત કહેવાય છે ? હે ગોતમ, ઉત્તમ માણસ કયો એમ પૂછું છું તે મને કહો. (૧)

૮૪૯. શરીરભેદની પૂર્વે જે વીતતૃષ્ણ હોય—એમ ભગવાન બોલ્યા— તે અતીતકાલને વળગી રહેતો નથી, વર્તમાનકાળમાં મર્યાદિતપણે ગણાતો નથી, અને ભવિષ્યકાળ પ્રત્યે તેને આસક્તિ નથી. (૨)

૮૫૦. જે અક્રોધન, નિર્ભય, અવિકત્થી, નિશ્ચલ, વિચારપૂર્વક બોલનારો અને અભ્રાન્ત હોય તે જ વાચાસંયમી મુનિ છે. (૩)

८५१. निरासत्ति अनागते अतीतं नानुसोचति ।
विवेकदस्सी फस्सेसु दिट्ठीसु च न निय्यति ।।४।।
८५२. पतिलीनो अकुहको अपिहालु अनच्छरी।
अप्पगब्भो अजेगुच्छो पेसुणेय्ये च नो युतो ।।५।।
८५३. सातियेसु अनस्सावो अतिमाने च नो युतो ।
सण्हो च पटिभानवा न सद्धो न विरज्जति ।।६।।
८५४. लाभकम्या न सिक्खति अलाभे न च कुप्पति ।
अविरुद्धो च तण्हायं रसे च नानुगिज्झति ।।७।।
८५५. उपेक्खको सदा सतो न लोके सञ्ञते समं ।
न विसेसी न नीचेय्यो तस्स न सन्ति उस्सदा ।।८।।
८५६. यस्स निस्सयता नत्थि ञत्वा धम्मं अनिस्सितो ।
भवाय विभवाय वा तण्हा यस्स न विज्जति ।।९।।
८५७. तं ब्रूमि उपसन्तो'ति कामेसु अनपेक्खिनं।
गन्था तस्स न विज्जति अतारि सो विसत्तिकं ।।१०।।
८५८. न तस्स पुत्ता पसवो वा खेत्तं वत्थुं न विज्जति।
अत्तं वापि निरत्तं वा न तस्मिं उपलब्भति ।।११।।
८५९. येन नं वज्जु पुथुज्जना अथो समणब्राह्मणा।
तं तस्स अपुरेक्खतं तस्मा वादेसु नेजति ।।१२।।
८६०. वीतगेधो अमच्छरी न उस्सेसु वदते मुनि ।
न समेसु न ओमेसु कप्पं नेति अकप्पियो ।।१३।।
८६१. यस्स लोके सकं नत्थि असता च न सोचति ।
धम्मेसु च न गच्छति स वे सन्तो' ति वुच्चती'ति ।।१४।।

पुराभेदसुत्तं निट्ठितं।

૮૫૧. તેને અનાગત વસ્તુમાં વાસના નથી; તે અતીત વસ્તુ વિષે શોક કરતો નથી; તે વિષયસ્પર્શોમાંથી મુક્તતા જાણે છે; અને તે સાંપ્રદાયિક મતોમાં ફેરવી શકાતો નથી. (૪)

૮૫૨. તે એકાન્તવાસી, અદાંભિક, નિઃસ્પૃહ, અમત્સરી, અપ્રગલ્ભ, અજુગુપ્સી હોય છે, અને ચાડી ખાતો નથી. (૫)

૮૫૩. તે કામસુખમાં બંધાતો નથી અને અતિમાન ધરાવતો નથી; તે કોમલ અને પ્રતિભાસંપન્ન હોય છે; અને તેને (સાક્ષાત્કાર થયાથી) શ્રદ્ધા અને વૈરાગ્યની જરૂર રહેતી નથી. (૬)

૮૫૪. તે લાભ માટે ધર્મ શીખતો નથી, લાભ ન મળે તો ચિડાતો નથી, અને બધા સાથે અવિરુદ્ધ થઈને તૃષ્ણામાં અને રસમાં લુબ્ધ થતો નથી. (૭)

૮૫૫. તે ઉપેક્ષક સદોદિત સ્મૃતિમાન (મુનિ) પોતાને બીજાની સમાન, બીજા કરતાં શ્રેષ્ઠ કે હીન સમજતો નથી, અને તેને લોભાદિ ઉત્સદો નથી (૮)

૮૫૬. જેને આશ્રિતતા નથી, ધર્મ જાણીને જે અનાશ્રિત થાય છે, અને ભવની કે અભવની તૃષ્ણા જેને રહી નથી (૯)

૮૫૭. તે કામોપભોગમાં અપેક્ષારહિત (મુનિ) ને હું ઉપશાંત કહું છું. તેને ગ્રંથિ રહી નથી અને તે આસક્તિને ઓળંગી ગયો. (૧૦)

૮૫૮. તેને પુત્રો નથી, પશુ નથી, ખેતી કે બાગબગીચા નથી, અને તેનામાં આત્મતા કે નિરાત્મતા દેખાતી નથી. (૧૧)

૮૫૯. જે દૃષ્ટિથી સામાન્ય માણસો કે શ્રમણબ્રાહ્મણો તેને કંઈ કહે તેવી દૃષ્ટિને તે મહત્ત્વ આપતો નથી, અને તેથી વાદવિવાદથી હલી જતો નથી. (૧૨)

૮૬૦. વીતલોભ, અમત્સરી અને વિકલ્પરહિત્ મુનિ પોતાને શ્રેષ્ઠોમાં ગણાવતો નથી, અને સમાન કે હીનમાં પોતાની ગણના કરતો નથી. (૧૩)

૮૬૧. જેને આ જગતમાં સ્વકીય એવું કોઈ નથી, જે અસદ્‌વસ્તુનો શોક કરતો નથી અને પદાર્થોમાં રત થતો નથી તેને જ શાંત સમજવામાં આવે છે. (૧૪)

પુરાભેદસુત્ત સમાપ્ત

कलहविवादसुत्तं (११)

८६२. कुतो पहूता कलहा विवादा परिदेवसोका सह मच्छरा च ।
मानातिमाना सह पेसुणा च कुतो पहूता ते तदिङ्घ ब्रूहि ।।१।।

८६३. पिया पहूता कलहा विवादा परिदेवसोका सह मच्छरा च ।
मानातिमाना सह पेसुणा च मच्छरिययुत्ता कलहाविवादा ।
विवादजातेसु च पेसुणानि ।। २।।

८६४. पियानु लोकस्मिं कुतो निदाना ये वापि लोभाविचरन्ति लोके।
आसा च निट्ठा च कुतो निदाना ये सम्परायाय नरस्स होन्ति।। ३।।

८६५. छन्दानिदानानि पियानि लोके ये वा'पि लोभा विचरन्ति लोके
आसा च निट्ठा च इतो निदाना सम्परायाय नरस्स होन्ति ।। ४।।

८६६. छन्दो नु लोकस्मिं कुतो निदानो विनिच्छया वा'पि कुतो पहूता
कोधो मोसवज्जञ्च कथंकथा च ये वा'पि धम्मा समणेन वुत्ता।। ५।।

८६७. सातं असातन्ति यमाहु लोके तमूपनिस्साय पहोति छन्दो।
रूपेसु दिस्वा विभवं भवञ्च् विनिच्छयं कुरुते जन्तु लोके ।। ६।।

८६८. कोधो मोसवज्जञ्च कथंकथा च एते पि धम्मा द्वयमेव सन्ते
कथंकथी ञाणपथाय सिक्खे ञत्वा पवुत्ता समणेन धम्मा ।। ७।।

८६९. सातं असातञ्च कुतो निदाना किस्मिं असन्ते न भवन्ति हेते।
विभवं भवञ्चापि यमेतमत्थं एतं मे पब्रूहि यतो निदानं ।। ८।।

८७०. फस्सनिदानं सातं असातं फस्से असन्ते न भवन्ति हेते ।
विभवं भवञ्चपि यमेतमत्थं एतं ते पब्रूमि इतो निदानं ।। ९।।

८७१. फस्सो नु लोकस्मिं कुतो निदानो परिग्गहा चापि कुतो पहूता
किस्मिं असन्ते न ममत्तमत्थि किस्मिं विभूते न फुसन्ति फस्सा।। १०।।

८७२. नामञ्च रूपञ्च पटिच्च फस्सा इच्छानिदानानि परिग्गहानि।
इच्छा न सन्त्या न ममत्तमत्थि रूपे विभूते न फुसन्ति फस्सा।। ११।।

કલહવિવાદસુત્ત (૧૧)

૮૬૨. કલહ અને વિવાદ, પરિદેવ, શોક અને મત્સર ક્યાંથી થાય છે ? અને અહંકાર, અતિમાન અને ચાડી કયાંથી થાય છે ? તે કહો. (૧)

૮૬૩. કલહ અને વિવાદ, પરિદેવ, શોક અને મત્સર, અહંકાર, અતિમાન અને ચાડી પ્રિય વસ્તુઓમાંથી ઉત્પન્ન થાય છે. માત્સર્યથી કલહ અને વિવાદ થાય છે, અને વાદવિવાદમાં પડનારા માણસમાં ચાડી ઉદ્દભવે છે. (૨)

૮૬૪. આ જગતમાં વસ્તુ પ્રિય કેમ થાય છે ? જગતમાં જે લોભ ચાલ્યા કેરે છે તે શાનાથી થાય છે ? અને મનુષ્યોની તકરારોની કારણભૂત આશા અને નિષ્ઠા શાનાથી ઉત્પન્ન થાય છે ? (૩)

૮૬૫. આ જગતમાં છંદને લીધે વસ્તુઓ પ્રિય થાય છે; છંદને લીધે જગતની અંદર ચાલતા લોભ પેદા થાય છે, જેનાથી મનુષ્યોની અંદરની તકરારની કારણભૂત એવી આશા અને નિષ્ઠા આનાથી (છંદથી) થાય છે. (૪)

૮૬૬. જગતમાં છંદ કયાંથી (પેદા) થાય છે ? યોજનાઓ કયાંથી ઉત્પન્ન થાય છે ? અને ક્રોધ, લુચ્ચાઈ, કુશંકા, કે શ્રમણે (બુદ્ધે) બતાવેલા એવા બીજા દોષો કયાંથી ઉત્પન્ન થાય છે ? (૫)

૮૬૭. જેને જગતમાં સુખ અને દુઃખ કહે છે તેમાંથી છંદ ઉત્પન્ન થાય છે. રૂપોમાં હાનિ અને લાભ જોઈને પ્રાણી જગતમાં યોજનાઓ ઘડે છે. (૬)

૮૬૮. ક્રોધ, લુચ્ચાઈ અને કુશંકા એ વસ્તુઓ પણ આ જ દ્વયને લીધે (સુખદુઃખને લીધે) ઉત્પન્ન થાય છે. શ્રમણે જ્ઞાન મેળવીને આ (કુશલાકુશલ) ધર્મો બતાવી આપ્યા છે. માટે સંશયગ્રસ્ત માણસે તેનો ધર્મ શીખવો. (૭)

૮૬૯. સુખ અને દુઃખ શેને લીધે થાય છે ? કઈ વસ્તુનો નાશ થવાથી આ (સુખદુઃખ) નથી થતાં ? અને લાભ અને હાનિ શેનાથી થાય છે ? એ પણ મને કહો. (૮)

૮૭૦. સ્પર્શને લીધે સુખ અને દુઃખ પેદા થાય છે; સ્પર્શ ન હોય તો આ ઉત્પન્ન થતાં નથી; લાભ અને હાનિ પણ આને લીધે જ થાય છે એમ હું કહું છું. (૯)

૮૭૧. જગતમાં સ્પર્શ કયાંથી પેદા થાય છે ? પરિગ્રહ શેનાથી ઉત્પન્ન થાય છે ? શેનો નાશ થવાથી મમત્વ રહેતું નથી ? અને શેના નાશથી સ્પર્શ ઉત્પન્ન થતા નથી ? (૧૦)

૮૭૨. નામ અને રૂપ ઉપર અવલંબીને સ્પર્શ પેદા થાય છે; ઈચ્છાને લીધે પરિગ્રહ ઉત્પન્ન થાય છે, ઈચ્છા નષ્ટ થાય તો મમત્વ રહેતું નથી; અને રૂપવિચાર નષ્ટ થયાથી સ્પર્શ ઉત્પન્ન થતા નથી (૧૧)

८७३. कथं समेतस्स विभोति रूपं सुखं दुखं वा'पि कथं विभोति ।
एतं मे पब्रूहि यथा विभोति तं जानियाम इति मे मनो अहु।। १२।।
८७४. नसञ्ञसञ्ञी न विसञ्ञसञ्ञी नो'पि असञ्ञी न विभूतसञ्ञी।
एवं समेतस्स विभोति रूपं सञ्ञानिदाना हि पपञ्चसङ्खा।। १३।।
८७५. यं तं अपुच्छिम्ह अकित्तयी नो अञ्ञं तं पुच्छाम तदिङ्घ ब्रूहि।
एतावतग्गं नो वदन्ति हेके यक्खस्स सुद्धिं इध पण्डितासे
उदाहु अञ्ञम्पि वदन्ति एत्तो।। १४।।
८७६. एत्तावतग्गम्पि वदन्ति हेके यक्खस्स सुद्धिं इध पण्डितासे।
तेसं पुनेके समय वदन्ति अनुपादिसेसे कुसला वदाना ।। १५।।
८७७. एते च ञत्वा उपनिस्सिता'ति ञत्वा मुनी निस्सये सो विमंसी
ञत्वा विमुत्तो न विवादमेति भवाभवाय न समेति धीरो' ति।। १६।।

कलहविवादसुत्तं निट्ठितं।

५०

चूळवियूहसुत्तं (१२)

८७८. सकं सकं दिट्ठिपरिब्बसाना विग्गय्ह नाना कुसला वदन्ति।
'यो एवं जानाति स वेदि धम्मं इदं पटिक्कोसमकेवली सो'।।१।।
८७९. एवम्पि विग्गय्ह विवादियन्ति बालो परो अकुसलो'ति चाहु।
सच्चो नु वादो कतमो इमेसं सब्बे'व हिमे कुसला वदाना।।२।।
८८०. परस्स वे धम्ममनानुजानं बालो मगो होति निहीनपञ्ञो ।
सब्बे'व बाला सुनिहीनपञ्ञा सब्बेविमे दिट्ठिपरिब्बसाना ।। ३।।
८८१. सन्दिट्ठिया चे पन वीवदाता संसुद्धपञ्ञा कुसला मुतीमा।
न तेसं को चि परिहीनपञ्ञो दिट्ठी हि तेसम्पि तथा समत्ता।।४।।
८८२. न चाहमेतं तथियन्ति ब्रूमि यमाहु बाला मिथु अञ्ञमञ्ञं।
सकं सकं दिट्ठिमकंसु सच्चं तस्मा हि बालो'ति परं दहन्ति।।५।।
८८३. यमाहु सच्चं तथियन्ति एके तमाहु अञ्ञे तुच्छं मुसा'ति।
एवम्पि विग्गय्ह विवादियन्ति कस्मा न एकं समणा वदन्ति।।६।।

૮૭૩. કયા ગુણોથી યુક્ત થવાથી રૂપવિચાર નષ્ટ થાય છે ? સુખ અને દુઃખ શેનાથી નષ્ટ થાય છે ? આ કઈ રીતે નષ્ટ થાય એ મને કહો. તે જાણવાની મારી ઈચ્છા છે. (૧૨)

૮૭૪. સંજ્ઞાનો વિચાર ન કરનારો અથવા અસંજ્ઞાનો પણ વિચાર ન કરનારો જે અસંજ્ઞી પણ નહિ અને રૂપસંજ્ઞી પણ નહિ, આ ગુણોથી જે યુક્ત, તેનો રૂપવિચાર નષ્ટ થાય છે. કારણ પ્રપંચની કલ્પના સંજ્ઞામાંથી પેદા થાય છે. (૧૩)

૮૭૫. જે અમે પૂછ્યું તે તમે અમને કહ્યું. હવે અમે તમને પૂછીએ તે કહો. આ જગતમાં જે પંડિતો છે તેઓ (રૂપવિચારનો નાશ) એ જ આત્માની અગ્રશુદ્ધિ છે એમ કહે છે ખરા ? કે આનાથી બીજી શુદ્ધિ માને છે ? (૧૪)

૮૭૬. આ જગતમાં કેટલાક પંડિતો આને જ આત્માની અગ્રશુદ્ધિ માને છે; પણ પોતાને અનુપાદિશેષમાં કુશળ ગણનારા બીજા તેઓને પોતાનો ઉચ્છેદવાદ કહે છે. (૧૫)

૮૭૭. પણ આ બધા ઉપનિશ્રિત (આશ્રિત) છે એમ જાણીને મુનિ તેમના આશ્રયોનો પરીક્ષક થાય છે; તે જ્ઞાન મેળવીને મુક્ત થાય છે અને વાદમાં પડતો નથી; અને તે સુજ્ઞ ભવ અને અભવ પામતો નથી. (૧૬)

કલહવિવાદસુત્ત સમાપ્ત

૫૦

ચૂળવિયૂહસુત્ત (૧૨)

૮૭૮. (માણસો) પોતપોતાના સાંપ્રદાયિક મતને વળગી રહીને અને બીજાની સાથે વાદ કરીને પોતાને કુશળ કહેવરાવે છે, અને કહે છે કે જે આ મત જાણે છે તે જ ધર્મ સમજે છે અને જે આ મતને દોષ દે તે અકેવલી (બદ્ધ) છે. (૧)

૮૭૯. આ રીતે ટંટો કરીને તેઓ વાદવિવાદ કરે છે અને બીજાને અકુશલ મૂર્ખ કહે છે. આ બધા પોતાને કુશળ કહેવરાવે છે, તો તેમના વાદમાં (મતમાં) કયો વાદ સાચો ? (૨)

૮૮૦. બીજાનો ધર્મ ન જાણનારો માણસ જો મૂર્ખ, પશુ અને હીનબુદ્ધિ ઠરે તો પછી આ સાંપ્રદાયિક મતોને વળગીને ચાલનારા બધા જ મૂર્ખા અને બધા જ હીનબુદ્ધિ ઠરે. (૩).

૮૮૧. પોતાનો મત ઉત્તમ એમ સમજી વાદ કરનારા વિશુદ્ધબુદ્ધિ, કુશળ અને મતિમાન ઠરે છે, તો પછી તેમનામાં (મતો માટે વાદ કરનારામાં) કોઈ જ હીનબુદ્ધિ ઠરતો નથી; કારણ કે બધા જ પોતપોતાનો મત (પંથ) ઉત્તમ માને છે. (૪)

૮૮૨. જે એકબીજાને મૂર્ખ કહે છે તે તથ્ય નથી એમ હું કહું છું; કારણ કે પોતપોતાના મતને તેઓ સત્ય માને છે, અને એથી બીજાને મૂર્ખા ઠરાવે છે. (૫)

૮૮૩. કેટલાક જેને તથ્ય અને સત્ય માને છે તેને બીજા તુચ્છ અને ખોટું કહે છે, અને આ રીતે ટંટો કરીને વિવાદ કરે છે. આ શ્રમણો એક જ સત્યનું કેમ પ્રતિપાદન નથી કરતા ? (૬)

८८४. एकं हि सच्चं न दुतियमत्थि यस्मिं पजानो विवदे पजानं।
नाना ते सच्चानि सयं थुनन्ति तस्मा न एकं समणा वदन्ति।। ७।।
८८५. कस्मा नु सच्चानि वदन्ति नाना पवादियासे कुसला वदाना।
सच्चानि सुतानि बहूनि नाना उदाहु ते तक्कमनुस्सरन्ति ।। ८।।
८८६. न हेव सच्चानि बहूनि नाना अञ्ञत्र सञ्ञाय निच्चानि लोके।
तक्कञ्च दिट्ठीसु पकप्पयित्वा सच्चं मुसा'ति द्वयधम्ममाहु।। ९।।
८८७. दिट्ठे सुते सीलवते मुते वा एते च निस्साय विमानदस्सी।
विनिच्छये ठत्वा पहस्समानो बालो परो अकुसलो'ति चाह।। १०।।
८८८. येनेव बालो'ति परं दहाति तेनातुमानं कुसलोति चा'ह ।
सयमत्तना सो कुसलो वदानो अञ्ञं विमानेति तथेव पाबा।। ११।।
८८९. अतिसारदिट्ठिया सो समत्तो मानेन सत्तो परिपुण्णमानी ।
सयमेव सामं मनसाभिसित्तो दिट्ठी हि सा तस्स तथा समत्ता।। १२।।
८९०. परस्स चे हि वचसा निहीनो तुमो सहा होति निहीनपञ्ञो।
अथ चे सयं वेदगू होति धीरो न कोचि बालो समणेसु अत्थि।। १३।।
८९१. अञ्ञं इतो या भिवदन्ति धम्मं अपरद्धा सुद्धिमवकेलीनो।
एवं हि तिथ्या पुथुसो वदन्ति सिन्दिट्ठिरागेन हि ते' भिरत्ता।। १४।।
८९२. इधेव सुद्धिमिति वादियन्ति नाञ्ञेसु धम्मेसु विसुद्धिमाहु ।
एवम्पि तिथ्या पुथुसो निविट्ठा सकायने तत्थ दळ्हं क्दाना।। १५।।
८९३. सकायने चापि दळ्हं वदानो कमेत्थ बालो'ति परं दहेय्य।
सयमेव सो मेधकं आवहेय्य परं वदं बालमसुद्धधम्मं ।। १६।।
८९४. विनिच्छयेठत्वा सयं पमाय उद्धं सो लोकस्मिं विवादमेति।
हित्वान सब्बानि विनिच्छयानि न मेधकं कुरुते जन्तु लोके'ति।। १७।।

चूलवियूहसुत्तं निट्ठितं।

૮૮૪. સત્ય એક જ છે, બીજું નથી; જેને માટે સમજુ લોકો વિવાદ કરતા નથી. પણ શ્રમણો અનેક સત્યો છે એમ કહીને ઝઘડો કરે છે, અને તેથી એક સત્ય કહેતા નથી. (૭)

૮૮૫. પોતાને કુશળ સમજનારા તે વાદ કરનારા અનેક સત્યો છે એમ કેમ કહે છે ? ખરેખર સત્યો ઘણાં અને અનેક છે ? કે તેઓ ખાલી તર્ક કરે છે ? (૮)

૮૮૬: જગતમાં સત્યો પુષ્કળ અને અનેક નથી જ. તેમાં સંજ્ઞા સિવાય કશું જ નિત્ય નથી. (લોકો) સાંપ્રદાયિક મતોમાં તર્ક ચલાવીને સત્ય અને અસત્ય બન્નેનું પ્રતિપાદન કર્યા કરે છે. (૯)

૮૮૭. દૃષ્ટ, શ્રુત, શીલ, વ્રત કે અનુમિતમાં જ અહંકારનો નાશ છે એમ જાણીને અને પોતાનો નિશ્ચિત વિચાર બાંધીને તે હર્ષિત થાય છે, અને બીજો મૂર્ખ અને અકુશલ છે એમ કહે છે. (૧૦)

૮૮૮. જે મતને લીધે તે બીજાને મૂર્ખ ઠરાવે છે તેને જ લીધે પોતાને કુશળ કહેવરાવે છે. પોતે પોતાની જાતને કુશળ ગણાવે છે, બીજાનો તિરસ્કાર કરે છે, અને એ રીતે જ બોલે છે. (૧૧)

૮૮૯. પોતાના જ મતમાં અત્યંત સાર છે એવા વિચારથી તે કૃતકૃત્ય, માન (અહંકાર)થી મત્ત અને પરિપૂર્ણમાની થાય છે, અને પોતાના માનથી જ પોતાને અભિષિક્ત કરે છે; કારણ કે તે સાંપ્રદાયિકતા એવી રીતે સ્વીકારે છે. (૧૨)

૮૯૦. બીજાના વચનથી જો તે હીનબુદ્ધિ ઠરે તો તે (બીજાને હીનબુદ્ધિ ઠરાવનારો) તેની સાથે જ હીનબુદ્ધિ (પોતે પણ) ઠરે છે; અને જો પોતાના જ મતથી પોતે વેદપારગ અને સુજ્ઞ ઠરે તો પછી શ્રમણમાં મૂર્ખ કોઈ જ ન રહે. (૧૩)

૮૯૧. જેઓ મારા પંથથી ભિન્ન મતનું પ્રતિપાદન કરે છે તેઓ શુદ્ધિની વિરૂદ્ધ જાય છે અને તેઓ કેવલી નથી, એમ સાંપ્રદાયિકપંથી એકબીજાને કહે છે, કારણ કે તેઓ સ્વસંપ્રદાયના લોભથી લુબ્ધ થાય છે. (૧૪)

૮૯૨. આ જ પંથમાં શુદ્ધિ છે એમ તેઓ પ્રતિપાદન કરે છે અને બીજા પંથોમાં શુદ્ધિ નથી એમ કહે છે. આ રીતે પોતાના જ પંથને દૃઢ કહેનારા સાંપ્રદાયિકપંથીઓ ભિન્નભિન્ન પંથમાં નિવિષ્ટ થાય છે. (૧૫)

૮૯૩. પોતાના જ પંથને દૃઢ કહેનાર તેઓમાંનો એક બીજા કોને મૂર્ખ ઠરાવી શકે ? બીજાને જો તે અશુદ્ધધર્મી મૂર્ખ કહેવા લાગે તો પોતે જ વાદમાં સપડાય છે. (૧૬)

૮૯૪. તે પોતે પોતાનો મત નિશ્ચિત કરી લે છે અને પોતે જાતે જ અનુમાન કરીને પછી લોકો સાથે વાદવિવાદ કરે છે. પણ જે પ્રાણી બધા નિશ્ચિત (રૂઢ) મતો છોડી દે છે તે લોકો સાથે વાદ કરતો નથી. (૧૭)

ચૂલવિયૂહસુત્ત સમાપ્ત

महावियूहसुत्तं (१३)

८९५. ये केचि' मे दिट्ठिपरिब्बसाना इदमेव सच्चन्ति विवादियन्ति।
सब्बे'व ते निन्दमन्वानयन्ति अथो पसंस'पि लभन्ति तत्थ।। १।।

८९६. अप्पं हि एतं न अलं समाय दुवे विवादस्स फलानि ब्रूमि
एवम्पि दित्वा न विवादियेथ खेमाभिपस्सं अविवादभूमिं ।। २।।

८९७. या काचि'मा सम्मुतियो पुथुज्जा सब्बा'व एता न उपेति विद्वा
अनूपयो सो उपयं किमेय्य दिट्ठे सुते खन्तिमकुब्बमानो ।। ३।।

८९८. सीलुत्तमा संयमनाहु सुद्धिं वतं समादाय उपट्ठितासे ।
इधेव सिक्खेम अथ'स्स सुद्धिं भवूपनीता कुसलावदाना ।। ४।।

८९९. स चे चुतो सीलवततो होति स वेधति कम्मं विराधयित्वा।
स जप्पति पत्थयतीध सुद्धिं सत्था'व हीनो पवसं धरम्हा।। ५।।

९००. सीलब्बतं वा'पि पहाय सब्बं कम्मं च सावज्ज' नवज्जमेत।
सुद्धिं असुद्धिं'ति अपत्थयानो विरतो चरे सन्तिमनुग्गहाय ।।६।।

९०१. तपूपनिस्साय जिगुच्छितं वा अथ वा'पि दिट्ठं'व सुतं मुतं वा।
उद्धंसरा सुद्धमनुत्थुनन्ति अवीततण्हासे भवाभवेसु।।७।।

९०२. पत्थयमानस्स हि जप्पितानि संवेदितं चापि पकप्पितेसु ।
चुतूपपातो इध यस्स नत्थि स केन वेधेय्य कुहिं चि जप्पे ।। ८।।

९०३. यमाहु धम्मं परमं'ति एके तमेव हीनं'ति पनाहु अञ्ञे ।
सच्चो नु वादो कतमो इमेसं सब्बे'व हीमे कुसला वदाना ।। ९।।

९०४. सकं हि धम्मं परिपुण्णमाहु अञ्ञस्स धम्मं पन हीनमाहु ।
एवम्पि विग्गय्ह विवादियन्ति सकं सकं सम्मुतिमाहु सच्चं ।। १०।।

९०५. परस्स चे वंभयितेन हीनो न कोचि धम्मेसु विसेसि अस्स ।
पुथू हि अञ्ञस्स वदन्ति धम्मं निहीनतो सम्हि दळ्हं वदाना।। ११।।

મહાવિયૂહસુત્ત (૧૩)

૮૯૫. જે કોઈ સાંપ્રદાયિક મતોને અનુસરનારા પોતાનું એ જ સત્ય એમ પ્રતિપાદન કરે છે તેઓ બધા નિંદાપાત્ર બને છે, અને (કોઈ કોઈવાર) પ્રશંસા પણ પામે છે. (૧)

૮૯૬. (નિંદા અને સ્તુતિ) બન્ને વિવાદનાં ફળો છે એમ હું કહું છું. પણ આવી ક્ષુદ્ર વસ્તુઓ ઉપશમના કારણભૂત બનતી નથી. આ રીતે વિચારીને અવિવાદભૂમિ કલ્યાણપ્રદ છે એમ જાણનારાએ વિવાદમાં પડવું નહિ. (૨)

૮૯૭. આ જ ભિન્નભિન્ન મતો છે તે બધા વિદ્વાનો સ્વીકારતા નથી. દૃષ્ટ અને શ્રુતમાં રાગ ઉત્પન્ન ન કરનાર નિશ્ચળ એવો તે ચંચળ કેમ થાય ? (૩)

૮૯૮. શીલને જ ઉત્તમ ગણનારા અને વ્રતાચરણમાં જ મોટાઈ માનનારા સંયમથી જ શુદ્ધિ છે એમ કહે છે. ભવમાં બદ્ધ થયેલા અને પોતાને કુશળ ગણાવનારા તેઓ કહે છે કે આ જ પંથનો અમે અભ્યાસ કરીએ છીએ અને આનાથી જ શુદ્ધિ થાય છે. (૪)

૮૯૯. (આવાં વ્રતો આચરનાર) તે જો પોતાના શીલવ્રતથી ચ્યુત થાય તો પોતે પોતાનું કર્તવ્ય (ફરજ) ભૂલ્યો એમ તેને લાગીને કંપિત થાય છે. ઘર છોડીને સાર્થના સમૂહની સાથે પ્રવાસ કરનારો માણસ માર્ગ ભૂલીને એકલો પડે ત્યારે જેમ સાર્થસમૂહમાં જવાની મહેનત કરે છે, તેમ આ શીલવ્રતમાં જઈને પોતાની શુદ્ધિ કરવા માગે છે. (૫)

૯૦૦. પણ બધાં શીલવ્રત અને ખરાબ ને સારું કર્મ છોડીને શુદ્ધિની અને અશુદ્ધિની આસ્થા ન રાખતાં માણસે કોઈપણ દૃષ્ટિને ન વળગતાં વિરક્ત થઈને રહેવું. (૬)

૯૦૧. ભવ અને અભવમાં સતૃષ્ણ એવા તેઓ તપ, જિગુપ્સિત (એક પ્રકારનું તપ), દૃષ્ટ, શ્રુત કે અનુમિત ઉપર અવલંબીને મોટો ઘોષ કરીને શુદ્ધિનું પ્રતિપાદન કરે છે. (૭)

૯૦૨. આસ્થા રાખનારાની આશા વધે છે, અને કલ્પેલી વસ્તુને લીધે તેને સંવેદના (કંપ) થાય છે. પણ જેને ચ્યુતિ અને ઉત્પત્તિ રહી નથી તે શાનાથી કંપ પામે ? અને શાની આસ્થા રાખે ? (૮)

૯૦૩. જેને કેટલાક પરમધર્મ માને છે તેને જ કેટલાક હીનધર્મ માને છે. આ બધા જ પોતાને કુશળ ગણાવે છે, તો તેમાંના કોનો વાદ ખરો ? (૯)

૯૦૪. પોતાનો ધર્મ પરિપૂર્ણ છે અને બીજાનો ધર્મહીન છે એમ તેઓ કહે છે. આ રીતે તકરાર કરીને તેઓ વાદ કરે છે અને પોતપોતાની દૃષ્ટિ સત્ય છે એમ કહે છે. (૧૦)

૯૦૫. માણસ જો બીજાએ કરેલ નિંદાથી (જ) હીન ઠરે તો કોઈ પણ પંથનો માણસ શ્રેષ્ઠ થઈ શકે નહિ. કારણકે પોતાના પંથને દૃઢ (નિત્ય) સમજનારા ભિન્ન ભિન્ન લોકો બીજાના પંથને હીન જ કહે છે. (૧૧)

९०६. सद्धम्मपूजा पि नेसं तथेव यथा पसंसन्ति सकायनानि ।
सब्बे पवादा तथिवा भवेय्युं सुद्धी हि तेसं पच्चत्तमेव ।। १२ ।।
९०७. न ब्राह्मणस्स परनेय्यमत्थि धम्मेसु निच्छेय्य समुग्गहीतं ।
तस्मा विवादानि उपातिवत्तो न हि सेट्ठतो पस्सति धम्ममञ्ञं ।। १३ ।।
९०८. जानामि पस्सामि तथेव एतं दिट्ठिया एके पच्चेन्ति सुद्धिं ।
अद्दक्खि चे किं हि तुमस्स तेन अतिसित्वा अञ्ञे न वदन्ति सुद्धिं ।। १४ ।।
९०९. पस्सं नरो दक्खिति नामरूपं दिस्वान वा ञस्सति तानिमेव ।
कामं बहुं पस्सतु अप्पकं वा न हि तेन सुद्धिं कुसला वदन्ति ।। १५ ।।
९१०. निविस्सादी न हि सुद्धिनायो पकप्पितं दिट्ठि पुरेक्खरानो ।
य निस्सितो तत्थ सुभं वदानो सुद्धिं वदो तत्थ तथद्दसा सो ।। १६ ।।
९११. न ब्राह्मणो कप्पमुपेति संखं न हि दिट्ठिसारी न'पि ञाणबन्धु ।
ञत्वा च सो सम्मुतियो पुथुज्जा उपक्खति उग्गहणन्तमञ्ञे ।। १७ ।।
९१२. विसज्ज गन्थानि मुनीध लोके विवादजातेसु न वग्गसारी ।
सन्तो असन्तेसु उपेक्खको सो अनुग्गहो उग्गहणन्तिमञ्ञे ।। १८ ।।
९१३. पुब्ब सवे हित्वा नवे अकुब्बं न छन्दगू नो'पि निविस्सवादी ।
स विप्पमुत्तो दिट्ठिगतेहि धीरो न लिप्पति लोके अनत्तगरही ।। १९ ।।
९१४. स सबधम्मेसु विसेनिभूतो यं किञ्च दिट्ठं व सुतं मुतं वा ।
स पन्नभारो मुनि विप्पमुत्तो
न कप्पियो नूपरतो नपरतो न पत्थियो'ति (भगवा) ।। २० ।।

महावियूहसुत्तं निट्ठितं ।

૯૦૬. અને જે રીતે તેઓ પોતપોતાના પંથની સ્તુતિ કરે છે એ જોતાં તેઓ બધા જ સદ્ધર્મપૂજા કરે છે એમ ઠરે, અને તે બધા જ મતો (પંથો) ખરા ઠરે; કારણકે તે દરેક પંથમાં શુદ્ધિ બતાવેલી જ છે. (૧૨)

૯૦૭. પણ બ્રાહ્મણને બીજા પાસેથી શીખવાનું કંઈ નથી, અને બધામાં આ જ પંથ શ્રેષ્ઠ છે એવો તેનો આગ્રહ પણ નથી. માટે તે વાદવિવાદથી પર જાય છે; કારણ કે કોઈ પણ ધર્મપંથ શ્રેષ્ઠ છે એમ તે માનતો નથી. (૧૩)

૯૦૮. હું આ જાણું છું અને જોઉં છું, આ એવું જ છે, આવી દૃષ્ટિથી શુદ્ધિ થાય છે એમ કેટલાક સમજે છે. બીજાના માર્ગથી જુદા જ માર્ગે શુદ્ધિ છે એમ તેઓ કહે છે. પણ આમ કરવામાં તેમને શો લાભ છે ? (૧૪)

૯૦૯. જોનારો માણસ કેવળ નામરૂપ જ જોશે, અને તે જોઈને તેટલાનું જ તેને જ્ઞાન થશે. તે–અલ્પ કે પુષ્કળ – ભલે જુએ. પણ એટલાથી શુદ્ધિ થાય છે એમ સુજ્ઞો કહેતા નથી (૧૫)

૯૧૦. પોતે કલ્પેલા મતને મહત્ત્વ આપનાર અને હઠથી વાદવિવાદ કરનારને ઉપદેશથી વાળવો મુશ્કેલ છે. જે મતનો તે આશરો લે છે તેમાં જ કલ્યાણ અને શુદ્ધિ છે એમ કહે છે અને એમ જાણે છે. (૧૬)

૯૧૧. પણ બ્રાહ્મણ વિકલ્પ–સંજ્ઞા–પામતો નથી. તે દૃષ્ટિને વળગી રહેતો નથી અને જ્ઞાનને પણ મહત્ત્વ આપતો નથી. તે ભિન્નભિન્ન મતો જાણે છે અને તે સ્વીકારીને ચાલનારા લોકોની ઉપેક્ષા કરે છે. (૧૭)

૯૧૨. આ જગતમાં ગ્રંથિનો ત્યાગ કરીને વિવાદાપન્ન લોકોમાં મુનિ પોતે પક્ષપાતી થતો નથી. તે અશાન્ત લોકમાં શાંત અને ઉપેક્ષક બને છે; અને જ્યારે બીજા પોતપોતાના મતનો આગ્રહ ધરાવે છે ત્યારે તે અનાગ્રહી થાય છે. (૧૮)

૯૧૩. તે પૂર્વના આસ્રવો તોડીને નવાનો સંચય કરતો નથી, છંદાનુસાર ચાલતો નથી, અને હઠવાદી પણ થતો નથી. તે આત્મનિંદા ન કરનારો સુજ્ઞ, સાંપ્રદાયિક મતોમાંથી મુક્ત થાય છે અને આ જગતમાં બદ્ધ થતો નથી. (૧૯)

૯૧૪. જે કંઈ દૃષ્ટ, શ્રુત કે અનુમિત હોય તે બધી વસ્તુ વિષે તે વિરોધ રાખતો નથી. તે ભાર નાખી દઈને વિમુક્ત થયેલો મુનિ વિકલ્પ પામતો નથી, વિરત થતો નથી, અને આસ્થા રાખતો નથી–એમ ભગવાન બોલ્યા. (૨૦)

મહાવિયૂહસુત્ત સમાપ્ત

तुवट्टकसुत्तं (१४)

९१५. पुच्छामि तं आदिच्चबन्धुं विवेकं सन्तिपदं च महेसिं ।
कथं दिस्वा निब्बाति भिक्खु अनुपादियानो लोकस्मिं किञ्चि।। १।।
९१६. मूलं पपञ्चसंखाय (इति भगवा) मन्ता अस्मीति सब्बमुपरुन्धे ।
या काचि तण्हा अज्झत्तं तासं विनया सदा सदा सतो सिक्खे।। २।।
९१७. यं किञ्चि धम्ममभिजञ्ञा अज्झत्तं अथ वा'पि बहिद्धा ।
न तेन मानं कुब्बेथ न हि सा निब्बुति सतं वुत्ता।।३।।
९१८. सेय्यो न तेन मञ्ञेय्य नीचेय्यो अथ वापि सरिक्खो ।
फुट्ठो अनेकरूपेहि नातुमानं विकप्पयं तिट्ठे।।४।।
९१९. अज्झत्तमेव उपसमे नाञ्ञतो भिक्खु सन्तिमेसेय्य ।
अज्झत्तं उपसन्तस्स नत्थि अत्तं कुतो निरत्तं वा।।५।।
९२०. मज्झे यथा समुद्दस्स ऊमि नो जायति ठितो होति ।
एवं ठितो अनेजस्स उस्सदं भिक्खु न करेय्य कुहिं चि।।६।।
९२१. अकित्तयि विवटचक्खु सक्खिधम्मं परिस्सयविनयं ।
पटिपदं वदेहि भद्दं ते पातिमोक्खं अथ वापि समाधिं।।७।।
९२२. चक्खूहि नेव लोकस्स गामकथाय आवरये सोतं ।
रसे च नानुगिज्झेय्य न च ममायेथ किञ्चि लोकस्मिं।।८।।
९२३. फस्सेन यदा फुट्ठस्स परिदेवं भिक्खु न करेय्य कुहिं चिं ।
भवं च नाभिजप्पेय्य भेरवेसु च न संपवेधेय्य।।९।।
९२४. अन्नानमथो पानानं खादनीयानमथोपि वत्थानं ।
लद्धा न सन्निधिं कयिरा न च परित्तसे तानि अलभमानो।।१०।।
९२५. झायी न पादलोलस्स विरमे कुक्कुच्चा नप्पमज्जेय्य ।
अथ आसनेसु सयनेसु अप्पसद्देसु भिक्खु विहरेय्य ।।११।।
९२६. निद्दं न बहुलीकरेय्य जागरियं भजेय्य आतापी ।
तन्दिं मायं हस्सं खिड्डं मेथुनं विप्पजहे सविभूसं ।।१२।।

તુવટ્ટકસુત્ત (૧૪)

૯૧૫. વિવિક્ત શાંતપદ કયું તે હું આદિત્યબંધુ મહર્ષિને પૂછું છું. આ જગતમાં કશાનું પણ ઉપાદાન ન કરતાં ભિક્ષુ શું જોવાથી નિર્વાણ પામે છે ? (૧)

૯૧૬. પ્રપંચનું મૂળ અહંકાર છે–એમ ભગવાન બોલ્યા–પ્રજ્ઞા વડે તેનો સમૂળગો નિરોધ કરવો, અને હંમેશ સ્મૃતિમાન થઈને અંતઃકરણમાં જેટલી તૃષ્ણાઓ હોય તેમનો નાશ કરતાં શીખવું. (૨)

૯૧૭. આધ્યાત્મિક કે બાહ્ય પદાર્થોનું જે કંઈ જ્ઞાન મળે તેનાથી અહંકાર ન કરવો, કારણ કે તે સજ્જનોનું નિર્વાણ નથી. (૩)

૯૧૮. તે જ્ઞાનથી પોતાને બીજા કરતાં હીન, શ્રેષ્ઠ કે તેમની સમાન ગણવો નહિ. અનેક પદાર્થોની સાથે સંબંધમાં આવતાં તેમાં પોતે (આત્મા) છે એવી કલ્પના ન કર્યા કરવી. (૪)

૯૧૯. ભિક્ષુએ પોતાના જ અંતઃકરણમાં શાંતિ મેળવવી, અને બાહ્ય પદાર્થોથી શાંતિ મેળવવાનો પ્રયાસ ન કરવો. જે પોતાના અંતઃકરણમાં શાંત થાય છે તેને આત્મબુદ્ધિ નથી; પછી નિરાત્મબુદ્ધિ તો કયાંથી જ હોય ? (૫)

૯૨૦. સમુદ્રને તળિયે જેમ મોજાં ઊછળતું નથી, પાણી સ્થિર હોય છે, તેમ ભિક્ષુએ સ્થિર અને અપ્રકંપ્ય થવું, અને કશાનો પણ ઉત્સદ કરવો નહિ. (૬)

૯૨૧. વિવૃતચક્ષુએ (બુદ્ધે) વિઘ્નવિનાશક પ્રત્યક્ષફલદ ધર્મ મને સમજાવ્યો. તમારું કલ્યાણ થાઓ. હવે મને તે ધર્મનો માર્ગ–એટલે પ્રાતિમોક્ષ કે સમાધિ કહો. (૭)

૯૨૨. આંખોએ ચંચળ ન થવું, ગામની ગપોથી કાનનું રક્ષણ કરવું, જીભના સ્વાદમાં લુબ્ધ ન થવું, અને જગતમાં કશાનું પણ મમત્વ ન રાખવું. (૮)

૯૨૩. દુઃખદ સ્પર્શનો સંયોગ થાય તો ભિક્ષુએ જરા પણ શોક ન કરવો, ભવની આસ્થા રાખવી નહિ, અને ભયંકર દેખાવો જોઈને ગભરાવું નહિ. (૯)

૯૨૪. અન્ન, પાન, ખાદ્ય અને વસ્ત્ર, એ પદાર્થો મળે તો તેનો સંગ્રહ ન કરવો, અને તે ન મળે તો હેરાન ન થવું. (૧૦)

૯૨૫. ભિક્ષુએ ધ્યાનરત થવું, પગથી ચંચળ ન થવું, દરેક જાતની ચંચળતા છોડી દેવી, બેદરકાર રહેવું નહિ, અને જ્યાં ગડબડ ઓછી હોય એવી સૂવાબેસવાની જગ્યાએ રહેવું. (૧૧)

૯૨૬. તેણે નિદ્રા વધારવી નહિ, ઉત્સાહી થઈને જાગૃતિ વધારવી, અને તંદ્રા, માયા, હાસ્ય, ક્રીડા, સ્ત્રીસંગ અને ભૂષણોનો ત્યાગ કરવો. (૧૨)

९२७. आथब्बणं सुपिनं लक्खणं नो विदहे अथो पि नक्खत्तं ।
विरुत च गब्भकरणं तिकिच्छं मामको न सेवेय्य । । १ ३ । ।

९२८. निन्दाय नप्पबेधेय्य न उण्णमेय्य पसंसितो भिक्खु ।
लाभ सह मच्छरियेन कोधं पेसुनियं च पनुदेय्य । ।१४ । ।

९२९. कयविक्कये न तिट्ठेय्य उपवादं भिक्खु न करेय्य कुहिं चि ।
गामे च नाभिसज्जेय्य लाभकम्या जनं न लापयेय्य । ।१५ । ।

९३०. न च कत्थिता सिया भिक्खु न च वाचं पयुतं भासेय्य ।
पागब्भियं न सिक्खेय्य कथं विग्गाहिकं न कथयेय्य । ।१६ । ।

९३१. मोसवज्जे न निय्येथ संपजानो सठानि न कयिरा ।
अथ जीवितेन पञ्ञाय सीलब्बतेन नाञ्ञमतिमञ्ञे । ।१७ । ।

९३२. सुत्वा रुसितो बहुं वाचं समणानं पुथुवचनानं ।
फरुसेन ते न पतिवज्जा न हि सन्तो पटिसेनिकरोन्ति । ।१८ । ।

९३३. एतं च धम्ममञ्ञाय विचिनं भिक्खु सदा सतो सिक्खे ।
सन्तीति निब्बुतिं ञत्वा सासने गोतमस्स नप्पमज्जेय्य । ।१९ । ।

९३४. अभिभू हि सो अनभिभूतो सक्खिधम्मं अनीतिहमदस्सी ।
तस्मा हि तस्स भगवतो सासने
अप्पमत्तो सदा नमस्समनुसिक्खे'ति (भगवा) । ।२० । ।

तुवट्टकसुत्तं निट्ठितं ।

૯૨૭. મારા શ્રાવકે અથર્વણમંત્ર, સ્વપ્નફળ, સ્ત્રીપુરુષ લક્ષણો અને નક્ષત્રફળના અભ્યાસમાં પડવું નહિ, અને મૃગપક્ષીઓના શબ્દોનાં ફળ, ગર્ભધારણનો મંત્ર અને ચિકિત્સાનો પણ અભ્યાસ ન કરવો. (૧૩)

૯૨૮. ભિક્ષુએ પોતાની નિંદા સાંભળીને અસ્વસ્થ ન થવું, અને સ્તુતિ સાંભળીને ગર્વિત ન થવું; તેણે લોભ, માત્સર્ય, ક્રોધ અને ચાડીનો ત્યાગ કરવો. (૧૪)

૯૨૯. ભિક્ષુએ ક્રયવિક્રય ન કરવો, કોઈ પણ નિંદ્ય કૃત્ય કરવું નહિ, ગામના લોકો સાથે વધારાપડતો સ્નેહ બાંધવો નહિ, અને પોતાના લાભ માટે લોકો સાથે નકામી લવરી ન કરવી. (૧૫)

૯૩૦. ભિક્ષુએ વાચાળ ન થવું, દાનસૂચક વાક્ય બોલવું નહિ, પ્રગલ્ભતા ન કરવી, અને વાદવિવાદમાં પડવું નહિ. (૧૬)

૯૩૧. તેણે અસત્ય ભાષણ કરવું નહિ, લોકો ઠગાય એવું આચરણ બુદ્ધિપૂર્વક કરવું નહિ, અને પોતાના સદાચાર, પ્રજ્ઞા, શીલ અને વ્રતથી બીજાની અવહેલના કરવી નહિ. (૧૭)

૯૩૨. બીજા શ્રમણો તેને જુદાંજુદાં વચનોથી ક્રોધિત કરવા માગે છતાં તેણે તેમનું ભાષણ સાંભળીને કઠોર વચનોથી તેમનો પ્રતિકાર કરવો નહિ; કારણ કે સન્તજનો પ્રતિકારબુદ્ધિ ધરાવતા નથી. (૧૮)

૯૩૩. ભિક્ષુએ આ ધર્મ જાણીને અને સ્મૃતિમાન થઈને હમેશાં તે શીખવો; શાંતિ એજ નિર્વાણ છે એમ જાણીને તેણે ગોતમના પંથમાં બેદરકારીથી વર્તવું નહિ. (૧૯)

૯૩૪. તે (ભગવાન) જયશાલી અજેય, અને નીતિનો માર્ગ ન છોડનારો ધર્મ પ્રત્યક્ષ રીતે જાણનાર છે માટે તે ભગવાનને નમસ્કાર કરીને તેમના પંથમાં હમેશાં સાવધાનીથી વર્તતાં શીખવું. (૨૦)

તુવટ્ટકસુત્ત સમાપ્ત

अत्तदण्डसुत्तं (१५)

१३५. अत्तदण्डा भयं जातं जनं पस्सथ मेधकं ।
संवेगं कित्तयिस्सामि यथा संविजितं मया ।।१।।
१३६. फन्दमानं पजं दिस्वा मच्छे अप्पोदके यथा ।
अञ्ञमञ्ञेहि व्यारुद्धे दिस्वा मं भयमाविसि ।।२।।
१३७. समन्तमसरो लोको दिसा सब समेरिता ।
इच्छं भवनमत्तनो नाद्दसासिं अनोसितं ।।३।।
१३८. ओसाने त्वेव व्यारुद्धे दिस्वा मे अरती अहू ।
अथेत्थ सल्लमद्दक्खिं दुद्दसं हदयनिस्सितं ।।४।।
१३९. येन सल्लेन ओतिण्णो दिसा सब्बा विधावति ।
तमेव सल्लं अब्बुय्ह न धावति न सीदति ।।५।।
१४०. तत्थ सिक्खानुगीयन्ति यानि लोके गथिनानि न तेसु पसुतो सिया।
निब्बिज्झ सब्बसो कामे सिक्खे निब्बाणमत्तनो ।।६।।
१४१. सच्चो सिया अप्पगब्भो अमायो रित्तपेसुणो ।
अक्कोधनो लोभपापं वेविच्छं विचरे मुनि ।।७।।
१४२. निद्दं तन्दि सहे थीनं पमादेन न संवसे ।
अतिमाने न तिट्ठेय्य निब्बाणमनसो नरो ।।८।।
१४३. मोसवज्जे न निय्येथ रूपे स्नेहं न कुब्बये ।
मानं च परिजानेय्य सहसा विरतो चरे ।।९।।
१४४. पुराणं नाभिनन्देय्य नवे खन्तिं न कुब्बये ।
हीयमाने न सोचेय्य आकासं न सितो सिया ।।१०।।
१४५. गेधं ब्रूमि महोघोति आजवं ब्रूमि जप्पनं ।
आरम्मणं पकम्पन कामपको दुरच्चयो ।।११।।

અત્તદંડસુત્ત (૧૫)

૯૩૫. પોતાના જ અંતઃકરણની અંદરની દુર્વાસનાથી ભય પામીને અંદરઅંદર કલહ કરનારા લોકોને જુઓ! આ સ્થિતિમાં મને વૈરાગ્ય કેમ થયો એ હું કહું. (૧)

૯૩૬. ઓછા પાણીમાં તરફડતાં માછલાંઓની માફક એક-બીજા સાથે અંદરઅંદર વિરોધ કરીને દોડાદોડી કરતા લોકોને જોઈને મારા અંતઃકરણમાં ભય પેઠો. (૨)

૯૩૭. આ જગત અસાર છે અને બધી દિશાઓ કંપિત થતી હોય એમ એમને લાગવા લાગ્યું. આમાં મારે માટે જગ્યા શોધતાં મને તે ક્યાંયે ન મળી. (૩)

૯૩૮. ઠેઠ સુધી આ લોકો લડ્યાં કરે છે એ જોઈને મને જગતનો અત્યંત કંટાળો આવ્યો. ત્યારે મારા જ હૃદયમાંનું દુર્દર્શ શલ્ય મને દેખાયું. (૪)

૯૩૯. જો શલ્યથી માણસ વિદ્ધ થયો હોય તો દોડાદોડી કરે છે, પણ જો તે બહાર ખેંચી કાઢવામાં આવે તો તે દોડાદોડી ન કરતાં એક જગ્યાએ સ્થિર થાય છે. (૫)

૯૪૦. તે માટે શિખામણ કહેવાય છે: જગતમાં જે ગ્રંથિઓ છે તેમાં બદ્ધ થવું નહિ; કામોપભોગથી સર્વથા વિરક્ત થઈને નિર્વાણ કેમ મળે એ શીખવું. (૬)

૯૪૧. મુનિએ સત્યપ્રિય, અપ્રગલ્ભ, અમાયાવી, અને ચાડીથી મુક્ત થવું; અને અક્રોધન થઈને લોભ, પાપ અને માત્સર્યને તરી જવાં. (૭)

૯૪૨. નિર્વાણાભિરત માણસે નિદ્રા, તંદ્રા અને આળસ ઉપર જય મેળવવો, અસાવધાનીથી વર્તવું નહિ, અને અતિમાન ધરાવવું નહિ. (૮)

૯૪૩. તેણે અસત્યતાથી વર્તવું નહિ, રૂપનો સ્નેહ ન રાખવો, અહંકારનો ત્યાગ કરવો, અને સાહસથી વિરત થઈને રહેવું. (૯)

૯૪૪. તેણે અતીત વસ્તુને માટે આનંદ માનવો નહિ, નવી વસ્તુમાં રાગ ઉત્પન્ન ન કરવો, અને તેનો નાશ થાય તો ખિન્ન ન થવું, અને આકાશ જેવા શૂન્ય પદાર્થો ઉપર અવલંબન કરવું નહિ. (૧૦)

૯૪૫. (આ સંસારમાં) લુબ્ધતા એ મહૌઘ છે. તૃષ્ણા એટલે તેમાં વહેવું તે. વિકલ્પ એ અવલંબન, અને કામસુખ એ દુસ્તર કાદવ છે એમ હું કહું છું. (૧૧)

९४६. सच्चा अवोक्कम मुनि थले तिट्ठति ब्राह्मणो ।
सब्ब सो पटिनिस्सज्ज स वे सन्तोंति वुच्चति। ।१२। ।
९४७. स वे विद्वा स वेदगू ञत्वा धम्मं अनिस्सितो ।
सम्मा सो लोके इरियानो न पिहेतीध कस्सचि। ।१३। ।
९४८. योंध कामे अच्चतरि संगं लोके दुरच्चयं।
न सो सोचति नाज्झेति छिन्नसोतो अबन्धनो। ।१४। ।
९४९. यं पुब्बे तं विसोसेहि पुच्छा ते मा हु किञ्चनं ।
मज्झे वे नो गहेस्ससि उपसन्तो चरिस्ससि। ।१५। ।
९५०. सब्बसो नामरूपस्मिं यस्स नत्थि ममायितं ।
असता च न सोचति स वे लोके न जीयति। ।१६। ।
९५१. यस्स नत्थि इदं मेंति परेसं वापि किञ्चनं ।
म मत्तं सो असंविन्दं नत्थि मेंति न सोचति। ।१७। ।
९५२. अनिट्ठरी अननुगिद्धो अनेजो सब्बधीसमो ।
तमानिसंसं पब्रूमि पुच्छितो अविकम्पिनं। ।१८। ।
९५३. अनेजस्स विजानतो नत्थि काचि निसंखति ।
विरतो सो वियारम्भा खेमं पस्सति सब्बधी। ।१९। ।
९५४. न समेसु न ओमेसु न उस्सेसु वदते मुनि ।
सन्तो स वीतमच्छरो नादेति न निरस्सतींति (भगवा)। ।२०। ।

अत्तदण्डसुत्तं निट्ठतं।

૯૪૬. (તેમાંથી) તે મુનિ બ્રાહ્મણ સત્યને પકડીને અને બીજું બધું છોડી દઈને તીર ઉપર આવે છે. તે જ શાંત કહેવાય છે. (૧૨)

૯૪૭. તે ધર્મ જાણીને અનાશ્રિત થાય છે. તે જ ખરો વિદ્વાન, અને તે જ વેદપારગ છે. તે જગતમાં સમ્યગ્ રીતે વર્તીને કોઈ પણ વસ્તુની સ્પૃહા કરતો નથી. (૧૩)

૯૪૮. આ જગતમાં દુસ્તર સંગ અને કામોપભોગને વટાવી ગયેલો, પ્રવાહની પાર ગયેલો અને બંધનોથી મુક્ત થયેલો તે શોક કરતો નથી અને લુબ્ધ થતો નથી. (૧૪)

૯૪૯. જે જૂનું છે તે શોષી લે, ભવિષ્યકાળ માટે કશું બાકી રહેવા દેતો નહિ, અને જો તું વર્તમાનકાળને વળગી નહિ રહે તો ઉપશાંત થઈને રહીશ. (૧૫)

૯૫૦. નામરૂપોમાં જેને બિલકુલ મમત્વ નથી અને જે અસત માટે શોક કરતો નથી તે જ આ જગતમાં જીર્ણ થતો નથી. (૧૬)

૯૫૧. આ વસ્તુ મારી છે કે બીજાની છે એમ જેને લાગતું નથી અને જેને મમત્વની વેદના નથી તે મારી આ વસ્તુ નષ્ટ થઈ એમ કહીને કદી શોક કરતો નથી. (૧૭)

૯૫૨. અવિકંપિત માણસ કેવો હોય એમ જો કોઈ મને પ્રશ્ન પૂછે તો હું કહું કે જે અનિષ્ઠુર, અલુબ્ધ, અપ્રકંપ્ય અને સર્વત્ર સમાનભાવથી વર્તનારો હોય તે ઉત્તમ માણસ છે. (૧૮)

૯૫૩. નિર્ભય અને સમજુ માણસને કોઈ પણ વાસના રહેતી નથી. તે કર્મોથી વિરત થાય છે અને સર્વત્ર ક્ષેમ જુએ છે. (૧૯)

૯૫૪. તે મુનિ સમાનમાં, હીનમાં કે શ્રેષ્ઠમાં પોતાની ગણના કરીને વાદ કરતો નથી. વીતમત્સર અને શાંત એવો તે આદાન પણ કરતો નથી અને ત્યાગ પણ કરતો નથી. (એમ ભગવાન બોલ્યા.) (૨૦)

અત્તદંડસુત્ત સમાપ્ત

सारिपुत्तसुत्तं (१६)

९५५. न मे दिट्ठो इतो पुब्बे (इच्चायस्मा
सारिपुत्तो) नस्सुतो उद कस्सचि।
एवं वग्गुवदो सत्था तुसितो गणिमागतो।।१।।
९५६. सदेवकस्स लोकस्स यथा दिस्सति चक्खुमा ।
सब्बं तमं विनोदेत्वा एको रतिमज्झगा।।२।।
९५७. तं बुद्धं असितं तादिं अकुहं गणिमागतं ।
बहुन्नमिध बद्धानं अत्थि पञ्हेन आगमं।।३।।
९५८. भिक्खुनो विजिगुच्छतो भजतो रित्तमासनं ।
रुक्खमूलं सुसानं वा पब्बतानं गुहासु वा।।४।।
९५९. उच्चावचेसु सयनेसु कीवन्तो तत्थ भेरवा।
येहि भिक्खु न वेधेय्य निग्घोसे सयनासने।।५।।
९६०. कति परिस्सया लोके गच्छतो अमतं दिसं।
ये भिक्खु अभिसंभवे पन्तम्हि सयनासने।।६।।
९६१. क्यास्स व्यप्पथयो अस्सु क्यास्सुस्सु इध गोचरा ।
कानि सीलब्बतानस्सु पहितत्तस्स भिक्खुनो।।७।।
९६२. कं सो सिक्खं समादाय एकोदि निपको सतो ।
कम्मारो रजतस्सेवं निद्धमे मलमत्तनो।।८।।
९६३. विजिगुच्छमानस्स यदिदं फासु (सारिपुत्ता ति भगवा)
सयनं रित्तासनं सेवतो चे ।
सम्बोधिकामस्स यथानुधम्मं
तं ते पवक्खामि यथा पजानं ।। ९।।
९६४. पञ्चन्नं धीरो भयानं न भाये भिक्खु सतो सपरियन्तचारी ।
डंसाधिपातानं सिरिंसपानं मनुस्सफस्सानं चतुप्पदानं।।१०।।
९६५. परधम्मिकानं न सन्तसेय्य दिस्वापि तेसं बहुभेरवानी ।
अथापरानि अभिसम्भवेय्य परिस्सयानि कुसलानुएसी ।। ११।।

સારિપુત્તસુત્ત (૧૬)

૯૫૫. એવા મીઠું બોલનારા, સંતુષ્ટ[30], અને સંઘના આગેવાન ગુરુ–એમ આયુષ્માન સારિપુત્ર બોલ્યો–મેં આ પહેલાં કદી જોયા નથી અને કોઈની પાસેથી સાંભળ્યા પણ નથી. (૧)

૯૫૬. સર્વ તમનો નાશ કરીને શ્રમણધર્મમાં રત થયેલા એવા આ સદેવક જગતને એક જ ચક્ષુષ્માન દેખાય છે. (૨)

૯૫૭. અનાશ્રિત અને અદાંભિક એવા તે બુદ્ધપદ પામેલા સંઘના આગેવાન પાસે હું ઘણા બદ્ધ માણસોના હિતોદેશથી પ્રશ્ન પૂછવા માટે આવ્યો છું. (૩)

૯૫૮. સંસારથી કંટાળેલા અને ઝાડ નીચે, સ્મશાનમાં કે પર્વતોની ગુફામાં એકાંતવાસ સેવન કરનારા ભિક્ષુને (૪)

૯૫૯. તેવી તે સારી કે નરસી જગાએ ભયદાયક કઈ કઈ વસ્તુઓ છે કે જેનાથી ભિક્ષુએ એવા નિઃશબ્દ સ્થળમાં ન ગભરાવું જોઈએ ? (૫)

૯૬૦. અમૃત દિશામાં જનારા ભિક્ષુ માટે આ જગતમાં કયાં કયાં વિઘ્નો છે કે જે દૂરના સ્થળે રહેતાં તેણે સહન કરવાં જોઈએ ? (૬)

૯૬૧. તે દૃઢબુદ્ધિ ભિક્ષુની વાણી કેવી હોવી જોઈએ ? તેની રહેણીકરણી કેવી હોવી જોઈએ ? અને તેનાં શીલ અને વ્રત કેવાં હોવાં જોઈએ ? (૭)

૯૬૨. સોની જેમ રૂપાને અગ્નિમાં નાખીને ખરાબ કસ (ગાળ) કાઢી નાખે છે, તેમ સમાહિત, કુશળ અને સ્મૃતિમાન ભિક્ષુએ કઈ શિક્ષણપદ્ધતિ ગ્રહણ કરીને મનનો મેલ બાળી નાખવો ? (૮)

૯૬૩. હે સારિપુત્ર, સંસારથી કંટાળેલા––એમ ભગવાન બોલ્યા––અને એકાન્તવાસ સેવન કરનારા સંબોધિપરાયણ ભિક્ષુને જે સુખકર છે તે હું જેવું જાણું છું તેવું ધર્મને અનુસરીને કહું છું. (૯)

૯૬૪. એકાન્તવાસમાં રહેનારા સ્મૃતિમાન ભિક્ષુએ પાંચ ભયથી બીવું નહિઃ ચાંચડના ડંખથી, સર્પથી, મનુષ્ય તરફના ત્રાસથી, ચતુષ્પદોથી, (૧૦)

૯૬૫. અને પરધાર્મિકોનાં પુષ્કળ ભયંકર કૃત્યો જોઈને પણ તેમનાથી ગભરાવું નહિ. અને તે કુશલાન્વેષી ભિક્ષુએ બીજાં પણ વિઘ્નો સહન કરવાં (૧૧)

९६६. आतंकफस्सेन खुदाय फुट्ठो सीतं अच्चुण्हं अधिवासयेय्य ।
सो तेहि फुट्ठो बहुधा अनोको विरियं परक्कम्म दळ्हं करेय्य ।। १२ ।।
९६७. थेय्यं न करेय्य न मुसा भणेय्य मेत्ताय फस्से तसथावरानि ।
यदाविलत्तं मनसो विजञ्ञा कण्हस्स पक्खो'ति विनोदयेय्य ।। १३ ।।
९६८. कोधातिमानस्स वसं न गच्छे मूलं'पि तेसं पलिखञ्ञा तिट्ठे ।
यथप्पियं वा पन अप्पियं वा अद्धा भवन्तो अभिसंवेय्य ।। १४ ।।
९६९. पञ्ञं पुरक्खत्वा कल्याणपीति विक्खम्भये तानि परिस्सयानि ।
अरतिं सहेथ सयनम्हि पन्ते चतुरो सहेथ परिदेवधम्मे ।। १५ ।।
९७०. किं सु असिस्सामि कुवं वा असिस्सं दुक्खं वत सेत्थ कुवज्ज सेस्सं ।
एते वितक्के परिदेवनेय्ये विनयेथ सेखो अनिकेतसारी ।। १६ ।।
९७१. अन्नं च लद्धा वसनं च काले मत्तं जञ्ञा इध तोसनत्थं ।
सो तेसु गुत्तो यतचारि गामे रुसितो'पि वाचं फरुसं न वज्जा ।। १७ ।।
९७२. ओक्खित्तचक्खु न च पादलोलो झानानुयुत्तो बहुजागरस्स ।
उपक्खमारब्भ समाहितत्तो तक्कासयं कुक्कुच्चियूप छिन्दे ।। १८ ।।
९७३. चुदितो वचीहि सतिमाभिनन्दे सब्रह्मचारीसु खिलं पभिन्दे ।
वाचं पमुञ्चे कुसलं नातिवेलं जनवादधम्माय न चेतयेय्य ।। १९ ।।
९७४. अथापरं पञ्च रजानि लोके येसं सतिमा विनयाय सिक्खे ।
रूपेसु सद्देसु अथो रसेसु गन्धेसु फस्सेसु सहेथ रागं ।। २० ।।
९७५. एतेसु धम्मेसु विनेय्य छन्दं भिक्खु सतीमा सुविमुत्तचित्तो ।
कालेन सो सम्मा धम्मं परिवीमंसमानो
एकोदिभूतो विहने तमं सो'ति (भगवा) ।। २१ ।।

सारिपुत्तसुत्तं निट्ठितं

अट्ठकवग्गो चतुत्थो

कामं गुहट्ठका च दुट्ठट्ठं परमा जरा मत्तय्यो च पसूरो च मागन्दि पुराभदनं कलहं चव व्यूहानि पुनरव तुवट्टकं अत्तदण्डं थेरसुत्तं थेरपुत्तेन सोळस नानि एतानि सुत्तानि सब्बानट्ठवग्गिकानि ।।

૯૬૬. રોગ અને ભૂખથી ત્રસ્ત થયા છતાં તે ઉપદ્રવ, શીત અને અત્યુષ્ણ તેણે સહન કરવાં. તે વિઘ્નો અનેક રીતે ત્રાસ દે છતાં ગૃહરહિત થઈને તેણે પોતાનું ઉત્સાહપરાક્રમ દૃઢ કરવું. (૧૨)

૯૬૭. તેણે ચોરી કરવી નહિ, ખોટું બોલવું નહિ, સ્થિર અને ચર પ્રાણીઓ ઉપર મૈત્રીની ભાવના કરવી, અને મનની કલુષિતતા એ મારની પક્ષપાતી છે એમ જાણીને તેનો નાશ કરવો. (૧૩)

૯૬૮. તેણે ક્રોધ અને અતિમાનને વશ ન થવું, તેનાં મૂળ પણ ખોદી નાખવાં; તે ચોકસ રીતે વૃદ્ધિ પામવા ઇચ્છતા ભિક્ષુએ પ્રિય કે અપ્રિય વસ્તુઓ સહન કરવી. (૧૪)

૯૬૯. કલ્યાણપ્રિય માણસે પ્રજ્ઞાને મહત્ત્વ આપીને તે વિઘ્નો સહન કરવાં, એકાન્તવાસને સ્થળે અસંતોષ લાગ્યા છતાં તે પણ સહન કરવો, અને ચાર શોકદાયક વસ્તુઓ સહન કરવી. (૧૫)

૯૭૦. (તે આ) હું આજે શું ખાઈશ, અથવા કયાં જમીશ, રાતે સૂવામાં હું બહુ હેરાન થયો, એટલે આજે હું કયાં સૂઉં ? અનાગારિક ભાવથી રહેનારા શૈક્ષ્યે (સેખે) આ (ચાર) વિતર્કોનો નાશ કરવો. (૧૬)

૯૭૧. વખતસર અન્ન અને વસ્ત્ર મળે તો સંતોષ રહે એટલા માટે તે પદાર્થોના સેવનમાં તેણે પ્રમાણ જાણવું. તે પદાર્થોથી મનનું રક્ષણ કરનારા અને ગામમાં સંયમથી વર્તનારા તે ભિક્ષુએ ક્રુદ્ધ થવા જેવું કૃત્ય બીજાએ કર્યું હોવા છતાં પણ કઠોર વચન બોલવું નહિ. (૧૭)

૯૭૨. તેણે પોતાની નજર પગ ઉપર રાખવી, પગે ચંચળ થવું નહિ, ધ્યાનરત અને જાગૃત થવું, ઉપેક્ષાનો અવલંબ કરીને ચિત્તની એકાગ્રતા મેળવવી, અને તર્ક તથા ચાંચલ્યનો ત્યાગ કરવો. (૧૮)

૯૭૩. તે સ્મૃતિમાન ભિક્ષુએ પોતાના દોષ બતાવનારનું અભિનંદન કરવું, સબ્રહ્મચારીઓ તરફ કઠોરતા રાખવી નહિ, પ્રસંગાનુસાર સારા શબ્દો જ બોલવા, અને લોકોના વાદવિવાદમાં પડવાની ઈચ્છા રાખવી નહિ. (૧૯)

૯૭૪. અને તે પછી જગતની અંદરના પાંચ રજનો નાશ કરવાનું સ્મૃતિમાને શીખવું. (એટલે) રૂપ, શબ્દ, રસ, ગંધ અને સ્પર્શના લોભને જીતવો. (૨૦)

૯૭૫. આ પદાર્થોનો છંદ છોડીને તે સ્મૃતિમાન, સુવિમુક્તચિત્ત, વારંવાર સદ્ધર્મનું ચિંતન કરનારો, અને એકાગ્રતા પામેલો ભિક્ષુ અંધકારનો નાશ કરવા સમર્થ થશે. (એમ ભગવાન બોલ્યા.) (૨૧)

સારિપુત્તસુત્ત સમાપ્ત

અટ્ઠકવગ્ગ ચોથો સમાપ્ત

તેની અનુક્રમણિકા–કામ; ગુહટ્ઠટ્ઠક, સુદ્ધટ્ઠ, પરમટ્ઠ, જરા, મેત્તેય્ય, પસૂર, માગન્દિય, પુરાભેદ, કલહવિવાદ, ચૂળવિયૂહ, મહાવિયૂહ, તુવટ્ટક, અત્તદંડ, અને સારિપુત્ત, આ અટ્ઠકવગ્ગમાંનાં સુત્તો ગણવાં.

५–पारायणवग्गो

५५

वत्थुगाथा

९७६. कोसलानं पुरा रम्मा अगमा दक्खिणापथं ।
आकिञ्चञ्ञं पत्थयानो ब्राह्मणो मन्तपारगू ।।१।।

९७७. सो अस्सकस्स विसये अळकस्स समासने ।
वसी गोदावरी कूले उञ्छेन च फलेन च ।।२।।

९७८. तस्सेव उपनिस्साय गामो च विपुलो अहु ।
ततो जातेन आयेन महायञ्ञं अकप्पयि ।।३।।

९७९. महायञ्ञं यजित्वान पुन पाविसि अस्समं ।
तस्मिं पतिपविट्ठम्हि अञ्ञो आगञ्छि ब्राह्मणो ।।४।।

९८०. उग्घट्टपादो तसितो पंकदन्तो रजस्सिरो ।
सो च नं उपसंकम्म सतानि पञ्च याचति ।।५।।

९८१. तमेनं बावरी दिस्वा आसनेन निमन्तयि ।
सुखं च कुसलं पुच्छि इदं वचनमब्रवि ।।६।।

९८२. यं खो ममं देय्यधम्म सब्बं विस्सज्जितं मया ।
अनुजानाहि मे ब्रह्मे नत्थि पञ्च सतानि मे ।।७।।

९८३. सचे मे याचमानस्स भवं नानूपदस्सति ।
सत्तमे दिवसे तुय्हं मुद्धा फलतु सत्तधा ।।८।।

९८४. अभिसंखरित्वा कुहको भेरवं सो अकित्तयि ।
तस्स तं वचनं सुत्वा बावरी दुक्खितो अहु ।।९।।

९८५. उस्सुस्सति अनाहारो सोकसल्लसमप्पितो ।
अथोऽपि एवं चित्तस्स झाने न रमती मनो ।।१०।।

९८६. उत्रस्तं दुक्खितं दिस्वा देवता अत्थकामिनी ।
बावरिं उपसंकम्म इदं वचनमब्रवी ।।११।।

પારાયણવગ્ગ પાંચમો

૫૫

વત્થુગાથા

૯૭૬. અકિંચનભાવની ઈચ્છા કરનારો (બાવરી નામનો) મંત્રપારગ બ્રાહ્મણ કોસલ દેશના રમ્ય શહેરથી (શ્રાવસ્તીથી) દક્ષિણપથમાં ગયો. (૧)

૯૭૭. ત્યાં અસ્સક અને અળક એ બે રાજાઓની સરહદ[૩૫] પાસે ગોદાવરીના તીર ઉપર તે ઉઞ્છવૃત્તિથી અને ફલમૂલાદિ ઉપર પોતાની ઉપજીવિકા ચલાવીને રહેવા લાગ્યો. (૨)

૯૭૮. તેની આસપાસ એક મોટું ગામ વસ્યું. તેમાંથી તેને જે મળ્યું તે લઈને તેણે એક મોટો યજ્ઞ કર્યો. (૩)

૯૭૯. મોટો યજ્ઞ પૂરો કરીને ફરી તે આશ્રમમાં ગયો. તે આશ્રમમાં ગયો કે તરત જ ત્યાં બીજો એક બ્રાહ્મણ આવ્યો. (૪)

૯૮૦. તેના પગમાં ચાઠાં પડ્યાં હતાં, દાંત મલિન થયા હતા, માથું ધૂળથી ભરેલું હતું, અને તે તરસ્યો થયો હતો. તે બાવરી પાસે આવીને પાંચસો કાર્ષાપણ માગવા લાગ્યો. (૫)

૯૮૧. તેને જોઈને બાવરીએ તેને આસન ઉપર બેસવા કહ્યું અને તેને કુશળ સમાચાર પૂછ્યા, અને તે બોલ્યો : (૬)

૯૮૨. મારી પાસે જે કંઈ આપવા જેવું હતું તે બધું હું આપી ચૂક્યો છું. હે બ્રાહ્મણ, મારી પાસે હવે પાંચસો કાર્ષાપણ નથી; એટલે મને મારે કામે લાગવાની પરવાનગી આપ. (૭)

૯૮૩. હું યાચના કરું છું છતાં ભવાન (તું) દેતો નથી તો આજથી સાતમે દિવસે તારા માથાના સાત કટકા થાઓ. (૮)

૯૮૪. પોતાનો સામાન ભેગો કરીને તે દાંભિકે આવો ભયંકર શાપ દીધો. તેનું તે વચન સાંભળીને બાવરી દુઃખિત થયો. (૯)

૯૮૫. તે શોકશલ્યથી વિદ્ધ થઈને ઉપવાસને લીધે સુકાવા લાગ્યો, અને તે વિચારને લીધે તેનું ચિત્ત ધ્યાનસમાધિમાં ચોંટતું નહોતું. (૧૦)

૯૮૬. ઉત્ત્રસ્ત અને દુઃખી થયેલા તે બાવરીને જોઈને તેનો હિતેચ્છુ દેવ તેની પાસે આવીને બોલ્યો કે (૧૧)

९८७. न सो मुद्धं पजानाति कुहको सो धनत्थिको ।
मुद्धनि मुद्धपाते वा ञाणं तस्स न विज्जति।।१२।।
९८८. भोती चरहि जानाति तं मे अक्खाहि पुच्छिता ।
मुद्धं मुद्धाधिपातं च तं सुणोम वचो तव।।१३।।
९८९. अहम्पेतं न जानामि ञाणं मे त्थ न विज्जति ।
मुद्ध मुद्धाधिपातो च जिनानं हेत दस्सनं।।१४।।
९९०. अथ को चरहि जानाति अस्मिं पुथविमण्डले ।
मुद्धं मुद्धाधिपातं च तं वे अक्खाहि देवते।।१५।।
९९१. पुरा कपिलवत्थुम्हा निक्खन्तो लोकनायको।
अपच्चो ओक्काकराजस्स सक्यपुत्तो पभंकरो।।१६।।
९९२. सो हि ब्राह्मण सम्बुद्धो सब्बधम्मान पारगू ।
सब्बाभिञ्ञाबलप्पत्तो सब्बधम्मेसु चक्खुमा ।
सब्बधम्मक्खयं पत्तो विमुत्तो उपधिसंखये।।१७।।
९९३. बुद्धो सो भगवा लोके धम्मं देसेति चक्खुमा ।
तं त्वं गत्वान पुच्छस्सु सो ते तं व्याकरिस्सति।।१८।।
९९४. सम्बुद्धो ति वचो सुत्वा उदग्गो बावरी अहु ।
सोकस्स तनुका आसि पीतिं च विपुलं लभि।।१९।।
९९५. सो बावरी अत्तमनो उदग्गो तं देवतं पुच्छति वेदजातो ।
कतमम्हि गामे निगमम्हि वा पुन कतमम्हि वा जनपदे लोकनाथो।
यत्थ गन्त्वा नमस्सेमु सम्बुद्धं दिपदुत्तमं।।२०।।
९९६. सावात्थयं कोसलमन्दिरे जिनो पहूतपञ्ञो वरभूरिमेधसो ।
सो सक्यपुत्तो विधुरो अनासवो मुद्धाधिपातस्स विदूनरासभो।।२१।।
९९७. ततो आमन्तयी सिस्से ब्राह्मणे मन्तपारगे ।
एथ माणव अक्खिस्सं सुणोथ वचनं मम।।२२।।
९९८. यस्सेसो दुल्लभो लोके पातुभावो अभिण्हसो ।
स्वज्ज लोकम्हि उप्पन्नो सम्बुद्धो इति विस्सुतो ।
खिप्पं गन्त्वान सावत्थिं पस्सव्हो दिपदुत्तमं।।२३।।

૯૮૭. તે બ્રાહ્મણ માથું એટલે શું એ જાણતો નથી. તે દાંભિક ધનલોભી છે. તેને માથાનું અને માથાના ફૂટવાનું જ્ઞાન નથી. (૧૨)

૯૮૮. હે દેવ, તો પછી આ તું જાણે છે, અને હું આ પૂછું છું તે મને કહે. માથું અને માથાનું ફૂટવું શું એ મને તારી પાસેથી સાંભળવા દે. (૧૩)

૯૮૯. હું પણ તે જાણતો નથી. તેનું મને જ્ઞાન નથી. કારણકે માથું અને માથાનું ફૂટવું જે જિન હોય તેઓ જ જાણે છે. (૧૪)

૯૯૦. તો પછી આ પૃથ્વીમંડલ ઉપર માથું અને માથાનું ફૂટવું એ જાણનાર કોણ છે તે, હે દેવ, મને કહે. (૧૫)

૯૯૧. કપિલવસ્તુ નગરમાંથી નીકળેલો, લોકનાયક, ઈક્ષ્વાકુરાજવંશજ અને (જગતને) પ્રકાશિત કરનારો એવો શાકયપુત્ર છે. (૧૬)

૯૯૨. હે બ્રાહ્મણ, તે સંબુદ્ધ, સર્વ ધર્મોમાં પારંગત, સર્વાભિજ્ઞાબલ પામેલો, સર્વ ધર્મોમાં દેખતો, સર્વ ધર્મોના અંતને પામેલો, અને ઉપાધિઓનો નાશ કરીને મુક્ત થયેલો છે. (૧૭)

૯૯૩. તે ચક્ષુષ્માન બુદ્ધ ભગવાન લોકોને ધર્મોપદેશ કરે છે ત્યાં જઈને તેને આ પૂછ, એટલે તે તને સમજાવશે. (૧૮)

૯૯૪. સંબુદ્ધઃ શબ્દ સાંભળતાવેંત જ બાવરી હર્ષિત થયો, તેનો શોક ઓછો થયો, અને તે અત્યંત આનંદિત થયો. (૧૯)

૯૯૫. તે હર્ષિત, આનંદિત અને સંતુષ્ટ બાવરીએ તે દેવને પૂછ્યુંઃ તે લોકનાયક કયા ગામમાં, શહેરમાં કે પ્રદેશમાં રહે છે કે જ્યાં જઈને તે દ્વિપદોત્તમ સંબુદ્ધને અમે નમસ્કાર કરી શકીએ ? (૨૦)

૯૯૬. તે વિપુલપ્રજ્ઞ, વિપુલશ્રેષ્ઠબુદ્ધિ, અપ્રતિમ ધુરીણ, અનાસ્રવ અને મૂર્ધાધિપાત જાણનારો મનુષ્યર્ષભ શાકયપુત્ર જિન કોસલ દેશમાં શ્રાવસ્તીમાં રહે છે. (૨૧)

૯૯૭. તે પછી બાવરીએ પોતાના મંત્રપારગ બ્રાહ્મણ શિષ્યોને કહ્યું, 'હે માણવો, હું તમને કહું છું, મારું વચન સાંભળો. (૨૨)

૯૯૮. જેનો આ જગતમાં વારંવાર પ્રાદુર્ભાવ થવો મુશ્કેલ છે એવો પ્રસિદ્ધ સંબુદ્ધ ઈહલોકમાં જન્મ્યો છે, તો તમે તુરત જ શ્રાવસ્તી જઈને તે દ્વિપદોત્તમને મળો.' (૨૩)

९९९. कथं चरहि जानेमु दिस्वा बुद्धो'ति ब्राह्मण ।
अजानतं नो पब्रूहि यथा जानेमु तं मयं।।२४।।
१०००. आगतानि हि मन्तेसु महापुरिसलक्खणा ।
द्वतिंसा च व्याख्याता समत्ता अनुपुब्बसो।।२५।।
१००१. यस्सेते होन्ति गत्तेसु महापुरिसलक्खणा ।
द्वे' व तस्स गतियो ततिया हि न विज्जति।।२६।।
१००२. सचे अगारं अज्झावसति विजेय्य पठविं इमं ।
अदण्डेन असत्थेन धम्मेनमनुसासति।।२७।।
१००३. सचे च सो पब्बजति अगारा अनगारियं ।
विवत्तच्छदो सम्बुद्धो अरहा भवति अनुत्तरो।।२८।।
१००४. जातिं गात्तं च लक्खणं मन्ते सिस्से पुनापरे ।
मुद्धं मुद्धाधिपातं च मनसा येव पुच्छथ।।२९।।
१००५. अनावरणदस्सावी यदि बुद्धो भविस्सति ।
मनसा पुच्छिते पञ्हे वाचाय विस्सजेस्सति।।३०।।
१००६. बावरिस्स वचो सुत्वा सिस्सा सोळस ब्राह्मणा ।
अजितो तिस्समेत्तेय्यो पुण्णको अथ मेत्तगू।।३१।।
१००७. धोतको उपसीवो च नन्दो च अथ हेमको ।
तोदेय्यकप्पा दुभयो जतुकण्णी व पण्डितो।।३२।।
१००८. भद्रावुधो उदयो च पोसालो चापि ब्राह्मणो ।
मोघराजा च मेधावी पिंगियो च महा इसि।।३३।।
१००९. पच्चेकगणिनो सब्बे सब्बलोकस्स विस्सुता ।
झायी झानरता धीरा पुब्बवासनवासिता।।३४।।
१०१०. बावरिं अभिवादेत्वा कत्वा च नं पदक्खिणं ।
जटाजिनधरा सब्बे पक्कामुं उत्तरामुखा।।३५।।
१०११. अळकस्स पतिट्ठानं पुरिमं माहिस्सतिं तदा ।
उज्जेनिं चापि गोनद्धं वेदिस वनसव्हयं।।३६।।

૯૯૯. (તેઓ બોલ્યા–) હે બ્રાહ્મણ, તેને જોઈને આ બુદ્ધ છે એમ અમે કઈ રીતે ઓળખીએ ? અમને ન સમજનારાઓને જેનાથી તેને ઓળખી શકાય એ (નિશાની) કહો. (૨૪)

૧૦૦૦. (બાવરી–) અમારા અધ્યયનમાં મહાપુરુષનાં લક્ષણો આવી ગયાં છે. તે બત્રીસ છે અને અનુક્રમે તે બધાંનું વર્ણન મળી આવે છે. (૨૫)

૧૦૦૧. જે મનુષ્યના ગાત્ર ઉપર આ મહાપુરુષનાં લક્ષણો મળી આવે તેની બે જ ગતિ થાય છે, ત્રીજી થતી નથી. (૨૬)

૧૦૦૨. જો તે ગૃહસ્થાશ્રમમાં રહે તો આ પૃથ્વી જીતીને તેનું અદંડ, અશસ્ત્ર અને ધર્મ-થી પાલન કરે છે. (૨૭)

૧૦૦૩. પણ જો તે ઘર છોડીને અનાગારિક પ્રવ્રજ્યા લે તો અજ્ઞાનાવરણ દૂર કરનાર અર્હત અને અનુત્તર સંબુદ્ધ થાય છે. (૨૮)

૧૦૦૪. મારો જન્મ, ગોત્ર, લક્ષણ, વેદવિદ્યા અને મારા શિષ્યો કેટલા એ, અને માથું તથા માથું ફૂટવું, એ બધી વસ્તુઓ તમે તેને તમારા મનમાં જ પૂછજો. (૨૯)

૧૦૦૫. તે જો અનાવરણજ્ઞાની બુદ્ધ હશે તો તમે મનમાં જ પૂછેલા પ્રશ્નોના જવાબ આપશે. (૩૦)

૧૦૦૬. બાવરીનું આ કથન સાંભળીને તેના સોળ બ્રાહ્મણ શિષ્યો–અજિત, તિસ્સમેત્તેય, પુણ્ણક અને મેત્તગૂ, (૩૧)

૧૦૦૭. ધોતક, ઉપસીવ, નન્દ અને હેમક, તોદેય્ય અને કપ્પ એ બન્ને, અને પંડિત જાતુકણ્ણી, (૩૨)

૧૦૦૮. ભદ્રાવુધ, ઉદય અને પોસાલ બ્રાહ્મણ, બુદ્ધિમાન મોઘરાજા, અને મહર્ષિ પિંગિય– (૩૩)

૧૦૦૯. આ બધા પોતપોતાના બ્રાહ્મણગણના આગેવાનો, સર્વ લોકોમાં પ્રસિદ્ધ, સમાધિમાન, ધ્યાનરત, સુજ્ઞ, અને પૂર્વજન્મમાં જેમણે પુણ્ય કરેલું છે એવા, (૩૪)

૧૦૧૦. જટા અને અજિનચર્મ ધારણ કરનારા એવા–તે સર્વ બાવરીને નમસ્કાર કરીને અને પ્રદક્ષિણા કરીને ઉત્તર દિશા તરફ ચાલવા લાગ્યા. (૩૫)

૧૦૧૧. ત્યારે પહેલાં તેઓ અળકની માહિષ્મતી રાજધાની[૩૪]માં આવ્યા, ત્યાંથી (અનુક્રમે) ઉજ્જયિની, ગોનદ્ધ, વિદિશા અને વનસા નામના નગરમાં, (૩૬)

१०१२. कोसम्बिं चापि साकेतं सावत्थिं च पुरुत्तमं।

सेतव्यं कपिलवत्थुं कुसिनारं च मन्दिरं।।३७।।

१०१३. पावं च भोगनगरं वेसालिं मागधं पुरं ।

पासाणकं चेतियं च रमणीयं मनोरमं।।३८।।

१०१४. तसितो वुदकं सीतं महालाभं'व वाणिजो ।

छायं घम्माभितत्तो'व तुरिता पब्बतमारुहं।।३९।।

१०१५. भगवा च तम्हि समये भिक्खुसंघपुरक्खतो।

भिक्खूनं धम्मं देसेति सीहो'व नदती वने।।४०।।

१०१६. अजितो अद्दस सम्बुद्धं वीतरंसीं'व भानुमं ।

चन्दं यथा पन्नरसे पारिपूरिं उपागतं।।४१।।

१०१७. अथ'स्स गत्ते दिस्वान परिपूरं च व्यञ्जनं।

एकमन्तं ठितो हट्ठो मनोपञ्हे अपुच्छथ।।४२।।

१०१८. आदिस्स जम्मनं ब्रूहि गोत्तं ब्रूहि सलक्खणं।

मन्तेसु पारमिं ब्रूहि कति वाचेति ब्राह्मणो।।४३।।

१०१९. वीसं वस्ससतं आयु सो च गोत्तेन बावरि।

तीणिस्स लक्खणा गत्ते तिण्णं वेदान पारगू।।४४।।

१०२०. लक्खणे इतिहासे च सनिघण्डुसकेटुभे ।

पञ्चसतानि वाचेति सधम्मे पारमिं गतो।।४५।।

१०२१. लक्खणानं पविचयं बावरिस्स नरुत्तम ।

तण्हच्छिद पकासेहि मा नो कंखायितं अहू।।४६।।

१०२२. मुखं जिव्हाय छादेति उण्णस्स भमुकन्तरे ।

कोसोहितं वत्थुगुह्यं एवं जानाहि माणव।।४७।।

१०२३. पुच्छं हि किञ्चि असुणन्तो सुत्वा पञ्हे वियाकते ।

विचिन्तेति जनो सब्बो वेदजातो कतञ्जलि।।४८।।

१०२४. को नु देवो वा ब्रह्मा वा इन्दो वा'पि सुजंपति।

मनसा पुच्छिते पञ्हे कमेतं पटिभासति।।४९।।

૧૦૧૨. કોશાંબી, સાકેત, અને સર્વ નગરોમાં શ્રેષ્ઠ શ્રાવસ્તી, સેતવ્ય, કપિલવસ્તુ, કુસિનારામંદિર, (૩૭)

૧૦૧૩. પાવા, ભોગનગર, વૈશાલિ, મગધપુર (રાજગૃહ), અને રમણીય અને મનોરમ પાષાણક ચૈત્યમાં તેઓ આવ્યા. (૩૮)

૧૦૧૪. તરસ્યો જેમ પાણી તરફ જાય છે, વણિયો જેમ મોટા ફાયદા તરફ જાય છે, અને તડકાથી તપી ગયેલો માણસ જેમ છાયા તરફ જાય છે તેમ ત્વરાથી તેઓ પર્વત ઉપર ચડયા. (૩૯)

૧૦૧૫. ભિક્ષુસંઘથી પુરસ્કૃત એવા ભગવાન તે વખતે અરણ્યમાં ગર્જના કરનારા સિંહની જેમ ભિક્ષુઓને ધર્મોપદેશ કરતા હતા. (૪૦)

૧૦૧૬. પ્રકાશનારા સૂર્ય જેવા અને પૂનમને દિવસે પૂર્ણતાએ પહોંચેલા ચંદ્રના જેવા તે સંબુદ્ધને અજિતે જોયા. (૪૧)

૧૦૧૭. અને તેમના ગાત્ર ઉપર પરિપૂર્ણ લક્ષણો જોઈને તે એક બાજુ ઊભો રહ્યો, અને હર્ષિત થઈને તેણે પોતાના મનમાં ને મનમાં જ (બુદ્ધને પ્રશ્નો પૂછયાઃ (૪૨)

૧૦૧૮. પ્રથમ તેનું (બાવરીનું) આયુષ્ય કહો અને પછી ગોત્ર અને લક્ષણો કહો; પછી વેદાધ્યયન, અને પછી તે કેટલા બ્રાહ્મણોને શીખવે છે તે કહો. (૪૩)

૧૦૧૯. તેનું વય એકસોવીસ વર્ષનું છે. ગોત્ર બાવરી, તેનાં ગાત્રો ઉપર ત્રણ લક્ષણો છે અને તે ત્રણ વેદમાં પારંગત છે. (૪૪)

૧૦૨૦. તે લક્ષણજ્ઞાનમાં, ઈતિહાસમાં, નિઘંટુમાં અને કૈટુભમાં પણ પારંગત છે. સ્વધર્મમાં પારંગત એવો તે પાંચસો વિદ્યાર્થીઓને વેદ શીખવે છે. (૪૫)

૧૦૨૧. હે તૃષ્ણાનો નાશ કરનાર નરોત્તમ, બાવરીના શરીર ઉપર કયાં લક્ષણો છે તે કહો અને તમારે વિશે અમારા મનમાં શંકા રહેવા દેતા નહિ. (૪૬)

૧૦૨૨. તે જીભથી પોતાનો ચહેરો ઢાંકી શકે છે, તેની ભમ્મરોની વચ્ચે લોમ છે, અને હે માણવ, તેનું વસ્ત્રગુહ્ય કોશાવહિત છે એમ સમજ. (૪૭)

૧૦૨૩. પ્રશ્નો પૂછેલા સંભળાતા નહિ અને જવાબો સંભળાતા હતાં, એટલે ત્યાં ભેગા થયેલા લોકો આનંદિત થઈને અને હાથ જોડીને વિચાર કરવા લાગ્યા કે (૪૮)

૧૦૨૪. આ પ્રશ્નો પૂછનાર કયો દેવ, બ્રહ્મા કે સુજંપતિ ઈંદ્ર હશે ? આ (ભગવાન) મનમાં ને મનમાં પૂછેલા પ્રશ્નોના જવાબ કોને આપે છે ? (૪૯)

१०२५. मुद्धं मुद्धाधिपातं च बावरी परिपुच्छति ।
तं व्याकरोहि भगवा कंखं विनिय नो इसे ।।५०।।
५०२६. अविज्जा मुद्धा ति जानाहि विज्जा मुद्धाधिपातिनी ।
सद्धासतिसमाधीहि छन्दविरियेन संयुता ।।५१।।
१०२७. ततो वेदेन महता संथम्भित्वान माणवो ।
एकसं अजिनं कत्वा पादेसु सिरसा पति ।।५२।।
१०२८. बावरी ब्राह्मणो भोतो सह सिस्सेहि मारिस ।
उदग्गचित्तो सुमनो पादे वदन्ति चक्खुम ।।५३।।
१०२९. सुखितो बावरी होतु सह सिस्सेहि ब्राह्मणो ।
त्वं चापि सुखितो होहि चिरं जीवाहि माणव ।।५४।।
१०३०. बावरिस्स च तुय्हं वा सब्बेसं सब्बसंसयं ।
कतावकासा पुच्छव्हो यं किञ्चि मनसिच्छथ ।।५५।।
१०३१. सम्बुद्धेन कतोकासो निसीदित्वान पञ्जलि ।
अजितो पठमं पञ्हं तत्थ पुच्छि तथागतं ।।५६।।

वत्थुगाथा निट्ठिता।

५६

अजितमाणवपुच्छा (१)

१०३२. केनस्सु निवुतो लोको (इच्चायस्मा अजितो) केनस्सु नप्पकासति
किस्साभिलेपनं ब्रूसि किं सु तस्स महब्भयं ।।१।।
१०३३. अविज्जाय निवुतो लोको (अजिताति भगवा)
वेविच्छा पमादा नप्पकासति ।
जप्पाभिलेपनं ब्रूमि दुक्खं अस्स महब्भयं ।।२।।
१०३४. सवन्ति सब्बधी सोता (इच्चायस्मा अजितो) सोतानं किं निवारणं।
सोतानं संवरं ब्रूहि केन सोता पिधिय्यरे ।।३।।
१०३५. यानि सोतानि लोकस्मिं (अजिताति भगवा) सति तेसं निवारणं।
सोतानं संवरं ब्रूमि पञ्ञायेते पिधिय्यरे ।।४।।

૧૦૨૫. હે ભગવન્, બાવરી માથું અને માથું ફૂટવું (એટલે શું એમ) પૂછે છે. હે ઋષિ, તેનો જવાબ આપીને અમારી શંકા દૂર કરો. (૫૦)

૧૦૨૬. અવિદ્યા એ માથું, અને શ્રદ્ધા, સ્મૃતિ, સમાધિ, કુસલચ્છંદ, અને ઉત્સાહથી સંપન્ન વિદ્યા (પ્રજ્ઞા) એ માથું ફોડનારી, એમ સમજ. (૫૧)

૧૦૨૭. આથી તે (અજિત) માણવે મહા આનંદથી ઉત્સાહિત થઈને અને અજિનચર્મ એક ખભા ઉપરથી ઓઢીને ભગવાનના પગ ઉપર પોતાનું માથું મૂક્યું. (૫૨)

૧૦૨૮. હે મારિષ, હે ચક્ષુષ્મન, બાવરી બ્રાહ્મણ (અને) શિષ્યો સહિત હર્ષિત અને આનંદિત થઈને તમારે પગે પડું છું. (૫૩)

૧૦૨૯. હે માણવ, બાવરી બ્રાહ્મણ શિષ્યો સહિત સુખી થાઓ, અને તું પણ સુખી અને ચિરંજીવી થા. (૫૪)

૧૦૩૦. બાવરીની, તારી કે તમારા બધાની જે કંઈ શંકા હોય તે બધી પૂછવાની હું રજા આપું છું; તમારા મનમાં જે ઈચ્છા હોય તે તમે પૂછો. (૫૫)

૧૦૩૧. સંબુદ્ધે રજા આપ્યાથી અજિતે ત્યાં નીચે બેસીને અને હાથ જોડીને તથાગતને પ્રથમ પ્રશ્ન પૂછ્યો. (૫૬)

આ પ્રાસ્તાવિક ગાથાઓ

૫૬

અજિતમાણવપુચ્છા (૧)

૧૦૩૨. આ જગત શાનાથી ઢંકાય છે, – એમ આયુષ્માન અજીત બોલ્યો–તે શાને લીધે નથી પ્રકાશતું, આનું અભિલેપન કયું, અને તેને મહાભય કયો ? (૧)

૧૦૩૩. હે અજિત, જગત અવિદ્યાથી ઢંકાયું છે,– એમ ભગવાન બોલ્યા–માત્સર્ય અને પ્રમાદને લીધે તે પ્રકાશતું નથી, વાસના એ તેનું અભિલેપન છે, અને દુઃખ એ તેને મહાભય છે, એમ હું કહું છું. (૨)

૧૦૩૪. સર્વત્ર પ્રવાહો વહે છે– એમ આયુષ્માન અજિત બોલ્યો–તે પ્રવાહો શાનાથી બંધ થાય છે ? (૩)

૧૦૩૫. હે અજિત, જગતમાં જે પ્રવાહો છે – એમ ભગવાન બોલ્યા– તેમનું સ્મૃતિ એ નિવારણ છે. તે જ પ્રવાહોનું નિયમન છે, અને પ્રજ્ઞાથી તે બંધ થાય છે. (૪)

१०३६. पञ्ञा चेव सती च (इच्चायस्मा अजितो) नामरूपं च मारिस।

एतं मे पुट्ठो पब्रूहि कत्थेतं उपढज्झति।।५।।

१०३७. यं एतं पञ्हं अपुच्छि अजित तं वदामि ते।

यत्थ नामं च रूपं च असेसं उपरुज्झति।

विञ्ञाणस्स निरोधेन एत्थेतं उपरुज्झति।।६।।

१०३८. ये च संखतधम्मासे ये च सेखा पुथू इध।

तेसं मे निपको इरियं पुट्ठो पब्रूहि मारिस।।७।।

१०३९. कामेसु नाभिगिज्झेय्य मनसानाविलो सिया।

कुसलो सब्बधम्मानं सतो भिक्खु परिब्बजे'ति।।८।।

अजितमाणवपुच्छा निट्ठिता।

५७

तिस्समेत्तेय्यमाणवपुच्छा (२)

१०४०. को'ध सन्तुसितो लोके (इच्चायस्मा तिस्सो मेत्तेयो)

कस्स नो सन्ति इञ्जिता।

को उभ'न्तमभिञ्ञाय मज्झे मन्ता न लिप्पति।

कं ब्रूसि महापुरिसो'ति को इध सिब्बनिमच्चगा।।१।।

१०४१. कामेसु ब्रह्मचरियवा (मेत्तेय्याति भगवा) वीततण्हो सदा सतो।

संखाय निब्बुतो भिक्खु तस्स नो सन्ति इञ्जिता।।२।।

१०४२. सो उभन्तमभिञ्ञाय मज्झे मन्ता न लिप्पति।

तं ब्रूमि महापुरिसो'ति सो इध सिब्बनिमच्चगा'ति।।३।।

तिस्समेत्तेय्यमाणवपुच्छा निट्ठिता।

૧૦૩૬. હે મારિષ, પ્રજ્ઞા અને સ્મૃતિ–એમ આયુષ્માન અજિત બોલ્યો–અને નામરૂપનો નિરોધ કયાં થાય છે એ હું પૂછું છું, તે મને કહો. (૫)

૧૦૩૭. હે અજિત, તે આ જે પ્રશ્ન પૂછ્યો તેનો હું જવાબ આપું છું. જ્યાં નામ અને રૂપ પૂર્ણપણે નિરોધ પામે છે તે હું તને કહું છું. વિજ્ઞાનના નિરોધથી આનો નિરોધ થાય છે. (૬)

૧૦૩૮. ઈહલોકમાં જે અનેક અર્હન્તો અને શૈક્ષ્ય છે તેઓમાં તમે કુશળ છો, એટલે તેમનું વર્તન કેવું હોય એ હું તમને પૂછું છું. તે, મારિષ, મને કહો. (૭)

૧૦૩૯. ભિક્ષુએ કામોપભોગની વાંચ્છા રાખવી નહિ, મનથી પવિત્ર થવું, બધા ધર્મોમાં કુશળ અને સ્મૃતિમાન્ થઈને તેણે પ્રવ્રજ્યા લેવી. (૮)

અજિતમાણવપુરણા સમાપ્ત

૫૭

તિસ્સમેત્તેય્યમાણવપુચ્છા (૨)

૧૦૪૦. આ જગતમાં કોણ સંતુષ્ટ (કહેવાય) ? – એમ આયુષ્માન તિસ્સમેત્તેય્ય બોલ્યો– કોને પ્રકંપો નથી ? બન્ને અન્તો જાણીને પ્રજ્ઞાથી મધ્યને કોણ વળગી નથી રહેતો ? તમે કોને મહાપુરુષ ગણો છો ? અને આ જગતમાં કોણ તૃષ્ણાની પાર જાય છે ? (૧)

૧૦૪૧. હે મેત્તેય્ય, જે કામોપભોગોનો ત્યાગ કરીને બ્રહ્મચારી, – એમ ભગવાન બોલ્યા–વીતતૃષ્ણ અને કાયમ સ્મૃતિમાન થાય છે તે ભિક્ષુ પ્રજ્ઞાથી શાંત (સંતુષ્ટ) થાય છે; તેને પ્રકંપો નથી. (૨)

૧૦૪૨. તે બન્ને અન્તો જાણીને પ્રજ્ઞાથી મધ્યને વળગી રહેતો નથી. તેને જ હું મહાપુરુષ ગણું છું; અને આ જગતમાં તે જ તૃષ્ણાની પાર જાય છે. (૩)

पुण्णकमाणवपुच्छा (३)

१०४३. अनेजं मूलदस्साविं (इच्चायस्मा पुण्णको) अत्थि पञ्हेन आगमं

किं निस्सिता इसयो मनुजा खत्तिया ब्राह्मणा देवतानं ।

यञ्ञमकप्पयिंसु पुथु इध लोके पुच्छामि' तं भगवा ब्रूमि मेतं।।१।।

१०४४. ये केचि' मे इसयो मनुजा (पुण्णकाति भगवा) खत्तिया ब्राह्म देवतानं यञ्ञमकप्पयिंसु पुथू इध लोके आसिंसमाना पुण्ण इत्थभावं जरं सिता यञ्ञमकप्पयिंसु।।२।।

१०४५. ये केचि'मे इसयो मनुजा (इच्चायस्मा पुण्णको)

खत्तिया ब्राह्मणा देवतानं यञ्ञमकप्पयिंसु पुथू'ध लोके

कच्चिंच सु ते भगवा यञ्ञपथे अप्पमत्ता

अताढं जातिं च जरं च मारिस ।

पुच्छामि तं भगवा ब्रूमि मे तं ।। ३।।

१०४६. आसिसन्ति थोमयन्ति अभिजप्पन्ति जुहन्ति (पुण्णकाति भगवा)

कामाभिजप्पन्ति पटिच्च लाभं।

ते याजयोगा भवरागरत्ता नातरिंसु जातिजरं'ति ब्रूमि।।४।।

१०४७. ते चे नातरिंसु याजयोगा (इच्चायस्समा पुण्णको)

यञ्ञे हि जातिं च जरं च मारिस।

अथ को चरहि देवमनुस्सलोके अतारि जातिं च जरं च मारिस।

पुच्छामि तं भगवा ब्रूहि मे त।।५।।

१०४८. संखाय लोकस्मिं परोवरानि (पुण्णकाति भगवा)

पस्सिञ्जितं नत्थि कुहिंचि लोके।

सन्तो विधूमो अनिघो निरासो

अतारि सो जातिजरं'तिब्रूमी'ति ।।६।।

पुण्णकमाणवपुच्छा निट्ठिता।

પુણ્ણકમાણવપુચ્છા (૩)

૧૦૪૩. અપ્રકંપ્ય અને સંસારનું મૂળ જાણનારા એવા પાસે–એમ આયુષ્માન પુણ્ણક બોલ્યો– પ્રશ્ન પૂછવાના હેતુથી હું આવ્યો છું. શાનાથી બંધાયેલા ઋષિ, ક્ષત્રિય, બ્રાહ્મણ કે બીજા મનુષ્યો દેવોને ઉદ્દેશીને આ જગતમાં ભિન્નભિન્ન યજ્ઞો કરે છે એ હું પૂછું છું. હે ભગવન્, તે મને કહો. (૧)

૧૦૪૪. હે પુણ્ણક, જે કોઈ ઋષિ–એમ ભગવાન બોલ્યા –ક્ષત્રિય, બ્રાહ્મણ કે બીજા મનુષ્યો દેવોને ઉદ્દેશીને આ જગતમાં ભિન્નભિન્ન યજ્ઞો કરે છે તે, હે પુણ્ણક, પુનર્જન્મની ઇચ્છા ધરાવનારા અને જરાથી બદ્ધ હોવાને લીધે યજ્ઞ કરે છે. (૨)

૧૦૪૫. જે કોઈ ઋષિ–એમ આયુષ્માન પુણ્ણક બોલ્યો–ક્ષત્રિય, બ્રાહ્મણ કે બીજા મનુષ્યો દેવોને ઉદ્દેશીને આ જગતમાં ભિન્નભિન્ન યજ્ઞો કરે છે તે હે ભગવન્, હે મારિષ, યજ્ઞકર્મમાં સાવધ રહીને જન્મ અને જરા તરી જાય છે ખરા ? હે ભગવન્, આ હું તમને પૂછું છું, તે મને કહો. (૩)

૧૦૪૬. હે પુણ્ણક, તેઓ પ્રાર્થના કરે છે, સ્તુતિ કરે છે, આશા પ્રગટ કરે છે, હવન કરે છે–– એમ ભગવાન બોલ્યા,–– પોતાના લાભ માટે કામસુખની યાચના કરે છે. યજ્ઞમાં ગૂંથાયેલા ભવલોભાસક્ત તેઓ જન્મ અને જરા તરી જતા નથી, એમ હું કહું છું. (૪)

૧૦૪૭. હે મારિષ, યજ્ઞમાં ગૂંથાયેલા તેઓ જો જન્મ અને જરા તરી જતા નથી, તો પછી, હે મારિષ, દેવમનુષ્યલોકમાં કોણ જન્મ અને જરા તરી જાય છે એ હું પૂછું છું, તે હે ભગવન્, મને કહો. (૫)

૧૦૪૮. હે પુણ્ણક, જગતની નાનીમોટી વસ્તુઓ પ્રજ્ઞાથી જાણીને–એમ ભગવાન બોલ્યા–જેને ઇહલોકમાં પ્રકંપ રહ્યો નથી, જે શાંત વીતધૂમ, વીતદુઃખ અને વીતતૃષ્ણ હોય તે જ જન્મ અને જરા તરી જાય છે એમ હું કહું છું. (૬)

પુણ્ણકમાણવપુચ્છા સમાપ્ત

मेत्तगूमाणवपुच्छा (४)

१०४९. पुच्छामि तं भगवा ब्रूहि मे तं (इच्चायस्मा मेत्तगू).
मञ्ञामि तं वेदगुं भावितत्तं ।
कुतो नु दुक्खा समुदागता इमे ये केचि लोकस्मिं अनेकरूपा।। १।।
१०५०. दुक्खस्स वे मं पभवं अपुच्छसि (मेत्तगूति भगवा)
तं ते पवक्खामि यथा पजानं ।
उपधीनिदाना पभवन्ति दुक्खा ये केचि लोकस्मिं अनेकरूपा।। २।।
१०५१. यो वे अविद्वा उपधिं करोति पुनप्पुनं
दुक्खस्स जातिप्पभवानुपस्सी ।। ३।।
१०५२. यं तं अपुच्छिम्ह अकित्तयी नो अञ्ञं तं पुच्छामि तदिंघ ब्रूहि।
कथं नु धीरा वितरन्ति ओघं जातिजरं सोकपरिद्दवं चे ।
तं मे मुनि साधु वियाकरोहि तथा हि ते विदितो एस धम्मो।। ४।।
१०५३. कित्तयिस्सामि ते धम्मं (मेत्तगूति भगवा) दिट्ठे धम्मे अनीतिहं।
यं विदित्वा सतो चरं तरे लोके विसित्तिकं।।५।।
१०५४. तं चाहं अभिनन्दामि महेसी धम्ममुत्तमं ।
यं विदित्वा सतो चर तरे लोके विसत्तिकं।। ६।।
१०५५. यं किञ्चि संपजानासि (मेत्तगूति भगवा)
उद्धं अधो तिरियं चापि मज्झे ।
एतेसु नन्दि च निवेसनं च पनुज्ज विञ्ञाणं भवे न तिट्ठे ।। ७।।
१०५६. एवं विहारी सतो अप्पमत्तो भिक्खु चरं हित्वा मामायितानि ।
जातिगरं सोकपरिद्दवं च इधेव विद्धा पजहेय्य दुक्खं ।। ८।।
१०५७. एताभिनन्दामि वचो महेसिनो सुकित्तितं गोतम'नूपधीकं ।
अद्धा हि भगवा पहासि दुक्खं तथा हि ते विदितो एस धम्मो।। ९।।
१०५८. ते चापि नून' पजहेय्य दुक्खं ये त्वं मुनि अट्ठितं ओवदेय्य।
तं तं नमस्सामि समेच्च नाग अप्पेव मं भगवा अट्ठितं ओवदेय्य।।१०।।

મેત્તગૂમાણવપુચ્છા (૪)

૧૦૪૯. હે ભગવન્, તમને હું વેદપારગ અને ભાવિતાત્મા ગણું છું–એમ આયુષ્માન મેત્તગૂ બોલ્યો– માટે હે ભગવન્, હું તમને પૂછું છું તે કહો. આ જગતમાં જે અનેક જાતનાં દુઃખો છે તે કયાંથી ઉત્પન્ન થાય છે ? (૧)

૧૦૫૦. હે મેત્તગૂ, તું મને દુઃખની ઉત્પત્તિ પૂછે છે–એમ ભગવાન બોલ્યા–તો તે હું જાણું છું તે પ્રમાણે હું તને કહું છું. આ જગતમાં જે અનેક પ્રકારનાં દુઃખો છે તે ઉપાધિઓમાંથી ઉત્પન્ન થાય છે. (૨)

૧૦૫૧. જે અવિદ્વાન મંદબુદ્ધિ ઉપાધિ કરે છે તે વારંવાર દુઃખ ભોગવે છે. માટે દુઃખનું ઉત્પત્તિકારણ જાણનારા સમજુ માણસે ઉપાધિ કરવી નહિ. (૩)

૧૦૫૨. જે મેં પૂછ્યું તે તમે કહ્યું. હવે બીજું પૂછું છું તે કહો. સુજ્ઞ જનો ઓઘ, જન્મ, જરા, શોક અને પરિદેવ કઈ રીતે તરી જાય છે તે, હે મુનિ, મને બરાબર સમજાવો. કારણ આ ધર્મ તમે સારી રીતે જાણો છો. (૪)

૧૦૫૩. હે મેત્તગૂ, જે માણસના આયુષ્યમાં પ્રત્યક્ષ–ફલદાયક[૩૭] છે–એમ ભગવાન બોલ્યા–અને જેનું જ્ઞાન મેળવીને સ્મૃતિમાન થઈને વર્તનારો મનુષ્ય આ જગતમાં તૃષ્ણાની પાર જાય છે તે ધર્મ હું તને કહું છું. (૫)

૧૦૫૪. હે મહર્ષિ, જેનું જ્ઞાન મેળવીને સ્મૃતિમાન થઈને વર્તનારો મનુષ્ય આ જગતમાં તૃષ્ણાની પાર જાય છે તે ઉત્તમ ધર્મનું હું અભિનંદન કરું છું. (૬)

૧૦૫૫. હે મેત્તગૂ, જે કંઈ તું––એમ ભગવાન બોલ્યા–ઉપર, નીચે, ચોમેર અને મધ્યમાં જાણી તેમાં તૃષ્ણા, દૃષ્ટિ અને વિજ્ઞાનને દૂર ખસેડીને કોઈપણ ભવ ઉપર અવલંબી રહેતો નહિ. (૭)

૧૦૫૬. આ પ્રમાણે ચાલનારો સ્મૃતિમાન, અપ્રમત્ત અને વિદ્વાન ભિક્ષુ મમત્વને છોડીને આ જ લોકમાં જન્મ, જરા, શોક, પરિદેવ અને દુઃખનો ત્યાગ કરશે. (૮)

૧૦૫૭. મહર્ષિના આ ભાષણનું હું અભિનંદન કરું છું. હે ગોતમ, ઉપાધિરહિત (નિર્વાણ) કેવું હોય છે તે તમે ઉત્તમ રીતે કહ્યું. હે ભગવન્, તમે ખાતરીથી દુઃખનો ત્યાગ કર્યો; કારણ આ ધર્મ તમે ઉત્તમ રીતે જાણો છો. (૯)

૧૦૫૮. હે મુનિ, જે આસ્તિકોને તમે ઉપદેશ આપશો તેઓ પણ અવશ્ય દુઃખનો ત્યાગ કરશે. માટે હે નાગ (અપાપ), તમારી પાસે આવીને તમને હું નમસ્કાર કરું છું. હે ભગવન્, તમે આસ્તિક એવા મને ઉપદેશ આપો એ જ મારી અપેક્ષા છે. (૧૦)

१०५९. यं ब्राह्मणं वेदगुं आभिजञ्ञा अकिञ्चनं कामभवे असत्तं ।
अद्धा हि सो ओधमिमं अतारि तिण्णो च पारं अखिलो अकंखो ।। ११ ।।
१०६०. विद्वा च सो वेदगू नरो इध भवाभवे संगमिमं विसज्ज ।
सो वीततण्हो अनिघो निरासो अतारि सो जातिजरं ति ब्रूमिति ।। १२ ।।
मेत्तगूमाणवपुच्छा निट्ठिता ।

६०

धोतकमाणवपुच्छा (५)

१०६१. पुच्छामि तं भगवा ब्रूहि मे तं (इच्चायस्मा धोतको)
वाचाभिकंखामि महेसि तुय्हं ।
तव सुत्वान निग्घोसं सिक्खे निब्बाणमत्तनो ।।१।।
१०६२. तेन हातप्पं करोहि (धोतकाति भगवा) इधेव निपको संतो ।
इतो सुत्वान निग्घोसं सिक्खे निब्बाणमत्तनो ।।२।।
१०६३. पस्सामहं देवमनुस्सलोके अकिञ्चनं ब्राह्मणं इरियमानं ।
तं तं नमस्सामि समन्तचक्खु पमुञ्च मं सक्क कथंकथाहि ।। ३।।
१०६४. नाहं गमिस्सामि पमोचनाय कथंकथिं धोतक कञ्चि लोके ।
धम्मं च सेट्ठं आजानमानो एवं तुवं ओधमिमं तरेसि ।। ४।।
१०६५. अनुसास ब्रह्मे करुणायमानो विवेकधम्मं यमहं विजञ्ञं ।
यथाहं आकासो व अव्यापज्जमानो इधेव सन्तो असितो चरेय्य ।। ५ ।।
१०६६. कित्तयिस्सामि ते सन्ति (धोतकाति भगवा) दिट्ठे धम्मे अनीतिहं ।
यं विदित्वा सतो चरं तरे लोके विसत्तिकं ।।६।।
१०६७. तं चाहं अभिवन्दामि महेसिं सन्तिमुत्तमं ।
यं विदित्वा सतो चरं तरे लोके विसत्तिकं ।।७।।
१०६८. यं किञ्च संपजानासि (धोतकाति भगवा) उद्धंअधोतिरियंचापि मज्झे ।
एतं विदित्व सगो ति लोके भवाभवाय मा कासि तण्हन्ति ।। ८।।
धोतकमाणवपुच्छा निट्ठिता ।

૧૦૫૯. (ભગવાન–) જે બ્રાહ્મણ વેદપારગ, અકિંચન, અને કામભવમાં અનાસક્ત હશે તે જ આ ઓઘ ખાતરીથી તરી જશે; તે જ કાઠિન્યરહિત અને શંકારહિત, ઉત્તીર્ણ અને પાર પામેલો છે એમ જાણવું. (૧૧)

૧૦૬૦. આ જગતમાં તે જ વિદ્વાન અને વેદપારગ માણસ છે, તે જ ભવાભવમાં આસક્તિનો ત્યાગ કરશે, તે જ નિસ્તૃષ્ણ, નિર્દુઃખ અને વાસનારહિત છે, અને તે જ જન્મજરા તરી જાય છે, એમ હું કહું છું. (૧૨)

મેત્તગૂમાણવપુચ્છા સમાપ્ત

૬૦

ધોતકમાણવપુચ્છા (૫)

૧૦૬૧. હે ભગવન્, હું તમને પૂછું છું તે મને કહો–એમ આયુષ્માન ધોતક બોલ્યો–તમારા વચનની હું અપેક્ષા રાખું છું. તમારો ઉપદેશ સાંભળીને હું નિર્વાણનો માર્ગ શીખીશ. (૧)

૧૦૬૨. હે ધોતક, એમ જો હોય તો–એમ ભગવાન બોલ્યા–તું કુશળ અને સ્મૃતિમાન થઈને મારો આ ધર્મ જાણવાની મહેનત કર. મારો ઉપદેશ સાંભળીને તું તારા નિર્વાણનો માર્ગ શીખી શકીશ. (૨)

૧૦૬૩. (ધોતક–) દેવમનુષ્યલોકમાં અકિંચન થઈને રહેનારા આ બ્રાહ્મણને હું જોઉં છું. હે સમન્તચક્ષુ, એવા તમને નમસ્કાર કરું છું. હે શાક્ય, મારી શંકાઓમાંથી મને મુક્ત કરો. (૩)

૧૦૬૪. (ભગવાન–) હે ધોતક, આ જગતમાં કોઈ પણ સંશયગ્રસ્ત માણસને મુક્ત કરવા હું જતો નથી. તું બધો ધર્મ જાણનારો થા. આનાથી તું આ ઓઘ તરી જઈશ. (૪)

૧૦૬૫. (ધોતક–) હે બ્રહ્મન્, કૃપા કરીને હું એકાન્તવાસધર્મ જાણી શકું એવી રીતે મને ઉપદેશ આપો; જેનાથી હું આકાશના જેવો નિર્દ્વેષ થઈને આ જ લોકમાં શાંત અને અનાશ્રિત થઈને રહું. (૫)

૧૦૬૬. હે ધોતક, પોતાના આયુષ્યમાં જે પ્રત્યક્ષફલદાયક છે–એમ ભગવાન બોલ્યા–અને જેનું જ્ઞાન મેળવીને સ્મૃતિમાન થઈને વર્તનારો આ જગતમાં તૃષ્ણાની પાર જાય છે એવી શાંતિ હું તને કહું છું. (૬)

૧૦૬૭. (ધોતક–) હે મહર્ષિ, જેનું જ્ઞાન મેળવીને સ્મૃતિમાન થઈને વર્તનારો તૃષ્ણાની પાર જાય છે તે ઉત્તમ શાંતિનું હું અભિનંદન કરું છું. (૭)

૧૦૬૮. હે ધોતક, જે કંઈ ઉપર, નીચે, ચારે બાજુ અને વચ્ચે–એમ ભગવાન બોલ્યા–તું જાણે તે આ જગતમાં આસક્તિમય છે એમ જાણીને તેના ભવાભવની તૃષ્ણા તું રાખતો નહિ. (૮)

ધોતકમાણવપુચ્છા સમાપ્ત

उपसीवमाणवपुच्छा (६)

१०६९.एको अहं सक्क महन्तमोघं (इच्चायस्मा उप
अनिस्सितो नो विसहामि तारितुं ।
आरम्मणं ब्रूहि समन्तचक्खु यं निस्सितो ओघमिमं तरेय्य ।।
१०७०.आकिञ्चञ्ञ पेक्खमानो सतीमा (उपसीवाति भगवा)
नत्थीति निस्साय तरस्सु ओघं ।
कामे पहाय विरतो कथाहि तण्हक्खयं रत्तमहाभिपस्स ।।
१०७१.सब्बेसु कामेसु यो वीतरागो (इच्चायस्मा उपसीवो)
आकिञ्चञ्ञं निस्सितो हित्वञ्ञं।
सञ्ञाविमोक्खे परमे विमुत्तो
तिट्ठेनु सो तत्थ अनानुयायी ।।
१०७२.सब्बेसु कामेसु यो वीतरागो (उपसीवाति भगवा)
आकिञ्चञ्ञं निस्सितो हित्वमञ्ञं।
सञ्ञाविमोक्खे परमे विमुत्तो तिट्ठेय्य सो तत्थ अनानुयायी।।
१०७३.तिट्ठे चे सो तत्थ अनानुयायी पूगं'पि वस्सानं समन्तचक्खु ।
तत्थेव सो सीति सिया विमुत्तो भवेथ विञ्ञाणं तथा विधस्स।
१०७४ अच्ची यथा वातावेगेन खिमो (उपसीवाति
अत्थं पलेति न उपेति संखं।
एवं मुनी नायाकामा विमुत्रो अत्थं पलेति न उपेति संखं
१०७५. अत्थं गतो सो उदवा सो नत्थि उदाहु वे सस्सतिया अ
तं मे मुन साधु वियाकरोहि तथा हि ते विदितो एस धम्मो।।
१०७६. अत्थं गतस्स न पमाणमत्थि (उपसीवाति
येन नं वज्जु तं तस्स नत्थि ।
सब्बेसु धम्मेसु समूहतेसु समूहता वादपथा'पि सब्बे'ति ।।

उपसीवमाणवपुच्छा निट्ठिता

૬૧

ઉપસીવમાણવપુચ્છા (૬)

૧૦૬૯. હે શાક્ય, આ મહૌઘ–એમ આયુષ્માન ઉપસીવ બોલ્યો– હું કશાનો પણ આશ્રય લીધા વગર એકાકી તરી જઈ શકતો નથી. હે સમન્તચક્ષુ, જેના આશ્રયથી હું આ ઓઘ તરી શકું એવું આલંબન મને કહો. (૧)

૧૦૭૦. હે ઉપસીવ, આકિંચન્ય જોનારો અને સ્મૃતિમાન થઈને–એમ ભગવાન બોલ્યા–કંઈ નથી એ આલંબનને આશ્રયે ઓઘ તરી જા, કામોપભોગનો ત્યાગ કરીને શંકામુક્ત થા, અને રાતદિવસ તૃષ્ણાક્ષયનું (નિર્વાણનું) ચિંતન કર. (૨)

૧૦૭૧. જે સર્વ કામોપભોગમાં વીતરાગ હોય––એમ આયુષ્માન ઉપસીવ બોલ્યો–અન્ય પદાર્થો છોડીને આકિંચન્યનો આશ્રય કરનારો હોય અને તે પરમસંજ્ઞાવિમુક્તિથી વિમુક્ત થયેલો હોય તે, તે ભવમાં સ્થિર રહી શકે ખરો? (૩)

૧૦૭૨. હે ઉપસીવ, જે બધા કામોપભોગમાં વીતરાગ હોય, અન્ય પદાર્થો છોડીને આકિંચન્યનો આશ્રય કરનારો હોય અને તે પરમસંજ્ઞાવિમુક્તિથી વિમુક્ત થયેલો હોય તે, તે ભવમાં સ્થિર રહી શકશે. (૪)

૧૦૭૩. (ઉપસીવ–) હે સમન્તચક્ષુ, જો તે ત્યાં અસંખ્ય વર્ષો સ્થિર રહે તો તે ત્યાં જ નિર્વાણ પામે ખરો ? કે તેનું વિજ્ઞાન પુનર્જન્મ લેશે ? (૫)

૧૦૭૪. હે ઉપસીવ, દીવાની જ્યોત જેમ પવનના વેગથી – એમ ભગવાન બોલ્યા–અસ્ત પામે છે, અને કોઈ પણ નામાભિધાન પામતી નથી, તે રીતે નામકાયાથી વિમુક્ત થયેલો મુનિ અસ્ત પામે છે અને કોઈ પણ નામાભિધાન પામતો નથી. (૬)

૧૦૭૫. હે મુનિ, તે અસ્ત પામે છે કે નાશ પામે છે ? કે તે સદાસર્વદા અરોગ થાય છે, એ મને બરાબર સમજાવો. કારણ આ ધર્મ તમે બરાબર જાણો છો. (૭)

૧૦૭૬. હે ઉપસીવ, જે અસ્ત પામે છે તેને માપ નથી,–એમ ભગવાન બોલ્યા–– જેનાથી તેની કશામાં પણ ગણના થઈ શકે તેવું (લોભાદિ માપ) તેને નથી. બધા જ પદાર્થો લય પામે એટલે તે વિષે બધા વાદવિવાદ પણ લય પામે છે. (૮)

ઉપસીવમાણવપુચ્છા સમાપ્ત

नन्दमाणवपुच्छा (७)

१०७७. सन्ति लोके मुनयो (इच्चायस्मा नन्दो) जना वदन्ति तयिदं कथंसु।
ञाणूपपन्नं नो मुनिं वदन्ति उदाहु वे जीवितेनूपपन्नं।।१।।

१०७८. न दिट्ठिया न सुतिया न ञाणेन मुनीध नन्द कुसला वदन्ति।
विसेनिकत्वा अनिघा निरासा चरन्ति ये ते मुनयो'ति ब्रूमि ।।२।।

१०७९. ये केचि' मे समणब्राह्मणासे (इच्चायस्मा नन्दो)
दिट्ठस्सुतेना' पि वदन्ति सुद्धिं।
सीलब्बतेनापि वदन्ति सुद्धिं अनेकरूपेन वदन्ति सुद्धिं।
कच्चिंस्सु ते भगवा तत्थ यता चरन्ता
अतारुं जातिं च जरं च मारिस।
पुच्छामि तं भगवा ब्रूहि मे तं ।।३।।

१०८०. ये केचिमे समणब्राह्मणासे (नन्दाति भगवा)
दिट्ठस्सुतेनापि वदन्ति सुद्धिं ।
सीलब्बतेनापि वदन्ति सुद्धिं अनेकरूपेन वदन्ति सुद्धिं ।
किञ्चापि ते तत्थ यता चरन्ति नातरिंसु जातिजरं'ति ब्रूमि ।।४।।

१०८१. ये केचिमे समणब्राह्मणासे (इच्चायस्मा नन्दो)
दिट्ठस्सुतेनापि वदन्ति सुद्धिं।
सीलब्बतेनापि वदन्ति सुद्धिं अनेकरूपेन वदन्ति सुद्धिं ।
सचे मुनि ब्रूसि अनोघतिण्णे अथ को चरहि देवमनुस्सलोके।
अतारि जातिं च जरं च मारिस पुच्छामि तं भगवा ब्रूहि मे तं।। ५।।

१०८२. नाहं सब्बे समणब्राह्मणासे (नन्दाति भगवा) जातिजराय निवुता'ति ब्रूमि।
येसीध दिट्ठं व सुतं मुतं वा सीलब्बतं वाति पहाय सब्बं ।
अनेकरूपं'पि पहाय सब्बं तण्ह परिञ्ञाय अनासवासे ।
ते वे नरा ओघतिण्णाति ब्रूमि ।। ६।।

નન્દમાણવપુચ્છા (૭)

૧૦૭૭. આ જગતમાં લોકો કેટલાકને મુનિ કહે છે--એમ આયુષ્યમાન નન્દ બોલ્યો--પણ તેમનું આ કહેવું બરાબર છે ખરું ? તેઓ જ્ઞાનસંપન્નને મુનિ કહે છે કે (કેવળ વ્રતાદિ) ઉપજીવિકાસંપન્નને મુનિ કહે છે ? (૧)

૧૦૭૮. (ભગવાન-) હે નન્દ, દૃષ્ટિથી, શ્રુતિથી કે જ્ઞાનથી મુનિ નથી થવાતું એમ સુજ્ઞો કહે છે. મનમાંના વિરોધનો નાશ કરીને જે નિર્દુઃખ અને નિસ્તૃષ્ણ થઈને રહે છે તેમને હું મુનિ કહું છું. (૨)

૧૦૭૯. જે કોઈ શ્રમણ કે બ્રાહ્મણ-એમ આયુષ્માન નન્દ બોલ્યો- દૃષ્ટથી અને શ્રુતથી શુદ્ધિ થાય છે એમ કહે છે, શીલવ્રતથી શુદ્ધિ થાય છે એમ કહે છે, અથવા બીજા અનેક ઉપાયોથી શુદ્ધિ થાય છે એમ કહે છે તેઓ, હે ભગવન્, હે મારિષ, તે તે પંથમાં યતાત્મા થઈને રહે તો જન્મ અને જરા તરી જાય છે ખરા ? આ હું પૂછું છું. હે ભગવન્, તે મને કહો. (૩)

૧૦૮૦. હે નન્દ, જે કોઈ શ્રમણ અને બ્રાહ્મણ-એમ ભગવાન બોલ્યા--દૃષ્ટથી અને શ્રુતથી શુદ્ધિ થાય છે એમ કહે છે, શીલવ્રતથી શુદ્ધિ થાય છે એમ કહે છે, અથવા બીજા અનેક ઉપાયોથી શુદ્ધિ થાય છે એમ કહે છે તેઓ, જો તે તે પંથમાં યતાત્મા થઈને વર્તે તોપણ જન્મ અને જરા તરી જતા નથી, એમ હું કહું છું. (૪)

૧૦૮૧. જે કોઈ શ્રમણ અને બ્રાહ્મણ-એમ આયુષ્માન નન્દ બોલ્યો-દૃષ્ટથી અને શ્રુતથી શુદ્ધિ થાય છે એમ કહે છે, શીલવ્રતથી શુદ્ધિ થાય છે એમ કહે છે, કે બીજા અનેક ઉપાયોથી શુદ્ધિ થાય છે એમ કહે છે તેઓ જો, હે મુનિ, ઓઘતીર્ણ નથી એમ તમે કહો છો, તો પછી, હે મારિષ, દેવમનુષ્યલોકમાં જનમ અને જરા કોણ તરી જાય છે ? હે ભગવન્, આ હું તમને પૂછું છું, તે મને કહો. (૫)

૧૦૮૨. હે નન્દ, બધા જ શ્રમણો અને બ્રાહ્મણો-એમ ભગવાન બોલ્યા--જન્મ અને જરાથી ઘેરાયેલા (ઢંકાયેલા) છે એમ હું કહેતો નથી. જેઓ આ જગતમાં દૃષ્ટ, શ્રુત, અનુમિત, બધી જાતનાં શીલવ્રતો અને અનેકવિધ ઉપાયો છોડીને અને સર્વપ્રકારની તૃષ્ણા જાણીને અનાસ્રવ થાય છે તે માણસો જ ઓઘતીર્ણ છે એમ હું કહું છું. (૬)

१०८३. एताभिनन्दामि वचो महेसिनो सुकित्तितं 'गोतम नूपधीकं ।
येसीध दिट्ठं व ... पे० ... अनासवासे।
अहम्पि ते ओघतिण्णाति ब्रूमी'ति।।७।।

नन्दमाणवपुच्छा निट्ठिता

६३

हेमकमाणवपुच्छा (८)

१०८४. ये मे पुब्बे वियाकंसु (इच्चायस्मा हेमको)
हुरं गोतमसासना 'इच्चासि इति भवस्सिति' ।
सब्बं तं इतिहीतिहं सब्बं तं तक्कवड्ढनं।
नाहं तत्थ अभिरमिं ।।१।।

१०८५. त्वं च मे धम्ममक्खाहि तण्हानिग्घातनं मुनि ।
यं विदित्वा सतो चरं तरे लोके विसत्तिकं।।२।।

१०८६. इध दिट्ठसुतमुतविञ्ञातेसु पियरूपेसु हेमक ।
छन्दराग विनोदनं निब्बाणपदमच्चुतं।।३।।

१०८७. एतदञ्ञाय ये सता दिट्ठधम्माभिनिब्बुता ।
उपसन्ता च ते सदा तिण्णा लोके विसत्तिक'न्ति।।४।।

हेमकमाणवपुच्छा निट्ठिता।

६४

तोदेय्यमाणवपुच्छा (९)

१०८८. यस्मिं कामा न वसन्ति (इच्चायस्मा तोदेय्यो) तण्हा यस्सन विज्जति
कथंकथा च यो तिण्णो विमोक्खो तस्स कीदिसो।।१।।

१०८९. यस्मिं कामा न वसन्ति (तोदेय्याति भगवा) तण्हा यस्स न विज्जति।
कथंकथा च यो तिण्णो विमोक्खो तस्स नापरो।।२।।

१०९०. निरासयो सो उद आससानो पञ्ञाणवा सो उद पञ्ञाकप्पी।
मुनिं अहं सक्क यथा विजञ्ञं तं मे वियाचिक्ख समन्तचक्खु।।३।।

१०९१. निरासयो सो न सो आससानो पञ्ञाणवा सो न च पञ्ञाकप्पी।
एवंपि तोदेय्य मुनिं विजान अकिञ्चनं कामभ असत्तन्ति।।४।।

तोदेय्यमाणवपुच्छा निट्ठिता।

૧૦૮૩. (નન્દ--) મહર્ષિનાં આ વચનોનું હું અભિનંદન કરું છું. હે ગોતમ, અનુપાધિક (નિર્વાણ) તમે ઉત્તમ રીતે મને સમજાવ્યું. જેનો આ જગતમાં દૃષ્ટ, શ્રુત, અનુમિત, સર્વપ્રકારનાં શીલવતો અને અનેકવિધ ઉપાયો છોડીને બધી જાતની તૃષ્ણા જાણીને અનાસ્રવ થાય છે તે માણસો ઓઘતીર્ણ છે એમ હું પણ કહું છું. (૭)

નન્દમાણવ પુચ્છા સમાપ્ત

૬૩

હેમકમાણવપુચ્છા (૮)

૧૦૮૪. ગોતમના ઉપદેશ પહેલાં-એમ આયુષ્માન હેમક બોલ્યો--જેઓ આ આવું છે અને આમ થશે એવો ઉપદેશ કરતા તે ઉપદેશ બધો પરંપરાથી આવેલો અને બધો તર્ક વધારનારો (હતો.) (૧)

૧૦૮૫. તેમાં મને આનંદ આવ્યો નહિ. પરંતુ હે મુનિ, જેનું જ્ઞાન મેળવીને સ્મૃતિમાન થઈને વર્તનારો માણસ આ જગતમાં તૃષ્ણાની પાર જાય એવો તૃષ્ણાનો નાશ કરનારો ધર્મ તમે મને કહો. (૨)

૧૦૮૬. (ભગવાન-) હે હેમક, આ જગતમાં દષ્ટ, શ્રુત, અનુમિત, અને વિજ્ઞાનં એવી જે પ્રિય વસ્તુઓ હોય તેમનો છંદ અને લોભ છોડી દેવો એ અચ્યુત નિર્વાણપદ છે, (૩)

૧૦૮૭. એમ જાણીને જે સ્મૃતિમાન આ જ જન્મમાં નિર્વાણ પામે છે તેઓ સર્વદા શાંત રહી જગતમાં તૃષ્ણાની પાર જાય છે. (૪)

હેમકમાણવપુચ્છા સમાપ્ત

૬૪

તોદેય્યમાણવપુચ્છા (૯)

૧૦૮૮. જેને કામોપભોગ નથી-એમ આયુષ્માન તોદેય્ય બોલ્યો--જેને તૃષ્ણા નથી અને જે શંકાની પાર ગયો હોય તેનો મોક્ષ કઈ જાતનો હોય ? (૧)

૧૦૮૯. હે તોદેય્ય, જેને કામોપભોગ ન હોય,--એમ ભગવાન બોલ્યા-જેને તૃષ્ણા ન હોય, અને જે શંકાની પાર ગયો હોય તેને મોક્ષ જેવો બીજો કોઈ પદાર્થ રહેતો જ નથી. (તે જ તેનો મોક્ષ) (૨)

૧૦૯૦. હે સમન્તચક્ષુ શાકય, તે વાસનારહિત થયો કે તેની વાસના બાકી રહે છે ? તે મુનિ પ્રજ્ઞાવાન હોય છે કે પ્રજ્ઞાની કલ્પના કરનારો હોય છે ? એ હું જે રીતે સમજી શકું તે રીતે મને કહો. (૩)

૧૦૯૧. (ભગવાન--) હે તોદેય્ય, તે વાસનારહિત થાય છે, તેની વાસના બાકી રહેતી નથી. તે પ્રજ્ઞાવાન થાય છે, પ્રજ્ઞાની કલ્પના કરનારો નહિ. મુનિ આ રીતે કામભવમાં અનાસક્ત અને અકિંચન હોય છે એમ સમજ. (૪)

તોદેય્યમાણવપુચ્છા સમાપ્ત

६५

कप्पमाणवपुच्छा (१०)

१०९२. मज्झे सरस्मिं तिट्ठतं (इच्चायस्मा कप्पो) ओधे जाते महब्भये।

जरामच्चुपरेतानं दीपं पब्रूहि मारिस।

त्वं च मे दीपमक्खाहि यथयिदं नापरं सिया ।। १।।

१०९३. मज्झे सरस्मिं तिट्ठतं (कप्पाति भगवा) ओधे जाते महब्भये ।

जरामच्चुपरेतान दीपं पब्रूमि कप्प ते।।२।।

१०९४. अकिंचनं अनादनं एतं दीपं अनापरं ।

निब्बाणं इति नं ब्रूमि जरामच्चुपरिक्खयं।।३।।

१०९५. एतदञ्ञाय ये सता दिट्ठधम्माभिनिब्बुता ।

न ते मारवसानुगा न ते मारस्स पद्धगू'ति।।४।।

कप्पमाणवपुच्छा निट्ठिता।

६६

जतुकण्णिमाणवपुच्छा (११)

१०९६. सुत्वानहं वीरमकामकामिं (इच्चायस्मा जतुकण्णी)

ओधातिगं पुट्ठमकाममागमं।

सन्तिपदं ब्रूहि सहाजनेत्त यथातच्छं भगवा ब्रूहि मे तं।। १।।

१०९७. भगवा हि कामे अभिभुय्य इरियति

आदिच्चोंव पठविं तेजि तेजसा।

परित्तपञ्ञस्स मे भूरिपञ्ञ अचिक्ख धम्मं यमहंविजञ्ञं ।

जातिजराय इध विप्पहानं।।२।।

१०९८. कामेसु विनय गेधं (जतुकण्णीति भगवा)

नेक्खम्मं दट्ठु खेमतो ।

उग्गहीतं निरत्तं वा मा ते विज्जित्थ किञ्चनं।।३।।

૬૫

કપ્પમાણવપુચ્છા (૧૦)

૧૦૯૨. સંસારના મધ્યભાગમાં રહેતાં–એમ આયુષ્માન કપ્પ બોલ્યો–અને ભયંકર ઓઘ ચાલતો હોય ત્યારે, હે મારિષ જરામૃત્યુપરાયણ માટે દ્વીપ કયો તે કહો. (૧)

૧૦૯૩. હે કપ્પ, સંસારના મધ્યભાગમાં રહેતાં–એમ ભગવાન બોલ્યા–અને ભયંકર ઓઘ ચાલતો હોય ત્યારે જન્મમૃત્યુપરાયણ માટે દ્વીપ કયો તે હું તને, હે કપ્પ, કહું છું. (૨)

૧૦૯૪. આકિંચન્ય અને અનાદાન એ તે અજોડ દ્વીપ છે, તે જરામૃત્યુનો ક્ષય કરનાર નિર્વાણ છે, એમ હું કહું છું. (૩)

૧૦૯૫. આ જાણીને જે સ્મૃતિમાન લોકો આ જ જન્મમાં પરિનિર્વાણ પામે છે તે મારને વશ થતા નથી; તેઓ મારને અનુસરતા નથી. (૪)

કપ્પમાણવપુચ્છા સમાપ્ત

૬૬

જતુકણ્ણિમાણવપુચ્છા (૧૧)

૧૦૯૬. હે વીર, તમે અકામકામી છો એવું સાંભળીને–એમ આયુષ્માન જતુકણ્ણિ બોલ્યો–ઓઘતીર્ણ નિષ્કામ એવા તમને પૂછવા માટે હું આવ્યો છું. હે સહજનેત્ર, શાંતિપદ કયું તે કહો. હે ભગવન્ તે મને યથાર્થ રીતે સમજાવો. (૧)

૧૦૯૭. કારણ, સૂર્ય જેમ પોતાના તેજથી પૃથ્વી ઉપર આક્રમણ કરે છે, તેમ ભગવાન કામોપભોગ ઉપર જય મેળવીને રહે છે. હે વિપુલપ્રજ્ઞ, મર્યાદિત પ્રજ્ઞાવાળા મને, હું સમજી શકું એવી રીતે, જન્મ અને જરાનો નાશ કરનારો ધર્મ કહો. (૨)

૧૦૯૮. હે જતુકણ્ણિ, નિર્વાણ ક્ષેમકર છે એમ સમજીને–એમ ભગવાન બોલ્યા––કામોપભોગનો લોભ છોડ, અને આસક્તિ કે અનાસક્તિમાંથી કંઈ પણ સિલક ન રહેવા દે. (૩)

१०९९. यं पुब्बे तं विसोसेहि पच्छा ते माहु किञ्चनं।

मज्झे चे नो गहेस्ससि उपसन्तो चरिस्ससि।।४।।

११००. सब्बतो नामरूपस्मिं वीतगेधस्स ब्राह्मण।

आसवास्स न विज्जन्ति येहि मच्चुवसं वजेति।।५।।

जतुकण्णिमाणवपुच्छा निट्ठिता।

६७

भद्रावुधमाणपुच्छा (१२)

११०१. ओकंजहं तण्हच्छिदं अनेजं (इच्चायस्मा भद्रावुधो) नन्दिजहं ओघतिण्णं विमुत्तं।

कप्पंजहं अभियाचे सुमेधं

सुत्वान नागस्स अपनमिस्सन्ति इतो।। १।।

११०२. नाना जना जन पदेहि संगता तव वीर वाक्यं अभिकंखमाना।

तेसं तुवं साधु वियाकरोहि तथा हि ते विदितो एस धम्मो ।। २।।

११०३. अदानतण्हं विनयेथ सब्बं (भद्राभवुधाति भगवा)

उद्धं अधो तिरियं चापि मज्झे ।

यं यं हि लोकस्मिं उपादियन्ति तेनेव मारो अन्वेति जन्तुं ।। ३।।

११०४. तस्मा पजानं न उपादियेथ भिक्खु सतो किञ्चनं सब्बलोके।

आदानसत्ते इति पेक्खमानो पजं इमं मच्चुधेय्ये विसत्तन्ति ।। ४।।

भद्रावुधमाणवपुच्छा निट्ठिता।

६८

उदयमाणवपुच्छा (१३)

११०५. झायिं विरजमासीनं (इच्चायस्मा उदयो) कतकिच्चं अनासवं ।

पारगुं सब्बधम्मानं अत्थि पञ्हेन आगमं ।

अञ्ञाविमोक्खं पब्रूहि अविज्जाय पभेदनं।।१।।

११०६. पहानं कामच्छन्दानं (उदयाति भगवा) दोमनस्सान चूभयं ।

थीनस्स च पनूदनं कुक्कुच्चानं निवारणं।।२।।

૧૦૯૯. જે પૂર્વકાલીન હોય તેનું શોષણ કરે, ભવિષ્યકાળમાં કંઈ રહેવા દે નહિ, અને જો તું વર્તમાનકાળને વળગી નહિ રહે તો ઉપશાંત થઈને રહીશ. (૪)

૧૧૦૦. હે બ્રાહ્મણ, નામરૂપ વિષે સર્વથા વીતલોભ થયેલ માણસને જેનાથી તે મૃત્યુને વશ થાય એવા આસ્રવો રહેતા નથી. (૫)

જતુકણ્ણિમાણવપુચ્છા સમાપ્ત

૬૭

ભદ્રાવુધમાણવપુચ્છા (૧૨)

૧૧૦૧. ગૃહત્યાગી, તૃષ્ણાનો ઉચ્છેદ કરનાર, અપ્રકંપ્ય–એમ આયુષ્યમાન ભદ્રાવુધ બોલ્યો–આસક્તિનો ત્યાગ કરનાર, ઓઘતીર્ણ, વિમુક્ત, વિકલ્પત્યાગી અને સુમેધ એવા તમારી પાસે હું (ધર્મોપદેશની) યાચના કરું છું. અપાપ એવા તમારો ઉપદેશ સાંભળીને અહીથી આ માણસો સંતુષ્ટ થઈને જશે. (૧)

૧૧૦૨. હે વીર, તમારું ભાષણ સાંભળવાની ઈચ્છાથી આ માણસો અનેક દેશોમાંથી અહી ભેગા થયા છે. તેમને તમારો ધર્મ બરાબર સમજાવીને કહો. કારણ કે આ ધર્મ તમે સારી રીતે જાણો છો. (૨)

૧૧૦૩. હે ભદ્રાવુધ, બધી જાતની આદાનતૃષ્ણા–એમ ભગવાન બોલ્યા–પછી તે ભલે ઉપર, નીચે, ચારે બાજુ કે મધ્યમાં હોય તેનો નાશ કરવો. કારણકે જગતમાં પ્રાણી જે જે વસ્તુનું ઉપાદાન કરે છે તે તે દ્વારા માર તેની પાછળ પડે છે. (૩)

૧૧૦૪. માટે, આ લોકોને આસક્ત થયેલા અને મૃત્યુધ્યેયને વળગેલા જોઈને સમજુ ભિક્ષુએ સ્મૃતિમાન થઈને સર્વ જગતમાં કોઈપણ જાતનું ઉપાદાન કરવું નહિ. (૪)

ભ ાવુધમાણવપુચ્છા સમાપ્ત

૬૮

ઉદયમાણવપુચ્છા (૧૩)

૧૧૦૫. ધ્યાનરત, વિમલ, સ્થિર–એમ આયુષ્માન ઉદય બોલ્યો–કૃતકૃત્ય, અનાસ્રવ, અને જે બધા ધર્મોમાં પારંગત છે એવા પાસે હું પ્રશ્ન પૂછવાની ઈચ્છાથી આવ્યો છું. અવિદ્યાનો ભેદ કરનારો અને પ્રજ્ઞાથી મળનારો વિમોક્ષ કયો તે કહો. (૧)

૧૧૦૬. હે ઉદય, કામચ્છંદ અને દૌર્મનસ્ય–એમ ભગવાન બોલ્યા–એ બન્નેનો ત્યાગ કરનારો, આળસનો નાશ કરનારો, કુશંકાઓનું નિવારણ કરનારો, (૨)

११०७. उपेक्खा सतिसंसुद्धं धम्मतक्कपुरेजवं ’।
अञ्ञाविमोक्खं पब्रूमि अविज्जाय पभेदनं।।३।।
११०८. किं सु संयोजनो लोको किं सु तस्स विचारणं ।
किस्स’स्स विप्पाहानेन निब्बाणं इति वुच्चति।।४।।
११०९. नन्दी संयोजनो लोको वितक्कस्स विचारणा ।
तण्हाय विप्पहानेन निब्बाणं इति वुच्चति।।५।।
१११०. कथं सतस्स चरतो विञ्ञाणं उपरुज्झति ।
भगवन्तं पुट्ठुमागम्म तं सुणोम वचो तव।।६।।
११११. अज्झत्तं च बहिद्धा च वेदनं नाभिनन्दतो ।
एवं सतस्सं चरतो विञ्ञाणं उपरुज्झती’ति।।७।।

उदयमाणवपुच्छा निट्ठिता।

६९

पोसालमाणवपुच्छा (१४)

१११२. यो अतीतं आदिसति (इच्चायस्मा पोसालो) अनेजो छिन्नसंसयो।
पारगुं सब्बधम्मानं अत्थि पञ्हेन आगमं।।१।।
१११३. विभूतरूपसञ्ञिस्स सब्बकायप्पहायिनो ।
अज्झत्तं च बहिद्धा च नत्थि किञ्चीति पस्सतो ।
ञाणं सक्कानुपुच्छामि कथं नेय्यो तथाविधो।।२।।
१११४. विञ्ञाणट्ठितियो सब्बा (पोसालाति भगवा) अभिजानं तथागतो।
तिट्ठन्तमेनं जानाति विमुत्तं तप्परायणं।।३।।
१११५. आकिञ्चञ्ञासंभवं ञत्वा नन्दी संयोजनं इति ।
एवमेवमभिञ्ञाय ततो तत्थ विपस्सति ।
एतं ञाणं तथं तस्स ब्राह्मणस्स वुसीमतो’ति।।४।।

पोसालमाणवपुच्छा निट्ठिता।

૧૧૦૭. ઉપેક્ષા અને સ્મૃતિથી શુદ્ધ થયેલો, અને જેના આરંભમાં ધાર્મિક વિતર્ક બળવાન હોય છે તે અવિદ્યાનો ભેદ કરનારો અને પ્રજ્ઞાથી મેળવેલો વિમોક્ષ છે એમ હું કહું છું. (૩)

૧૧૦૮. (ઉદય–) જગતનું સંયોજન કયું? તેને ચિંતા કઈ? શાના નાશથી તેને નિર્વાણ મળે છે? (૪)

૧૧૦૯. (ભગવાન–) લોભ એ જગતનું સંયોજન છે; વિતર્ક તેની ચિંતા છે; અને તૃષ્ણાના નાશથી તેને (જગતને) નિર્વાણ મળે છે. (૫)

૧૧૧૦. (ઉદય–) કઈ રીતે વર્તવાથી માણસના વિજ્ઞાનનો નિરોધ થાય છે તે ભગવાનને અમે પૂછીએ છીએ. તેનો આપ શો જવાબ આપો છો તે અમે સાંભળવા માગીએ છીએ. (૬)

૧૧૧૧. (ભગવાન–) આધ્યાત્મિક અને બાહ્ય વેદનાઓનું અભિનંદન ન કરતાં જે વર્તે છે તેનું વિજ્ઞાન નિરોધ પામે છે. (૭)

ઉદયમાણવપુચ્છા સમાપ્ત

૬૯

પોસાલમાણવપુચ્છા (૧૪)

૧૧૧૨. જે પૂર્વજન્મ કહી શકે છે,--એમ આયુષ્માન પોસાલ બોલ્યો--જે અપ્રકંપ્ય છે, જેના સંશયો નષ્ટ થયા છે, અને જે બધા ધર્મોમાં પારંગત છે એવા પાસે હું પ્રશ્ન પૂછવાની ઈચ્છાથી આવ્યો છું. (૧)

૧૧૧૩. જેણે રૂપસંજ્ઞાઓનો અતિક્રમ કર્યો હોય, અને દેહબુદ્ધિનો ત્યાગ કર્યો હોય, તથા જે અંદર કે બહાર કોઈ પણ વસ્તુ નથી એમ જુએ છે, તેને કયું જ્ઞાન મળે છે, અને તે કયે માર્ગે થઈને જાય છે એ, હે શાકય, હું તમને પૂછું છું. (૨)

૧૧૧૪. હે પોસાલ, વિજ્ઞાનની બધી પાયરીઓ (કક્ષાઓ) જાણનાર–એમ ભગવાન બોલ્યા–તથાગત, આવો માણસ કઈ પાયરીએ છે અને તત્પરાયણ થઈને વિમુક્ત થયો છે એ જાણે છે. (૩)

૧૧૧૫. તે પાયરી ઉપર પહોંચેલા માણસે, પોતાનો જન્મ આકિંચન્યલોકમાં થવાનો સંભવ છે, અને તે વાસના સંયોજનકારક છે, એમ જાણીને અનિત્યાદિ લક્ષણોથી તેની ભાવના (વિપસ્સના) કરવી. તે કૃતકૃત્ય બ્રાહ્મણને આ યથાર્થ જ્ઞાન મળે છે. (૪)

પોસાલમાણવપુચ્છા સમાપ્ત

७०

मोघराजमाणवपुच्छा (१५)

११९६. द्वाहं सक्कं अपुच्छिस्सं (इच्चायस्मा मोघराजा)

न मे व्याकासि चक्खुमा।

याव ततियं च देवीसि ब्याकरोतीति मे सुतं।।१।।

१११७. अयं लोको परो लोको ब्रह्मलोको सदेवको ।

दिट्ठिं ते नाभिजानामि गोतमस्स यसस्सिनो।।२।।

१११८. एवं अभिक्कन्तदस्साविं अत्थि पञ्हेन आगमं ।

कथं लोक अवेक्खन्तं मच्चुराजा न पस्सति।।३।।

१११९. सुञ्ञातो लोकं अवेक्खस्सु मोघराज सदा सतो ।

अतानुदिट्ठि उहच्च एवं मच्चुतरो सिया ।

एवं लोकं अवेक्खन्तं मच्चुराजा न पस्सती'ति।।४।।

मोघराजमाणवपुच्छा निट्ठिता।

७१

पिंगियमाणवपुच्छा (१६)

११२०. जिण्णो'हमस्मि अबलो वीतवण्णो (इच्चायस्मा पिंगियो) ।

नेता न सुद्धा सवनं न फासु। मांहं नस्सं मोमुहो अन्तराय ।

आचिक्ख धम्मं यमहं विजञ्ञं। जातिजराय इध विप्पहानं ।। १।।

११२१. दिस्वान रूपेसु विहञ्ञमाने (पिंगियाति भगवा)

रुप्पन्ति रूपेसु जना पमत्ता। तस्मा तुवं पिंगिय अप्पमत्तो

जहस्सु रूपं अपुनब्भवाय।।२।।

११२२. दिसा चतस्सो विदिसा चतस्सो उद्धं अधो दस दिसता इमायो।

न तुय्हं अदिट्ठं असुतं मुतं वा

अथो अविञ्ञातं किञ्चनमत्थि लोके ।

आचिक्ख धम्मं यमहं विजञ्ञा

जातिजराय इध विप्पहानं।।३।।

૭૦

મોઘરાજમાણવપુચ્છા (૧૫)

૧૧૧૬. મે શાકયને (બુદ્ધને) બેવાર પ્રશ્ન પૂછયો--એમ આયુષ્માન મોઘરાજા બોલ્યો--પણ તે ચક્ષુષ્મન્તે મને જવાબ આપ્યો નહિ; ત્રીજીવાર પ્રશ્ન પૂછવાથી તે દેવર્ષિ જવાબ આપે છે એમ મે સાંભળ્યું છે. (૧)

૧૧૧૭. યશસ્વી ગોતમની-તમારી દૃષ્ટિ કેવી જાતની છે એ ઇહલોક પરલોક અને સદેવક બ્રહ્મલોક જાણતા નથી. (૨)

૧૧૧૮. આવી રીતે જેની દૃષ્ટિ ઉચ્ચ દરજ્જાની છે એવા પાસે હું પ્રશ્ન પૂછવાની ઇચ્છાથી આવ્યો છું. જગત તરફ કઈ રીતે જોવાથી તે મનુષ્ય તરફ મૃત્યુરાજા જોતો નથી ? (૩)

૧૧૧૯. (ભગવાન-) હે મોઘરાજા, કાયમ સ્મૃતિમાન થઈને જગત શૂન્ય છે એ અવલોકન કર, અને આત્મદૃષ્ટિનો ત્યાગ કર, અને એથી મૃત્યુની પાર જનારો થા. આ રીતે જે જગત તરફ જુએ છે તેની તરફ મૃત્યુરાજા જોતો નથી. (૪)

મોઘરાજમાણવપુચ્છા સમાપ્ત

૭૧

પિંગિયમાણવપુચ્છા (૧૬)

૧૧૨૦. હું જીર્ણ, અબલ અને વીતવર્ણ છું,- એમ આયુષ્માન પિંગિય બોલ્યો-મારી આંખો સાફ નથી, કાને સાંભળવામાં મુશ્કેલી આવે છે. એટલે મોહબદ્ધ થઈને એકાએક મારો અન્ત ન થાય એ માટે હું સમજી શકું એવી રીતે જન્મજરાનો નાશ કરનાર ધર્મ મને કહો. (૧)

૧૧૨૧. હે પિંગિય, લોકો રૂપમાં પ્રમત્ત થઈને-એમ ભગવાન બોલ્યા-દુઃખ ભોગવે છે અને આઘાત પામે છે એ જોઈને, હે પિંગિય, પુનર્જન્મ ન થાય એટલા માટે અપ્રમત્ત થઈને તું રૂપનો ત્યાગ કર. (૨)

૧૧૨૨. (હે ભગવન્) આ જગતમાં તમારે માટે ચાર દિશા, ચાર વિદિશા, ઉપર અને નીચે (મળીને) એ દશે દિશાઓમાં કઈ અદૃષ્ટ, અશ્રુત, અનનુમિત અને અવિજ્ઞાત નથી, માટે જન્મજરાનો નાશ કરનારો ધર્મ કયો તે હું સમજી શકું એવી રીતે કહો. (૩)

११२३. तण्हा'धिपन्ने मनुजे पेक्खमानो (पिंगियाति भगवा)
सन्ताप जाते जरसा परेते ।
तस्मा तुवं पिंगिय अप्पमत्तो
जहस्सु तण्हं अपुनब्भवाया'ति।।४।।

पिंगियमाणवपुच्छा निट्ठिता।

७२

पारायणसुत्तं (१७)

इदमवोच भगवा मगधेसु विहरन्तो पासाणके चेतिये परिचारक सोळसानं ब्राह्मणानं अज्झिट्ठो पुट्ठो पुट्ठो पञ्हे व्याकासि। एकमेकस्स चे'पि पञ्हस्सअत्थं अञ्ञाय धम्मं अञ्ञाय धम्मानुधम्मं पटिपज्जेय्य गच्छेय्येव जरामरण स्स पारं। पारंगमनीया इमे धम्मा'ति; तस्मा इमस्स' धम्मपरियायस्स पारायण त्वेव अधिवचनं।

११२४. अजितो तिस्समेत्तेय्यो पुण्णको अथ मेत्तगू ।
धोतको उपसीवो च नन्दो च अथ हेमको।।१।।
११२५. तोदेय्यकप्पा दुभयो जतुकण्णी च पण्डितो ।
भद्रावुधो उदयो च पोसालो चापि ब्राह्मणो ।
मोघराजा च मेधावी पिंगियो च महाइसि।।२।।
११२६. एते बुद्धं उपागञ्छुं सम्पन्नचरणं इसिं ।
पुच्छन्ता निपुणे पञ्हे बुद्धसेट्ठं उपागमुं।।३।।
११२७. तेसं बुद्धो व्याकासि पञ्हे पुट्ठो यथातथं ।
पञ्हानं वेय्याकरणेन तोसेसि ब्राह्मणे मुनि।।४।।
११२८. ते तोसिता चक्खुमता; बुद्धेनादिच्चबन्धुना ।
ब्रह्मचरिय्यमचरिंसु वरपञ्ञस्स सन्तिके।।५।।
११२९. एकमेकस्स पञ्हस्स यथा बुद्धेन देसितं ।
तथा यो पटिपज्जेय्य गच्छे पारं अपारतो।।६।।

૧૧૨૩. હે પિંગિય, તૃષ્ણામાં બદ્ધ થયેલા–એમ ભગવાન બોલ્યા–અને તેનાથી સંતાપ પામનારા તથા જરાગ્રસ્ત એવા માણસોને જો; એને માટે હે પિંગિય, પુનર્જન્મ ન થાય એટલા માટે અપ્રમત્ત થઈને તું તૃષ્ણાનો ત્યાગ કર. (૪)

પિંગિયમાણવપુચ્છા સમાપ્ત

૭૨

પારાયણસુત્ત (૧૭)

મગધદેશમાં પાસાણક ચેતિયમાં રહેતા હતા ત્યારે ભગવાન આમ બોલ્યા. બાવરીના સોળ બ્રાહ્મણ શિષ્યોએ પોતાના પ્રશ્નોના જવાબ આપવાની વિનંતિ કરી ત્યારે ભગવાને તેમના પ્રશ્નોના યથાયોગ્ય જવાબ આપ્યા. આમાંથી એકાદ જવાબનો પણ અર્થ સમજીને જે તે પ્રમાણે વર્તશે તે જરામરણની પાર જશે. આ ઉપદેશ સંસારની પાર લઈ જનારો હોવાથી આનું નામ પારાયણ છે.

૧૧૨૪. અજિત, તિસ્સમેત્તેય્ય, પુણ્ણક, મેત્તગૂ, ધોતક, ઉપસીવ, નંદ અને હેમક, (૧)

૧૧૨૫. તોદેય્ય અને કપ્પ એ બન્ને, અને પંડિત જતુકણ્ણિ, ભદ્રાવુધ, ઉદય, અને બ્રાહ્મણ પોસાલ, મેધાવી મોઘરાજા અને મહર્ષિ પિંગિય, (૨)

૧૧૨૬. આ (શિષ્યો) સદાચારસંપન્ન ઋષિ પાસે–બુદ્ધની પાસે–આવ્યા, અને તેમણે તે બુદ્ધશ્રેષ્ઠને માર્મિક પ્રશ્નો પૂછયા. (૩)

૧૧૨૭. બુદ્ધે તેમના પ્રશ્નોના યથાયોગ્ય જવાબ આપ્યા. તે મુનિએ યોગ્ય જવાબ આપીને તે બ્રાહ્મણોને સંતુષ્ટ કર્યા. (૪)

૧૧૨૮. આદિત્યબંધુ બુદ્ધે સંતુષ્ટ કરેલા તે બ્રાહ્મણો તે શ્રેષ્ઠપ્રજ્ઞ પાસે બ્રહ્મચર્યનું આચરણ કરવા લાગ્યા. (૫)

૧૧૨૯. બુદ્ધે આપેલા જવાબમાંથી એક પણ જવાબને અનુસરીને જે ચાલશે તે સંસાર તરી જશે. (૬)

११३०. अपारा पारं गच्छेय्य भावेन्तो मग्गमुत्तमं ।
मग्गो सो पारं गमनाय तस्मा पारायणं इति ।।७।।
११३१. पारायणमनुगायिस्सं (इच्चायस्मा पिंगियो)
यथा अद्दक्खि तथा अक्खासि विमलो भूरिमेधसो
निक्कामो निब्बनो नाथो किस्स हेतु मुसा भणे।।८।।
११३२. पहीनमलमोहस्स मानमक्खप्पहायिनो ।
हन्दाहं कित्तयिस्सामि गिरं वण्णूपसंहितं।।९।।
११३३. तमोनुदो बुद्धो समन्तचक्खु लोकन्तगू सब्बभवातिवत्तो।
अनासवो सब्बदुक्खप्पहीनो सच्चव्हयो ब्रह्मे उपासितो मे।।१०।।
११३४. दिजो यथा कुब्बनकं पहाय बहुप्फलं काननं आवसेय्य।
एवं पहं अप्पदस्से पहाय महोदधिं हंसरिव ज्झपत्तो।। ११।।
११३५ ये मे पुब्बे वियाकंसु हुरं गोतमसासनां इच्चासि इति भविस्सति।
सब्बं तं इतिहीतिहं सब्बं तं तक्फट्ढनं।।१२।।
११३६. एको तमनुदासीनो जातिमा सो पभंकरो।
गोतमो भूरिपञ्ञाणो गोतमो भूरिमेघसो।।१३।।
११३७. यो मे घम्ममदेसेसि सन्दिट्ठिकमकालिकं ।
तण्हक्खयमनीतिकं यस्स नत्थि उपमा क्वचि।।१४।।
११३८. किं नु तम्हा विप्पवसंसि मुहुत्तमपि पिंगिय।
गोतमा भूरिपञ्ञाणा गोतमा भूरिमेधसा।।१५।।
११३९. यो ते धम्मदेसेसि संदिट्ठिकमकालिकं ।
तण्हक्खयमनीतिकं यस्स नत्थि उपमा क्वचि।।१६।।
११४०. नाहं तम्हा विप्पवसामि मुहुत्तमपि ब्राह्मण ।
गोतमा भूरिपञ्ञाणा गोतमा भूरिमेधसा।।१७।।
११४१. यो मे धम्ममदेसेसि सिन्दिट्ठिकमकालिकं ।
तण्हक्खयमनीतिक यस्स नत्थि उपमा क्वचि।।१८।।

૧૧૩૦. તે ઉત્તમ માર્ગની ભાવના કરીને તે સંસાર તરી જશે. તે માર્ગ પાર જવા માટે હોવાથી તેને પારાયણ કહે છે. (૭)

૧૧૩૧. પારાયણનું હું અનુગાન કરું છું–એમ આયુષ્માન પિંગિય બોલ્યો–વિપુલપ્રજ્ઞે (બુદ્ધે) જેમ આ માર્ગ જાણ્યો તેમ તેનો ઉપદેશ કર્યો. તે નિષ્કામ અને નિસ્તૃષ્ણ નાથ કયા ઉદ્દેશથી ખોટું બોલે ? (૮)

૧૧૩૨. જેના મલ અને મોહ નષ્ટ થયા છે, અને જેણે અહંકાર અને અનાદરબુદ્ધિનો ત્યાગ કર્યો છે તેની સુંદર વાણીનું હું વર્ણન કર્યા કરીશ. (૯)

૧૧૩૩. આ બુદ્ધ તમનો નાશ કરનાર, સમન્તચક્ષુ, સંસારપારગ, સર્વ ભવોની પાર ગયેલ, અનાસ્રવ, અને સર્વ દુઃખોથી મુક્ત છે. હે બ્રાહ્મણ, તે નામ પ્રમાણે વર્તનાર બુદ્ધની મેં ઉપાસના કરી. (૧૦)

૧૧૩૪. પક્ષી જેમ ઉજ્જડ જંગલ છોડીને ફલસંપન્ન વનમાં જાય, અથવા હંસ જેમ મોટા સરોવર ઉપર જાય તેમ અલ્પપ્રજ્ઞોને છોડીને હું અહીં (ગોતમ પાસે) આવ્યો. (૧૧)

૧૧૩૫. ગોતમના ઉપદેશ પહેલાં, આ આવું છે અને આ આમ થશે એમ જે મને કહેતા તે બધું કેવળ પરંપરાગત આવેલું અને તર્ક વધારનારું હતું. (૧૨)

૧૧૩૬. પણ આ વિપુલપ્રજ્ઞ ગોતમ, આ વિપુલ બુદ્ધિવાળા ગોતમ એક જ તમનો નાશ કરનારા અને ખરો પ્રકાશ પાડનારા મને જણાયા. (૧૩)

૧૧૩૭. જેણે સમ્યગ્દૃષ્ટિ જેમાં છે એવા, અકાલફલદ તૃષ્ણાનો નાશ કરનારા, નિર્દુઃખ અને અનુપમ ધર્મનો ઉપદેશ મને કર્યો. (૧૪)

૧૧૩૮. હે પિંગિય, તે વિપુલપ્રજ્ઞ ગોતમથી, તે વિપુલબુદ્ધિ ગોતમથી તું એક ક્ષણવાર પણ દૂર કેમ રહીશ ? (૧૫)

૧૧૩૯. જેણે સમ્યગ્ દૃષ્ટિ જેમાં છે એવા, અકાલફલદ, તૃષ્ણાનો નાશ કરનારા, નિર્દુઃખ અને અનુપમ ધર્મનો તને ઉપદેશ કર્યો, (તેનાથી તું દૂર કેમ રહીશ ?) (૧૬)

૧૧૪૦. હે બ્રાહ્મણ, તે વિપુલપ્રજ્ઞ ગોતમથી, તે વિપુલબુદ્ધિ ગોતમથી હું ક્ષણવાર પણ દૂર રહીશ નહિ. (૧૭)

૧૧૪૧. જેણે સમ્યગ્દૃષ્ટિ જેમાં છે એવા, અકાલફલદ, તૃષ્ણાનો નાશ કરનારા, નિર્દુઃખ અને અનુપમ ધર્મનો મને ઉપદેશ કર્યો, (તેનાથી હું દૂર રહીશ નહિ.) (૧૮)

११४२. पस्सामि नं मनसा चक्खुना'व रत्तिंदिवं ब्राह्मणं अप्पमत्तो।

नमस्समानो विवसेमि' रत्तिं तेनेव मञ्ञामि अविप्पवास।।१९।।

११४३. सद्धा च पीती च मनो सती च नापेन्ति मे गोतमसासनम्हा ।

यं यं दिसं जति भूरिपञ्ञो स तेन तेनेव नतो' हमस्मि।।२०।।

११४४. जिण्णास्स मे दुब्बलथामकस्स तेनेव कायो न पलेति तत्थ।

संकप्पयत्ताय वजामि निच्चं मनो हि मे ब्राह्मण तेन युत्तो।।२१।।

११४५. पंक सयानो परिफन्दमानो दीपा दीपं उपप्लविं ।

अथ'द्दसासिं सम्बुद्धं ओधतिण्णमनासवं।।२२।।

११४६. यथा अहू वक्कलि मुत्तसद्धो

भद्रावुधो आळविगोतमो च ।

एवमेव त्व'पि पमुञ्चस्सु सद्धं

गमिस्ससि त्वं पिंगिय मच्चुधेय्यपारं।।२३।।

११४७. एस भिय्यो पसीदामि सुत्वान मुनिनो वचो ।

विवत्तच्छद्दो सम्बुद्धो अखिलो पटिभानवा।।२४।।

११४८. अधिदेवे अभिञ्ञाय सब्बं वेदि परोवरं ।

पञ्हानन्तकरो सत्था कंखीनं पटिजानतं।।२५।।

११४९. अद्धा गमिस्सामि न मे'त्थ कंखा

एवं मं धारेहि अधिमुत्तचित्त'न्ति।।२६।।

पारायणवग्गो निट्ठितो।

अट्ठभाणवारपरिमाणाय पाळिया।

निट्ठितो सुत्तनिपातो।

*****

૧૧૪૨. હે બ્રાહ્મણ, હું તેને રાતદિવસ અપ્રમત બનીને મનથી કે આંખોથી જોઉં છું, તેને નમસ્કાર કરીને રાત વિતાવું છું અને તેનાથી હું તેના સહવાસમાં છું એમ સમજું છું. (૧૯)

૧૧૪૩. મારી શ્રદ્ધા, પ્રીતિ, મન અને સ્મૃતિ ગોતમના ઉપદેશથી અલગ થતાં નથી. જે જે દિશામાં તે વિપુલપ્રજ્ઞ જાય છે તે તે દિશામાં હું નમન કરું છું. (૨૦)

૧૧૪૪. હું વૃદ્ધ અને બલહીન થયાથી મારો દેહ તે દિશામાં જઈ શકતો નથી. પણ મારી સંકલ્પયાત્રા નિત્ય ત્યાં થાય છે; કારણકે, હે બ્રાહ્મણ, મારું મન ત્યાં લાગેલું છે. (૨૧)

૧૧૪૫. હું કાદવમાં પડીને તરફડતો હતો, અને એક ટાપુએથી બીજા ટાપુએ વહેતો જતો હતો. એટલામાં ઓઘતીર્ણ અનાસ્રવ સંબુદ્ધને મેં જોયા. (૨૨)

૧૧૪૬. જેમ વક્કલિ, ભદ્રાવુધ અને આળવિગોતમ મોટા શ્રદ્ધાવાન થયા તેમ, હે પિંગિય, તું પણ શ્રદ્ધાવાળો થા. એનાથી તું મૃત્યુધેયની પાર જઈશ. (૨૩)

૧૧૪૭. મુનિનું આ વચન સાંભળીને મારું મન વધારે પ્રસન્ન થયું. અવિદ્યાનું આવરણ દૂર ખસેડનાર, કાઠિન્યરહિત અને પ્રતિભાશાળી સંબુદ્ધ, (૨૪)

૧૧૪૮. અધિદેવોને અને બધા ઉચ્ચનીચ ભાવોને જાણે છે, અને પોતાને સંશયગ્રસ્ત ગણાવનારા માણસોના પ્રશ્નોના (યોગ્ય જવાબો આપીને) નિકાલ કરનારા તે શાસ્તા (ગુરુ) છે. (૨૫)

૧૧૪૯. અહાર્ય, અસંકોપ્ય અને અનુપ એવા નિર્વાણને હું ખાતરીથી પામીશ. એમાં મને શક નથી. એવી રીતે હું શ્રદ્ધાવિમુક્ત છું એમ સમજ. (૨૬)

પારાયણ વગ્ગ સમાપ્ત

પાલિમાં આઠ ભાણપાર પત્રરમાણયુક્ત

સુત્તનિપાત્ત સમાપ્ત

❀ ❀ ❀ ❀ ❀

કોશ

(જ્યાં 'પૃષ્ઠ' એમ સાથે લખ્યું નથી ત્યાંનો અંક શ્લોકની સંખ્યા જણાવે છે.)

અકુતોભય = જેને કયાંયથી ભય નથી તેવો (૫૬૧)

અકુશલમૂળ = જુઓ શ્લોક ૧૪ ઉપરની નોંધ

અતીર્ણ પૂર્વ = કોઈ વાર નહિ તરાયેલો (૨૭૩)

અદત્તાદાન = ન આપેલું લેવું તે-ચોરી

અધિદેવ = દેવથી ઉત્તમ બનાવનાર ઉત્કૃષ્ટ મનોવૃત્તિ (૧૧૪૮)

અનન્યનેય = કોઈથી દોરાય નહિ તેવો-સ્વયં નેતા (૩૬૪)

અનાગામિતા = સક્કાયદિટ્ઠિ (આત્મા એ ભિન્ન પદાર્થ હોઈ તે નિત્ય છે એવી દૃષ્ટિ) વિચિકિચ્છા (બુદ્ધ ધર્મ અને સંઘના સંબંધમાં શંકા) અને શીલબ્બત પરામાસ (સ્નાનાદિ વ્રતો વડે જ મુક્તિ મળશે એવો વિશ્વાસ), આ ત્રણ સંયોજનનો (બંધનનો) જો યોગી નાશ કરી શકે તો તે સ્રોત-આપત્તિ-માર્ગમાં આવે છે. તેને સ્રોત-આપત્રિ-માર્ગસ્થ અને તે માર્ગમાં સ્થિર થયા બાદ (૨) સ્રોત આપત્તિ ફલસ્થ કહે છે. તે પછી કામરાગ, દ્વેષ અને મોહ દુર્બળ થાય એટલે તે સકૃદાગામિ માર્ગમાં આવે છે. તેને (૩) સકૃદાગામિ માર્ગસ્થ અને તે માર્ગમાં સ્થિર થયા બાદ (૪) સકૃદાગામિ ફલસ્થ કહે છે. ત્યાર બાદ કામરાગ (કામ વાસના) અને પટિઘ (ક્રોધ) આ બે સંયોજનોનો સંપૂર્ણ રીતે ઉચ્છેદ કરીને તે અનાગામિ માર્ગમાં આવે છે તેને (૫) અનાગામિ માર્ગસ્થ અને તેમાં સ્થિર થયા પછી (૬) અનાગામિ ફલસ્થ કહે છે. તે પછી રૂપરાગ (બ્રહ્મલોકાદિ પ્રાપ્તિની ઇચ્છા) માન (અહંકાર) ઉદ્ધચ્ચ (ભ્રાંતચિત્તતા) અને અવિજ્જા (અવિદ્યા) આ બાકી રહેલાં પાંચ સંયોજનોનો સમૂળગો નાશ કરીને તે અર્હન્માર્ગમાં આવે છે. તેને (૭) અર્હન્માર્ગસ્થ અને તે માર્ગમાં સ્થિર થયા બાદ (૮) અર્હન્ ફલસ્થ કહે છે.

અનાગારં = ઘર વિનાનો (ભિક્ષુ) (૨૦૭)

અનાત્મબુદ્ધિ = જુઓ ઉચ્છેદવાદ (૭૮૭)

અનાસ્રવ = આસ્રવ વિનાનો (જુઓ આસ્રવ) (૨૧૯)

અનિશ્રિત = અનાશ્રિત (૩૬૩)

અનુત્તર = અન્ + ઉત્તર-જેનાથી ઉત્તમ બીજો ન હોય તેવો (૧૭૯)

અનુપશ્યના = સમ્યગ્ દર્શન-બરાબર જોવું તે (પૃષ્ઠ-૧૬૫)

અનુપાદિશેષનિર્વાણ = અર્હત થયા બાદ પણ શારીરિક દુઃખ વગેરે ઉપાધિ બાકી

રહે છે. તે પણ જેમાં નથી રહેતી તેવું નિર્વાણ, જે અર્હતને મૃત્યુ બાદ મળે છે. (૩૫૪)

અનુરોધ વિરોધ = રાગ દ્વેષ (૩૬૨)

અભિજ્ઞેય = "જાણવા યોગ્ય" (સંસારનું દુઃખ) (૫૫૮)

અભિનિવેશ = દુરાગ્રહ (૨૧૦)

અભ્યાસથી ભાવિત = અભ્યાસથી ઉન્નત થયેલું (૨૩)

અભ્યાહત = ભગ્ન (૫૮૧)

અરતિ = અસંતુષ્ટતા (૬૪૨)

અર્હત્ત્વ = જુઓ અનાગામિતા (પૃષ્ઠ ૧૬૫)

અવદાન્ય = અનુદાર (૬૬૩)

અવિકત્થી = ગપ્પી નહિ તેવો (૮૫૦)

અષ્ટાંગિક માર્ગ = સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કર્માંત (કર્મ), સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ

અસપત્ન = જેને બીજો શુત્ર નથી એવો (૧૫૦)

અસંકોપ્ય = અસંક્ષુબ્ધ (૧૧૪૯)

અસિપત્રવન = તરવારના જેવાં તીક્ષ્ણ પાનવાળું વન (૬૭૩)

આચાર ગોચર = આચાર એટલે વડીલ માણસો સાથે, સભામાં, નદીના ઘાટ ઉપર અને અન્ય જગાએ સભ્યતાથી વર્તવું તે. અને ગોચર એટલે વેશ્યા ન હોય, દારૂની દુકાન ન હોય, ગાળો ભાંડનાર લોકો ન હોય એવી વસતી. આવી જગાએ ભિક્ષુને ભિક્ષા માટે જવાનું હોય. સારો આચાર અને સારો ગોચર સાચવનારને આચારસંપન્ન કહે છે. (૨૮૦)

આજન્ય = "ઘોડો, હાથી વગેરે પાળેલાં જાનવરોમાં સૌથી શ્રેષ્ઠ જાનવર" એવો મૂળ અર્થ છે. પરંતુ 'પુરુષવ્યાઘ્ર'ની પેઠે પુરુષાજન્ય જેવે સ્થળે (પુરુષોમાં) શ્રેષ્ઠ એ અર્થમાં વપરાય છે (૫૨૮)

આઠ વ્યક્તિ = જુઓ અનાગામિતા

આદાનવિરહિત = દાન ન લેનારો (૬૨૦)

આયતન = સ્થાન (ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વા, કાય અને મન એ છ આધ્યાત્કિ આયતન છે. અને રૂપ, શબ્દ, ગંધ, રસ, સ્પૃષ્ટવ્ય અને ધર્મ એ છ બાહ્ય આયતન છે) (૩૭૩)

આર્જવ = ઋજુતા–સરળતા (૨૫૦)

આર્યમાર્ગપ્રાપ્ત = અષ્ટાંગિક આર્યમાર્ગપ્રાપ્ત (૭૦)

આલય = લોભ ઉત્પન્ન કરનાર વસ્તુ (૫૩૫)

આસ્રવ = (આશ્રવ પણ થાય છે) જુઓ ઓઘઘ
આહાર = આહાર ચાર પ્રકારના છે. (૧) कवळीकार જેને આપણે સામાન્ય રીતે આહાર કહીએ છીએ તે (૨) फस्सो રૂપરસાદિ વિષયોની સાથેનો મનનો સંપર્ક-સ્પર્શ (૩) मनोसंचेतना અર્થાત્ મનના વ્યાપાર (૪) विञ्ञान ચિત્ત, મન
ઇહપરલોક = આ લોક અને પરલોક (૧)
ઉચ્છેદ = આત્મા નથીજ, અથવા મરણ પછી આત્માનો નાશ થવાનો છે એવો વાદ (૭૭૮)
ઉત્થાનશીલ = ઉદ્યમી (૧૮૭)
ઉત્સદ = (જુઓ શ્લોક ૫૧૫ ઉપરની નોંધ)
ઉપસંપદા = બૌદ્ધસંઘમાં પ્રવેશ કરવાનો વિધિ. જુઓ બૌદ્ધસંઘનો પરિચય પૃષ્ઠ. ૧૦ (પૃ. ૨૧)
ઉપાદાન = દૃઢ થયેલી તૃષ્ણા (કામ, આત્મવાદ, દૃષ્ટિ, શીલવ્રત) (૧૭૦)
ઉપોસથ = અપવાસનો દિવસ (જેવો કે વદ ૧૪, પૂર્ણિમા અને બંને આઠમ) (૧૫૩)
ઋષિપતન = કાશીથી સાત માઈલ દૂર આવેલું વન જ્યાં બુદ્ધે પ્રથમ ઉપદેશ કર્યો હતો (૬૮૪)
ઋષિસત્તમ = ઋષિઓમાં શ્રેષ્ઠ (૩૫૬)
ઓઘ = પ્રવાહ - પૂર. માણસને તાણી જનારી તૃષ્ણાઓ. કામ, ભવ, દૃષ્ટિ, અને અવિદ્યા. (કામ એટલે ભોગ્ય વસ્તુની સ્પૃહા, ભવ એટલે પરલોકની વાસના, દૃષ્ટિ એટલે કોઈ પંથનું - વાડાનું મમત્વ દુરાગ્રહ, અવિદ્યા એટલે અજ્ઞાન)
કલહાભિરત=કલહમાં આનંદ માનનારો (૨૭૬)
ક્ષુરધારા = અસ્રાની ધારા (૬૭૪)
ક્ષેમદર્શી = નિર્વાણદર્શી (૮૦૯)
કામભવ = કામલોક (નરક, મનુષ્યલોક, દેવલોક વગેરે કામોપભોગપ્રધાન લોક) (૧૭૬)
કામાલય = કામાસક્તિ (૧૭૭)
કાયગતાસ્મૃતિ = શરીરના ભિન્નભિન્ન ભાગો ઉપર અશુભ ભાવના. જુઓ સમાધિમાર્ગ પા. ૫૬.
કૈટુભ = આ શબ્દનો અર્થ સંશયગ્રસ્ત છે. અટ્ઠકથાકારો તેની વ્યાખ્યા कवीनं उपकारकं सत्थं એમ આપે છે, જે છ વેદાંગોમાંના છંદઃશાસ્રને લાગુ પડે છે. (૧૦૨૦)
કોશ = પુનર્જન્મ અપાવનાર કર્મ (૫૨૫)
ગિરિવ્રજ = 'પહાડોની વચમાં આવેલું ગોવાળોનું ગામ' એવો શબ્દાર્થ થાય છે. એ

રાજગૃહનું બીજું નામ છે.
છવિ = ચામડીની કાંતિ (૧૯૪)
છિન્નગ્રંથિ = જેની ગ્રન્થિઓ કપાઈ ગઈ છે તેવો. ગ્રંથિઓ ચાર છે (૧) અભિજ્ઝા–પારકાના ધનની ઈચ્છા (૨) વ્યાપાદ–પરદ્વેષ (૩) સીલબ્બતપરામાસો–શીલ અને વ્રતથી–ઉપવાસ વગેરેથી મોક્ષ મળી જાય છે એમ માનવું તે (૪) ઈદં સચ્ચાભિનિવેસો–હું કહું છું એ જ સાચું છે એવો દુરાગ્રહ (૨૧૯)
જલહ્રદ = પાણીનો ધરો (૭૨૧)
જલ્પ = વાદવિવાદ (૫૯૫)
તથાગત= બુદ્ધ (પૃષ્ઠ–૧૯)
તથાગતશ્રાવક = તથાગતનો શ્રાવક (પૃષ્ઠ–૧૯)
ત્રસ = જંગમ (૬૨૯)
તાદૃગ્ભાવ = જીવન્મુક્તતા (૨૧૯)
ત્યાજ્ય = તજવા યોગ્ય (અહી તૃષ્ણા) (૫૫૮)
દંષ્ટ્રાબલી = જેનું બળ દાઢમાં સમાયેલું છે તેવો (૭૨)
દાન્ત = ઇંદ્રિયોનું દમન કરનાર (૩૭૦)
દુર્વિનીત = ઉદ્ધત (૨૪૩)
દૌર્મનસ્ય = માનસિક દુઃખ (૧૧૦૬)
દ્વિપદશ્રેષ્ઠ = દ્વિપદો – મનુષ્યોમાં શ્રેષ્ઠ (બુદ્ધ) (૮૩)
ધર્મ = (અહી) પદાર્થ (૭૯૩)
ધર્મોમાં પારંગત = (અહી) કુશળ અને અકુશળ પદાર્થોના જ્ઞાનવાળો (૧૧૦૫)
ધુરીણ = આગેવાન (૬૯૪)
નગરદ્વારનો સ્તંભ = નગરના દરવાજા ઉપર શત્રુસૈન્યનો હાથી સીધો ધસારો ન કરી શકે માટે તેની પાસે મજબૂત થાંભલો રાખવામાં આવતો તે (૨૨૯)
નહુત = દશ હજાર તેમ જ અબજ (૬૭૭)
નિરય = નરક (૫૩૧)
નિરસન = દૂર કરવું તે (૩૬૪)
નિરામગંધ – જુઓ આમગંધ સુત્ત (પૃષ્ઠ-૫૭)
નિર્યાનિક = ખાત્રીથી મુક્તિમાર્ગે જનાર (પૃષ્ઠ–૧૬૫)
નીતિનો માર્ગ ન છોડનારો= (૯૩૪) અહી अनीतिहं નો અર્થ આમ લીધો છે, પણ ૧૦૫૩ શ્લોક ઉપરની નોંધ જુઓ
પરમસંજ્ઞાવિમુક્તિ = ટીકાકાર આનો અર્થ આકિંચન્ય આયતન (જુઓ સમાધિમાર્ગપૃષ્ઠ–૨૫૯) કરે છે. પણ તેનો નિર્વાણ અર્થ લેવો ઠીક લાગે છે. (૧૦૭૭)

પરિગ્રહ = (ગૃહસ્થ માટે) સ્ત્રી, ધન, સંપત્તિ વગેરે, (ભિક્ષુ માટે) પાત્ર ચીવર વગેરે (૭૭૯)
પરિનિર્વૃત = નિર્વાણ પામેલો (૩૫૯)
પર્યાય = પ્રકાર (પૃષ્ઠ - ૨૧)
પાત્રચીવર = ભિક્ષાપાત્ર તેમજ ભિક્ષુને પહેરવાનાં કપડાં (પૃષ્ઠ-૧૭)
પાપાનુશયી--અનુશય માટે જુઓ શ્લોક ૧૪ ઉપરની નોંધ
પાયસ = દૂધપાક (પૃષ્ઠ - ૧૭)
પુરુષાજન્ય = (જુઓ આજન્ય)
પૃથગ્જન = ધર્મજ્ઞાનના બોધ વિનાનો સામાન્ય માણસ (૮૧૬)
પોતાની જાતને = પંચસ્કંધરૂપી આત્માને (૫૦૨)
પ્રકંપ = ચંચળતા (પૃષ્ઠ-૧૭૩)
પ્રજલ્પ = શોકયુક્ત બડબડાટ (૫૯૨)
પ્રતીત્યસમુત્પાદ = કાર્યકારણપરંપરા (જુઓ ૩૮ મું સૂત્ર)
પ્રભૂતપ્રજ્ઞ = વિપુલ પ્રજ્ઞાવાળો (૩૫૯)
પ્રમુત્તંબંધુ = પ્રમાદીનો સાથી (૪૩૦)
પ્રવાહ = (આ જગાએ) પાંચ ઈંદ્રિયો અને મન (૧૦૩૪)
પ્રવ્રજ્યા = સંન્યાસ (પૃષ્ઠ-૨૧)
પ્રહિતાત્મા = દૃઢ સંકલ્પવાળો (પૃષ્ઠ-૨૧) પ્રાતિમોક્ષ = વિનયગ્રંથમાં આપેલો ભિક્ષુ માટેનો નિષેધાત્મક નિયમ (જુઓ બૌદ્ધસંઘનો પરિચય ભાગ-૨.)
પ્રાપંચિક = પ્રપંચથી નીપજેલું
બંને અંત = શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ (૧૦૪૦)
બ્રાહ્મનિધિ= મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા એ ચાર ભાવનાઓ (જુઓ સમાધિમાર્ગ પૃ. ૬૭.) (૨૮૫)
ભવાભવ = શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ (૭૭૬)
ભાવનીય = (આ જગાએ) બુદ્ધે બતાવેલો અષ્ટાંગિક માર્ગ (૫૫૮)
ભેસૂર = ક્રૂર (૨૪૭)
ભ્રૂણહા = ગર્ભઘાતી (૬૬૪)
મધ્ય = (આ જગાએ) બુદ્ધનો અષ્ટાંગિક માર્ગ (જુઓ 'બંને અંત'. આત્મા છે એમ પણ નથી, અને નથી એમ પણ નથી- પરન્તુ આત્મા કર્મ પ્રમાણે બદલાનારો છે, માટે અનાસક્ત થઈને સત્કર્મનું અખંડિત આચરણ કરવું એ જ મનુષ્યનું શ્રેષ્ઠ કર્તવ્ય છે. (૧૦૪૦)
મહૌઘ = મોટો પ્રવાહ (જુઓ ઓઘ) (૪)
મારિષ = એક આદરસૂચક સંબોધન (૬૮૨)
મિત્રસંપદા = ઉત્તમ મિત્રોનો સહવાસ (૪૭)
મૂર્ધાધિપાત = માથું ફૂટવું તે (૯૯૬)
મૌનાર્હ = મૌન સંભાળવાને યોગ્ય (૭૨૩)

રતિ = સુખોપભોગના પદાર્થોમાં આસક્તિ (૬૪૨)
રથર્ષભ = રથવાળાઓમાં શ્રેષ્ઠ (૩૦૩)
વનગુલ્મ = ગીચઝાડી (૨૩૩)
વસ્તુજાત = વસ્તુઓનો સમૂહ (૧૦)
વિતર્ક = કામ, વ્યાપાદ, વિહિંસા–આને જ મિથ્યા સંકલ્પ પણ કહે છે (૧૧૦૯)
વિરક્ત થવું = (અહીં) દ્વેષ કરવો (૮૧૩)
વિરત ન થવું = દ્વેષ ન કરવો (૯૧૪)
વીતધૂમ = વીતકલેશ (૧૦૪૪)
વૃષલક = ચાંડાળ (પૃષ્ઠ–૨૭)
શાશ્વતવાદ = આત્મા મરણોત્તર શાશ્વત જ છે, તેના ઉપર કર્મનું પરિણામ થતું નથી એવી દૃષ્ટિ (૭૭૮)
શાસ્તા = ગુરુ (૩૧)
શીલવ્રત = શ્રમણ સંન્યાસીના આચાર અને વ્રતો (૭૮૨)
શૈક્ષ = શિક્ષાયોગ્ય. આ પારિભાષિક શબ્દ છે. સર્વ સામાન્ય માણસો પૃથગ્જન કહેવાય છે. સોતાપત્તિમગ્ગ (જુઓ અનાગામિતા) જેને પ્રાપ્ત થયો છે તે આર્ય છે અને આર્ય અર્હત્ ફળ પ્રાપ્ત કરે ત્યાં સુધી શૈક્ષ કહેવાય છે. અર્હત્ ફળ મળ્યા પછી તેને શિક્ષાની જરૂર રહેતી નથી (૯૭૦)
શ્રદ્ધાવિમુક્ત = શ્રદ્ધાદ્વારા મુક્ત થયેલો (૧૧૪૯)
શ્રમણક = હલકો શ્રમણ (પૃષ્ઠ–૨૭)
શ્રેષ્ઠજ્ઞ = શ્રેષ્ઠ– નિર્વાણને જાણનાર (૨૩૪)
શ્રેષ્ઠદ = શ્રેષ્ઠ–ધર્મનું દાન કરનાર
શ્રેષ્ઠ લાવનાર = ધર્મનું જ્ઞાન પૃથ્વી ઉપર લાવનાર
શ્રોતાવધાન = શ્રદ્ધા અને પ્રજ્ઞાપૂર્વક સાંભળવું તે (૩૨૨)
સત્કાયબુદ્ધિ = દેહમાં આત્મા છે એવી બુદ્ધિ (૭૬૧)
સત્યનિષ્ક્રમ = જેનો નિષ્ક્રમ–સંસારત્યાગ સાચો છે તેવો (૫૪૨)
સપરિગ્રહ = કુટુંબી (૩૯૩)
સમંતચક્ષુ = સર્વ જાણનાર (૩૭૮)
સંયોજન = બંધન. તે દશ છે (જુઓ અનાગામિતા)
સંવેગ = વૈરાગ્યનું કારણ
સંસ્કાર = વાસના (૩૭૨)
સ્નાતક = જુઓ શ્લોક ૫૨૧
સ્વાધ્યાયસંપન્ન = વેદવાઙ્મયમાં પારંગત

* * * * *

ગૂજરાત વિદ્યાપીઠનાં પ્રકાશનો

૧. આપણું પરમ યંત્ર	મગનભાઈ દેસાઈ	૧.૨૫
૨. જંગલમાં મંગલ	,,	૨.૫૦
૩. પ્રવેશિકા	,,	૪.૦૦
૪. મૅકોલે કે ગાંધીજી?	,,	૧.૫૦
૫. વિવેકાંજલિ	,,	૩.૦૦
૬. સુખમની	,,	૨.૦૦
૭. સુદામાચરિત્ર	,,	૮.૦૦
૮. હિંદની અંગ્રેજી વેપારશાહી	,,	૪.૦૦
૯. સર્વોદયની જીવનકથા	ગોપાળદાસ પટેલ	૩.૦૦
૧૦. શ્રી કુંદકુંદાચાર્યનાં ત્રણ રત્નો	,,	૧૨.૦૦
૧૧. મહાવીર સ્વામીનો આચારધર્મ	,,	૨૭.૦૦
૧૨. મહાવીર સ્વામીનો સંયમધર્મ	,,	૩૦.૦૦
૧૩. મહાવીર સ્વામીનો અંતિમ ઉપદેશ	,,	૪૫.૦૦
૧૪. સમીસાંજનો ઉપદેશ	,,	૩૦.૦૦
૧૫. ભગવાન મહાવીરના ૧૦ ઉપાસકો	,,	૪૫.૦૦
૧૬. ભગવાન મહાવીરની ધર્મકથાઓ	,,	૯૦.૦૦
૧૭. દોઢ સદીનો આર્થિક ઈતિહાસ	વિઠ્ઠલદાસ કોઠારી	૪.૦૦
૧૮. મહાસભાના ઠરાવો	,,	૬.૦૦
૧૯. સંક્ષિપ્ત કેળવણી વડે ક્રાંતિ	,,	૧૦.૦૦
૨૦. હિંદનું પ્રજાકીય અર્થશાસ્ત્ર	,,	૨.૨૫
૨૧. ધમ્મપદ	અ. ધર્માનંદ કોસંબી	૫૦.૦૦
૨૨. અનુવાદની સમસ્યાઓ-એક સંગોષ્ઠિ	મોહનભાઈ પટેલ	૧૨.૦૦
૨૩. ઉપનયન	,,	૪.૦૦
૨૪. ગુજરાતીમાં બાળસાહિત્ય	,,	૫૦.૦૦
૨૫. ગીતા : એક અનુશીલન	મોરારજી દેસાઈ	૯.૦૦
૨૬. શ્રીકૃષ્ણ જીવનસાર	,,	૫.૦૦
૨૭. સર્વધર્મસાર	,,	૬.૦૦
૨૮. સંતોની જીવનદષ્ટિ ભા. ૧થી૪ (સંયુક્ત ગ્રંથ)	,,	પ્રેસમાં
૨૯. ગુજરાતી-હિન્દી કોશ		૧૦૦.૦૦
૩૦. હિન્દી-ગુજરાતી કોશ		૧૦૦.૦૦
૩૧. સંસ્કૃત-ગુજરાતી કોશ	સં. ગોપાળદાસ પટેલ	૧૦૦.૦૦
૩૨. વિનીત જોડણી કોશ	સં. મગનભાઈ દેસાઈ	૬૦.૦૦
૩૩. ખિસ્સાકોશ		૧૫.૦૦
૩૪. કૃષિ શબ્દકોશ	સં. નરહરિ ભટ્ટ	૨૧૦.૦૦
૩૫. કચ્છી શબ્દાવલી	શાંતિભાઈ આચાર્ય	૪.૦૦
૩૬. ચોધરી અને ચોધરી શબ્દાવલી	,,	૮.૦૦
૩૭. ભીલી ગુજરાતી શબ્દાવલિ	૧૦૦.૦૦	૧.૫૦
૩૮. ગુજરાતી ભીલી વાતચીત	૧૦૦.૦૦	ાચાર્ય
૩૯. ભાષા વિવેચન	સં. ગોપાળદાસ પટેલ ૧૦૦,,	
૪૦. પાલિ ભાષાપરિચય	શબ્દાવલિ ભાઈ દેસાઈ	૧૦૦.૦૦
૪૧. સાર્થ ગુજરાતી જોડણીકોશ	વાતચીત	૧૦૦.૦૦

સં. ગોપાળદાસ પટેલ ૧૦૦

મગનભાઈ દેસાઈ

પ્રાપ્તિ સ્થાન : નવજીવન મુ